શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
લઘુવૃત્તિ વિવરણ

ભાગ - બીજો

– : વિવરણકાર : –
પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી

– : પ્રકાશન : –
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

– : આર્થિક સહકાર :–
શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ
૨૦૩ ભવાનીપેઠ : પુણે ૪૧૧ ૦૦૨

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ - બીજો

: વિવરણકાર :

પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂ. આ. ભ.
શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા. ના શિષ્યરત્ન પૂજયપાદ આ.
શ્રી. વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી

-: પ્રકાશન : -
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

-: આર્થિક સહકાર :-
શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ
૨૦૩ ભવાનીપેઠ : પુણે ૪૧૧ ૦૦૨

શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન
લઘુવૃત્તિ વિવરણ (ભાગ - ૨)

પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦

પ્રકાશક : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન :

: પ્રાપ્તિસ્થાન :

શા. સૂર્યકાન્ત ચતુરલાલ
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫ સાચાપીર સ્ટ્રીટ
પુણે : ૪૧૧ ૦૦૧

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાપનાંહની પોળ
કાલુપુર રોડ : અમદાવાદ - ૧
૩૮૦૦૦૧

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ નવરત્ન ફ્લેટ્સ
નવા વિકાસગૃહ માર્ગ : પાલડી
અમદાવાદ - ૩૮૦ ૦૦૭

: મુદ્રક અને ફોટો કંપોઝીંગ :
એસ. જયકુમાર એન્ડ કું.
૧૨૮/૨ રૂપનગરી, શૉપ નં.૨૬
કર્વેરોડ, પુણે : ૪૧૧ ૦૨૯

अथ प्रारभ्यते द्वितीये ऽध्याये द्वितीयः पादः।
क्रियाहेतुः कारकम् २।२।१॥

ક્રિયાના કારણભૂત કર્ત્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ ને 'કારક' સંજ્ઞા થાય છે. ધાત્વર્થ ક્રિયા; ફલ અને વ્યાપાર આ બે ભેદથી બે પ્રકારની છે. કૃ ધાત્વર્થ-ક્રિયા ઉત્પત્તિ સ્વરૂપ ફલાત્મક અને તદનુકૂલ ક્રિયા સ્વરૂપ વ્યાપારાત્મક છે. ધાત્વર્થ ફલાત્મક ક્રિયાની પ્રત્યે કર્તા કર્મ .... વગેરે કારણ હોય છે; તેથી કર્ત્તા કર્મ વગેરે છને કારક કહેવાય છે. 'देवदत्तो ग्रामं गच्छति' અહીં गम् ધાત્વર્થ ઉત્તરદેશ સંયોગાનુકૂલ વ્યાપાર છે. ઉત્તરદેશ સંયોગાત્મક ફલસ્વરૂપ ક્રિયાની પ્રત્યે દેવદત્તાદિ કારણ છે. તેથી તેને આ સૂત્રથી કારક સંજ્ઞા થાય છે. 'करोतीति कारकम् ' આ પ્રમાણે વ્યુત્પત્ત્યર્થને અનુસરનારી; આ કારક સંજ્ઞા અન્વર્થ સંજ્ઞા હોવાથી ધાત્વર્થ ફલાત્મક ક્રિયાનુકૂલ વ્યાપારના જે આશ્રય ન હોય તેને કારક સંજ્ઞા થતી નથી. આશય એ છે કે – સામાન્યતઃ અર્થને અનુસરનારી અને વ્યુત્પત્ત્યર્થને નહીં અનુસરનારી આવી બે પ્રકારની સંજ્ઞા છે. કોઈ નિર્ધનનું 'धनपाल' આ પ્રમાણે કરાએલું નામ તેના વ્યુત્પત્ત્યર્થને અનુસરનારું ન હોવાથી તે સંજ્ઞા અન્વર્થ નથી; પરન્તુ ધનસમ્પન્નની તાદૃશ સંજ્ઞા અન્વર્થ છે. આવી જ રીતે આ સૂત્રથી વિહિત કારક સંજ્ઞા પણ અન્વર્થ મનાઈ છે. તેથી 'भिक्षयोषितः' અહીં વાસ (રહેવું તે) સ્વરૂપ ક્રિયાના ઉત્તર કાળમાં થનારી ભિક્ષામાં; વાસોત્પત્ત્યનુકૂલવ્યાપાર ન હોવાથી માત્ર વાસ ક્રિયાની નિમિત્તભૂત તાદૃશ ભિક્ષાને આ સૂત્રથી કારક સંજ્ઞા થતી નથી. જેથી 'कारकं कृता ३-१-६८' થી ભિક્ષા નામને ઉષિત નામની સાથે તૃતીયા સમાસ પણ થતો નથી. 'हेतुकर्तृकरणे० २-२-४४' થી હેત્વર્થમાં ભિક્ષા નામને તૃતીયા વિભક્તિ થાય છે. અર્થ - ભિક્ષા માટે રહ્યો. ॥૧॥

स्वतन्त्रः कर्त्ता २।२।२॥

ક્રિયાની સિદ્ધિમાં જે કારક, ક્રિયાનો હેતુ સ્વતન્ત્ર મનાય છે અર્થાદ્ અન્ય કારક (કર્માદિકારક) ના વ્યાપારને આધીન જેનો વ્યાપાર મનાતો નથી તેને 'કર્તૃ' સંજ્ઞા થાય છે. 'મૈત્રેણ કૃતઃ' અહીં આ સૂત્રથી મૈત્ર ને 'કર્ત્તૃ' સંજ્ઞા થવાથી કર્તૃ વાચક મૈત્ર નામને 'હેતુકર્તૃકરણે૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થઈ છે. આશય એ છે કે ક્રિયાની સિદ્ધિ માં કર્ત્તા કર્મ કરણ વગેરે સકલ કારકોનો પોતપોતાનો વ્યાપારવિશેષ હોય છે; પરન્તુ કર્માદિ કારકોનો વ્યાપાર; કર્ત્તાના વ્યાપારને આધીન હોય છે. માત્ર કર્ત્તાનો વ્યાપાર અન્ય કર્માદિ કારકોના વ્યાપારને આધીન હોતો નથી. તેથી આ રીતે અન્યવ્યાપારાનધીન વ્યાપારના આશ્રયભૂત કારકને 'કર્ત્તા' કહેવાય છે. કારક માત્રમાં ધાત્વર્થ ક્રિયાનુકૂલ વ્યાપાર હોવા છતાં વક્તાની ઈચ્છાનુસાર જેના વ્યાપારની સ્વતન્ત્રતા મનાય છે તેને કર્ત્તા કહેવાય છે. તેથી અન્ય કર્માદિ કારકના વ્યાપારની સ્વતન્ત્રતા વિવક્ષિત હોય છે; ત્યારે તેને પણ આ સૂત્રથી કર્તૃ સંજ્ઞા થાય છે. જેથી 'સ્થાલી પચતિ ... ' ઈત્યાદિ સ્થળે અધિકરણ કારક સ્થાલીને તેના વ્યાપારની સ્વતન્ત્રતા માનવાથી આ સૂત્રથી કર્તૃ સંજ્ઞા થયેલી છે. કર્તૃ વાચક તિવ્ પ્રત્યયથી કર્ત્તાનું અહીં અભિધાન થયું હોવાથી 'उक्तार्थानामप्रयोगः' આ ન્યાયથી ફરીથી કર્ત્તા નું અભિધાન કરવા માટે સ્થાલી પચતિ ... ઈત્યાદિ સ્થળે કર્તૃવાચક સ્થાલી નામને 'હેતુ-કર્તૃ૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ 'નામ્નઃ પ્રથમૈ૦ ૨-૨-૩૧' થી પ્રથમા વિભક્તિ થાય છે ... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ. મૈત્રેણ કૃતઃ ઈત્યાદિ સ્થળે 'क्त' પ્રત્યયથી કર્ત્તા અભિહિત નથી, પરન્તુ કર્મ અભિહિત છે. તેથી અનભિહિત કર્તૃવાચક નામને ઉપર જણાવ્યા મુજબ તૃતીયા થઈ છે - એ સમજી શકાય છે. ॥૨॥

कर्तुर्व्याप्यं कर्म २।२।३॥

દરેક સૂત્રમાં ઉદ્દેશ્ય–વિધેયભાવ હોય છે. જેને કાર્ય કરવાનું હોય છે, તેને 'ઉદ્દેશ્ય' કહેવાય છે અને જે કાર્ય કરવાનું છે, તેને વિધેય કહેવાય છે. 'ऌदन्ताः समानाः १-१-७' અહીં अ થી ऌ સુધીના વર્ણોને સમાન સંજ્ઞા કરવાની હોવાથી अ થી ऌ સુધીના વર્ણો ઉદ્દેશ્ય છે અને સમાન સંજ્ઞા વિધેય છે. આવી જ રીતે 'इवर्णादि० १-२-२१' અહીં अस्वस्वराव्यवहित-पूर्व-इवर्णादि ઉદ્દેશ્ય છે અને य्-व्-र्-ल् વિધેય છે. આવી જ રીતે સર્વત્ર ઉદ્દેશ્ય-વિધેયભાવ સ્વયં સમજી લેવો.

પ્રકૃત સૂત્રમાં વ્યાપ્ય અને કર્મ આ બંન્ને પરસ્પર ઉદ્દેશ્ય પણ છે અને વિધેય પણ છે, તેથી યથાક્રમે વ્યાપ્ય અને કર્મ ને ઉદ્દેશ્ય માનીએ તો કર્ત્તાના વ્યાપ્ય ને કર્મ સંજ્ઞા થાય છે અને કર્ત્તાના કર્મને વ્યાપ્ય સંજ્ઞા થાય છે. આ પ્રમાણે સૂત્રાર્થ બે રીતે થાય છે. कर्तृवृत्तिव्यापारजन्यफलवत्त्व- प्रकारकविशेषेच्छीयविशेष्यता ના આશ્રયને 'વ્યાપ્ય' કહેવાય છે. 'देवदत्तो घटं करोति' અહીં દેવદત્તને 'मन्निष्ठव्यापारजन्योत्पत्त्याश्रयो घटो भवतु' આવી ઈચ્છા છે. એતાદૃશઈચ્છા કર્તૃનિષ્ઠવ્યાપારજન્યોત્પત્ત્યાત્મકફલવત્ત્વ- (ફલ) પ્રકારક (વિશેષણક) ઘટવિશેષ્યક છે. એતાદૃશવિશેષ્યતાશ્રય ઘટ ને 'વ્યાપ્ય' કહેવાય છે. તેને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. સામાન્યતઃ ધાત્વર્થફલાશ્રયને વ્યાપ્ય કહેવાય છે. कृ ધાત્વર્થ ઉત્પત્ત્યનુકૂલવ્યાપાર ઘટક ઉત્પત્તિ સ્વરૂપ ફલનો આશ્રય ઘટ હોવાથી તેને વ્યાપ્ય કહેવાય છે – એ સ્પષ્ટ છે.

કર્ત્તા થી જે કરાય છે, તેને કર્મ કહેવાય છે. દેવદત્તથી ઘટ કરાય છે તેથી તેને કર્મ કહેવાય છે. કર્મ ને આ સૂત્રથી વ્યાપ્ય સંજ્ઞા થાય છે. વ્યાપ્ય (કર્મ); 'નિર્વર્ત્ત્ય', 'વિકાર્ય' અને 'પ્રાપ્ય' આ ત્રણ પ્રકારના છે. "यदसज्जायते जन्मना वा प्रकाश्यते तन्निर्वर्त्त्यम्" જે વસ્તુ હોય નહીં અને ઉત્પન્ન થાય છે ; અથવા જન્મ દ્વારા પ્રકાશિત થાય છે – તેને

નિર્વર્ત્ય વ્યાપ્ય કહેવાય છે. જેમ 'कटं करोति' અહીં असत् એવો કટ (ચટાઈ) ઉત્પન્ન થાય છે તેથી કટ નિર્વર્ત્ય - વ્યાપ્ય છે. તેમજ पुत्रं प्रसूते અહીં ગર્ભમાં રહેલો પુત્ર, પોતાના જન્મ દ્વારા પ્રકાશિત થાય છે; તેથી પુત્ર પણ નિર્વર્ત્ય-વ્યાપ્ય કહેવાય છે.

"प्रकृत्युच्छेदेन गुणान्तराधानेन वा यद् विकृतिमापद्यते तद् विकार्यम्" અર્થાદ્ પ્રકૃતિના(મૂળસ્વરૂપના) ઉચ્છેદ (વિનાશ) થી અથવા ગુણાન્તરના આધાન (ધારણ) થી જે વિકૃતિને પામે છે તેને વિકાર્ય-વ્યાપ્ય કહેવાય છે. 'काष्ठं दहति' અહીં કાષ્ઠ પોતાના સ્વરૂપના નાશથી ભસ્મ સ્વરૂપ વિકૃતિ (ઉતરાવસ્થા) ને પામે છે, તેથી તેને (કાષ્ઠ ને) વિકાર્ય વ્યાપ્ય કહેવાય છે. તેમજ काण्डं लुनाति અહીં काण्ड (શાખા) સ્વરૂપ પ્રકૃતિ પોતાના ઉચ્છેદ વિના લઘુતારૂપ ગુણાન્તરને ધારણ કરવાથી વિકૃતિને (લઘુસ્વરૂપને) પામે છે; તેથી काण्ड ને વિકાર્ય વ્યાપ્ય કહેવાય છે.

'यत्र क्रियाकृतो विशेषो नास्ति तत्प्राप्यम्' જ્યાં ક્રિયાના કારણે કોઈ વિશેષતા નથી જણાતી તે વ્યાપ્ય ને પ્રાપ્ય વ્યાપ્ય કહેવાય છે. 'ग्रामं याति' અહીં ગમન ક્રિયાના કારણે ગ્રામ પદાર્થમાં કોઈ વિશેષતા જણાતી નથી; તેથી ગ્રામ ને પ્રાપ્ય વ્યાપ્ય કહેવાય છે. કારણ કે ગમન ક્રિયાની પછી પણ ગ્રામ પદાર્થમાં પૂર્વવત્ જ સ્વરૂપ પ્રતીત થાય છે - એ સમજી શકાય છે. એતાદૃશ વ્યાપ્ય ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થાય છે. જેનું પ્રયોજન 'कर्मणोऽण् ૫-૧-૭૨' ઈત્યાદિ સૂત્રમાં છે અને વ્યાપ્ય સંજ્ઞાનું ફળ 'व्याप्याच्चेवात् ૫-૪-૭૧' ... ઈત્યાદિ સૂત્રમાં છે. ॥૩॥

वा ऽ कर्मणामणिक्कर्त्ता णौ २।२।४॥

જે ધાતુઓના કર્મની વિવક્ષા કરાઈ નથી તે અવિવક્ષિતકર્મક (અકર્મક) ધાતુઓના અણ્યન્ત અવસ્થા (અપ્રેરક અવસ્થા) ના કર્ત્તા ને णिग् અવસ્થામાં (પ્રેરક અવસ્થામાં) વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે.

पचति चैत्रः આ અણિગવસ્થા માં જેના ઓદનાદિ કર્મની વિવક્ષા કરાઈ નથી એવા અકર્મક 'पच्' ધાતુનો (ધાત્વર્થનો) કર્ત્તા ચૈત્ર છે. તેને ણિગવસ્થા માં આં સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી 'कर्मणि २-२-४०' થી કર્મવાચક ચૈત્ર નામને દ્વિતીયા થવાથી 'चैत्रं पाचयति' આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં ચૈત્ર ને કર્મસંજ્ઞા ન થાય ત્યારે ચૈત્ર નામને 'हेतुकर्त्तृ- करणे० २-२-४४' થી તૃતીયા વિભક્તિ થવાથી 'चैत्रेण पाचयति' આવો પ્રયોગ થાય છે. અર્થ - ચૈત્ર રાંધે છે. રાંધતા એવા ચૈત્રને મૈત્ર પ્રેરણા કરે છે અર્થાદ્ મૈત્ર ચૈત્ર પાસે રંધાવે છે. અહીં યાદ રાખવું જોઈએ કે - चैत्रः पचति અને पचन्तं चैत्रं प्रेरयति मैत्र इति पाचयति चैत्रं चैत्रेण वा मैत्रः અહીં અણિગવસ્થાના કર્ત્તા ચૈત્રને પ્રયોજ્ય-કર્તા કહેવાય છે. અને ણિગવસ્થાના કર્ત્તા મૈત્રને પ્રયોજક-કર્ત્તા કહેવાય છે. ણિગવસ્થામાં તિવાદિ પ્રત્યયો પ્રયોજક કર્ત્તાનું અભિધાન કરે છે; તેથી ણિગવસ્થામાં પ્રયોજ્ય કર્ત્તા અભિહિત ન હોવાથી અનભિહિત કર્તૃવાચક ચૈત્ર નામને ઉપર જણાવ્યા મુજબ તૃતીયા વિભક્તિ થઈ છે; તેમજ પ્રયોજ્ય કર્તાને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી વિકલ્પ પક્ષમાં ચૈત્ર નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. ॥४॥

गति-बोधाऽऽहारार्थ-शब्दकर्म-नित्याऽकर्मणामनी-खाद्यदि-हूवा-शब्दाय - क्रन्दाम् २।२।५॥

ગત્યર્થક બોધાર્થક આહારાર્થક શબ્દકર્મક અને નિત્યાકર્મક ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં 'કર્મ' સંજ્ઞા થાય છે. પરન્તુ ગત્યર્થક ની ધાતુ; આહારાર્થક खाद् અને अद् ધાતુ; તેમજ શબ્દકર્મક હ્વે શબ્દાય અને ક્રન્દ્ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં 'કર્મ' સંજ્ઞા થતી નથી. ગત્યર્થક ધાતુ – 'દેશાન્તરની પ્રાપ્તિ' ને 'ગતિ' કહેવાય છે. चैत्रो ग्रामं गच्छति; गच्छन्तं ग्रामं चैत्रं प्रेरयतीति 'चैत्रं गमयति ग्रामम्

(મૈત્રः)' અહીં ગૃહાદિ **સ્થાન**થી ભિન્ન ગ્રામાત્મક **સ્થાન** (દેશ) ની પ્રાપ્તિ સ્વરૂપ અર્થને જણાવનારો **गम्** ધાતુ ગત્યર્થક છે. गम् ધાતુના અણિગવસ્થાના કર્ત્તા ચૈત્રને ણિગવસ્થા માં આ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થવાથી 'કર્મણિ' ૨-૨-૪૦' થી ચૈત્ર નામને દ્વિતીયા થઈ છે. અર્થ - ચૈત્રને ગામ મોકલે છે (મૈત્રાદિ)। બોધાર્થક ધાતુ – જ્ઞાનસામાન્ય અથવા જ્ઞાન વિશેષને બોધ કહેવાય છે. શિષ્યો ધર્મં બોધતિ; ધર્મં બોધન્તં શિષ્યં પ્રેરયતીતિ 'બોધયતિ શિષ્યં ધર્મમ્ (ગુરુः)'; અહીં જ્ઞાનાર્થક બુધ્ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તા શિષ્યને આ સૂત્રથી ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થવાથી ઉપર જણાવ્યા મુજબ તદ્વાચક (કર્મવાચક) શિષ્ય નામને દ્વિતીયા થાય છે. બુધ્ ધાતુ જ્ઞાન સામાન્યાર્થક છે. દૃશ્ વગેરે ધાતુ જ્ઞાનવિશેષાર્થક છે. ચક્ષુ વગેરે તે તે ઈન્દ્રિયોની પ્રધાનતાએ થનારું દર્શન અને શ્રવણ વગેરે જ્ઞાન, વિશેષજ્ઞાન છે. તે તે ઈન્દ્રિયોની પ્રધાનતાની વિવક્ષાના અભાવમાં થનારું જ્ઞાન; સામાન્ય જ્ઞાન છે. અર્થ - શિષ્યને ધર્મ સમજાવે છે (ગુરુ).। આહારાર્થક ધાતુ - આહાર એટલે ખાવું તે. બટુરોદનં ભુઙ્ક્તે; ઓદનં ભુઞ્જાનં બટું પ્રેરયતી (માતા) તિ, 'ભોજયતિ બટુમોદનમ્' અહીં આહારાર્થક 'ભુજ્' ધાતુના અણિગવસ્થા ના કર્ત્તા બટુ ને આ સૂત્રથી ણિગવસ્થા માં 'કર્મ' સંજ્ઞાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. અર્થ - (માતા) છોકરાને ભાત ખવરાવે છે.। શબ્દકર્મક ધાતુ - પૂર્વે જણાવ્યા મુજબ ફલ અને વ્યાપાર સ્વરૂપ દ્વિવિધ ક્રિયાર્થક ધાતુની ફલાત્મક ક્રિયા શબ્દ સ્વરૂપ છે અથવા વ્યાપ્ય શબ્દ સ્વરૂપ છે તેવા ધાતુને શબ્દકર્મક ધાતુ કહેવાય છે. મૈત્રો દ્રવ્યં જલ્પતિ અને બટુ વેદમધીતે અહીં શબ્દાનુકૂલવ્યાપારાર્થકજલ્પ્ધાત્વર્થફલાત્મક **ક્રિયા** 'શબ્દ' સ્વરૂપ છે. તેમજ શાબ્દબોધાનુકૂલવ્યાપારાર્થક અધિ + ઇઙ્ **ધાતુ** નું વ્યાપ્ય 'શબ્દ' સ્વરૂપ છે. (જુઓ સૂ. નં. ૨-૨-૩ માં વ્યાપ્ય ની વ્યાખ્યા) તેથી અહીં શબ્દકર્મક 'જલ્પ્' અને 'અધિ + ઇઙ્' ધાતુનાઅણિગવસ્થા ના અનુક્રમે કર્ત્તા મૈત્ર અને બટુ ને; દ્રવ્યં જલ્પન્તં મૈત્રં પ્રેરયતિ (ચૈત્રः) અને વેદમધીયાનં બટું પ્રેરયતિ (ગુરુः) આ અર્થમાં

णिगवस्था માં આ સૂત્રથી 'कर्म' સંજ્ઞા થવાથી ઉપર જણાવ્યા મુજબ તદ્વાચક નામને દ્વિતીયા થવાથી અનુક્રમે 'जल्पयति मैत्रं द्रव्यम्' અને 'अध्यापयति बटुं वेदम्' આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- (ચૈત્ર) મૈત્રને 'દ્રવ્ય' આ પ્રમાણે બોલાવે છે. (ગુરુ) બ્રહ્મચારીને વેદ ભણાવે છે.। નિત્યાકર્મક ધાતુ – કાલ, અધ્વ (માર્ગ), ભાવ (ક્રિયા) અને દેશ (ગામ-નગર-નદી વગેરે) ને છોડીને અન્ય, જેનું કર્મ નથી તેને નિત્યાકર્મક-ધાતુ કહેવાય છે. 'मासं शेते'; 'क्रोशं शेते'; 'गोदोहं शेते' અને 'ग्रामं वसति' અહીં અનુક્રમે માસ (કાલ), ક્રોશ (અધ્વ - गन्तव्यक्षेत्र) गोदोह (ભાવ) અને ગ્રામ (દેશ) સ્વરૂપ કર્મના કારણે શી વગેરે અકર્મક ધાતુ પણ સકર્મક હોવા છતાં કાલ અધ્વ ભાવ અને દેશ ને છોડીને અન્ય કોઈ કર્મ ન હોવાથી શી વગેરે ધાતુને નિત્યાડકર્મક ધાતુ કહેવાય છે. તેથી मैत्रः शेते; शयानं मैत्रं प्रेरयति चैत्र इति 'शाययति मैत्रं चैत्रः' અહીં નિત્યાકર્મક શી ધાતુના અણિગવસ્થા ના કર્ત્તા મૈત્ર ને णिगवस्था માં આ સૂત્રથી 'कर्म' સંજ્ઞા થવાથી ઉપર જણાવ્યા મુજબ તદ્વાચક નામને દ્વિતીયા થઈ છે. અર્થ - ચૈત્ર મૈત્રને સુવાડે છે.

गत्यर्थादीनामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नी; खाद्; अद्; ह्वे; શબ્દાય અને क्रन्द् ધાતુને છોડીને અન્ય ગત્યર્થક, બોધાર્થક, આહારાર્થક, શબ્દકર્મક અને નિત્યાકર્મક જ ધાતુના અણિગવસ્થાના કર્ત્તાને णिगवस्थामां 'कर्म' સંજ્ઞા થાય છે. તેથી पचति ओदनं चैत्रः; पचन्तमोदनं चैत्रं प्रेरयति मैत्र इति 'पाचयत्योदनं चैत्रेण मैत्रः' અહીં ન્યાદિ ભિન્ન पच् ધાતુ ગત્યર્થકાદિ ન હોવાથી તેના અણિગવસ્થાના કર્ત્તા ચૈત્રને આ સૂત્રથી णिगवस्था માં 'कर्म' સંજ્ઞા ન થવાથી ચૈત્ર નામને 'हेतु-कर्तृ-करणे० २-२-४४' થી તૃતીયા વિભાક્તિ થઈ છે. અર્થ - મૈત્ર, ચૈત્ર પાસે ભાત રંધાવે છે.

અહીં એ સ્મરણીય છે કે – ચૈત્ર ओदनं पचति અહીં 'पच्' ધાતુનો અર્થ 'विक्लृत्यनुकूल व्यापार' છે અને 'पाचयत्योदनं चैत्रेण मैत्रः' અહીં

णिगवस्था मां 'पाचि' धातुनो अर्थ 'विक्लृत्यनुकूलव्यापारानुकूलव्यापार' छे. आ रीते सर्वत्र "अणिगवस्था मां धात्वर्थव्यापारानुकूल व्यापार" – आ अर्थ णिगवस्था ना धातुनो होय छे. आथी समजी शकाशे के णिगवस्था ना 'पाचि' धातुना अर्थ - व्यापारथी जन्य व्यापार; अणिगवस्था ना 'पच्' धातुनो छे. तेथी स्पष्ट छे के पाचि धातुना कर्त्ता मैत्र ना व्यापारथी (विक्लृत्यनुकूलव्यापारानुकूलव्यापारथी) जन्य धात्वर्थ फल होवाथी अणिगवस्थाना कर्त्ता चैत्रनो व्यापार (विक्लृत्यनुकूल व्यापार) फल स्वरूप छे. घटं करोति ईत्यादि स्थळे कृ धात्वर्थ उत्पति स्वरूप फलात्मक क्रियाना आश्रयभूत घटादि ने जेवी रीते कर्म संज्ञा थाय छे; तेवी ज रीते 'पाचयत्योदनं चैत्रेण मैत्रः' अहीं पाचि (णिगन्त) धात्वर्थ 'विक्लृत्यनुकूलव्यापारानुकूलव्यापार' घटक विक्लृत्यनुकूलव्यापारात्मक फलाश्रय 'चैत्र' (अणिगवस्था ना कर्त्ता) ने 'कर्तुर्व्याप्यं कर्म २-२-३' थी कर्म संज्ञानी प्राप्ति होवाथी 'पाचयत्योदनं चैत्रं मैत्रः' आवो अनिष्ट प्रयोग निवारी शकाशे नहीं. परन्तु आ रीते तो आ सूत्रथी ; चैत्रं ग्रामं गमयति, शिष्यं धर्मं बोधयति .... ईत्यादि स्थळे पण अणिगवस्था ना कर्त्ता ने कर्म संज्ञा करवानी आवश्यकता नथी. कारण के सर्वत्र णिगवस्था मां, ते ते धातुओना प्रयोजक कर्त्ताना व्यापारथी जन्य प्रयोज्य (अणिगवस्थाना) कर्त्ताना व्यापार स्वरूप फलना आश्रयभूत अणिगवस्थाना कर्त्ताने सू.नं. '२-२-३' थी ज कर्म संज्ञा थई शके छे. तेथी आ सूत्र (२-२-५) व्यर्थ बनतुं ; नियम करे छे के - तादृश प्रयोज्य कर्त्ताना व्यापार स्वरूप फलना आश्रयने कर्म संज्ञा थाय तो; उपर जणाव्या मुजब णिगवस्था मां गति-बोधाद्यर्थक ज धातुना प्रयोज्य कर्त्ताने थाय, गत्याद्यन्यार्थक 'पच्' वगेरे धातुना प्रयोज्य कर्त्ताने नहीं. आथी स्पष्ट छे के उपर्युक्त नियमना बळे पाचयत्योदनं चैत्रेण मैत्रः अहीं कोईपण सूत्रथी प्रयोज्य कर्ता चैत्रने कर्म संज्ञा न थवाथी पाचयत्योदनं चैत्रं मैत्रः - आ अनिष्ट प्रयोग नहीं थाय. न्यादिवर्जनं किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब नी, खाद्, अद्, ह्वे,

શબ્દાય અને ક્રન્દ્ ધાતુથી ભિન્ન જ ગત્યાદ્યર્થક ધાતુના પ્રયોજ્ય કર્ત્તાને ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થાય છે. તેથી – चैत्रो भारं नयति। नयन्तं भारं चैत्रं प्रेरयति (मैत्रः) इति "नाययति भारं चैत्रेण"॥ मैत्रोऽपूपं खादति। अपूपं खादन्तं मैत्रं प्रेरयति (चैत्रः) इति "खादयत्यपूपं मैत्रेण"॥ ओदनमत्ति सुतः। ओदनमदन्तं सुतं प्रेरयति (माता) इति "आदयत्योदनं सुतेन"॥ मैत्रश्चैत्रं ह्वयते। ह्वयमानं चैत्रं मैत्रं प्रेरयति (देवदत्तः) इति "ह्वाययति चैत्रं मैत्रेण"॥ मैत्रः शब्दायते (शब्दं करोति); बटुं शब्दं कुर्वाणं (शब्दायमानं) मैत्रं प्रेरयति (चैत्रः) इति "शब्दाययति बटुं मैत्रेण"॥ क्रन्दति चैत्रो मैत्रम्। मैत्रं क्रन्दन्तं चैत्रं प्रेरयति (देवदत्तः) इति "क्रन्दयति मैत्रं चैत्रेण"॥ અહીં नी खाद् अद् વગેરે ધાતુના અણિગવસ્થા ના (પ્રયોજ્ય) કર્ત્તા અનુક્રમે चैत्र, मैत्र, सुत, मैत्र, मैत्र અને चैत्र ને ણિગવસ્થા માં આ સૂત્રથી કર્મ સંજ્ઞા થતી નથી. જેથી તદ્વાચક चैत्रादि નામોને 'हेतुकर्त्तृ-करणे० २-२-४४' થી તૃતીયા વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ - ચૈત્ર દ્વારા મૈત્ર ભાર વહન કરાવે છે. ચૈત્ર મૈત્રને અપૂપ (માલપુઆ - પુરી) ખવરાવે છે. પુત્રને ભાત ખવરાવે છે. મૈત્ર દ્વારા ચૈત્રને બોલાવે છે. ચૈત્ર મૈત્ર પાસે બટુ શબ્દ બોલાવે છે. ચૈત્ર દ્વારા મૈત્રને બોલાવરાવે છે; અથવા મૈત્ર, મૈત્ર આ પ્રમાણે કહીને રોતા એવાં ચૈત્રને રોવરાવે છે. ॥૫॥

भक्षेर्हिंसायाम् २।२।६॥

હિંસાર્થક भक्ष् ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થાય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે દશમા ગણના चुरादि ધાતુઓને સ્વાર્થમાં णिच् પ્રત્યય થતો હોવાથી, તે તે ધાતુઓનો કર્ત્તા ણ્યન્તાવસ્થા નો તો હોય છે પરન્તુ જ્યારે તે ણ્યન્ત ધાતુઓને 'प्रयोक्तृव्या० ३-४-२०' થી णिग् પ્રત્યય થાય છે ત્યારે તે ધાતુઓ ણિગવસ્થા ના કહેવાય છે અને તેની પૂર્વેની તેની ણ્યન્તાવસ્થા ને અણિગવસ્થા કહેવાય

છે. बलीवर्दाः सस्यं भक्षयन्ति। सस्यं भक्षयतो बलीवर्दान् प्रेरयति मैत्र इति "भक्षयति सस्यं बलीवर्दान् मैत्रः"॥ અહીં અણિગવસ્થા ના હિંસાર્થક ભક્ષ્ ધાતુના કર્ત્તા बलीवर्द ને णिगवस्था માં આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક बलीवर्द નામને 'कर्मणि ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. (भक्षि (भक्ष्+णिच्) ધાતુને णिग् પ્રત્યય. 'णेरनिटि ૪-૩-૮૩' થી णिग् ની પૂર્વેના इ નો (णिच् નો) લોપ ... ઈત્યાદિ કાર્ય થવાથી भक्षयति આવો પ્રયોગ થાય છે.) અર્થ - મૈત્ર બળદોને કાચું અનાજ ખવરાવે છે. हिंसायामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ હિંસાર્થક જ भक्ष् ધાતુના અણિગવસ્થાના કર્ત્તાને, णिगवस्था માં કર્મ સંજ્ઞા થાય છે. તેથી शिशुः पिण्डीं भक्षयति। पिण्डीं भक्षयन्तं शिशुं प्रेरयति (माता) इति "भक्षयति पिण्डीं शिशुना"॥ અહીં આહારાર્થક भक्ष् ધાતુના અણિગવસ્થા ના કર્ત્તા शिशु ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થતી નથી. તેથી કર્તૃવાચક शिशु નામને 'हेतु-कर्त्तृ० ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થાય છે. અન્યથા भक्षयति पिण्डीं शिशुं माता આવો અનિષ્ટ પ્રયોગ થાત– એ સમજી શકાય છે. અર્થ- છોકરાને લાડવો ખવરાવે છે. (અહીં ઉદાહરણમાં કાચું અનાજ સચિત્ત હોવાથી તદ્ ભક્ષણાર્થક भक्ष् ધાતુ હિંસાર્થક છે; અને લાડવો અચિત્ત હોવાથી તદ્ ભક્ષણાર્થક भक्ष् ધાતુ હિંસાર્થક નથી. ઉભયત્ર भक्ष् ધાતુ આહારાર્થક હોવાથી 'गति – बोधा० ૨-૨-૫' થી भक्ष् ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને કર્મ સંજ્ઞા સિદ્ધ છે - તેથી આ સૂત્ર વ્યર્થ બનીને; આહારાર્થક પણ 'भक्ष्' ધાતુ હિંસાર્થક હોય તો જ તેના અણિગવસ્થા ના કર્ત્તાને 'णिगवस्था' માં કર્મ સંજ્ઞા થાય છે - આવું નિયમન કરે છે. જેથી ઈષ્ટાનિષ્ટ પ્રયોગની સિદ્ધ્યસિદ્ધિ થાય છે - એ સ્વયં સમજી લેવું.) ॥૬॥

वहेः प्रवेयः २।२।७॥

વહ્ ધાતુના અણિગવસ્થા ના પ્રવેય સ્વરૂપ કર્ત્તાને णिगवस्था માં કર્મ

સંજ્ઞા થાય છે. ભારના વહન માટે જેનો વાસ્તવિક રીતે ઉપયોગ કરાય છે તે બલીવર્દાદિને પ્રવેય કહેવાય છે. બલીવર્દા ભારં વહન્તિ। ભારં વહતો બલીમર્દાન્ પ્રેરયતિ મૈત્ર ઇતિ "વાહયતિ ભારં બલીવર્દાન્ મૈત્રઃ"॥ અહીં વહ્ ધાતુના અણિગવસ્થા ના પ્રવેય સ્વરૂપ કર્ત્તા બલીવર્દ ને આ સૂત્રથી ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક બલીવર્દ નામને 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા થઈ છે. અર્થ - બળદોથી મૈત્ર ભાર વહે છે. પ્રવેય ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વહ્ ધાતુના અણિગવસ્થા ના પ્રવેય સ્વરૂપ જ કર્ત્તાને ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થાય છે; તેથી મૈત્રો ભારં વહતિ। ભારં વહન્તં મૈત્રં પ્રેરયતીતિ "વાહયતિ ભારં મૈત્રેણ"॥ અહીં વહ્ ધાતુનો અણિગવસ્થા નો કર્ત્તા મૈત્ર 'પ્રવેય' ન હોવાથી તેને આ સૂત્રથી કર્મ સંજ્ઞા ન થવાથી મૈત્ર નામને 'હેતુ–કર્ત્તૃ૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થઈ છે. યદ્યપિ વહ્ ધાતુ ગત્યર્થક હોવાથી વહ્ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં 'ગતિ – બોધા૦ ૨-૨-૫' થી કર્મ સંજ્ઞા સિદ્ધ હોવાથી પ્રવેય સ્વરૂપ કર્ત્તાને પણ તે સૂત્રથી કર્મ સંજ્ઞા સિદ્ધ જ છે; પરન્તુ આ સૂત્ર આ-રીતે વ્યર્થ બનીને નિયમ કરે છે કે - વહ્ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા, તો જ થાય છે કે જો તે કર્ત્તા પ્રવેય સ્વરૂપ હોય. અન્યથા (અપ્રવેય કર્ત્તાને) કર્મ સંજ્ઞા થતી નથી. જેથી વાહયતિ ભારં મૈત્રેણ અહીં 'ગતિ-બોધા૦ ૨-૨-૫' થી પણ અપ્રવેય સ્વરૂપ કર્ત્તા મૈત્ર ને કર્મ સંજ્ઞા થતી નથી ... ઇત્યાદિ પૂર્વે જણાવ્યા મુજબ સ્વયં વિચારવું. અર્થ - મૈત્ર દ્વારા ભાર વહન કરાવે છે. ॥૭॥

हृ - क्रो र्नवा २।२।८॥

હૃ અને કૃ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. गुरु देशं विहरति। विहरन्तं देशं गुरुं प्रेरयतीति 'विहारयति देशं गुरुं गुरुणा वा'; बाल ओदनमाहरति।

ओदनमाहरन्तं बालं प्रेरयतीति 'आहारयत्योदनं बालं बालेन वा;' અહીં हृ ધાતુના અણિગવસ્થા ના કર્ત્તા ગુરુ અને બાલ ને આ સૂત્રથી 'कर्म' સંજ્ઞા થવાથી 'कर्मणि २-२-४०' થી તદ્વાચક ગુરુ અને બાલ નામને દ્વિતીયા વિભક્તિ થઈ છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે કર્તૃવાચક ગુરુ અને બાલ નામને 'हेतु-कर्त्तृ-करणे० २-२-४४' થી તૃતીયા વિભક્તિ થઈ છે. આવી જ રીતે चैत्रः कटं करोति। कटं कुर्वन्तं चैत्रं प्रेरयतीति 'कारयति कटं चैत्रं चैत्रेण वा' અહીં कृ ધાતુના કર્ત્તા चैत्र ને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી કર્મ સંજ્ઞા વગેરે કાર્ય થાય છે. અર્થ ક્રમશઃ - ગુરુને દેશમાં વિચરવાની પ્રેરણા કરે છે. બાળકને ભાત ખવરાવે છે. ચૈત્ર દ્વારા ચટઈ કરાવે છે. ॥८॥

दृश्यभिवदोरात्मने २।२।९॥

दृश् ધાતુ તેમજ अभि+वद् ધાતુના અણિગવસ્થા ના કર્ત્તાને ણિગવસ્થા માં આત્મનેપદમાં કર્મ સંજ્ઞા વિકલ્પથી થાય છે. भृत्याः पश्यन्ति राजानम्। राजानं पश्यतो भृत्यान् राजा प्रेरयतीति 'दर्शयते राजा भृत्यान् भृत्यै वा' અહીં ણિગવસ્થા માં 'अणिक्कर्म० ३-३-८८' થી दृशि ધાતુને આત્મનેપદ થાય છે. અણિગવસ્થા ના કર્ત્તા भृत्य ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક भृत्य નામને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી કર્મ સંજ્ઞા ન થવાથી કર્તૃવાચક भृत्य નામને 'हेतु- कर्तृ० २-२-४४' થી તૃતીયા વિભક્તિ થઈ છે. આવીજ રીતે गुरुमभिवदति शिष्यः। अभिवदन्तं शिष्यं गुरुः प्रेरयतीति 'अभिवादयते गुरुः शिष्यं शिष्येण वा'। અહીં પણ ઉપર જણાવ્યા મુજબ ણિગવસ્થા માં આત્મનેપદમાં અણિગવસ્થા ના શિષ્ય સ્વરૂપ કર્ત્તાને આ સૂત્રથી કર્મ સંજ્ઞા વગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ - રાજાને જોતા એવા ભૃત્યોને રાજા પોતેજ સરખી રીતે ઊભા રહેવા વગેરે દ્વારા પ્રેરણા કરે છે. ગુરુ શિષ્યને પ્રણામ કરાવે છે. आत्मन इति

किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दृश् અને अभि+वद् ધાતુના अणिगवस्था ના કર્ત્તાને णिगवस्था માં आत्मनेपदમાં જ વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. તેથી रूपतर्को रूपं पश्यति। रूपं पश्यन्तं रूपतर्कं प्रेरयती(चैत्रः) ति 'दर्शयति रूपतर्कं रूपम्'। અહીં णिगवस्था માં આત્મનેપદ થયું ન હોવાથી આ સૂત્રથી अणिगवस्था ના કર્ત્તા રૂપતર્ક ને णिगवस्था માં વિકલ્પે કર્મ સંજ્ઞા થતી નથી. તેથી 'गतिबोधा० २-२-५' થી 'रूपतर्क' ને નિત્ય કર્મસંજ્ઞા થવાથી दर्शयति रूपतर्कं रूपम्-આવો જ પ્રયોગ થાય છે. અન્યથા આ સૂત્રમાં 'आत्मने' નું ઉપાદાન ન હોત તો णिगवस्था માં અહીં પણ આ સૂત્રથી વૈકલ્પિક કર્મ સંજ્ઞા થાત તો 'दर्शयति रूपतर्केण रूपम् (चैत्रः)।' આ અનિષ્ટ પ્રયોગનો પ્રસંગ આવત-એ સમજી શકાય છે. 'दर्शयति रूपतर्कं रूपम् (चैत्रः)।' અહીં अणिगवस्था નું કર્મ 'रूप'; णिगवस्था માં કર્ત્તા નથી; પરન્તુ પ્રયોજક કર્ત્તા ચૈત્ર છે તેથી णिगवस्था માં दृशि ધાતુને ઉપર જણાવેલા સૂત્રથી આત્મનેપદ થતું નથી. અર્થ - (ચૈત્ર) રૂપની પરીક્ષા કરનારા પાસે રૂપની પરીક્ષા કરાવે છે. ॥९॥

नाथः २।२।१०॥

આત્મનેપદના વિષયમાં नाथ् ધાતુના વ્યાપ્યને વિકલ્પથી 'कर्म' સંજ્ઞા થાય છે. અર્થાદ્ વિકલ્પથી કર્મત્વ ની વિવક્ષા થાય છે. 'सर्पिर्नाथते' અહીં 'आशिषि नाथः ३-३-३६' થી नाथ् ધાતુને આત્મનેપદ થયું છે. આ સૂત્રથી આત્મનેપદના વિષયમાં नाथ् ધાતુના વ્યાપ્ય सर्पिष् ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થાય છે. તેથી કર્મ સંજ્ઞા થાય ત્યારે તદ્વાચક सर्पिष् નામને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થવાથી 'सर्पिर्नाथते' આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'કર્મત્વ' ની વિવક્ષા ન કરીએ તો सर्पिष् નામને 'शेषे २-२-८१' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. જેથી 'सर्पिषो नाथते' આવો પ્રયોગ થાય છે. અર્થ -

મને ઘી મળે એવી ઈચ્છા કરે છે. आत्मन इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદના જ વિષયમાં नाथ् ધાતુના વ્યાપ્ય ને વિકલ્પથી कर्म સંજ્ઞા થાય છે. તેથી पुत्रमुपनाथति પાઠાય અહીં પરસ્મૈપદના વિષયમાં नाथ् ધાતુના વ્યાપ્ય पुत्र ને આ સૂત્રથી વિકલ્પથી કર્મ સંજ્ઞા ન થવાથી 'कर्तुर्व्याप्यं ૨-૨-૩' થી કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક નામને ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ જ થાય છે. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ વિકલ્પ પક્ષમાં ષષ્ઠી વિભક્તિ થતી નથી. અર્થ - પુત્રને ભણવાં માટે મનાવે છે. અહીં આશિષ્ અર્થ ન હોવાથી નાથ્ ધાતુને 'आशिषि नाथः ૩-૩-૩૬' થી આત્મનેપદ થતું નથી. આ સૂત્રનું પૃથક્ નિર્માણ હોવાથી સૂ. નં. ૨-૨-૪ થી 'अणिक्कर्त्ता णौ ' નો વર્તમાન અધિકાર નિવૃત્ત થયો છે. ॥૧૦॥

स्मृत्यर्थ-दयेशः २।२।११॥

સ્મૃત્યર્થક ધાતુના તેમજ दय् અને ईश् ધાતુના વ્યાપ્યને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. मातुः स्मरति; मातरं स्मरति અહીં સ્મૃત્યર્થક स्मृ ધાતુના વ્યાપ્ય 'माता' ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક मातृ નામને; કર્મ સંજ્ઞા ન થાય ત્યારે 'शेषे ૨--૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે; અને કર્મ સંજ્ઞા થાય ત્યારે 'कर्मणि ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે.मातुः स्मर्यते; माता स्मर्यते અહીં પણ स्मृ ધાતુના વ્યાપ્ય माता ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી; કર્મ સંજ્ઞા ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ 'मातृ' નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે; અને કર્મ સંજ્ઞા થાય ત્યારે; કર્મણિ પ્રયોગ હોવાથી સૂ. નં. ૨-૨-૧ માં જણાવ્યા મુજબ અભિહિત કર્મ વાચક - मातृ નામને 'नाम्नः प्रथ० ૨-૨-૩૧' થી પ્રથમા વિભક્તિ થઈ છે. અહીં યાદ રાખવું જોઈએ કે-દ્વિતીયા-તૃતીયા વગેરે વિભક્તિઓ; અનભિહિત જ (અનુક્ત જ) કર્મ - કર્તા વગેરે વાચક નામને થાય છે. અભિહિત તાદૃશાર્થ

વાચક નામને તો પ્રથમા વિભક્તિ થાય છે. અર્થ - માતાનું સ્મરણ કરે છે. માતાને યાદ કરાય છે. 'सर्पिषः सर्पि वा दयते' અને 'लोकानामीष्टे, लोकानीष्टे' અહીં दय् અને ईश् ધાતુના વ્યાપ્ય- અનુક્રમે सर्पिष् અને लोक ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી; કર્મ સંજ્ઞા ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ તદ્વાચક सर्पिष् અને लोक નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે; અને કર્મ સંજ્ઞા થાય ત્યારે દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ - ઘી લે છે. લોકોનો સ્વામી થાય છે. અહીં વિચારવું જોઈએ કે; 'मातुः स्मरति', 'मातरं स्मरति' .... ઈત્યાદિ આ સૂત્રોપાત્ત ઉદાહરણોમાં વૈકલ્પિક કર્મ સંજ્ઞાના વિધાનથી વિકલ્પપક્ષમાં દ્વિતીયા ના બદલે ષષ્ઠી થાય - એ તાત્પર્ય છે. સામાન્યતઃ તે તે સૂત્રથી વિહિત કર્ત્રાદિ કારક સંજ્ઞાની વિવક્ષાના અભાવમાં 'शेषे २-२-८१' થી ષષ્ઠી વિભક્તિ, સર્વત્ર સિદ્ધ હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વૈકલ્પિક કર્મ સંજ્ઞા ના વિધાનદ્વારા ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ માટે યદ્યપિ પ્રયત્ન કરવાની આવશ્યકતા નથી. પરન્તુ આ રીતે मातुः स्मरति ... ઈત્યાદિ સ્થળે ષષ્ઠી વિભક્તિ માટે પ્રયત્ન ન કરતાં કર્મ કારકત્વની અવિવક્ષામાં ષષ્ઠી કરે તો અહીં यत्नकृत (પ્રયત્નસાધ્ય) ષષ્ઠી નહીં રહે. અને તેથી मातुः स्मृतम् ઈત્યાદિ સ્થળે 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' થી સમાસનો પ્રસઙ્ગ આવશે તેના નિવારણ માટે આ સૂત્રથી વૈકલ્પિક કર્મ સંજ્ઞાનું વિધાન કરી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે 'शेषे २-२-८१' થી થનારી ષષ્ઠી વિભક્તિને યત્નકૃત કરી છે. તદુપરાન્ત આ સૂત્રનાં પ્રણયન દ્વારા स्मृत्यर्थक ધાતુ અને दय् તથા ईश् ધાતુના કારકની અવિવક્ષા કરવી હોય તો તે કર્મ કારકની જ અવિવક્ષા કરવી. અન્ય कर्तृ વગેરે કારકની અવિવક્ષા ન કરવી - આવો નિયમ કરવાનું પણ અહીં તાત્પર્ય છે... ઈત્યાદિ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું. આવીજ રીતે ઉત્તર સૂત્રમાં પણ યથાસંભવ સ્વયં વિચારવું.॥૧૧॥

कृगः प्रतियत्ने २।२।१२॥

પ્રતિયત્નાર્થક કૃ ધાતુના વ્યાપ્ય ને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. પુનર્યત્નને પ્રતિયત્ન કહેવાય છે. આશય એ છે કે પહેલા વસ્તુને ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરાય છે. ત્યારબાદ ઉત્પન્ન વસ્તુમાં ગુણાન્તરને ઉત્પન્ન કરવા અથવા વિદ્યમાન ગુણો નાશ ન પામે - એ માટે પ્રયત્ન કરાય છે. આમાંના ગુણાન્તરને ઉત્પન્ન કરવા માટેના અથવા વિદ્યમાન ગુણની રક્ષા માટેના પ્રયત્નને પ્રતિયત્ન કહેવાય છે. તદર્થક કૃ ધાતુના વ્યાપ્યને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી 'एधोदकस्यैधोदकं वोपस्कुरुते' ('उपा० ४-४-९२' થી કૃ ની પૂર્વે सट् (स्) નો આગમ.)અહીં પ્રતિયત્નાર્થક કૃ ધાતુના વ્યાપ્ય एधोदक ને કર્મ સંજ્ઞા ન થાય ત્યારે તદ્વાચક एधोदक (एधाश्चोदकानि च આ વિગ્રહમાં 'अप्राणि० ३-१-१३६' થી દ્વંદ્વ સમાસ.) નામને 'शेषे २-२-८१' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. અને કર્મ સંજ્ઞા થાય ત્યારે 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ – કાષ્ઠ અને પાણીમાં ગુણોને ઉત્પન્ન કરે છે; અથવા તેના ગુણોની રક્ષા કરે છે. ॥१२॥

रुजाऽर्थस्याऽज्वरि-सन्तापे भवि कर्त्तरि २।२।१३॥

જ્વરિ અને સન્તાપિ ધાતુને છોડીને અન્ય રુજાર્થક (પીડાર્થક) ધાતુના વ્યાપ્યને; પીડાર્થક ધાતુનો કર્ત્તા ભાવવાચક (घञ् વગેરે) પ્રત્યયાન્ત હોય તો વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. 'चौरस्य चौरं वा रुजति रोगः ।' અહીં જ્વરિ અને સન્તાપિ ધાતુથી ભિન્ન પીડાર્થક રુજ્ ધાતુનો કર્ત્તા રોગ ભાવવાચક घञ् (अ) પ્રત્યયાન્ત હોવાથી રુજ્ ધાતુના વ્યાપ્ય चौर ને આ સૂત્રથી વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે; તેથી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે 'शेषे २-२-८१' થી તદ્વાચક चौर નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે અને કર્મ સંજ્ઞા થાય ત્યારે 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ

થઈ છે. અર્થ - ચોરને રોગ પીડે છે. अज्वरिसन्तापेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ રુજાર્થક ધાતુનો કર્ત્તા ભાવપ્રત્યયાન્ત હોય તો, જ્વરિ અને સન્તાપિ ધાતુ સિવાયના જ પીડાર્થક ધાતુના વ્યાપ્ય ને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. તેથી आद्यूनं ज्वरयति सन्तापयति वा (रोगः) અહીં જ્વરિ અને સન્તાપિ ધાતુના વ્યાપ્ય 'आद्यून' ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થતી નથી; તેથી 'आद्यून' ને 'कर्तुर्व्याप्यं कर्म २-२-३' થી નિત્યકર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક आद्यून નામને ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ - ઘણું ખાનારને રોગ પીડે છે. भाव इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જ્વરિ અને સન્તાપિ ધાતુથી ભિન્ન પીડાર્થક ધાતુનો કર્ત્તા ભાવપ્રત્યયાન્ત જ હોય તો તે પીડાર્થક ધાતુના વ્યાપ્ય ને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. તેથી 'मैत्रं रुजति श्लेष्मा' અહીં જ્વરિ અને સન્તાપિ ધાતુથી ભિન્ન પીડાર્થક રુજ્ ધાતુનો કર્ત્તા श्लेष्मा ભાવપ્રત્યયાન્ત ન હોવાથી (કર્ત્તા માં વિહિત मन् પ્રત્યયાન્ત હોવાથી); રુજ્ ધાતુના વ્યાપ્ય मैत्र ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા ન થવાથી ઉપર જણાવ્યા મુજબ નિત્યકર્મ સંજ્ઞાદિ કાર્ય થયું છે. અર્થ - મૈત્રને શ્લેષ્મા (સર્દી) પીડે છે. ॥૧૩॥

जास-नाट-क्राथ-पिषो हिंसायाम् २।२।१४॥

હિંસાર્થક जास् नाट् क्राथ् અને पिष् ધાતુના વ્યાપ્ય ને કર્મ સંજ્ઞા વિકલ્પથી થાય છે. चौरस्य चौरं वोज्जासयति। चौरस्य चौरं वोन्नाटयति। चौरस्य चौरं वोत्क्राथयति। અને चौरस्य चौरं वा पिनष्टि। અહીં હિંસાર્થક उद् + जास्, उद् + नाट्, उद् + क्राथ् અને पिष् ધાતુના વ્યાપ્ય चौर ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થઈ છે. તેથી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે 'शेषे २-२-८१' થી चौर નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે; અને કર્મ સંજ્ઞા થાય ત્યારે 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા થઈ છે. અર્થ (બધાનો) - ચોરને મારે છે. हिंसायामिति किम् ? = આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ હિંસાર્થક જ જાસ્, નાટ્, ક્રાથ્ અને પિષ્ ધાતુના વ્યાપ્યને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. તેથી ચૌરં બન્ધનાજ્જાસયતિ અહીં 'છોડાવવું' આ અર્થવાલા જાસ્ ધાતુના વ્યાપ્ય ચૌર ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થતી નથી. તેથી 'કર્તુર્વ્યાપ્યં કર્મ ૨-૨-૩' થી નિત્ય કર્મ સંજ્ઞા થવાથી ઉપર જણાવ્યા મુજબ ચૌર નામને દ્વિતીયા વિભક્તિ થાય છે.અર્થ - ચોરને બંધનથી છોડાવે છે. અહીં સૂત્રમાં જાસ્ અને નાટ્ ધાતુ ચુરાદિ ગણના વિવક્ષિત છે; અને ક્રાથ્ ધાતુ ઘટાદિ ગણનો (ધાતુ પાઠ નં. ૧૦૪૫) વિવક્ષિત છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે જાસ્ નાટ અને ક્રાથ આ ધાતુઓ નથી; ધાતુઓના રૂપો છે. મૂલ ધાતુ તો જસ્ નટ્ અને ક્રથ્ છે. તેને ણિચ્ પ્રત્યયાદિ કાર્ય કરવાથી જાસ્ વગેરે રૂપો થયેલાં છે. તેનું સૂત્રમાં ગ્રહણ કરીને તે જણાવ્યું છે કે - જ્યાં જાસ્ વગેરેના આ કારનું શ્રવણ થાય છે, ત્યાંજ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાસ્ વગેરે ધાતુના વ્યાપ્યને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે, અન્યત્ર નહિ. તેથી દસ્યુમુદજીજસત્ .. ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી વિકલ્પથી કર્મ સંજ્ઞા થતી નથી. યદ્યપિ આ સૂત્રથી હિંસાર્થક જાસ્ વગેરે ધાતુના વ્યાપ્યને વિકલ્પથી કર્મ સંજ્ઞાનું જે વિધાન છે તે; પૂર્વ સૂત્રથી પણ સિદ્ધ જ છે કારણ કે હિંસાર્થક ધાતુ પીડાર્થક છે જ. પરન્તુ પૂર્વ સૂત્ર ભાવપ્રત્યયાન્ત કર્ત્તા હોય તો જ લાગે છે. આ સૂત્ર ભાવપ્રત્યયાન્ત ભિન્ન કર્ત્તા હોય તો પણ લાગે છે. અર્થાદ્ અ - ભાવ પ્રત્યયાન્ત કર્ત્તા માટે આ સૂત્રનું પ્રણયન છે - એ યાદ રાખવું .॥૧૪॥

नि - प्रेभ्यो घ्नः २।२।१५॥

સમસ્ત (નિપ્ર); વ્યસ્ત (નિ, પ્ર) અને વિપર્યસ્ત (પ્રનિ) નિ અને પ્ર થી પરમાં રહેલા હિંસાર્થક હન્ ધાતુના વ્યાપ્ય ને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. चौरस्य चौरं वा निप्रहन्ति (निहन्ति प्रहन्ति प्रणिहन्ति वा); અહીં

સમસ્ત નિપ્ર થી પરમાં રહેલા હિંસાર્થક હન્ ધાતુના વ્યાપ્ય ચૌર ને આ સૂત્રથી વિકલ્પથી કર્મ સંજ્ઞા થઈ છે. તેથી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે ચૌર નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થાય છે; અને કર્મ સંજ્ઞા થાય ત્યારે 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ - ચોરને મારે છે. હિંસાયામિત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમસ્ત, વ્યસ્ત અને વિપર્યસ્ત નિ પ્ર થી પરમાં રહેલા હિંસાર્થક જ હન્ ધાતુના વ્યાપ્યને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. તેથી 'રાગાદીન્નિહન્તિ' અહીં હન્ ધાતુ હિંસાર્થક ન હોવાથી તેના વ્યાપ્ય રાગાદિ ને આ સૂત્રથી વિકલ્પે કર્મ સંજ્ઞા થતી નથી, તેથી 'કર્ત્તુવ્યાપ્યં કર્મ ૨-૨-૩' થી નિત્યકર્મસંજ્ઞા થવાથી ઉપર જણાવ્યા મુજબ રાગાદિ નામને દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ - રાગાદિનો નાશ કરે છે. (રાગાદિને દૂર કરે છે.) અહીં યાદ રાખવું.જોઈએ કે સૂ.નં. ૨-૨-૧૦ થી આગળના સૂત્રો વસ્તુતઃ સૂ.નં. ૨-૨-૩ થી વિહિત કર્મ સંજ્ઞાનો વૈકલ્પિક નિષેધ કરે છે. તેથી, તે તે સૂત્રોમાંના ઉદાહરણોમાં સૌથી પહેલા ષષ્ઠી વિભક્તિના ઉદાહરણો છે. પ્રાણવિમોચનાનુકૂલવ્યાપાર હિંસાપદાર્થ છે. નિષ્પ્રાણ રાગાદિની તાદૃશહિંસા અપ્રસિદ્ધ છે. તેથી રાગાદીન્નિહન્તિ અહીં હન્ ધાતુ હિંસાર્થક નથી - એ સમજી શકાય છે. ॥૧૫॥

विनिमेय-द्यूतपणं पण-व्यवह्नोः २।२।१६॥

પણ્ અને વિ+અવ+હૃ ધાતુના વ્યાપ્ય દ્યૂતપણ અને વિનિમેય ને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. જુગારમાં જીતવા યોગ્ય વસ્તુને દ્યૂતપણ કહેવાય છે; અને ખરીદવા અથવા વેચવાં માટે મુકેલી વસ્તુને વિનિમેય કહેવાય છે. 'शतस्य शतं वा पणायति' અને 'दशानां दश वा व्यवहरति' અહીં પણ્ ધાતુના વ્યાપ્ય દ્યૂતપણ અથવા વિનિમેય શત ને અને વિ + અવ + હૃ ધાતુના વ્યાપ્ય દ્યૂતપણ અથવા વિનિમેય દશ ને આ સૂત્રથી વિકલ્પથી કર્મ સંજ્ઞા થઈ છે. તેથી કર્મ સંજ્ઞા ન થાય ત્યારે શત અને

दशन् नामने 'शेषे २-२-८१' थी षष्ठी विभक्ति थई छे; अने ज्यारे कर्म संज्ञा थाय त्यारे 'कर्मणि २-२-४०' थी द्वितीया विभक्ति थई छे. अर्थक्रमशः - जुगारमां सो रुपिया जीते छे; अथवा सो रुपियानी वस्तु वेचे छे अथवा खरीदे छे. जुगारमां दश रुपिया जीते छे, अथवा दश रुपियानी वस्तु वेचे छे अथवा खरीदे छे. विनिमेय द्यूतपणमिति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब पण् अने वि + अव + हृ धातुना विनिमेय तथा द्यूतपण स्वरूप જ व्याप्य ने कर्म संज्ञा विकल्पथी थाय छे. तेथी साधून् पणायति अहीं पण् धातुना व्याप्य साधु ने आ सूत्रथी विकल्पे कर्म संज्ञा न थवाथी 'कर्तुर्व्याप्यं कर्म २-२-३' थी नित्य कर्म संज्ञा थाय छे. जेथी उपर जणाव्या मुजब साधु नामने द्वितीया विभक्ति थई छे. 'साधु', विनिमेय के द्यूतपण स्वरूप व्याप्य नथी – એ समजी शकाय छे. अर्थ - साधुओनी स्तुति करे छे. ॥१६॥

उपसर्गाद् दिवः २।२।१७॥

उपसर्गथी परमां रहेला 'दिव्' धातुना व्याप्य विनिमेय अने द्यूतपण ने विकल्पथी कर्म संज्ञा थाय छे. 'शतस्य शतं वा प्रदीव्यति' अहीं प्र + दिव् धातुना विनिमेय अने द्यूतपण स्वरूप व्याप्य 'शत' ने आ सूत्रथी विकल्पे कर्म संज्ञा थई छे; तेथी कर्म संज्ञा न थाय त्यारे शत नामने 'शेषे २-२-८१' थी षष्ठी विभक्ति थई छे; अने कर्म संज्ञा थाय त्यारे 'कर्मणि २-२-४०' थी द्वितीया विभक्ति थई छे. अर्थ - सो रुपिया जुगारमां जीते छे अथवा सो रुपियानी वस्तु वेचे अथवा खरीदे छे. उपसर्गादिति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब उपसर्गथी परमां रहेला જ दिव् धातुना व्याप्य विनिमेय अने द्यूतपण ने विकल्पथी कर्म संज्ञा थाय छे. तेथी शतस्य दीव्यति अहीं अनुपसर्गक दिव् धातुना व्याप्य विनिमेय अने द्यूतपण स्वरूप शत ने आ सूत्रथी विकल्पे कर्म संज्ञा थती नथी. तेम જ 'कर्तुर्व्याप्यं० २-२-३' थी

પ્રાપ્ત નિત્ય કર્મ સંજ્ઞાનો 'ન ૨-૨-૧૮' થી નિષેધ થયો હોવાથી 'શેષે ૨-૨-૮૧' થી શત નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે. અન્યથા શતં દીવ્યતિ આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત - એ સમજી શકાય છે.॥૧૭॥

न २।२।१८॥

અનુપસર્ગક 'દિવ્' ધાતુના વ્યાપ્ય વિનિમેય અને દ્યૂતપણ ને કર્મ સંજ્ઞા થતી નથી. શતસ્ય દીવ્યતિ અહીં અનુપસર્ગક દિવ્ ધાતુના વ્યાપ્ય વિનિમેય અને દ્યૂતપણ શત ને 'કર્ત્તુર્વ્યાપ્યં૦ ૨-૨-૩' થી કર્મ સંજ્ઞાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી શત નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ - સો રુપિયા જુગારમાં જીતે છે અથવા સો રુપિયાની વસ્તુ વેચે અથવા ખરીદે છે. ॥૧૮॥

करणं च २।२।१९॥

દિવ્ ધાતુના કરણને એક જ સમયમાં કર્મ સંજ્ઞા અને કરણ સંજ્ઞા થાય છે. 'અક્ષાન્ દીવ્યતિ' અહીં દિવ્ ધાતુના કરણ અક્ષ ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી 'કર્મણિ ૨-૨-૪૦' થી કર્મવાચક અક્ષ નામને દ્વિતીયા વિભક્તિ થઈ છે; તેમજ આ સૂત્રથી દિવ્ ધાતુના કરણ અક્ષ ને કરણ સંજ્ઞા થવાથી 'હેતુકર્ત્તૃ૦ ૨-૨-૪૪' થી કરણવાચક અક્ષ નામને તૃતીયા વિભક્તિ થવાથી 'અક્ષૈ દીવ્યતિ' આવો પ્રયોગ થાય છે. અક્ષૈ દીવ્યતિ ચૈત્રઃ; અક્ષૈ દીવ્યન્તં ચૈત્રં મૈત્રઃ પ્રેરયતીત્યક્ષૈ દેવયતે મૈત્રશ્ચૈત્રેણ અહીં અક્ષ (દિવ્ ધાતુના કરણ)ને આ સૂત્રથી કરણ સંજ્ઞા થવાથી તદ્વાચક અક્ષ નામને તૃતીયા વિભક્તિ થઈ છે; તેમ જ દિવ્ ધાતુના કરણ અક્ષ ને કર્મ સંજ્ઞા પણ આ સૂત્રથી થવાથી દિવ્ ધાતુ નિત્યાકર્મક ન હોવાથી અણિગવસ્થાના (પ્રયોજ્ય) કર્તા ચૈત્રને 'ગતિબોધા૦

૨-૨-૫' થી ણિગવસ્થા માં કર્મ સંજ્ઞા થતી નથી. જેથી 'સ્વતન્ત્રઃ કર્તા ૨-૨-૨' થી ચૈત્ર ને કર્ત્તૃ સંજ્ઞા જ થઈ હોવાથી તદ્વાચક ચૈત્ર નામને 'હેતુ-કર્ત્તૃ-કરણે૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ - અક્ષો (પાસા) થી રમે છે. અક્ષોથી રમે છે. મૈત્ર અક્ષોથી ચૈત્રને રમાડે છે.

યદ્યપિ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિવ્ ધાતુના કરણને કરણ અને કર્મ સંજ્ઞા; જે રીતે યુગપત્ કરાઈ છે; તેનું ફળ સર્વત્ર નથી. કારણ કે અક્ષાન્ દીવ્યતિ અને અક્ષૈ દીવ્યતિ અહીં અનુક્રમે કરણ સંજ્ઞા અને કર્મ સંજ્ઞાનું કાંઈ જ ફળ નથી; પરન્તુ અક્ષૈર્દેવયતે ચૈત્રેણ મૈત્રઃ ઈત્યાદિ સ્થળે ઉપર જણાવ્યા મુજબ તેનું ફળ હોવાથી યુગપત્ કરણ અને કર્મ સંજ્ઞાદ્વયનું વિધાન કર્યું છે.

અહીં એ વિચારવું જોઈએ કે - દિવ્ ધાતુના કરણને કર્મ સંજ્ઞા વિકલ્પે કરવાથી પણ અક્ષાન્ દીવ્યતિ અને અક્ષૈ દીવ્યતિ આ બંન્ને પ્રયોગો થઈ શકે છે. કારણકે કર્મ સંજ્ઞાના અભાવપક્ષમાં 'સાધકતમં૦ ૨-૨-૨૪' થી અક્ષ ને કરણ સંજ્ઞા સિદ્ધ હોવાથી તદ્વાચક નામને ઉપર જણાવ્યા મુજબ તૃતીયા વિભક્તિ થઈ શકે છે. આથી સમજી શકાય છે કે 'કરણં ચ' આ સૂત્રનાં સ્થાને 'કરણં વા' આ પ્રમાણે પણ સૂત્રનો નિર્દેશ કરી શકાય છે. યદ્યપિ 'કરણં ચ' આ સૂત્રની અપેક્ષાએ 'કરણં વા' આ પ્રમાણે સૂત્રના નિર્દેશમાં માત્રાધિક્ય થતું હોવાથી ગૌરવ છે; પરન્તુ 'કરણં ચ' આ પ્રમાણે સૂત્ર રચવામાં; ચ ના ગ્રહણથી વાક્યભેદ થતો હોવાથી; 'કરણં વા' ઈત્યાકારક સૂત્ર રચનાની અપેક્ષાએ ગૌરવ છે. કારણ કે 'કરણં ચ' આ પ્રમાણેની સૂત્ર રચનામાં દિવઃ કરણં કરણસંજ્ઞં ભવતિ અને દિવઃ કરણં કર્મસંજ્ઞઞ્ચ ભવતિ આ પ્રમાણે વાક્યભેદ સ્પષ્ટ છે. કરણં ચ આ સૂત્રમાં કર્મ સંજ્ઞાની અનુવૃત્તિ ચાલુ હોવાથી અને 'ચ' પદથી કરણ સંજ્ઞાનો સમુચ્ચય હોવાથી વસ્તુતઃ સૂત્રનું સ્વરૂપ, ''દિવઃ કરણં કરણં કર્મ ચ'' આ પ્રમાણે થાય છે. અહીં દિવ્ ધાતુનું કરણ ઉદ્દેશ્ય છે અને સંજ્ઞા દ્વય સ્વરૂપ વિધેય દ્વય છે. આ

રીતે વિધેય ભેદથી વાક્યભેદ સ્પષ્ટ છે. જ્યારે;'करणं वा' આ પ્રમાણે સૂત્રની રચના કરવામાં તેનું સ્વરૂપ; "दिवः करणं वा कर्म" આ પ્રમાણે થતું હોવાથી कर्म સંજ્ઞા સ્વરૂપ એક જ વિધેય હોવાથી વાક્યભેદ થતો નથી; એકજ વાક્ય રહે છે. તેથી 'करणं च' ની અપેક્ષાએ 'करणं वा' આ પ્રમાણેની સૂત્રરચનામાં લાઘવ હોવા છતાં તાદૃશ રચનાથી दिव् ધાતુના કરણ अक्ष ને કેવલ कर्म સંજ્ઞા થાય તો 'अक्षान् देवयते चैत्रेण मैत्रः' આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવે છે. તેથી 'करणं च' *આ પ્રમાણે જ સૂત્રની રચના કરી છે..... ઈત્યાદિ અન્યત્ર* અનુસન્ધેય છે. ॥૧૯॥

अधेः शीङ्-स्था ऽऽस आधारः २।२।२०॥

અધિ ઉપસર્ગથી સંમ્બદ્ધ शीङ्; स्था અને आस् ધાતુના આધારને कर्म સંજ્ઞા થાય છે. 'ग्राममधिशेते'; 'ग्राममधितिष्ठति' અને 'ग्राममध्यास्ते' અહીં अधि+शीङ् (शी); अधि+स्था અને अधि+आस् ધાતુના આધાર ग्राम ને આ સૂત્રથી कर्म સંજ્ઞા થવાથી તદ્વાચક ग्राम નામને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ - (બધાનો) ગામમાં રહે છે. અહીં અકર્મક ધાતુઓ ઉપસર્ગપૂર્વક પ્રયોજાય તો સકર્મક બનતા હોવાથી ग्राम ને कर्म સંજ્ઞા સિદ્ધ જ હતી. પરન્તુ અધિ ઉપસર્ગથી સમ્બદ્ધ शीङ्, स्था અને आस् ધાતુના આધારને આધાર સંજ્ઞા થતી નથી - એ જણાવવા માટે વસ્તુતઃ આ સૂત્ર છે. ॥૨૦॥

उपान्वध्याङ्वसः २।२।२१॥

उप अनु अधि અને आङ् (आ) ઉપસર્ગથી વિશિષ્ટ वस् ધાતુના આધારને कर्म સંજ્ઞા થાય છે. ग्राममुपवसति, अनुवसति, अधिवसति, आवसति વા અહીં उप+वस्; अनु+वस्; अधि+वस् અને आ+वस्

ધાતુના આધાર ગ્રામ ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક ગ્રામ નામને 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અહીં એ યાદ રાખવું કે અનુ+વસ્ વગેરે ધાતુઓનાં સાહચર્યથી ઉપ+વસ્ ધાતુ પણ નિવાસાર્થક લેવો; પરન્તુ આહારત્યાગાર્થક નહિ લેવો. તે ધાતુના આધારને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થતી ન હોવાથી 'ગ્રામે ઉપવસતિ' (ગામમાં ઉપવાસ (ખાવાનો ત્યાગ) કરે છે.) આવો પ્રયોગ થાય છે. 'અદાદ્યનદાદ્યોરનદાદેરેવ' અર્થાદ્ ''અદાદિ (૨ જોગણ) અને અનદાદિ (૨ જા ગણ સિવાયના) ધાતુઓનાં ગ્રહણ પ્રસંગે અનદાદિ જ ધાતુનું ગ્રહણ થાય છે.'' આ પરિભાષાનાં કારણે અહીં 'વસિક્ આચ્છાદને' (૧૧૧૭) આ અદાદિ ધાતુનું ગ્રહણ થતું નથી. સૂત્રોક્ત બધા ઉદાહરણોનો અર્થ - ગામમાં રહે છે.॥૨૧॥

वाऽभिनिविशः २।२।२२॥

અભિ+નિ+વિશ્ આ પ્રમાણે અભિનિ ઉપસર્ગસમુદાયથી વિશિષ્ટ વિશ્ ધાતુના આધારને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. 'ગ્રામમભિનિવિશતે' અહીં અભિનિ + વિશ્ ધાતુના આધાર ગ્રામ ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી તદ્વાચક ગ્રામ નામને 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ - ગામમાં પ્રવેશ કરે છે. વિકલ્પપક્ષમાં *'કલ્યાણેऽભિનિવિશતે' અહીં અભિનિ+વિશ્ ધાતુના આધાર કલ્યાણને* આ સૂત્રથી કર્મ સંજ્ઞા ન થવાથી 'ક્રિયાશ્રય૦ ૨-૨-૩૦' થી અધિકરણ સંજ્ઞા થાય છે. તેથી તદ્વાચક કલ્યાણ નામને 'સપ્તમ્ય૦ ૨-૨-૯૫' થી સપ્તમી વિભક્તિ થઈ છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે સૂત્રોક્ત 'વા' નો અર્થ અહીં 'વિકલ્પ' નથી, પરન્તુ 'વ્યવસ્થા' છે. તેથી ઉપર જણાવ્યા મુજબ અભિનિ + વિશ્ ધાતુના કેટલાક અધિકરણને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થાય છે. અને કેટલાંક આધારને કર્મ સંજ્ઞા થતી નથી. આ રીતની વ્યવસ્થાને જણાવનારો અહીં 'વા' શબ્દ છે.

સામાન્યથી જ્યાં આધારનો વિભાગ જણાય છે; ત્યાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મ સંજ્ઞા થાય છે. અને જ્યાં એતાદૃશ આધારનો વિભાગ જણાતો નથી; ત્યાં તાદૃશ આધાર ને કર્મ સંજ્ઞા; આ સૂત્રથી થતી નથી - આવી વ્યવસ્થાને જણાવનારો 'વા' શબ્દ હોવાથી અહીં 'વ્યવસ્થિત વિભાષા' છે. અર્થ - કલ્યાણમાં તલ્લીન થાય છે. ॥૨૨॥

कालाध्व-भाव-देशं वाऽकर्म चाऽकर्मणाम् २।२।२३॥

અકર્મક ધાતુ સમ્બન્ધી કાલ (માસાદિ); અધ્વ (ગન્તવ્ય ક્ષેત્ર ક્રોશાદિ) ભાવ (ગોદોહ - ઓદનપાકાદિ ક્રિયા) અને દેશ (જનપદાદિ - કુરુદેશાદિ, ગામ નદી પર્વતાદિ) સ્વરૂપ આધારને વિકલ્પથી કર્મ સંજ્ઞા થાય છે. અને જ્યારે કર્મ સંજ્ઞા થાય છે; ત્યારે તે જ સમયે વિકલ્પથી અકર્મ સંજ્ઞા પણ થાય છે. માસમાસ્તે; ક્રોશં શેતે; ગોદોહમાસ્તે અને કુરૂનાસ્તે અહીં અકર્મક આસ્ અને શી ધાતુના કાલ સ્વરૂપ આધાર માસ; અધ્વ સ્વરૂપ આધાર ક્રોશ; ભાવ સ્વરૂપ આધાર ગોદોહ અને દેશ સ્વરૂપ આધાર કુરુ ને આ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી; તદ્ વાચક માસ, ક્રોશ, ગોદોહ અને કુરુ નામને 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થઈ છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી માસાદિ આધારને કર્મ સંજ્ઞા ન થાય ત્યારે 'ક્રિયાશ્રયસ્ય૦ ૨-૨-૩૦' થી અધિકરણ સંજ્ઞા થવાથી તદ્વાચક માસ વગેરે નામને 'સપ્તમ્ય૦ ૨-૨-૯૫' થી સપ્તમી વિભક્તિ થાય છે. જેથી માસે આસ્તે; ક્રોશે શેતે; ગોદોહે આસ્તે અને કુરુષુ આસ્તે આવો પ્રયોગ થાય છે. અકર્મ ચેતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક ધાતુના કાલ અધ્વ ભાવ અને દેશ સ્વરૂપ આધારને એક જ સમયમાં વિકલ્પથી અકર્મ અને કર્મ સંજ્ઞા થાય છે. તેથી માસમાસ્યતે અહીં અકર્મક આસ્ ધાતુના આધાર માસ ને એકીસાથે કર્મ સંજ્ઞા અને અકર્મ સંજ્ઞા થવાથી કર્મવાચક માસ નામને દ્વિતીયા વિભક્તિ થઈ છે. અને માસ ની અકર્મ સંજ્ઞા માનીને આસ્

ધાતુને ભાવમાં ક્ય (य) પ્રત્યય થયો છે. આ સૂત્રથી આ રીતે યુગપત્ કર્મ - અકર્મ સંજ્ઞા વિકલ્પે ન થાય અને માત્ર કર્મ સંજ્ઞા વિકલ્પે થાય તો ;'માસ આસ્યતે' આવો જ પ્રયોગ થશે. માસમાસ્યતે આવો પ્રયોગ થઈ શકશે નહીં - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ - એકમહિનો બેસે છે. એક ગાઉ ઉંઘે છે. ગાયને દોહવાના સમયે બેસે છે. કુરુદેશમાં રહે છે. એક મહિનો બેસાય છે. अकर्मणामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક જ ધાતુના કાલ અધ્વ ભાવ અને દેશ સ્વરૂપ આધારને એક જ સમયમાં વિકલ્પથી અકર્મ અને કર્મ સંજ્ઞા થાય છે. તેથી 'रात्रावुद्देशोऽधीतः' અહીં સકર્મક अधि + इङ् (इ) ધાતુના કાલ સ્વરૂપ આધાર રાત્રિ ને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિકલ્પથી કર્મ - અકર્મ સંજ્ઞા થતી નથી. તેથી રાત્રિ ને 'ક્રિયાશ્રય૦ ૨-૨-૩૦' થી અધિકરણ સંજ્ઞા થવાથી 'सप्तम्य० ૨-૨-૯૫' થી तद्वाचक રાત્રિ નામને સપ્તમી વિભક્તિ થઈ છે. અન્યથા 'रात्रिमुद्देशोऽधीतः' આવો અનિષ્ટ પ્રયોગ પણ થવાનો પ્રસંગ આવત. અર્થ - રાત્રે ઉદ્દેશો ભણ્યો. (ઉદ્દેશ - અધ્યયનાદિનો ભાગ વિશેષ). ॥૨૩॥

साधकतमं करणम् ૨।૨।૨૪॥

ક્રિયાની સિદ્ધિમાં જે કારક અત્યન્ત ઉપકારક મનાય છે તેને 'કરણ' સંજ્ઞા થાય છે. અહીં સમજી લેવું જોઈએ કે ક્રિયાની સિદ્ધિમાં સામગ્રન્તઃ પાતી કારક માત્રનો સ્વ સ્વ વ્યાપાર કારણ હોય છે. કોઈ પણ કારક; કારકાન્તરનાં વ્યાપારના અભાવમાં ક્રિયાની સિદ્ધિ પ્રત્યે ઉપકારક બનતો નથી. તેથી વસ્તુતઃ કારક માત્રમાં ક્રિયાસાધકત્વ હોવાથી; કોઈ એકને સાધકતમ કહી શકાય નહિ; પરન્તુ જે કારકના વ્યાપારના અવ્યવહિતોત્તર કાલમાં ક્રિયાસિદ્ધિ મનાય છે - અર્થાદ્ વક્તાને અભિપ્રેત છે, તે કારકને ક્રિયાની સિદ્ધિ પ્રત્યે સાધકતમ મનાય છે. વસ્તુતઃ કોઈ કારકમાં સાધકતમત્વ હોતું નથી ; પરન્તુ

વક્તાની તાદૃશ વિવક્ષાના કારણે જ તે તે કારક સાધકતમત્વેન વિવક્ષાનો વિષય બને છે; અને તેથી તેને કરણ સંજ્ઞા આ સૂત્રથી થાય છે. 'દાનેન ભોગાન્પ્નોતિ' અહીં ભોગકર્મક પ્રાપ્તિની પ્રત્યે દાન ને સાધકતમ કારક તરીકે મનાયું હોવાથી તેને આ સૂત્રથી 'કરણ' સંજ્ઞા થઈ છે. જેથી તદ્વાચક દાન નામને 'હેતુ-કર્ત્તૃ-કરણે૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થઈ છે. અર્થ - દાનથી (સ્વર્ગાદિના) ભોગો મેળવે છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે – સૂ. નં. ૨-૨-૧ થી કારક સામાન્યનો અધિકાર ચાલુ હોવાથી ઉપર જણાવ્યા મુજબ કારકમાત્ર સાધક હોવાથી તેના સાધકતમત્વના ગ્રહણ માટે આ સૂત્રમાં માત્ર 'સાધક' પદનું ઉપાદાન પર્યાપ્ત છે. પરન્તુ 'તમ' પ્રત્યયના ગ્રહણની વસ્તુતઃ આવશ્યકતા નથી. કારણ કે કારકમાત્રમાં સાધકત્વ હોવાથી તેના વિશેષણ તરીકે 'साधकं करणम्' એતાદૃશ સૂત્રના પ્રણયનમાં સાધકત્વ નો નિવેશ; વ્યર્થ બનીને સાધકતમત્વ ના ગ્રહણ માટે સમર્થ છે. આથી સ્પષ્ટ છે કે 'साधकतमं करणम्' એતાદૃશ સૂત્રની રચનામાં તમ પ્રત્યયનો નિર્દેશ આવશ્યક નથી. પરન્તુ અનાવશ્યક જણાતો એ નિર્દેશ; 'અપાદાન વગેરે સંજ્ઞામાં તે તે સંજ્ઞાના પ્રયોજક વ્યાપારમાં તરતમતા નો યોગ મનાતો નથી.' - એ જણાવવાં માટે છે. આશય એ છે કે વૃક્ષાત્ पर्णं पतति અને कुसूलात् पचति અહીં વૃક્ષ અને કુસૂલ ને 'અપાયે૦ ૨-૨-૨૯' થી અપાદાન સંજ્ઞા થવાથી 'पञ्चम्यपादाने ૨-૨-૬૯' થી વૃક્ષ અને કુસૂલ નામને પઞ્ચમી વિભક્તિ થાય છે. અહીં સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે વૃક્ષ અને કુસૂલ ને એકજ રીતે અપાદાન સંજ્ઞા થવા છતાં વૃક્ષ વૃત્તિ વ્યાપાર અને કુસૂલ વૃત્તિ વ્યાપારમાં વ્યાપારાન્તરનું ક્રમશઃ અવ્યવહિતત્વ અને વ્યવહિતત્વ છે. કારણ કે કુસૂલ માંથી સુપડામાં અને સુપડામાંથી લઈને અહીં પચનક્રિયા છે. જ્યારે; વૃક્ષ પરથી સીધી જ પતન ક્રિયા છે. આ રીતે વ્યવહિત કે અવ્યવહિત વ્યાપારાશ્રય તથાવિધ વૃક્ષાદિ કારકને જેવી રીતે અપાદાન સંજ્ઞા થાય છે, તેમજ ઘટે जलम् અને गङ्गायां घोषः ઈત્યાદિસ્થળે અનુપચરિત કે ઉપચરિત

(સામીપ્યાદિ લક્ષણાના કારણે પ્રતીત) ને જેવી રીતે 'ક્રિયાશ્રયસ્યા૦ ૨-૨-૩૦' થી 'અધિકરણ' સંજ્ઞા થાય છે. તેવી રીતે આ સૂત્રથી કરણ સંજ્ઞા થતી નથી. અર્થાદ્ "આ સૂત્રથી વિહિત કરણ સંજ્ઞાની જેમ વ્યાપારની અવ્યવહિતતામાં જ તેતે સૂત્રોથી અપાદાનાદિ સંજ્ઞા થતી નથી" - આવા તાત્પર્યથી આ સૂત્રમાં 'તમ' નું ગ્રહણ છે ..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૨૪॥

कर्माभिप्रेयः सम्प्रदानम् २।२।२५॥

કર્ત્તા; વ્યાપ્ય અથવા ક્રિયાવડે જેને અભિપ્રેય બનાવે છે અથવા જેની સાથે સંબન્ધ કરે છે તેને (તે કારક ને) સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. દેવાય બલિં દત્તે, રાજ્ઞે કાર્યમાચષ્ટે અને પત્યે શેતે અહીં આ સૂત્રથી દેવ, રાજા અને પતિ ને આ સૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા થવાથી 'ચતુર્થી ૨-૨-૫૩' થી તદ્વાચક દેવ રાજન્ અને પતિ નામને ચતુર્થી વિભક્તિ થઈ છે. અહીં વ્યાપ્ય બલિ અને કાર્ય દ્વારા કર્તા; દેવ ને અને રાજા ને પ્રસન્નાદિ કરવા ઈચ્છે છે. તેમજ મૈથુનને અનુકૂળ એવી શયન ક્રિયા વડે કર્તા સ્ત્રી; પતિ ની ઈચ્છા કરે છે. તેથી દેવ; રાજા અને પતિ ને આ સૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા થઈ છે. અર્થક્રમશઃ - દેવને બલિ આપે છે. રાજાને કાર્ય કહે છે. પતિ સાથે મૈથુનની ઈચ્છાથી સુવે છે. અહીં યાદ રાખવું જોઈએ કે કર્માદિ; કારક વિશેષ સંજ્ઞાઓ છે. તેથી તે, કારકત્વની વ્યભિચારિણી નથી. ધાત્વર્થ ક્રિયાનું હેતુત્વ જેમાં છે (અર્થાદ્ ધાત્વર્થ ક્રિયાનુકૂલ વ્યાપારના જે આશ્રય છે માત્ર નિમિત્ત ભૂત નથી.) તેને જ કારક સંજ્ઞા થાય છે. તેથી દેવાય બલિં દત્તે, રાજ્ઞે કાર્યમાચષ્ટે અને પત્યે શેતે ઈત્યાદિ સ્થળે યદ્યપિ દા વગેરે ધાત્વર્થ ત્યાગાદ્યનુકૂલ વ્યાપાર દેવાદિ માં જણાતો ન હોવાથી તેને સમ્પ્રદાન સંજ્ઞા કરવાનું સઙ્ગત જણાતું નથી. પરન્તુ કર્ત્તાની તાદૃશ બલિકર્મક ત્યાગાદિ ક્રિયાની પ્રત્યે; દેવાદિ નો અનિરાકરણ, પ્રેરણા અને સમ્મતિ

વગેરે સ્વરૂપ વ્યાપાર હોવાથી; તાદૃશ અવાન્તર વ્યાપારથી જન્ય ધાત્વર્થ ત્યાગાદિ ક્રિયાનુકૂલ વ્યાપારના આશ્રય દેવાદિ માં કારકત્વ બાધિત નથી. સૂત્રમાં કર્માભિપ્રેયઃ અહીં અભિ શબ્દના ગ્રહણથી વિશિષ્ટ સમ્બન્ધનું ગ્રહણ ઈષ્ટ છે. કર્તાના, શ્રદ્દધા અનુગ્રહ-અપાયાપગમ-કામનાદિના કારણે થયેલા સંબંધથી જે પ્રેય છે, તેને અભિપ્રેય કહેવાય છે. તેથી તાદૃશ અભિપ્રેય; 'घ्नतः पृष्ठं ददाति' અહીં घ्नत् (હનનકર્તા) ન હોવાથી તેને આ સૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી..... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણવું જોઈએ. ॥૨૫॥

स्पृहे व्याप्यं वा २।२।२६॥

સ્પૃહ્ ધાતુના વ્યાપ્યને વિકલ્પથી સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. 'पुष्पेभ्यः स्पृहयति' અહીં સ્પૃહ્ ધાતુના વ્યાપ્ય પુષ્પ ને આ સૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા થવાથી તદ્વાચક પુષ્પ નામને 'चतुर्थी २-२-५३' થી ચતુર્થી વિભક્તિ થઈ છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી પુષ્પ ને સમ્પ્રદાન સંજ્ઞા ન થાય ત્યારે 'कर्तुर्व्याप्यं कर्म २-२-३' થી કર્મ સંજ્ઞાદિ કાર્ય થવાથી 'पुष्पाणि स्पृहयति' આવો પ્રયોગ થાય છે. અર્થ-ફુલોને ઈચ્છે છે. અહીં સ્પૃહ્ ધાતુના વ્યાપ્ય ને આ સૂત્રથી જ્યારે સમ્પ્રદાન સંજ્ઞા થાય છે, ત્યારે ધાતુ અકર્મક થવાથી पुष्पेभ्यः स्पृहयते આવો ભાવમાં પ્રયોગ થાય છે.॥૨૬॥

क्रुद्-द्रुहेर्ष्याऽसूयार्थै र्यं प्रति कोपः २।२।२७॥

ક્રોધ દ્રોહ ઈર્ષ્યા અને અસૂયા છે અર્થ જેનો, એવા ધાતુના યોગમાં; કર્ત્તાનો જેની પ્રત્યે કોપ છે; તેને સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. અમર્ષ (અસહન)ને 'ક્રોધ' કહેવાય છે. અપકાર કરવાની ઈચ્છા (અપચિકીર્ષા) ને 'દ્રોહ' કહેવાય છે. પરસમ્પત્તિને વિશે ચિત્તના રોષને 'ઈર્ષ્યા' કહેવાય છે અને ગુણોને વિશે દોષાવિષ્કરણને 'અસૂયા'

કહેવાય છે. મૈત્રાય ક્રુધ્યતિ, મૈત્રાય દ્રુહ્યતિ, મૈત્રાયેર્ષ્યતિ અને મૈત્રાયાસૂયતિ અહીં આ સૂત્રથી મૈત્ર ને સમ્પ્રદાન સંજ્ઞા થવાથી તદ્વાચક મૈત્ર નામને 'ચતુર્થી ૨-૨-૫૩' થી ચતુર્થી વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ - મૈત્ર ઉપર ગુસ્સો કરે છે. મૈત્રનો દ્રોહ કરે છે. મૈત્રની ઈર્ષ્યા કરે છે. મૈત્રની નિંદા કરે છે. યં પ્રતીતિ કિમ્ ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્રોધ દ્રોહ ઈર્ષ્યા અને અસૂયા છે અર્થ જેનો, એવા ધાતુના યોગમાં; કર્તાનો જેની પ્રત્યે કોપ હોય તેને જ સંપ્રદાન સંજ્ઞા થાય છે. તેથી મનસા ક્રુધ્યતિ અહીં કોપના સાધન - કરણભૂત મન ને આ સૂત્રથી સંપ્રદાન સંજ્ઞા થતી નથી; કારણ કે કર્તાનો કોપ મન પ્રત્યે નથી. તેથી મન ને 'સાધકતમં કરણમ્ ૨-૨-૨૪' થી કરણ સંજ્ઞા થવાથી તદ્વાચક મન નામને 'હેતુ-કર્ત્તૃ-કરણે૦ ૨-૨-૪૪' થી તૃતીયા વિભક્તિ થઈ છે. અર્થ - મનથી ગુસ્સો કરે છે. કોપ ઇતિ કિમ્?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્રોધ દ્રોહ ઈર્ષ્યા અને અસૂયાર્થક ધાતુના યોગમાં; કર્તાને જેની પ્રત્યે કોપ જ હોય (ક્રોધ દ્રોહ ઈર્ષ્યા અને અસૂયા હોય તેને નહી) તેને સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. તેથી શિષ્યસ્ય કુપ્યતિ વિનયાર્થમ્ અહીં શિષ્ય પ્રત્યે ક્રોધ હોવા છતાં કોપ ન હોવાથી આ સૂત્રથી શિષ્ય ને સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી. જેથી શિષ્ય નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. અનિષ્ટ કરવાની ઈચ્છાથી જ્યારે ક્રોધાદિ કરાય છે ત્યારે તેને કોપ સામાન્ય કહેવાય છે. અહીં શિષ્ય પ્રત્યેનો ક્રોધ વિનય (હિત) માટે હોવાથી તે કોપ નથી..... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. અર્થ - વિનય માટે શિષ્ય ઉપર ક્રોધ કરે છે.॥ ૨૭॥

नोपसर्गात् क्रुद्-द्रुहा २।२।२८॥

ઉપસર્ગ પૂર્વક ક્રુધ્ અને દ્રુહ્ ધાતુના યોગમાં કર્તાને જેની પ્રત્યે કોપ હોય; તેને સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી. મૈત્રમભિક્રુધ્યતિ મૈત્રમભિદ્રુહ્યતિ અહીં અભિ + ક્રુધ્ અને અભિ + દ્રુહ્ ધાતુના યોગમાં મૈત્ર ને 'ક્રુદ્ -

દ્રુહે૦ ૨-૨-૨૭' થી પ્રાપ્ત સમ્પ્રદાન સંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થવાથી 'કર્તુર્વ્યા૦ ૨-૨-૩ ' થી કર્મ સંજ્ઞાદિ કાર્ય થયું છે. અર્થ ક્રમશઃ - મૈત્ર પ્રત્યે ક્રોધ કરે છે. મૈત્ર પ્રત્યે દ્રોહ કરે છે. ઉપસર્ગાદિતિ કિમ્ ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગ પૂર્વક જ ક્રુધ્ અને દ્રુહ્ ધાતુના યોગમાં; કર્તાને જેની પ્રત્યે કોપ હોય, તેને સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી. તેથી મૈત્રાય ક્રુધ્યતિ અને મૈત્રાય દ્રુહ્યતિ અહીં આ સૂત્રથી નિરુપસર્ગક ક્રુધ્ અને દ્રુહ્ ધાતુના યોગમાં મૈત્ર ને સમ્પ્રદાન સંજ્ઞાનો નિષેધ ન થવાથી 'ક્રુદ્ - દ્રુહે૦ ૨-૨-૨૭' થી સંપ્રદાન સંજ્ઞાદિ કાર્ય થાય છે. અર્થ- ક્રમશઃ – મૈત્ર ઉપર ક્રોધ કરે છે. મૈત્રનો દ્રોહ કરે છે. ॥૨૮॥

अपायेऽवधिरपादानम् २।२।२९॥

અપાય - વિશ્લેષ ને વિશે જે અવધિ છે; તેને 'અપાદાન' સંજ્ઞા થાય છે. સામાન્યતઃ સમ્બન્ધના વિચ્છેદ (નાશ) ને 'અપાય' કહેવાય છે. અને જ્યાંથી સમ્બન્ધનો નાશ થાય છે; તેને અપાય સમ્બન્ધી 'અવધિ' કહેવાય છે. સાવધિક ગમન સ્વરૂપ ગમન વિશેષને અપાય કહેવાય છે. અને તાદૃશ અપાય સ્વરૂપ ગમનથી જે અનધિષ્ઠિત અર્થાદ્ અસમ્બદ્ધ છે, તેને અવધિ કહેવાય છે. આવા અવધિ સ્વરૂપ કારકને આ સૂત્રથી 'અપાદાન' સંજ્ઞા થાય છે. આ અવધિ સ્વરૂપ અપાદાન; નિર્દિષ્ટવિષય, ઉપાત્તવિષય અને અપેક્ષિતક્રિય આ ત્રણ ભેદથી ત્રણ પ્રકારનું છે. જ્યાં ધાતુવડે અપાય સ્વરૂપ વિષય નિર્દિષ્ટ હોય છે ત્યાં; નિર્દિષ્ટ - વિષય સ્વરૂપ અપાદાન મનાય છે. દા. ત. ગ્રામાદાગચ્છતિ અહીં સ્પષ્ટપણે આ+ગમ્ ધાતુ દ્વારા કર્તાનો ગામથી અપાય નિર્દિષ્ટ હોવાથી ગ્રામ નિર્દિષ્ટવિષય અપાદાન છે. જ્યાં ધાતુ; ધાત્વન્તરાર્થ સ્વરૂપ અઙ્ગ બનેલા સ્વાર્થને (પોતાના - ધાતુના અર્થને) જણાવે છે, ત્યાં ઉપાત્ત- વિષય સ્વરૂપ અપાદાન મનાય છે. દા. ત. કુસૂલાત્ પચતિ અહીં પચ્ ધાત્વર્થ વિક્લૃત્યનુકૂલ વ્યાપાર છે. એનાથી કોઈ પણ જાતનો

અપાય પ્રતીત થતો નથી. પરન્તુ કુસૂલ માંથી આદાન (ગ્રહણ) કર્યા વિના પચ્ ધાત્વર્થ ક્રિયા થતી ન હોવાથી પચ્ ધાત્વર્થ ક્રિયા નું અઙ્ગ આદાન પણ છે, જે આ+દા ધાતુનો (ધાત્વન્તર - પચ્ ધાતુથી ભિન્ન ધાતુનો) અર્થાદ્ ધાત્વન્તરનો અર્થ છે. અહીં કુસૂલાત્ પચતિ આવા પ્રયોગ દ્વારા વક્તા કુસૂલાદાદાય પચતિ આ પ્રમાણેના તાત્પર્યને જણાવતો હોય છે. અર્થાત્ પચ્ ધાતુ નો પ્રયોગ; માત્ર વિક્લૃત્યનુકૂલ વ્યાપારના તાત્પર્યથી નથી. પરન્તુ તેના અંગભૂત આદાન ના તાત્પર્યથી પણ છે. તાદૃશ તાત્પર્યથી જ અહીં પચ્ ધાતુ દ્વારા અપાયનો બોધ થાય છે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે - અહીં પચ્ ધાતુ; આ + દા સ્વરૂપ ધાત્વન્તરાર્થ અંગ (આદાન) સ્વરૂપ સ્વાર્થને જણાવતો હોવાથી કુસૂલ ઉપાત્તવિષય સ્વરૂપ અપાદાન છે. જ્યાં ક્રિયાવાચક પદ સંભળાતું (પ્રયુક્ત) નથી, પરન્તુ અપાય સ્વરૂપ ક્રિયા પ્રતીત થાય છે, ત્યાં અપેક્ષિત - ક્રિય અપાદાન મનાય છે. દા. ત. सांकाश्यकेभ्यः पाटलिपुत्रका अभिरूपतराः। અહીં તાદૃશવાક્યનો પ્રયોક્તા, સાંકાશ્યકોની સાથે પાટલિપુત્રકોને સમાન ગુણવાલા જાણી; તે ગુણના પ્રકર્ષને આશ્રયીને સાંકાશ્યકો (સંકાશ નગરવાસી) થી બુદ્ધિ દ્વારા પાટલિપુત્રકો (તે નગરવાસી) નો વિભાગ કરી તાદૃશવાક્યનો પ્રયોગ કરે છે. આથી સ્પષ્ટ છે કે - આવા પ્રકારના બૌદ્ધિક અપાયને જણાવનારું કોઈ પણ ક્રિયાવાચક પદ અહીં ન હોવા છતાં તાદૃશ ક્રિયા પ્રતીત થાય છે. તેથી અહીં અપેક્ષિતક્રિય સ્વરૂપ અપાદાન છે .... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. અહીં તો માત્ર દિશા સૂચન કર્યું છે.

આ અપાય કાયસંસર્ગ પૂર્વક - અનૌપચારિક અર્થાદ્ વાસ્તવિક હોય છે. અને ક્વચિત્ બુદ્ધિસંસર્ગ પૂર્વક - ઔપચારિક અર્થાદ્ અવાસ્તવિક હોય છે. 'વૃક્ષાત્ પર્ણં પતતિ' અહીં વૃક્ષથી પર્ણનો અપાય-વિશ્લેષ વાસ્તવિક છે. તેથી તાદૃશ અપાયના અવધિભૂત વૃક્ષ ને આ સૂત્રથી અપાદાન સંજ્ઞા થવાથી તદ્વાચક વૃક્ષ નામને 'પઞ્ચમ્ય૦ ૨-૨-૬૯' થી પઞ્ચમી વિભક્તિ થાય છે. व्याघ्राद् बिभेति; अधर्माज्जुगुप्सते विरमति

वा; धर्मात् प्रमाद्यति; चौरेभ्यस्त्रायते; अध्ययनात् पराजयते; यवेभ्यो गां रक्षति; उपाध्यायादन्तर्धत्ते; शृङ्गाच्छरो जायते; हिमवतो गङ्गा प्रभवति; वलभ्याः श्री शत्रुञ्जयः षड् योजनानि; कार्त्तिक्या आग्रहायणी मासे; चैत्रान्मैत्रः पटुः; माथुराः पाटलिपुत्रकेभ्य आढ्यतराः અહીં સર્વત્ર સ્પષ્ટ પણે અપાય પ્રતીત ન હોવાથી સામાન્ય રીતે બૌદ્ધિક અપાય પ્રતીત થાય છે. અહીંના બૌદ્ધિક અપાયનું સ્પષ્ટ સ્વરૂપ અધ્યાપક પાસેથી અથવા બૃહદ્વૃત્તિના અધ્યયનથી જાણવું જોઈએ. ઉપર જણાવેલા ઉપાત્તવિષય અને અપેક્ષિતક્રિય સ્વરૂપ અપાદાનના જ્ઞાનથી સામાન્યથી આવશ્યક અપાયનું સ્વરૂપ સમજવામાં કોઈ કષ્ટ નથી. વક્તા; તે તે વ્યાઘ્રાદિ થી (વ્યાઘ્રાદિ સાથેના) તત્ તત્ કર્તાના સમ્બન્ધની બુદ્ધિથી કલ્પના કરી તેના વિશ્લેષનું તે તે પ્રયોગ દ્વારા નિરૂપણ કરે છે. તેથી કાલ્પનિક તાદૃશ અપાયના અવધિ – ક્રમશઃ व्याघ्र अधर्म धर्म चौर अध्ययन यव उपाध्याय शृङ्ग हिमवत् वलभी कार्त्तिकी चैत्र અને पाटलिपुत्रक ને આ સૂત્રથી અપાદાન સંજ્ઞા થવાથી તદ્વાચક વ્યાઘ્ર અધર્મ ધર્મ ..... વગેરે નામને ઉપર જણાવ્યા મુજબ પઞ્ચમી વિભક્તિ થાય છે. અર્થ ક્રમશઃ – વૃક્ષથી પાંદડું પડે છે. વાઘથી ડરે છે. અધર્મને ખરાબ માની તેનાથી દૂર થાય છે; અથવા વિરામ પામે (અટકે) છે. ધર્મમાં પ્રમાદ કરે છે. ચોરોથી બચાવે છે. ભણવાથી પરાજય પામે છે. જવ પાસે જતી ગાયોને અટકાવે છે. ભણાવનારથી છૂપાય છે. શૃઙ્ગથી બાણ થાય છે. હિમાલયમાંથી ગઙ્ગા નીકળે છે. વલભી (નગરી) થી શ્રીશત્રુંજય છ યોજન છે. કાર્ત્તિક પુનમથી માગસર પુનમ એક મહિને આવે છે. ચૈત્રથી મૈત્ર પટુ-હોંશિયાર છે. મથુરાવાસીઓ પટનાનિવાસીઓથી અધિક શ્રીમન્ત છે. ॥૨૯॥

क्रियाऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् २।२।३०॥

ધાત્વર્થ ફલાત્મક અથવા વ્યાપારાત્મક ક્રિયાના આશ્રય - કર્તા

અથવા કર્મના આધાર ને અધિકરણ સંજ્ઞા થાય છે. અહીં પણ સૂ. નં. ૨-૨-૩ માં જણાવ્યા મુજબ તાદૃશ કર્તા - અથવા કર્મના અધિકરણ ને આધાર સંજ્ઞા થાય છે – આ પ્રમાણે બીજી રીતે પણ સૂત્રાર્થ વિવક્ષિત છે. 'સપ્તમ્યધિકરણે ૨-૨-૯૫' ---- ઈત્યાદિ સ્થળે અધિકરણ સંજ્ઞાનું પ્રયોજન છે. અને 'અદ્યર્થાચ્ચાધારે ૫-૧-૧૨' ઈત્યાદિ સ્થળે આધાર-સંજ્ઞાનું પ્રયોજન છે. કટે આસ્તે અહીં આસ્ ધાતુના કર્ત્તાના આધારભૂત કટ ને તેમ જ સ્થાલ્યાં તણ્ડુલાન્ પચતિ અહીં પચ્ ધાતુના કર્મ - તણ્ડુલ ના આધારભૂત સ્થાલી ને આ સૂત્રથી અધિકરણ સંજ્ઞા થવાથી 'સપ્તમ્યધિકરણે ૨-૨-૯૫' થી કટ અને સ્થાલી નામને સપ્તમી વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ – ચટઈ ઉપર બેસે છે. થાળીમાં ચોખા રાંધે છે. આ અધિકરણ કારક વૈષયિક ઔપશ્લેષિક અભિવ્યાપક સામીપ્યક નૈમિત્તિક અને ઔપચારિક આ છ ભેદથી છ પ્રકારનું છે.

અનન્યત્રભાવ ને વિષય કહેવાય છે; અને તેના માટેના તે સ્થાનને વૈષયિક અધિકરણ કહેવાય છે. દા. ત. દિવિ દેવાઃ અહીં મુખ્ય પણે દેવલોકને છોડીને અન્યત્ર દેવતાઓનો ભાવ - (પ્રવૃત્તિ) હોતો નથી; તેથી ચક્ષુ આદિના રૂપાદિ સ્વરૂપ વિષયની જેમ દેવો વિષય છે; અને તેઓના માટેના સ્થાન સ્વરૂપ દેવલોકને વૈષયિક અધિકરણ કહેવાય છે. વસ્તુના એકદેશમાત્ર ની સાથેના સંયોગને ઉપશ્લેષ કહેવાય છે. ઉપશ્લેષના આશ્રય સ્વરૂપ અધિકરણને ઔપશ્લેષિક અધિકરણ કહેવાય છે. દા. ત. કટે આસ્તે; પર્યઙ્કે શેતે---ઈત્યાદિ સ્થળે કર્ત્તાનો કટ, પર્યઙ્કાદિ ની સાથે તાદૃશ ઉપશ્લેષ સ્વરૂપ સંયોગ હોવાથી કટાદિ ઔપશ્લેષિક અધિકરણ છે. જેનો આધેયની સાથે સમસ્તાવયવો દ્વારા સંયોગ હોય છે, તે અધિકરણ ને અભિવ્યાપક અધિકરણ કહેવાય છે. દા. ત. તિલેષુ તૈલમ્, ઘટે ઘટત્વમ્ --- ઈત્યાદિ સ્થળે તેલ અને ઘટત્વાદિ સ્વરૂપ આધેયનો તિલ અને ઘટાદિ ના સર્વાવયવાવચ્છેદેન સંયોગ - સમ્બંધ હોવાથી તિલ અને ઘટાદિ ને અભિવ્યાપક અધિકરણ મનાય છે. જે આધેયના સન્નિધિ - સ્થિતિ માત્રથી ક્રિયાની પ્રત્યે

કારણ મનાય છે તે અધિકરણને સામીપ્યક અધિકરણ કહેવાય છે. દા. ત. गङ्गायां घोषः ઈત્યાદિ સ્થળે ગંગાનદીના કિનારે ઘોષ (ઝુંપડું) હોવા છતાં ઘોષની નજીક ગંગા પદવાચ્ય ગङ्गाપ્રવાહ હોવાથી એટલા માત્રથી તેને (ગङ्गાપ્રવાહ ને) અધિકરણાત્મક કારક (ક્રિયાહેતુ) રૂપે મનાય છે. તેથી તેને સામીપ્યક અધિકરણ કહેવાય છે. નિમિત્ત સ્વરૂપ અધિકરણને જ निमित्तमेव नैमित्तिकम् આ વ્યુત્પત્તિને આશ્રયીને નૈમિત્તિક અધિકરણ કહેવાય છે. દા. ત. युद्धे सन्नह्यते, छायायामाश्वसिति -- ઈત્યાદિ સ્થળે; કર્ત્તાની તે તે ક્રિયાનું નિમિત્ત યુદ્ધ અને છાયા વગેરે હોવાથી તેને (યુદ્ધાદિ અધિકરણને) નૈમિત્તિક અધિકરણ કહેવાય છે. અન્યત્ર અવસ્થિતનો અન્યત્ર અવસ્થિત તરીકે જે આરોપ (અધ્યારોપ) છે તેને ઉપચાર કહેવાય છે. અને ઉપચાર થી પ્રતીત અધિકરણને ઔપચારિક અધિકરણ કહેવાય છે. દા. ત. अङ्गुल्यग्रे करिशतमास्ते; यो यस्य प्रियः स तस्य हृदये वसति ----ઈત્યાદિ સ્થળે તે તે કર્ત્તા અન્યત્ર (અङ्गुલ્યગ્ર અને હૃદયાદિ થી અન્યત્ર) વનાદિમાં વૃત્તિ છે. તેનો અન્યત્ર - અङ्गુલ્યગ્ર અને હૃદયાદિ માં અધ્યારોપ હોવાથી અહીં અङ्गુલ્યગ્રાદિ ને ઔપચારિક અધિકરણ કહેવાય છે - - - - ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૩૦॥

नाम्नः प्रथमैक-द्वि-बहौ २।२।३१॥

એકત્વવિશિષ્ટ દ્વિત્વવિશિષ્ટ અને બહુત્વવિશિષ્ટાર્થ માત્રના વાચક નામને અનુક્રમે સિ (स्); औ અને जस् (अस्) સ્વરૂપ પ્રથમા વિભક્તિ થાય છે. કર્માદિ કારક શક્તિને વિશે (કર્માદિકારક શક્તિને જણાવવાં) વક્ષ્યમાણ તે તે સૂત્રોથી દ્વિતીયાદિ વિભક્તિનું વિધાન કરાશે, તેથી તાદૃશ શક્તિરૂપ અર્થને છોડીને નામના પરિશિષ્ટ અર્થમાત્રમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામને પ્રથમા વિભક્તિ થાય છે.

સ્વાર્થ દ્રવ્ય લિઙ્ગ સંઙ્ખ્યા અને અભિહિતકર્ત્તૃત્વાદિકારકશક્તિ - આ

પાંચ નામના અર્થને અર્થમાત્ર (પરિશિષ્ટાર્થ) કહેવાય છે. નામના અર્થમાં જે પ્રવૃત્તિનિમિત્ત છે, ત્વ-તલ્ વગેરે પ્રત્યયથી અભિધેય બને છે; તેને સ્વાર્થ કહેવાય છે. જેને ભાવ ગુણ અથવા વિશેષણ પણ કહેવાય છે. આ સ્વાર્થ - સ્વરૂપ; જાતિ; ગુણ; ક્રિયા અને દ્રવ્ય વગેરે સ્વરૂપ હોવાથી અનેકવિધ છે. ડિત્થઃ (તેનામની વ્યક્તિ); ગૌઃ; . શુક્લઃ; પાચકઃ અને દણ્ડી; અહીં અનુક્રમે ડિત્થાદિ નામોનો જે અર્થ છે તેમાં સ્વાર્થ (ડિત્થાદિ પદની પ્રવૃત્તિનું નિમિત્ત) સ્વરૂપ (તદ્વ્યક્તિત્વ); ગોત્વજાતિ; શુક્લરૂપાત્મક ગુણ; રાંધવાની ક્રિયા અને દણ્ડાત્મક દ્રવ્ય છે - એ સમજી શકાય છે. આ સ્વાર્થ જેનું વિશેષણ હોય છે, જે ઇદમ્ તદ્ વગેરે સર્વનામોના પ્રયોગ માટે યોગ્ય હોય છે, તે વિશેષ્યભૂત નામાર્થને દ્રવ્ય કહેવાય છે. તે સ્વાર્થથી વ્યવચ્છેદ્ય (વ્યાવર્ત્ય) હોય છે. તેમાં જ પ્રત્યયથી જણાવેલા લિઙ્ગ, સંખ્યા અને કારકશક્તિનો અન્વય થાય છે. પ્રકૃત સ્થળે ઉપર જણાવેલા પ્રયોગોમાં ડિત્થ નામની વ્યક્તિ; ગોત્વ જાતિમાન્ બળદ વગેરે; શુક્લપટાદિ; રસોઈ કરનાર અને દણ્ડધારી સંન્યાસી વગેરે દ્રવ્ય છે - એ સ્પષ્ટ છે. પુલ્લિંગ સ્ત્રીલિંગ અને નપુંસક લિંગ આ ત્રણ લિઙ્ગ પ્રસિદ્ધ છે. જેને આશ્રયીને એકવચન દ્વિવચન અને બહુવચન નો પ્રયોગ થાય છે, તે એકત્વ દ્વિત્વ અને બહુત્વ વગેરે સંખ્યા પ્રસિદ્ધ છે. નામના જે અર્થનું તિવાદિ પ્રત્યયો દ્વારા અભિધાન (કથન) ન થવાથી, તે તે કર્મત્વાદિ અર્થનાં અભિધાન માટે નામને દ્વિતીયાદિ વિભક્તિ થાય છે; તે તે કર્મત્વાદિ કારકત્વરૂપ અર્થને શક્તિ કહેવાય છે. એ શક્તિ સ્વરૂપ અર્થનું અભિધાન; જ્યારે તિવાદિ પ્રત્યયો દ્વારા થાય છે, ત્યારે તેને અભિહિતકર્ત્તૃત્વાદિકારકશક્તિ કહેવાય છે, જે પરિશિષ્ટાર્થમાંનો એક નામાર્થ છે - - - - ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ.

ડિત્થઃ; ગૌઃ; શુક્લઃ; કારકઃ અને દણ્ડી અહીં વ્યક્તિવાચક ડિત્થ નામને; જાતિવાચક ગૌ નામને; ગુણવાચક શુક્લ નામને; ક્રિયાવાચક કારક નામને અને દ્રવ્યવાચક દણ્ડી નામને; ઉપર જણાવેલા નામના

પરિશિષ્ટ અર્થમાં આ સૂત્રથી પ્રથમા વિભક્તિ થાય છે.ડિત્થાદિ નામોના પરિશિષ્ટ અર્થમાત્રનું સ્વરૂપ ઉપર્યુક્ત રીતે સુગમ હોવાથી સ્વયં સમજી લેવું. અર્થ ક્રમશઃ - ડિત્થનામની વ્યક્તિ. ગાય. સફેદ પટાદિ. કરનારો. દણ્ડવાલો - સંન્યાસી.

અહીં અધ્યેતાની જિજ્ઞાસા મુજબ અધ્યાપકે સમજાવવું જોઈએ કે - સ્વાર્થાદિ જેવી રીતે ઉપર જણાવ્યા મુજબ અર્થમાત્ર - પરિશિષ્ટાર્થ છે; તેમ ઉપચરિત - અધ્યારોપિત અર્થાદ્ અતદ્ માં તદ્ ના આરોપનો વિષય પણ ક્વચિત્ પરિશિષ્ટાર્થ હોય છે. આ અર્થમાં ઉપચરિતત્વ સાહચર્ય; સ્થાન; તાદર્થ્ય; આચરણ; માન-પ્રમાણ; સામીપ્ય અને સાધન વગેરેના કારણે હોય છે. અર્થાત્ સાહચર્યાદિના કારણે અતદ્ માં તદ્ નો આરોપ થતો હોય છે. દા. ત. કુન્તાઃ પ્રવિશન્તિ (ભાલાપ્રવેશે છે (ભાલાવાળા પ્રવેશે છે.))મઞ્ચાઃ ક્રોશન્તિ (માંચડાંઓ (માંચડાં ઉપર બેસેલા) આક્રોશ કરે છે.)ઇન્દ્રઃ સ્થૂણા (ઈન્દ્ર (ઈન્દ્ર માટે) સ્થૂણ (કાષ્ઠવિશેષ) છે.) યમોઽયં રાજા (આ રાજા યમ (યમ જેવા આચરણવાલો) છે.) પ્રસ્થો વ્રીહિઃ (એક પ્રસ્થ (એક પ્રસ્થ પ્રમાણ) ડાંગર છે.) ગઙ્ગાતટં ગઙ્ગા (ગઙ્ગાતટ (ગઙ્ગાતટની સમીપે) ગઙ્ગા છે.) અન્નં પ્રાણાઃ (પ્રાણો (પ્રાણોનું સાધન) અન્ન છે.) અહીં દૃષ્ટાન્તોના અર્થનો વિચાર કરવાથી સ્પષ્ટ રીતે પ્રતીત થતા સાહચર્યાદિ કૃત ઉપચરિત અર્થમાં કુન્ત મઞ્ચ ઇન્દ્ર વગેરે નામને પણ આ જ સૂત્રથી પ્રથમા થાય છે. . . . . ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

તાત્પર્ય એટલું જ છે કે - ત્યાદ્યન્ત (આખ્યાત) પદસામાનાધિકરણ્યે પ્રથમા અર્થાદ્ ત્યાદ્યન્તપદના વાચ્ય અર્થને જણાવનારા નામને પ્રથમા વિભક્તિ થાય છે. એકાર્થ - (સમાનાર્થ) વાચકત્વ સ્વરૂપ સામાનાધિકરણ્ય પદોમાં મનાય છે. ચૈત્રો ગચ્છતિ ઈત્યાદિ સ્થળે ગચ્છતિ આ ત્યાદ્યન્ત પદ વર્ત્તમાનકાલીન ગમનાનુકૂલ વ્યાપારના આશ્રય; એકત્વવિશિષ્ટ ચૈત્ર નું વાચક છે; અને ચૈત્ર પદ પણ તાદૃશ એકત્વવિશિષ્ટ ચૈત્ર નું વાચક છે. તેથી એક-સમાનાર્થવાચકત્વરૂપ ત્યાદ્યન્ત પદનું સામાનાધિકરણ્ય

चैत्र पदमां होवाथी तादृश सामानाधिकरण्यने जणावववां चैत्र नामने आ सूत्रथी प्रथमा विभक्ति थाय छे. आवी ज रीते तण्डुलाः पच्यन्ते चैत्रेण ईत्यादि स्थळे पण त्याद्यन्तपदसामानाधिकरण्य मां तण्डुलादि नामने पण प्रथमा विभक्ति थाय छे. आथी समजी शकाशे के ज्यां त्याद्यन्तपद श्रूयमाण नथी एवा डित्थः, गौः, - - - - - ईत्यादि प्रयोगो स्थळे अस्ति भवति - - - - - ईत्यादि त्याद्यन्तपद नो अध्याहार करी तत्सामानाधिकरण्यमां आ सूत्रथी प्रथमा विभक्ति थई छे.

अहीं उपर जणाव्या मुजब पचति चैत्रः अने पच्यन्ते तण्डुलाः ईत्यादि स्थळे जेवी रीते अभिहित-कर्त्तृत्व अने अभिहित-कर्मत्व रूप शक्ति छे; आवी ज रीते स्नानीयं (स्ना + अनीय) चूर्णम् अहीं अनीय प्रत्ययथी स्ना धातुना करणत्व अने सम्प्रदानत्व नुं अभिधान थयेलुं छे. भयानको व्याघ्रः अहीं भी धातुना अपादानत्व नुं अभिधान उणादि सू. नं. ७१ थी विहित आनक प्रत्ययथी थयेलुं छे. तेम ज स्थानीयं नगरम् अहीं स्था धातुना अधिकरणत्व नुं अभिधान अनीय प्रत्ययथी थयेलुं छे. आ रीते अन्यत्र पण यथासंभव अभिहितकर्त्तृत्वादिकारकशक्ति नुं स्वरूप स्वयं समजी लेवुं. ॥३१॥

आमन्त्र्ये २।२।३२॥

एकत्व द्वित्व अने बहुत्व विशिष्ट - आमन्त्र्य वाचक नामने अनुक्रमे सि, औ अने जस् स्वरूप प्रथमा विभक्ति थाय छे. हे देव! अहीं आमन्त्र्य वाचक देव नामने आ सूत्रथी 'सि' (स्) प्रत्यय. 'अदेतः० १-४-४४' थी सि नो लोप थवाथी हे देव! आवो प्रयोग थाय छे.अर्थ - हे देव!. आमन्त्र्य इति किम् ? = अहीं प्रश्न कर्तानो आशय एे छे के आ सूत्र ज न जोईए कारण के आमन्त्र्य (जेने बोलावाय ते) रूप अर्थ पण परिशिष्टार्थ होवाथी तद्वाचक नामने प्रथमा विभक्ति 'नाम्नः प्रथमै० २-२-३१' थी थई जशे. एना समाधानमां राजा भव

આ પ્રમાણે જણાવતા સૂત્રકાર પરમર્ષિનો આશય એ છે કે - આ સૂત્રનું પ્રણયન ન કરીએ તો સર્વત્ર આજ્ઞાર્થમાં આમંત્રણપૂર્વક જ આજ્ઞાનું વિધાન હોવાથી રાજા ભવ ઈત્યાદિ સ્થળે હે દેવદત્ત! ત્વં રાજા ભવ ----- ઈત્યાદિ પ્રયોગોમાં તાત્પર્ય હોય છે. ત્યાં આમન્ત્ર્ય વાચક દેવદત્ત નામને; પરિશિષ્ટાર્થથી અતિરિક્ત આમન્ત્ર્ય - આમન્ત્રણભાવ સ્વરૂપ સમ્બન્ધાત્મક અર્થ પ્રતીત થતો હોવાથી તેને જણાવવાં 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થશે, જેથી 'હે દેવદત્તસ્ય! ત્વં રાજા ભવ' આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. આ સૂત્રના નિર્માણથી એ પ્રસંગ આવતો નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી આમન્ત્ર્ય વાચક દેવદત્ત નામને પ્રથમા વિભક્તિ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે 'પ્રસિદ્ધ (સામાન્યતઃ જ્ઞાત) વ્યક્તિને ; કાંઈક કહેવા માટે અભિમુખ કરવું' - તેને આમંત્રણ કહેવાય છે. તેથી ઉદ્દેશ્ય જ આમન્ત્ર્ય હોય છે. હે દેવદત્ત! ત્વં રાજા ભવ અહીં રાજા વિધેય હોવાથી તે આમન્ત્ર્ય નથી. તદ્વાચક રાજન્ નામને પૂર્વ સૂત્રથી (૨-૨-૩૧ થી) જ પ્રથમા વિભક્તિ થાય છે. . . . . ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.॥૩૨॥

गौणात् समया - निकषा - हा - धिगन्तराऽन्तरेणाऽति -येन - तेनै द्वितीया २।२।३३॥

समया, निकषा, हा, धिक्, अन्तरा, अन्तरेण, अति, येन અને तेन - આ અવ્યયોથી યુક્ત એકત્વ દ્વિત્વ અને બહુત્વ વિશિષ્ટાર્થક ગૌણ નામને અનુક્રમે अम्, औ અને शस् સ્વરૂપ દ્વિતીયા વિભક્તિ થાય છે. समया ग्रामम्; निकषा गिरिं नदी; हा? मैत्रं व्याधिः; धिग् जाल्मम्; अन्तरा निषधं निलं च विदेहाः; अन्तरेण निषधं निलं च विदेहाः; अन्तरेण धर्मं सुखं न स्यात्; अतिवृद्धं कुरून् महद्बलम्; येन पश्चिमां गतः અને तेन पश्चिमां नीतः; અહીં समया અવ્યયથી યુક્ત ગ્રામ નામને

(ગૌણનામને); નિકંષા અવ્યયથી યુક્ત ગિરિ નામને; હા અવ્યયથી યુક્ત મૈત્ર નામને; ધિગ્ અવ્યયથી યુક્ત જાલ્મ નામને; અન્તરા અને અન્તરેણ (મધ્યાર્થક) અવ્યયથી યુક્ત નિષધ અને નિલ નામને; અન્તરેણ (વિનાર્થક) અવ્યયથી યુક્ત ધર્મ નામને; અતિ અવ્યયથી યુક્ત કુરુ નામને; યેન અવ્યયથી યુક્ત પશ્ચિમા નામને તેમજ તેન અવ્યયથી યુક્ત પશ્ચિમા નામને; આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થક્રમશઃ– ગામની પાસે. પર્વત પાસે નદી છે.મૈત્રનો રોગ કષ્ટકર છે. લુચ્ચાને ધિક્કાર હો.નિષધ અને નિલ પર્વતની વચમાં વિદેહા છે. નિષધ અને નિલ પર્વતની વચમાં વિદેહા છે. ધર્મ વિના સુખ ન થાય. પાણ્ડવોની સેના; કૌરવની સેનાથી અધિક બલવતી છે. પશ્ચિમ તરફ ગયો. પશ્ચિમ તરફ લઈ ગયો.

સૂ. નં. ૨-૨-૩૧ માં જણાવ્યા મુજબ આખ્યાતપદેન સમાનાધિકરણત્વં મુખ્યત્વમ્ – આ પરિભાષાના તાત્પર્ય મુજબ આખ્યાતપદેના-સમાનાધિકરણત્વં ગૌણત્વમ્ .... આ પરિભાષાનું તાત્પર્ય પણ સમજી શકાશે. ચૈત્ર ઓદનં પચતિ અને ચૈત્રેણૌદનઃ પચ્યતે અહીં ક્રમશઃ પચતિ અને પચ્યતે આ આખ્યાત પદનું સામાનાધિકરણ્ય અનુક્રમે ચૈત્ર અને ઓદન - આ (કર્ત્તૃવાચક અને કર્મવાચક) પદમાં હોવાથી એ પદોને 'નામ્નઃ૦ ૨-૨-૩૧' થી પ્રથમા વિભક્તિ થઈ છે. તેમજ તાદૃશ આખ્યાતપદનું અસમાનાધિકરણત્વ અનુક્રમે ઓદન અને ચૈત્ર - આ પદમાં હોવાથી તે ગૌણ નામને અનુક્રમે 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા અને હેતુ – કર્ત્તૃ૦ ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઈ છે. સમયા ગ્રામમ્ – ઈત્યાદિ સ્થળે નામના પરિશિષ્ટાર્થથી અધિક સમ્બન્ધાદિ (સામીપ્યાદિ) અર્થની પ્રતીતિ થતી હોવાથી તદર્થમાં ગ્રામાદિ નામોને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી બાધ થવાથી દ્વિતીયા વિભક્તિ થઈ છે..... ઈત્યાદિ સ્પષ્ટ છે.॥૩૩॥

द्वित्वेऽधोऽध्युपरिभिः २।२।३४॥

અધસ્ અધિ અને ઉપરિ નામથી યુક્ત ગૌણ નામને; અધસ્ અધિ અને ઉપરિ નામને દ્વિત્વ થયું હોય ત્યારે (અર્થાદ્ દ્વિરુક્ત અધસ્ અધિ અને ઉપરિ નામથી યુક્ત ગૌણ નામને) દ્વિતીયા વિભક્તિ થાય છે. અધોઽધો ગ્રામમ્ અધ્યધિગ્રામમ્ અને ઉપર્યુપરિ ગ્રામં ગ્રામાઃ; અહીં દ્વિરુક્ત અધસ્ અધિ અને ઉપરિ અવ્યયથી યુક્ત ગૌણ નામ ગ્રામ ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અહીં ગ્રામ નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી વિહિત દ્વિતીયા વિભક્તિ અપવાદ છે. દ્વિરુક્ત અધસ્ અધિ અને ઉપરિ નામથી યુક્ત યથાસંખ્ય (અનુક્રમે) એકત્વ દ્વિત્વ અને બહુત્વસંખ્યાવિશિષ્ટાર્થક ગૌણ નામને અનુક્રમે અમ્ ઔ અને શસ્ સ્વરૂપ દ્વિતીયા વિભક્તિ થાય છે. – આવો અધસ્ વગેરેનો યથાસઙ્ખ્ય અન્વય ન થઈ જાય; એ માટે સૂત્રમાં દ્વિત્વેઽધોઽધ્યુપરિભિઃ આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ છે. આવી જ રીતે ઉત્તર સૂત્રોમાં પણ યથાસંભવ બહુવચનના નિર્દેશનું પ્રયોજન સમજી લેવું. અર્થક્રમશઃ- ગામની પાસે ગામો. ગામની પાસે ગામો. ગામની પાસે ગામો. દ્વિત્વ ઇતિ કિમ્ ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિરુક્ત જ અધસ્ અધિ અને ઉપરિ નામથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી અધો ગૃહસ્ય અહીં દ્વિરુક્ત અધસ્ નામથી યુક્ત ન હોવાથી ગૌણ નામ ગૃહ ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થતી નથી. જેથી 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ- ઘરની નીચે. અધો ગૃહસ્ય અહીં અધસ્ નામ સામીપ્યાર્થક ન હોવાથી અધોઽધો ગ્રામમ્... ઈત્યાદિ સ્થળની જેમ 'સામીપ્યે૦ ૭-૪-૭૯' થી અધસ્ નામને દ્વિત્વ થતું નથી.॥૩૪॥

सर्वोभयाऽभि - परिणा तसा २।२।३५॥

तस् प्रत्यय જેના અન્તમાં છે તે सर्व, उभय, अभि અને परि નામથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. આ સૂત્રથી વિહિત દ્વિતીયા; ષષ્ઠી નો અપવાદ છે. सर्वतो ग्रामं वनानि; उभयतो ग्रामं वनानि; अभितो ग्रामं वनानि અને परितो ग्रामं वनानि અહીં तस् પ્રત્યયાન્ત सर्वतस् उभयतस् अभितस् અને परितस् નામથી યુક્ત ગૌણ નામ ग्राम ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ – ગામની બધી બાજુએ વનો છે. ગામની બે બાજુએ વનો છે. ગામની બે બાજુએ વનો છે. ગામની બધી બાજુએ વનો છે. અહીં 'आद्यादिभ्यः ७-२-८४' થી सर्व અને उभय નામને तस् પ્રત્યય થયો છે. અને अभि તથા परि નામને 'पर्यभेः सर्वोभये ७-२-८३' થી तस् પ્રત્યય થયો છે.॥૩૫॥

लक्षण-वीप्स्येत्थम्भूतेष्वभिना २।२।३६॥

अभि નામથી યુક્ત લક્ષણ વીપ્સ્ય અને इत्थम्भूत વાચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. જેના વડે જણાય છે તે જ્ઞાનના સાધનને; લક્ષણ-ચિહ્ન કહેવાય છે. ક્રિયા, જાતિ અને દ્રવ્યાદિ દ્વારા સમુદાયના સર્વાવયવોની સાથે સમ્બન્ધ કરવાની ઈચ્છાને વીપ્સા (व्याप्तुमिच्छा) કહેવાય છે; અને તે વીપ્સા ના કર્મને વીપ્સ્ય (व्याप्तुमिष्टः) કહેવાય છે. કોઈ એક વિવક્ષિત ધર્મ વડે થવું-તેને इत्थंभाव કહેવાય છે, અને તેના વિષયને इत्थंभूत કહેવાય છે. અર્થાદ્ કર્તા, જે વ્યક્તિને વિશે ધર્મ વિશેષને પામે છે, તે વ્યક્તિને इत्थंभूत કહેવાય છે. वृक्षमभि विद्युत् અહીં વિજળીના જ્ઞાનનું સાધન વૃક્ષ છે. તેથી લક્ષણ વાચક વૃક્ષ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. वृक्षं वृक्षमभि सेक्ः અહીં કર્ત્તા, સિઞ્ચન ક્રિયા દ્વારા દરેક વૃક્ષની સાથે સમ્બન્ધ કરવાને ઈચ્છે છે; તેથી

વીપ્સ્ય વાચક વૃક્ષ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. સાધુર્મૈત્રોમાતરમંભિ અહીં કર્ત્તા મૈત્ર માતાને વિશે સાધુત્વ ધર્મને પ્રાપ્ત કરે છે; તેથી તાદૃશ ઇત્થંભાવ ના વિષયભૂત ઇત્થમ્ભૂત વાચક માતૃ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ- વૃક્ષતરફ વિજળી છે. દરેક વૃક્ષનું સિંચન. માતાની પ્રત્યે સુંદર ભાવવાલો મૈત્ર છે. લક્ષણાદિષ્વિતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અભિ થી યુક્ત લક્ષણ વીપ્સ્ય અને ઇત્થમ્ભૂત વાચક જ ગૌણ નામ ને દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી 'યદત્ર મમાભિ સ્યાત્ તદ્ દીયતામ્' અહીં અભિ નામથી યુક્ત ગૌણનામ અસ્મદ્ ને; તે નામ લક્ષણ વીપ્સ્ય અને ઇત્થમ્ભૂત વાચક ન હોવાથી આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ સ્વામી (ભાગી) વાચક અસ્મદ્ નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. અર્થ - મારો જે ભાગ હોય તે મને આપો. ॥૩૬॥

भागिनि च प्रतिपर्यनुभिः २।२।३७॥

સ્વીકાર્ય (સ્વીકાર કરવાના) અંશ ને ભાગ કહેવાય છે. તેના સ્વામીને ભાગી કહેવાય છે. પ્રતિ પરિ અને અનુ થી યુક્ત ભાગી લક્ષણ વીપ્સ્ય અને ઇત્થમ્ભૂત વાચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. યદત્ર માં પ્રતિ, માં પરિ, મામનુસ્યાત્ તદ્ દીયતામ્ । અહીં પ્રતિ પરિ અને અનુ નામથી યુક્ત ભાગી વાચક અસ્મદ્ નામને (ગૌણ નામને) આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. આવી જ રીતે વૃક્ષં પ્રતિ પરિ અનુ વા વિદ્યુત્। વૃક્ષં પ્રતિ પરિ અનુ વા સેકઃ। સાધુ મૈત્રો માતરં પ્રતિ પરિ અનુ વા। અહીં પ્રતિ પરિ અને અનુ નામથી યુક્ત લક્ષણ વાચક ગૌણ નામ વૃક્ષ ને; વીપ્સ્ય વાચક ગૌણ નામ વૃક્ષ ને; અને ઇત્થમ્ભૂત વાચક ગૌણ નામ સાધુ ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ – અહીં મારો જે ભાગ છે તે મને આપો. વૃક્ષ તરફ વિજળી છે. વૃક્ષ-વૃક્ષનું સિઞ્ચન. માતાને વિશે મૈત્રને સારો ભાવ છે. એતેષ્વિતિ કિમ્ ?

= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભાગી લક્ષણ વીપ્સ્ય અને ઇત્થમ્ભૂત વાચક જ; પ્રતિ પરિ અને અનુ નામથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી અનુ વનસ્યાશનિર્ગતા અહીં ભાગી, લક્ષણ, વીપ્સ્ય કે ઇત્થમ્ભૂત વાચક ગૌણ નામ વન ન હોવાથી આ સૂત્રથી વન નામને દ્વિતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ સામીપ્યાત્મક સમ્બધને જણાવનારી ષષ્ઠી વિભક્તિ 'શેષે ૨-૨-૮૧' થી થાય છે..... અર્થ – વનની સમીપે વજ્રપાત થયો. ॥૩૭॥

हेतु - सहार्थेऽनुना २।२।३८॥

હેત્વર્થક અને સહાર્થક એવા; અનુ થી યુક્ત ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. સામાન્યતઃ જ્ઞાપક અને જનક ભેદથી હેતુ બે પ્રકારનો છે. તેમાંથી અહીં જનક સ્વરૂપ હેતુનું ગ્રહણ કર્યું છે. તુલ્યયોગ અને વિદ્યમાનતા આ બે અર્થને સહાર્થ કહેવાય છે. એ સહાર્થ જેમાં પ્રતીત થાય છે - તે સહાર્થના વિષયને પણ ઉપચારથી સહાર્થ કહેવાય છે. આશય એ છે કે સહ સાદ્ધર્મ્ અને સાકમ્... ઈત્યાદિ નામો સહાર્થક છે. અવ્યય સ્વરૂપ એ નામોને આ સૂત્રથી દ્વિતીયા ના વિધાનનું કોઈ પ્રયોજન ન હોવાથી અહીં સહાર્થ પદથી સહાર્થ વિષય નું ગ્રહણ કર્યું છે - તે; વૃત્તિમાં 'तद्विषयोऽप्युपचारात्' આ ગ્રન્થથી સ્પષ્ટ જણાવ્યું છે. 'जिनजन्मोत्सवमन्वागच्छन् सुराः' અહીં અનુ અવ્યયથી યુક્ત હેત્વર્થક જિનજન્મોત્સવ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. તેમજ गिरिमन्ववसिता सेना અહીં અનુ થી યુક્ત તુલ્યયોગ સ્વરૂપ સહાર્થ ના વિષયભૂત ગિરિવાચક गिरि નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ - શ્રી જિનેશ્વરદેવના જન્મોત્સવનાં કારણે દેવો આવ્યા. પર્વતની સાથે સેના રહેલી છે. આ સૂત્રથી વિહિત દ્વિતીયા; તૃતીયાનો અપવાદ છે. (અનુ कर्माणि संसारी અહીં વિદ્યમાનતા સ્વરૂપ સહાર્થ ના વિષયભૂત कर्म નામ અનુ થી યુક્ત હોવાથી कर्म નામને આ

સૂત્રથી દ્વિતીયા થઈ છે. અર્થ - કર્મની વિદ્યમાનતાથી જીવ સંસારી છે.)॥૩૮॥

उत्कृष्टेऽनूपेन २।२।३९॥

અનુ અને ઉપ નામથી યુક્ત ઉત્કૃષ્ટાર્થક ગૌણ નામને, ઉત્કૃષ્ટ-હીનભાવમાં દ્વિતીયા વિભક્તિ થાય છે. અનુ સિદ્ધસેનં કવયઃ। ઉપોમાસ્વાતિં સઙ્ગ્રહીતારઃ। અહીં અનુ અને ઉપ અવ્યયથી યુક્ત ઉત્કૃષ્ટાર્થક સિદ્ધસેન અને ઉમાસ્વાતિ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ - અન્ય કવિઓ; સિદ્ધસેન કવિની અપેક્ષાએ હીન છે; અર્થાત્ કવિઓમાં શ્રેષ્ઠ સિદ્ધસેન છે. અન્ય સઙ્ગ્રહ કરનારા; ઉમાસ્વાતિજીની અપેક્ષાએ હીન છે; અર્થાત્ સઙ્ગ્રહ કરવાવાલાઓમાં ઉમાસ્વાતિજી ઉત્કૃષ્ટ છે.॥૩૯॥

कर्मणि २।२।४०॥

કર્મ કારકવાચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. કટં કરોતિ; તણ્ડુલાન્ પચતિ; રવિં પશ્યતિ; અજાં નયતિ ગ્રામમ્; ગાં દોગ્ધિ પયઃ; અહીં કર્મ કારકવાચક કટ તણ્ડુલ રવિ અજા ગ્રામ ગો અને પયસ્ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ - કટ – સાદડી બનાવે છે. ચોખા રાંધે છે. સૂર્યને જુવે છે. બકરીને ગામમાં લઈ જાય છે. ગાયનું દુધ કાઢે છે. ॥૪૦॥

क्रियाविशेषणात् २।२।४१॥

ધાત્વર્થ ફલ અને વ્યાપાર સ્વરૂપ ક્રિયાના વિશેષણ વાચક નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. સ્તોકં પચતિ અને સુખં સ્થાતા અહીં પચ્ ધાત્વર્થફલાત્મક વિક્લૃતિ રૂપ ક્રિયાના વિશેષણ વાચક સ્તોક

નામને તેમજ સ્થા ધાત્વર્થ વ્યાપારાત્મક (સ્થિત્યનુકૂલ વ્યાપારાત્મક) ક્રિયાના વિશેષણ વાચક સુખ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થાય છે. ક્રિયાના વિશેષણ વાચક નામનું લિઙ્ગ, લિઙ્ગાનુશાસનમાં જણાવ્યા મુજબ નપુંસક લિઙ્ગ મનાય છે; તેમજ તેને એકવચનનો જ પ્રત્યય થાય છે.... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અર્થ ક્રમશઃ- થોડું રાંધે છે. (અર્થાત્ થોડું નરમ વગેરે કરે છે). સુખે રહેશે. ॥૪૧॥

कालाऽध्वनो र्व्याप्तौ २।२।४२॥

અત્યન્તસંયોગ (સમ્બન્ધ) સ્વરૂપ વ્યાપ્તિ ગમ્યમાન હોય તો; કાલ અને અધ્વ (માર્ગ) વાચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. કાલ અને માર્ગની સાથે દ્રવ્ય ગુણ અને ક્રિયાના નિરવચ્છિન્ન (એકધારા - અખંડ રૂપે વિવક્ષિત) સમ્બન્ધને વ્યાપ્તિ કહેવાય છે. માસં गुडधानाः, માસં કલ્યાણી અને માસમધીતે અહીં માસાત્મક કાલની સાથે દ્રવ્ય गुडधाना; ગુણ કલ્યાણ અને ક્રિયા અધ્યયન ના નિરવચ્છિન્ન સમ્બન્ધની વિવક્ષા હોવાથી કાલવાચક માસ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થાય છે. આવી જ રીતે ક્રોશં ગિરિઃ, ક્રોશં કુટિલા નદી અને ક્રોશમધીતે અહીં દ્રવ્ય ગિરિ, ગુણ કુટિલતા અને ક્રિયા અધ્યયન ના; માર્ગ ક્રોશ ની સાથે નિરવચ્છિન્ન સંબંધની વિવક્ષા હોવાથી માર્ગ વાચક ક્રોશ નામને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થક્રમશઃ - એક મહિના સુધી ગોળ-ધાણા (આપે છે). એક મહિના સુધી કલ્યાણથી ભરપૂર છે. એક મહિના સુધી ભણે છે. એક કોસ (૨ માઈલ) સુધી પર્વત છે. એક કોસ સુધી નદી વાંકી છે. એક કોસ સુધી ભણે છે. (અહીં સર્વત્ર નિરન્તર અર્થ પ્રતીત થાય છે.) व्याप्ताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યાપ્તિ ગમ્યમાન હોય તો જ; કાલ અને અધ્વ વાચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી मासस्य मासे वा द्व्यहं गुडधानाः અને क्रोशस्य क्रोशे वा एकदेशे

કુટિલા નદી અહીં સમ્પૂર્ણ માસમાં અને સમ્પૂર્ણ કોસમાં દ્રવ્ય ગુડધાના અને કુટિલતા ગુંણનો સમ્બન્ધ (વ્યાપ્તિ) ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી કાલ અને અધ્વવાચક માસ અને ક્રોશ નામને દ્વિતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ માસ અને ક્રોશ ને 'ક્રિયાશ્રય૦ ૨-૨-૩૦' થી અધિકરણ સંજ્ઞા થવાથી તદ્વાચક માસ અને ક્રોશ નામને 'સપ્તમ્ય૦ ૨-૨-૯૫' થી સપ્તમી વિભક્તિ થાય છે. તેમજ અધિકરણત્વની અવિવક્ષામાં 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. (દ્વ્યહં અહીં તો આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.) અહીં સ્પષ્ટ છે કે દ્રવ્ય ગુડધાનાની સાથે માસના એકદેશ- બે દિવસનો સમ્બન્ધ છે. અને ગુણ કુટિલતાની સાથે ક્રોશ ના એકદેશનો સમ્બન્ધ છે. સમગ્ર માસ અને ક્રોશ નો સમ્બન્ધ નથી. તેથી અહીં ઉપર જણાવ્યા મુજબ વ્યાપ્તિ સ્વરૂપ અર્થ ગમ્યમાન નથી. અર્થ ક્રમશઃ- એક મહિનામાં બે દિવસ ગોળ-ધાણા (આપે છે). એક કોસમાં એકભાગમાં વાંકી નદી છે. ॥૪૨॥

सिद्धौ तृतीया २।२।४३॥

ફલ (ઉદ્દેશ્ય) ની સિદ્ધિ નિષ્પત્તિ અર્થ ગમ્યમાન હોય તો એકત્વ દ્વિત્વ અને બહુત્વ વિશિષ્ટ કાલ અને અધ્વ (માર્ગ) વાચક ગૌણ નામને टा (आ), भ्याम् અને भिस् સ્વરૂપ તૃતીયા વિભક્તિ થાય છે. मासेन मासाभ्यां मासै र्वाऽऽवश्यकमधीतम्। અને क्रोशेन क्रोशाभ्यां क्रोशै र्वा प्राभृतमधीतम्। અહીં આવશ્યક અને પ્રાભૃત સૂત્રનું જ્ઞાન; ફલ - ઉદ્દેશ્ય છે. તેની સિદ્ધિ ગમ્યમાન હોવાથી એકત્વ-દ્વિત્વ-બહુત્વ વિશિષ્ટ કાલ અને અધ્વ વાચક માસ અને ક્રોશ નામને (ગૌણ નામને) આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ – એક બે અથવા ઘણા મહિનામાં આવશ્યક સૂત્ર ભણ્યો. (સમજ્યો.) એક બે અથવા ઘણા કોસમાં પ્રાભૃત સૂત્ર ભણ્યો. सिद्धाविति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ફલની સિદ્ધિરૂપ અર્થ ગમ્યમાન હોય તો જ;

એકત્વાદિ વિશિષ્ટ કાલ અને અધ્વ વાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. તેથી માસમધીત આચારો નાડનેન ગૃહીતઃ અહીં ઉપર જણાવ્યા મુજબ જ્ઞાનાત્મક ફલની સિદ્ધિસ્વરૂપ અર્થ ગમ્યમાન ન હોવાથી; આ સૂત્રથી કાલવાચક માસ નામને તૃતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ 'કાલા૦ ૨-૨-૪૨' થી માસ નામને દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ– એક મહિના સુધી ભણ્યો, પરન્તુ આચારાઙ્ગ સૂત્રનું ગ્રહણ ન કર્યું.॥૪૩॥

हेतु - कर्तृ- करणेत्थम्भूतलक्षणे २।२।४४॥

હેતુવાચક કર્ત્તૃવાચક કરણવાચક અને ઈત્થમ્ભૂત્તલક્ષણવાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. કાર્યની ઉત્પત્તિમાં જે યોગ્ય હોય છે, તેને હેતુ કહેવાય છે. કોઈ પણ ધર્મથી યુક્ત (इममापन्नः) ને इत्थम्भूत કહેવાય છે. કર્ત્તૃ અને કરણ નું સ્વરૂપ સૂ. નં: ૨-૨-૨ માં અને ૨-૨-૨૪ માં જણાવ્યું છે. धनेन कुलम्; चैत्रेण कृतम्; दात्रेण लुनाति અને अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः અહીં અનુક્રમે હેતુવાચક ધન નામને; કર્ત્તૃવાચક ચૈત્ર નામને; કરણવાચક દાત્ર નામને અને ઈત્થમ્ભૂત છાત્રના લક્ષણવાચક કમણ્ડલુ નામને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. કુલની પ્રતિષ્ઠારૂપ ફલની ઉત્પત્તિમાં ધન યોગ્ય હોવાથી તે હેતુ છે. તેમજ છાત્રત્વરૂપ ધર્મથી વિશિષ્ટ હોવાથી છાત્ર इत्थम्भूत છે. અને તેના ચિહ્નભૂત કમણ્ડલને इत्थम्भूतलक्षण કહેવાય છે. રાતાવસ્ત્રાદિથી *સંન્યાસી આદિની જેમ પૂર્વે કમણ્ડલથી વિદ્યાર્થીનું જ્ઞાન કરાતું હતું* ચૈત્ર અને દાત્ર નું કર્ત્તૃત્વ અને કરણત્વ સ્પષ્ટ છે. અર્થ ક્રમશઃ - ધનથી (પ્રતિષ્ઠિત) કુલ. ચૈત્રે કર્યું. દાતરડાથી કાપે છે. શું તેં કમંડલુ સાથે છાત્રને જોયો?. ॥૪૪॥

सहार्थे २।२।४५॥

सह शब्दनो अर्थ तुल्ययोग अने विद्यमानता छे. એ सहार्थ; शब्दथी अथवा प्रकरणादि अर्थथी જણાતो होय तो गौण नामने तृतीया विभक्ति थाय छे. पुत्रेण सहाऽऽगतः; पुत्रेण सह स्थूलः; पुत्रेण सह गोमान् अने पुत्रेण सह ब्राह्मणः अहीं सह शब्दथी; पिता अने पुत्रनो; अनुक्रमे आगमन क्रिया; स्थूलत्व गुण; गोमत्त्व-द्रव्य अने ब्राह्मणत्व जातिने लईने तुल्ययोग गम्यमान होवाथी गौण नाम पुत्र ने आ सूत्रथी तृतीया विभक्ति थाय छे. एकेनाऽपि सुपुत्रेण सिंही स्वपिति निर्भरम्। सहैव दशभिः पुत्रै र्भारं वहति गर्दभी ॥१॥ अहीं सहार्थ विद्यमानता (सत्त्व) गम्यमान होवाथी गौण नाम सुपुत्र अने पुत्र ने आ सूत्रथी तृतीया विभक्ति थाय छे. अर्थक्रमशः - पुत्र साथे (पिता) आव्या (बंन्ने आव्या). पुत्र साथे (पिता) स्थूल छे (बंन्ने स्थूल छे). पुत्र साथे (पिता) गायवाला छे (बंन्ने गायवाला छे). पुत्र साथे (पिता) ब्राह्मण छे (बंन्ने ब्राह्मण छे). એક सुपुत्रथी पण (એક જ सुपुत्र होवा छतां) सिंहण निश्चिंतपणे सूवे छे; दश पुत्रोथी पण गधेडी भार वहन करे छे. अहीं स्पष्ट पणे समજी शकाय छे के विद्यमानता स्थळे गौणनामार्थमां; प्रधाननामार्थनी शयनक्रिया अथवा भारवहननी क्रियानी विवक्षा होती नथी. परन्तु तुल्ययोग स्थळे बंन्नेमां ઉપર જણાव्या मुજब तादृश क्रिया के गुणादिनी विवक्षा होय छे. જેथी सहार्थ द्विविध वर्णव्यो छे; अन्यथा सहार्थ विद्यमानता स्थळे सद्रूपे तुल्ययोग होवाथी विद्यमानता अने तुल्ययोग - आ बे सहार्थमां भिन्नता प्रतीत नहीं थाय .... ઈत्यादि याद राखवुं. ॥४५॥

यद्भेदैस्तद्ववदाख्या २।२।४६॥

જे भेदि (धर्मी - विशेष्य) ना भेद (धर्म - प्रकार - विशेषण) वडे;

તદ્વદ્નો અર્થાદ્ ભેદિમદ્ (ધર્મીવત્ - વિશેષ્યવદ્) નો નિર્દેશ થતો હોય તો; તદ્વાચક અર્થાદ્ ભેદિવાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. અક્ષ્ણા કાણઃ; પાદેન ખઞ્જઃ; પ્રકૃત્યા દર્શનીયઃ અહીં કાણત્વ; ખઞ્જત્વ અને દર્શનીયત્વ સ્વરૂપ ભેદ (વ્યાવર્ત્તક ધર્મ) વડે; આંખ, પગ અને પ્રકૃતિ સ્વરૂપ ભેદિ (વ્યાવર્ત્ય - ધર્મી) મદ્દની અર્થાદ્ આંખ, પગ અને પ્રકૃતિ સ્વરૂપ ભેદિમત્ ચૈત્રાદિ ના નિર્દેશ હોવાથી ભેદિ વાચક અક્ષિ, પાદ અને પ્રકૃતિ નામને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. અર્થ ક્રમશઃ - આંખથી કાણો. પગથી લંગડો. સ્વભાવથી દર્શનીય. અહીં સ્પષ્ટ પણે સમજી શકાય છે કે કાણત્વાદિ ધર્મો અક્ષ્યાદિ ના હોવા છતાં તે ધર્મોનું વિશેષણ રૂપે અક્ષ્યાદિમત્ પુરુષમાં ભાન થાય છે. આવા સ્થળે તદ્વદ્ અક્ષ્યાદિ વાચક નામને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. તદ્વદ્ગ્રહણં કિમ્ ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે ભેદિના ભેદથી ભેદિમદ્ નો જ નિર્દેશ થયો હોય તે ભેદિવાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. તેથી અક્ષિ કાણં પશ્ય અહીં આંખ સ્વરૂપ ભેદિના કાણત્વરૂપ ભેદવડે ભેદિમદ્ નો નિર્દેશ થયો ન હોવાથી ભેદિવાચક અક્ષિ નામને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થતી નથી. અન્યથા આ સૂત્રમાં તદ્વદ્ નું ગ્રહણ કર્યું ન હોત તો અહીં અક્ષિ નામને તૃતીયા વિભક્તિનો પ્રસંગ આવત. અર્થ - કાણી આંખને જો. આખ્યેતિ પ્રસિદ્ધિપરિગ્રહાર્થમ્..... = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે ભેદિના ભેદવડે ભેદિમદ્નો નિર્દેશ પ્રસિદ્ધ જ હોય તો તાદૃશ નિર્દેશ વખતે ભેદિવાચક નામને તૃતીયા વિભક્તિ થાય છે. તેથી અક્ષ્ણા દીર્ઘઃ - આવો પ્રયોગ થતો નથી. કારણ કે અહીં ભેદિ સ્વરૂપ આંખના દીર્ઘત્વરૂપ ભેદથી ભેદિમદ્ પુરુષના દીર્ઘત્વનો વ્યવહાર પ્રસિદ્ધ નથી. દીર્ઘ આંખના કારણે પુરુષાદિને દીર્ઘ, કોઈ પણ કહેતું નથી- એ સમજી શકાય છે. ॥૪૬॥

कृताद्यैः २।२।४७॥

'कृत' छे आदिमां जेना एवा कृतादि गणपाठमांना नामोथी युक्त गौणनामने तृतीया विभक्ति थाय छे. कृतं तेन अने किं गतेन अहीं निषेधार्थक कृत अने किम् नाम (अव्यय) थी युक्त गौण नाम तद् अने गत ने आ सूत्रथी तृतीया विभक्ति थाय छे. अहीं याद राखवुं के कृतम् भवतु अलं किम् - आवा निषेधार्थक अव्ययोने अहीं कृतादि तरीके गणाय छे. कृतादि गणपाठ नथी. अर्थ क्रमशः - तेनाथी सर्युं. जवाथी सर्युं. ॥४७॥

काले भान्नवाधारे २।२।४८॥

आधारभूत कालवाचक नक्षत्रार्थक गौण नामने विकल्पथी तृतीया विभक्ति थाय छे. पुष्येण पायसमश्नीयात् अहीं नक्षत्रवाचक पुष्य नाम; पुष्य नक्षत्रावच्छिन्न काल स्वरूप आधारवाचक होवाथी तेने आ सूत्रथी तृतीया विभक्ति थाय छे. विकल्पपक्षमां 'सप्तम्य० २-२-९५' थी सप्तमी थवाथी 'पुष्ये पायसमश्नीयात्' आवो प्रयोग थाय छे. अर्थ - पुष्यनक्षत्रना कालमां खीर खावी जोईओ. काल इति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब नक्षत्रार्थक आधारभूत कालवाचक ज गौण नामने विकल्पथी तृतीया विभक्ति थाय छे. तेथी 'पुष्येऽर्कः' अहीं नक्षत्रार्थक आधारभूत पुष्यवाचक नाम; तदवच्छिन्न कालार्थक न होवाथी आ सूत्रथी तेने तृतीया विभक्ति थती नथी. परन्तु उपर जणाव्या मुजब सप्तमी विभक्ति थाय छे. अर्थ - पुष्यनक्षत्रमां सूर्य. भादिति किम् ?= उपर जणाव्या मुजब आ सूत्रथी आधारभूत कालवाचि नक्षत्रार्थक ज गौण नामने विकल्पथी तृतीया विभक्ति थाय छे. तेथी 'तिलपुष्पेषु यत्क्षीरम्' अहीं तिलपुष्प नाम तदवच्छिन्न (तलना फुलोनी उत्पत्तिना) कालस्वरूप आधारार्थक

હોવા છતાં તે નક્ષત્રવાચિ ન હોવાથી તેને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ સપ્તમી વિભક્તિ થાય છે. અર્થ - તલને ફુલ આવવાના સમયમાં જે દુધ. આધાર ઇતિ કિમ્ ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રવાચક કાલસ્વરૂપ આધારાર્થક જ ગૌણ નામને વિકલ્પથી તૃતીયા વિભક્તિ થાય છે. તેથી અદ્ય પુષ્યં વિદ્ધિ અહીં કાલવાચક નક્ષત્રાર્થક પુષ્ય નામ આધારવાચિ ન હોવાથી તેને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ કર્મવાચક તે પુષ્ય નામને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ - આજે પુષ્યનક્ષત્રના કાલને જાણ. અહીં યાદ રાખવું જોઈએ કે स्थाल्या पच्यते ઈત્યાદિ પ્રયોગ સ્થળની જેમ આધાર ની કરણ રૂપે વિવક્ષામાં पुष्येण पुष्ये वा पायसमश्नीयात् ઈત્યાદિ સ્થળે પણ તૃતીયા સિદ્ધ જ છે. પરન્તુ આધારત્વ ની અવિવક્ષામાં શેષ સમ્બન્ધની વિવક્ષાથી ષષ્ઠી વિભક્તિ; 'शेषे २-२-८१' થી ન થાય એ માટે આ સૂત્રથી તૃતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. અન્યથા આ સૂત્રના અભાવમાં સમ્બન્ધની વિવક્ષામાં; કરણત્વવિવક્ષાપ્રયુક્ત તૃતીયાની જેમ ષષ્ઠી વિભક્તિ પણ થશે..... ॥૪૮॥

प्रसितोत्सुकाऽवबद्धैः २।२।४९॥

प्रसित (प्रकर्षेण सितो बद्धो नित्यप्रसक्त इत्यर्थः); उत्सुक અને अवबद्ध નામથી યુક્ત આધારવાચિ ગૌણ નામને વિકલ્પથી તૃતીયા વિભક્તિ થાય છે. केशैः प्रसितः; गृहेण उत्सुकः અને केशैरवबद्धः; અહીં प्रसित, उत्सुक અને अवबद्ध નામથી યુક્ત આધાર વાચક ગૌણ નામ केश, गृह અને केश ને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થઈ છે. વિકલ્પપક્ષમાં આ *સૂત્રથી તૃતીયા વિભક્તિ ન થાય ત્યારે 'सप्तम्यधिकरणे २-२-९५' થી* સપ્તમી વિભક્તિ થવાથી केशेषु प्रसितः; गृहे उत्सुकः અને केशेष्ववबद्धः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વાળમાં નિત્ય લાગેલો. ઘરમાં

ઉત્કંઠાવાળો. વાળમાં બંધાએલો. અહીં ઉત્સુક અને અવબદ્ધ શબ્દના સાહચર્યથી પ્રસિત શબ્દ પણ તદર્થક જ ગૃહીત છે. તેથી શ્વેતગુણાર્થક પ્રસિત શબ્દનું અહીં ગ્રહણ નથી. આ સૂત્ર પણ આધારત્વ ની અવિવક્ષામાં પૂર્વે જણાવ્યા મુજબ સમ્બન્ધની વિવક્ષામાં થનારી ષષ્ઠી વિભક્તિનો બાધ કરવા માટે છે. આ સૂત્રમાં જે બહુવચનનો નિર્દેશ છે તે; પ્રસિતાદિ નો એક-દ્વિ-બહૌ ની સાથે યથાસઙ્ખ્ય અન્વય ન થાય એ માટે છે ... ઈત્યાદિ યાદ રાખવું .॥૪૯॥

व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् २।२।५०॥

દ્વિદ્રોણ વગેરે વ્યાપ્યવાચક ગૌણનામને વીપ્સામાં વિકલ્પથી તૃતીયા વિભક્તિ થાય છે. દ્વિદ્રોણેન ધાન્યં ક્રીણાતિ અને પઞ્ચકેન પશૂન્ ક્રીણાતિ અહીં દ્વિદ્રોણ અને પઞ્ચક આ વ્યાપ્યવાચક નામને વીપ્સામાં આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થઈ છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તૃતીયા વિભક્તિ ન થાય ત્યારે 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ તેમ જ દ્વિદ્રોણમ્ અને પઞ્ચકમ્ ને 'वीप्सायाम् ७-२-८०' થી દ્વિત્વ થવાથી 'દ્વિદ્રોણં દ્વિદ્રોણં ધાન્યં ક્રીણાતિ' અને 'પઞ્ચકં પઞ્ચકં પશૂન્ ક્રીણાતિ' આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વીપ્સામાં તૃતીયા વિભક્તિ થતી હોવાથી, દ્વિતીયાન્ત પ્રયોગમાં જેમ ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થાય છે. તેમ તૃતીયાન્ત પ્રયોગમાં દ્વિત્વ થતું નથી. અર્થક્રમશઃ - બે બે દ્રોણ પ્રમાણ ધાન્ય ખરીદે છે. પાંચ પાંચ પશુ ખરીદે છે. અહીં દ્વૌ દ્રોણૌ માનમસ્ય આ અર્થમાં દ્વિદ્રોણ નામને 'मानम् ६-४-६९' થી ઇકણ્ પ્રત્યય અને 'अनाम्य० ६-४-१४१' થી તેનો લોપ વગેરે કાર્ય થવાથી અથવા 'द्वयोर्द्रोणयोः समाहारः' આ વિગ્રહમાં સમાહારદ્વન્દ્વાદિ કાર્ય થવાથી દ્વિદ્રોણ નામ ધાન્યવાચક બન્યું છે. આવીજ રીતે પઞ્ચન્ નામને પઞ્ચ માનં યસ્ય આ વિગ્રહમાં 'सङ्ख्यायाः० ६-४-१७१' થી ક પ્રત્યયાદિ કાર્ય થવાથી સઙ્ઘાર્થક પઞ્ચક નામ બને છે; તે ઉપર જણાવ્યા મુજબ

પશુ રૂપ અર્થને જણાવે છે. અર્થાદ્ પાંચ પાંચ સમુદાય રૂપ પશુઓને ખરીદે છે - એ તાત્પર્યાર્થ છે ..... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ .॥૫૦॥

समो ज्ञो ऽ स्मृतौ वा २।२।५१॥

સ્મૃતિભિન્નાર્થક સમ્ ઉપસર્ગ પૂર્વક જ્ઞા ધાતુના વ્યાપ્યવાચક ગૌણ નામને વિકલ્પથી તૃતીયા વિભક્તિ થાય છે. સૂ.નં. ૨-૨-૪૮ થી નવા નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં 'વા' નું ગ્રહણ; આગળના સૂત્રમાં વા ની અનુવૃત્તિ રોકવાં માટે છે. માત્રા સંજાનીતે અહીં આ સૂત્રથી સમ્+જ્ઞા ધાતુના વ્યાપ્ય વાચક માતૃ નામને તૃતીયા વિભક્તિ થઈ છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં તૃતીયા વિભક્તિ ન થાય ત્યારે 'કર્મણિ ૨-૨-૪૦' થી માતૃ નામને દ્વિતીયા વિભક્તિ થવાથી માતરં સંજાનીતે આવો પ્રયોગ થાય છે. અર્થ - માતાને જાણે છે. અસ્મૃતાવિતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસ્મૃત્યર્થક જ સમ્+જ્ઞા ધાતુના વ્યાપ્યવાચક ગૌણ નામને વિકલ્પથી તૃતીયા વિભક્તિ થાય છે. તેથી માતરં સઞ્જાનાતિ અહીં સ્મૃત્યર્થક સમ્ + જ્ઞા ધાતુના વ્યાપ્ય વાચક ગૌણ નામ માતૃ ને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થતી નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ - માતાને યાદ કરે છે. 'માત્રા માતરં વા સંજાનીતે' અહીં અસ્મૃત્યર્થક સમ્+જ્ઞા ધાતુને 'સમ્પ્રતેરસ્મૃતૌ ૩-૩-૬૯' થી આત્મનેપદ થાય છે.॥૫૧॥

दामः संप्रदाने ऽ धर्म्य आत्मने च २।२।५२॥

સમ્ ઉપસર્ગપૂર્વક દામ્ (દા - યચ્છ) ધાતુના અધર્મ્ય (ધર્મશાસ્ત્રથી અનિબદ્ધ) સ્વરૂપ સમ્પ્રદાનવાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. અને ત્યારે સમ્ + દામ્ ધાતુને આત્મનેપદ થાય છે. દાસ્યા

सम्प्रयच्छते कामुकः અહીં सम् + प्र + दा ધાતુના અધર્મ્ય સ્વરૂપ સમ્પ્રદાનવાચક ગૌણ નામ દાસી ને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. તેમ જ તેના યોગમાં सम् + प्र + दाम् ધાતુને આત્મનેપદ પણ થાય છે. અર્થ - કામી માણસ દાસીને આપે છે. अधर्म्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् ઉપસર્ગથી પરમાં રહેલા दाम् ધાતુના અધર્મ્ય સ્વરૂપ જ સમ્પ્રદાનવાચક ગૌણનામને તૃતીયા વિભક્તિ થાય છે. અને ત્યારે તે ધાતુને આત્મનેપદ પણ થાય છે. તેથી पत्न्यै सम्प्रयच्छति અહીં सम् + प्र + दा ધાતુનું સમ્પ્રદાન પત્ની અધર્મ્ય ન હોવાથી તદ્વાચક पत्नी નામને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થતી નથી. તેમજ તેના યોગમાં થનારું આત્મનેપદ પણ, ધાતુને થતું નથી. પરન્તુ पत्नी નામને 'चतुर्थी २-२-५३' થી ચતુર્થી વિભક્તિ થાય છે. અર્થ - પત્નીને આપે છે. અહીં યાદ રાખવું જોઈએ કે सम् + दा ધાતુના જ તાદૃશ અધર્મ્ય સ્વરૂપ સમ્પ્રદાનવાચક ગૌણ નામને ઉપર જણાવ્યા મુજબ તૃતીયા વિભક્તિ તેમજ તેના યોગે તે ધાતુને આત્મનેપદ થાય છે. તેથી दास्या सम्प्रयच्छते कामुकः અહીં सम् અને दा ની વચ્ચે प्र નું વ્યવધાન હોવાથી दासी નામને યદ્યપિ આ સૂત્રથી, તૃતીયા વિભક્તિ અને ધાતુને तत्सन्नियुक्त આત્મનેપદ પણ થવું ન જોઈએ પરન્તુ सम् + दा ધાતુનો પ્રયોગ सम् + प्र + दा ધાતુના પ્રયોગમાં જ થતો હોવાથી અર્થાદ્ प्र ના વ્યવધાન વિના सम् + दा ધાતુનો પ્રયોગ થતો ન હોવાથી 'येन नाव्यवधानं तेन व्यवहिते ऽ पि स्यात्' આ ન્યાયના બળે આ સૂત્રથી सम्+दा ધાતુના ગ્રહણથી सम्+प्र+दा ધાતુનું પણ ગ્રહણ થાય છે.॥૫૨॥

चतुर्थी २।२।५३॥

એકત્વ; દ્વિત્વ અને બહુત્વ સઙ્ખ્યા વિશિષ્ટ સમ્પ્રદાનવાચક ગૌણ નામને અનુક્રમે ङे; भ्याम् અને भ्यस् સ્વરૂપ ચતુર્થી વિભક્તિ થાય છે.

દ્વિજાય ગાં દત્તે અને પત્યે શેતે અહીં 'कर्माऽभिप्रेयः सम्प्रदानम् २-२-२५' થી દ્વિજ અને પતિ ને સમ્પ્રદાન સંજ્ઞા થવાથી તદ્વાચક દ્વિજ અને પતિ નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ - બ્રાહ્મણને ગાય આપે છે. પતિ માટે ઊંઘે છે. ॥૫૩॥

तादर्थ्ये २।२।५४॥

તાદર્થ્ય સ્વરૂપ સંબન્ધ ગમ્યમાન હોય તો ગૌણનામને ચતુર્થી વિભક્તિ થાય છે. तस्मै इदमिति तदर्थम्, तदर्थस्य भावस्तादर्थ्यम् આ વ્યુત્પત્તિથી સામાન્યતઃ કાર્યકારણભાવરૂપ સમ્બન્ધને તાદર્થ્ય કહેવાય છે. કોઈ પણ વસ્તુના સમ્પાદન માટે પ્રવૃત્ત થયેલ વસ્તુને તદર્થ કહેવાય છે. અને તેના ભાવને તાદર્થ્ય કહેવાય છે. જે કાર્યકારણભાવરૂપ સમ્બન્ધવિશેષ છે. यूपाय दारु અને रन्धनाय स्थाली અહીં यूप (કાર્ય) અને दारु (કારણ) નો ; તેમજ रन्धन (કાર્ય) અને स्थाली (કારણ) નો કાર્યકારણભાવ છે. તત્સ્વરૂપ તાદર્થ્ય, અહીં ગમ્યમાન હોવાથી આ સૂત્રથી ગૌણનામ यूप અને रन्धन ને ચતુર્થી વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ - યજ્ઞસ્તંભ માટે કાષ્ઠ. રાંધવા માટે થાળી. તાદર્થ્ય સ્વરૂપ સંબન્ધ, કાર્ય અને કારણ બંન્નેમાં હોવા છતાં આ સૂત્રથી ગૌણ નામને જ ચતુર્થીનું વિધાન હોવાથી ઉપર જણાવ્યા મુજબ કાર્યવાચક જ નામને ચતુર્થી થાય છે. કારણવાચક નામ મુખ્ય હોવાથી તેને ચતુર્થી કે 'हेतुकर्तृ० २-२-४४' થી વિહિત તૃતીયા વિભક્તિ પણ થતી નથી. 'शेषे २-२-८१' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના અપવાદ સ્વરૂપ ચતુર્થી આ સૂત્રથી વિહિત છે .... ઈત્યાદિ યાદ રાખવું. ॥૫૪॥

रुचि-कृप्यर्थ-धारिभिः प्रेय-विकारोत्तमर्णेषु २।२।५५॥

रुच् ધાત્વર્થક ધાતુના યોગમાં પ્રેય વાચક ગૌણ નામને; कृप्

ધાત્વર્થક ધાતુના યોગમાં વિકાર વાચક ગૌણ નામને અને ધારિ (ધૃङ્ ત્ સ્થાને (૧૪૬૭) + णिच् (इ)) ધાતુના યોગમાં ઉત્તમર્ણ વાચક ગૌણનામને ચતુર્થી વિભક્તિ થાય છે. સૂત્રમાં ઉભયસ્થાને બહુવચનનું સામ્ય યથાસङ્ખ્ય અન્વય માટે છે. અને બહુવચનનો નિર્દેશ એક-દ્વિ-બહૌ ની સાથે યથાસङ્ખ્ય અન્વયની નિવૃત્તિ માટે છે. મૈત્રાય રોચતે ધર્મઃ; મૂત્રાય કલ્પતે યવાગૂઃ અને ચૈત્રાય શતં ધારયતિ અહીં રુચ્ ધાતુના યોગમાં પ્રેય વાચક ગૌણ નામ મૈત્ર ને; कृप् ધાતુના યોગમાં વિકારવાચક ગૌણનામ મૂત્ર ને તેમજ ધારિ ધાતુના યોગમાં ઉત્તમર્ણ વાચક ગૌણ નામ ચૈત્ર ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. प्री ધાતુને 'य एच्चातः ૫-૧-૨૮' થી य પ્રત્યયાદિ કાર્ય થવાથી કર્મમાં પ્રિયમાણાર્થક પ્રેય શબ્દ બને છે. અર્થાદ્ જેને ગમે છે તે પ્રેય કહેવાય છે. વિકારાર્થ પ્રસિદ્ધ છે. उत्तममृणं यस्य આ વિગ્રહમાં નિષ્પન્ન ઉત્તમર્ણ શબ્દ લેણદાર અર્થને જણાવે છે. અર્થાદ્ જે ધન આપે છે તેને ઉત્તમર્ણ કહેવાય છે. જે ધન ગ્રહણ કરે છે તેને અધમર્ણ કહેવાય છે. અર્થક્રમશઃ - મૈત્રને ધર્મ ગમે છે. યવાગૂ જવની રાબ મૂત્ર વધારવાં સમર્થ છે. ચૈત્રના સો રુપિયા ધારે છે; અર્થાત્ ચૈત્ર પાસેથી સો રુપિયા ઉછીના લે છે. અહીં રુચ્યર્થક ધાતુ અભિલાષાર્થક વિવક્ષિત છે. તેથી सर्वेषामेतद् रोचते कथं वा तव? ઈત્યાદિ સ્થળે રુચ્ ધાતુ પ્રતિ+મા ધાત્વર્થક *હોવાથી सर्व અને युष्मद् નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી* નથી. તેમજ રોચતે મમ ઘૃતં મુદ્ગૈઃ સહ.... ઈત્યાદિ સ્થળે અસ્મદર્થ ની પ્રેયરૂપે વિવક્ષા ન હોવાથી 'शेषे ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. शૃङ્गाच्छरो जायते ઈત્યાદિ સ્થળે શ્લેષ્મણે जायते दधि...ઈત્યાદિની જેમ વિકારવિકારિભાવ હોવા છતાં અપાદાનત્વની વિવક્ષામાં 'पञ्चम्यपादाने ૨-૨-૬૯' થી પઞ્ચમી વિભક્તિ થાય છે.... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૫૫॥

प्रत्याङः श्रुवार्थिनि २।२।५६॥

પ્રતિ અને આઙ્ ઉપસર્ગથી પરમાં રહેલા શ્રુ ધાતુથી યુક્ત અર્થિવાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. દ્વિજાય ગાં પ્રતિશૃણોતિ અને દ્વિજાય ગામાશૃણોતિ અહીં પ્રતિ અને આઙ્ ઉપસર્ગથી પરમાં રહેલા શ્રુ ધાતુથી યુક્ત અર્થિવાચક ગૌણ નામ દ્વિજ ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થઈ છે. અર્થ બંન્નેનો - બ્રાહ્મણને ગાય આપવાનો સ્વીકાર કરે છે. અહીં શ્રુ ધાતુને 'શ્નૌતિ - કૃવુ૦ ૪-૨-૧૦૮' થી શૃ આદેશ થયો છે.॥૫૬॥

प्रत्यनो गृणाऽऽख्यातरि २।२।५७॥

પ્રતિ અને અનુ ઉપસર્ગથી પરમાં રહેલા ગૃ (ક્રયાદિ ૯ મો ગણ) ધાતુના યોગમાં આખ્યાતૃ (વક્તા - કહેનાર) વાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. ગુરવે પ્રતિગૃણાતિ અને ગુરવેઽનુગૃણાતિ અહીં આ સૂત્રથી પ્રતિ+ગૃ અને અનુ+ગૃ ધાતુના યોગમાં આખ્યાતૃવાચક ગૌણ નામ ગુરુ ને ચતુર્થી વિભક્તિ થઈ છે. અર્થ બંન્નેનો - ગુરુના કહ્યાં મુજબ અનુવાદ કરે છે અથવા સ્વયં કહી રહેલા ગુરુને કહેવાં માટે પ્રોત્સાહિત કરે છે. ॥૫૭॥

यद्वीक्ष्ये राधीक्षी २।२।५८॥

જેના ધર્મનું સંદેહપૂર્વક નિરૂપણ હોય છે તેને વીક્ષ્ય કહેવાય છે. અને વીક્ષ્ય વિષયક નિરૂપણ ક્રિયાને પણ વીક્ષ્ય કહેવાય છે. જેના વીક્ષ્ય (તાદૃશનિરૂપણક્રિયા) ના વાચક રાધ્ (૧૧૫૬) અને ઈક્ષ્ (૮૮૨) ધાતુ હોય તે વીક્ષ્ય વાચક ગૌણ નામને તે રાધ્ અને ઈક્ષ્ ધાતુના યોગમાં ચતુર્થી વિભક્તિ થાય છે. મૈત્રાય રાધ્યતિ; મૈત્રાય ઈક્ષતે અને

ईक्षितव्यं परस्त्रीभ्यः અહીં राध् અને ईक्ष् ધાતુના યોગમાં તે જે વીક્ષ્યના વાચક છે તે વીક્ષ્યવાચક ગૌણ નામ મૈત્ર અને પરસ્ત્રી નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થઈ છે. અહીં મૈત્રના ભાગ્ય અને પરસ્ત્રીના અભિપ્રાયનું સંશયપૂર્વક પર્યાલોચન હોવાથી ધાત્વર્થ મૈત્રાદિની વીક્ષ્યક્રિયા છે. ભાગ્ય અને અભિપ્રાય અતીન્દ્રિય હોવાથી તેનું નિરૂપણ સંશયપૂર્વક છે. એતાદૃશ નિરૂપણીય પદાર્થને (વ્યક્તિ વિશેષને) જ આમ તો વીક્ષ્ય કહેવાય છે. અને ધાતુનો અર્થ, ક્રિયા હોય છે તેથી તાદૃશ વ્યક્તિસ્વરૂપ વીક્ષ્યવાચક ધાતુની અપ્રસિદ્ધિ ન થાય - એ માટે સૂત્રમાં तद्विषया क्रियाऽपि આ ગ્રન્થ છે. આથી સ્પષ્ટ છે કે ઉપર જણાવ્યા મુજબ તાદૃશ વીક્ષ્યનાં નિરૂપણની ક્રિયાને પણ વીક્ષ્ય તરીકે માનવાથી તદર્થક ધાતુની અપ્રસિદ્ધિ થતી નથી. અન્યથા वीक्ष्यार्थक धातु अप्रसिद्ध थात .... ઈત્યાદિ વિચારવું જોઈએ.

वीक्ष्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેના વીક્ષ્યાર્થક જ राध् અને ईक्ष् ધાતુ હોય તે વીક્ષ્યવાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. પરન્તુ સર્વ સામાન્ય राध् અને ईक्ष् ધાતુના યોગમાં ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થતી નથી. તેથી मैत्रमीक्षते અહીં વીક્ષ્યાર્થક ईक्ष् ધાતુ ન હોવાથી ગૌણ નામ મૈત્ર ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી નથી. પરન્તુ 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ- मैत्राय राध्यति ईक्षते वा - મૈત્રના ભાગ્યનો વિચાર કરે છે. ईक्षितव्यं परस्त्रीभ्यः - સ્વવિષયમાં પરસ્ત્રીનો અભિપ્રાય વિચારવો જોઈએ. मैत्रमीक्षते - મૈત્રનો જ (ભાગ્યનો નહીં) વિચાર કરે છે. ॥૫૮॥

उत्पातेन ज्ञाप्ये २।२।५९॥

આકસ્મિક નિમિત્તને ઉત્પાત કહેવાય છે. ઉત્પાતથી જ્ઞાપ્ય (સૂચિત) અર્થવાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. वाताय कपिला

विद्युदातपायातिलोहिनी। पीता वर्षाय विज्ञेया दुर्भिक्षाय सिता भवेत् ॥१॥ અહીં કપિલા, અતિલોહિની, પીતા અને સિતા વિદ્યુત્ સ્વરૂપ ઉત્પાતથી અનુક્રમે જ્ઞાપ્ય વાચક ગૌણ નામ વાત, આતપ, વર્ષ અને દુર્ભિક્ષ ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. અર્થ - કપિલવર્ણવાળી વિજળી પવનને; અતિશયલાલ વર્ણવાળી વિજળી ગરમીને; પીળાવર્ણવાળી વિજળી વરસાદને અને સફેદ વર્ણવાળી વિજળી દુષ્કાળને સૂચવે છે. અહીં યાદ રાખવું જોઈએ કે તત્તદ્ વિદ્યુત્ સ્વરૂપ ઉત્પાતથી ભવિષ્યમાં પોતપોતાના કારણ સમુદાયથી થનારા વાતાદિનું જ્ઞાન જ થાય છે. પરન્તુ ઉત્પાતના વિકારરૂપે તે (વાતાદિ) ઉત્પન્ન થતા નથી. તેથી અહીં તાદર્થ્ય નથી. 'જ્ઞાપ્યજ્ઞાપક' ભાવવિશેષ છે. તાદૃશ સંબન્ધને લઈને 'શેષે ૨-૨-૮૧' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિનો આ સૂત્ર અપવાદ છે.

उत्पातेनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉત્પાતથી જ જ્ઞાપ્યવાચક ગૌણનામને (માત્ર જ્ઞાપ્યવાચક ગૌણનામને નહીં) ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી राज्ञ इदं छत्रमायान्तं विद्धि राजानम् અહીં છત્રથી જ્ઞાપ્યવાચક ગૌણ નામ રાજન્ ને આ સૂત્રથી ચતુર્થી થતી નથી. પરન્તુ 'कर्मणि ૨-૨-૪૦' થી દ્વિતીયા જ થાય છે. કોઈવાર જ થનારા અને શુભાશુભને જણાવનારા ને જ ઉત્પાત કહેવાય છે. છત્ર, તેવું ન હોવાથી તે નિમિત્ત હોવા છતાં ઉત્પાત નથી. અર્થ - આ રાજાનું છત્ર છે; આવતા રાજાને જાણ. ॥૫૯॥

श्लाघ - ह्नु - स्था - शपा प्रयोज्ये २।२।६०॥

આ સૂત્રમાં, સૂ. નં. ૨-૨-૫૯ થી ज्ञाप्ये ની અનુવૃત્તિ ચાલું છે; તેનો અન્વય प्रयोज्य ની સાથે છે. श्लाघ्, ह्नु, स्था અને शप् ધાતુથી યુક્ત જ્ઞાપ્ય સ્વરૂપ પ્રયોજ્ય વાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે ज्ञापि (ज्ञा + णिग्) ધાતુના કર્મને જ્ઞાપ્ય

કહેવાય છે. મૈત્રો ઘટં જાનાતિ અને તં પ્રેરયતિ ચૈત્ર ઇતિ ચૈત્રો મૈત્રં ઘટં જ્ઞાપયતિ અહીં જ્ઞાપિ ધાતુનું કર્મ ઘટ અને પ્રયોજ્યકર્તા મૈત્ર - આ બે છે - એ સમજી શકાય છે. ઘટ ને કર્મ સંજ્ઞા; 'કર્તુર્વ્યાપ્યં કર્મ ૨-૨-૩' થી વિહિત છે. અને મૈત્ર ને 'ગતિ - બોધા૦ ૨-૨-૫' થી વિહિત છે. જ્ઞાપિ ધાતુના બે કર્મમાંથી અહીં પ્રયોજ્ય સ્વરૂપ જ જ્ઞાપ્યનું ગ્રહણ કરવા માટે પ્રયોજ્યની સાથે જ્ઞાપ્યનો અન્વય કર્યો છે. આથી સ્પષ્ટ પણે સમજી શકાશે કે - આ સૂત્રથી શ્લાઘ્ — વગેરે ધાતુથી યુક્ત જે ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે; તે જ્ઞા ધાતુના કર્ત્તા સ્વરૂપ જ્ઞાપ્ય - પ્રયોજ્ય વાચક ગૌણનામ છે. મૈત્રાય શ્લાઘતે; મૈત્રાય હ્નુતે; મૈત્રાય તિષ્ઠતે અને મૈત્રાય શપતે અહીં સર્વત્ર ચૈત્રાદિ કર્ત્તા અધ્યાહારથી સમજવો. આ સૂત્રથી જ્ઞાપ્ય એવા પ્રયોજ્યવાચક ગૌણ નામ મૈત્ર ને ચતુર્થી વિભક્તિ થઈ છે. અર્થ ક્રમશઃ- '(ચૈત્ર) પ્રશંસા કરે છે - એ મૈત્રને જણાવે છે. (ચૈત્ર) છૂપાય છે - એ મૈત્રને જણાવે છે. (ચૈત્ર) ઉભો છે – એ મૈત્રને જણાવે છે. (ચૈત્ર) સોગંદ લે છે - એ મૈત્રને જણાવે છે. શ્લાઘાં હ્નવં સ્થાનં શપથં વા કુર્વાણં સ્વં પરં વા ચૈત્રાદિકં ; મૈત્રં જ્ઞાપયં પ્રયોજયતિ - આ પ્રમાણે ઉદાહરણાર્થ છે - એ સમજી શકાય છે. મૈત્રાય તિષ્ઠતે અહીં 'જ્ઞીપ્સા સ્થેયે ૩-૩-૬૪' થીં સ્થા ધાતુને આત્મનેપદ થયું છે. પ્રયોજ્ય ઇતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શ્લાઘ્ હ્નુ સ્થા અને શપ્ ધાતુથી યુક્ત જ્ઞાપ્ય એવા પ્રયોજ્યવાચક જ ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી મૈત્રાયાऽऽત્માનં શ્લાઘતે; આત્મનો મા ભૂત્ અહીં ઉપર જણાવ્યા મુજબ ઘટ ની જેમ આત્મા પણ જ્ઞાપ્ય હોવા છતાં પ્રયોજ્ય ન હોવાથી તદ્વાચક આત્મન્ નામને આ સૂત્રથી ચતુર્થી થતી નથી. પરન્તુ 'કર્મણિ ૨-૨-૪૦' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અન્યથા આ સૂત્રમાં પ્રયોજ્ય પદાનુપાદાનથી મૈત્ર ની જેમ આત્મન્ નામને પણ ચતુર્થી વિભક્તિ થાત-એ સ્પષ્ટ છે. અર્થ - ચૈત્ર પોતાની પ્રશંસા કરે છે - એ મૈત્રને જણાવે છે.॥૬૦॥

तुमोऽर्थे भाववचनात् २।२।६१॥

સામાન્યથી કાર્યભૂત ક્રિયાવાચક ધાતુને કારણભૂત ક્રિયા વાચક પદ નજીકમાં હોય તો સૂ.નં. ૫-૩-૧૩ થી તુમ્ પ્રત્યયનું વિધાન કરાય છે. (સમ્પૂર્ણ સૂત્રાર્થ માટે તે સૂત્ર જુઓ.) તે તુમર્થ માં અર્થાદ્ જ્યારે જે ધાતુને તુમ્ પ્રત્યય થાય છે, ત્યારે તે ધાતુને 'भाववचनाः ૫-૩-૧૫' થી घञ् (અ) અને क्ति (તિ) વગેરે પ્રત્યયો થાય છે. આવા घञ् વગેરે ભાવવાચક પ્રત્યય જેના અન્તમાં છે તે ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. પાકાય વ્રજતિ અને ઇજ્યાયૈ વ્રજતિ અહીં પચ્ ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮' ની સહાયથી અને યજ્ ધાતુને 'आस्यटि० ૫-૩-૯૭' ની સહાયથી 'भाववचनाः ૫-૩-૧૫' થી घञ् (અ) અને क्यप् (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી પાક અને ઇજ્યા આ પ્રમાણે ભાવપ્રત્યયાન્ત નામો બને છે. તેને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થવાથી 'पाकाय व्रजति' અને 'इज्यायै व्रजति' આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રાંધવા માટે જાય છે. યજ્ઞ કરવા માટે જાય છે. तुमोऽर्थ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુમ્ પ્રત્યયાર્થમાં જ વિહિત घञादिभाव પ્રત્યયાન્ત ગૌણનામને ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી પાકસ્ય અહીં ઉપર જણાવ્યા મુજબ પચ્ ધાતુને 'भावा० ૫-૩-૧૮' થી ભાવમાં घञ् પ્રત્યયાદિ થવાથી નિષ્પન્ન પાક નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી નથી. પરન્તુ 'शेषे ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ- રાંધવાનું. (गृहादि.). भाववचनादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુમર્થક ભાવવાચક જ પ્રત્યયાન્ત (તુમર્થક પ્રત્યયાન્તમાત્ર નહીં) ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી पक्ष्यतीति पाचकस्य વ્રજ્યા અહીં પચ્ ધાતુને તુમર્થમાં 'क्रियायां० ૫-૩-૧૩' થી णकच् (અક) પ્રત્યયાદિ કાર્ય થવાથી કર્તૃ વાચક પાચક નામ બને છે. તેને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી

નથી. અન્યથા આ સૂત્રમાં ભાવવચન પદનું ઉપાદાન કર્યું ન હોત તો પાચકાય વ્રજતિ- આવો પ્રયોગ થવાનો પ્રસંગ આવ્યો હોત- એ સ્પષ્ટ છે. અર્થ- રાંધશે- તેથી રાંધનારનું ગમન છે.॥૬૧॥

गम्यस्याऽऽप्ये २।२।६२॥

જેનો અર્થ જણાતો હોય અને તેનો પ્રયોગ ન હોય, તેને ગમ્ય કહેવાય છે. ગમ્ય તુમ્ પ્રત્યયાર્થના વ્યાપ્ય વાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. એધેભ્યો વ્રજતિ અને ફલેભ્યો વ્રજતિ અહીં; એધાન્ આહર્ત્તું વ્રજતિ અને ફલાન્યાહર્ત્તું વ્રજતિ આ પ્રમાણે અર્થ જણાતો હોવાથી અને તુમ્ પ્રત્યયાન્તનો પ્રયોગ ન હોવાથી તુમર્થ આહરણક્રિયાના વ્યાપ્યવાચક ગૌણ નામ એધ અને ફલ ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. અર્થ ક્રમશઃ- લાકડાં લેવાં જાય છે. ફળો લેવાં જાય છે. गम्यस्येति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગમ્ય જ (પ્રયુક્ત નહીં) તુમર્થના વ્યાપ્ય વાચક ગૌણ નામને ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી 'एधानाहर्त्तुं याति' અહીં પ્રયુક્ત તુમર્થના વ્યાપ્યવાચક એધ નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ ન થવાથી 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ સ્પષ્ટ છે. ॥૬૨॥

गतेर्नवाऽनाप्ते २।२।६३॥

ગતિક્રિયાના અનાપ્ત આપ્ય (વ્યાપ્ય) વાચક ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી થાય છે. 'પગે ચાલવું'- એ ગતિ છે. ગમન ક્રિયા જન્ય ઉત્તરદેશના સંયોગરૂપ ફળનો આશ્રય ન હોય (અર્થાદ્ જેને પામ્યા ન હોઈએ) તેને અનાપ્ત કહેવાય છે. ग्रामाय याति અને विप्रनष्टः पथे याति અહીં કર્ત્તા ગમન ક્રિયાથી ગ્રામ અને પન્થ ને પામ્યો ન હોવાથી ગતિના અનાપ્ત વ્યાપ્યવાચક ગૌણ નામ ગ્રામ અને પથિન્

નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ચતુર્થી ન થાય ત્યારે 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા થવાથી ग्रामं याति અને विप्रनष्टः पन्थानं याति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગામ જાય છે. ભૂલો પડેલો માર્ગે જાય છે. गतेरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતિ ક્રિયાના જ (गम् धात्वर्थना नहीं) अनाप्त-व्याप्यवाचक गौणनामने विकल्पथी चतुर्थी विभक्ति थाय छे. तेथी स्त्रियं गच्छति अने मनसा मेरुं गच्छति अहीं गम् धात्वर्थ ज्ञाननो अनाप्त व्याप्यवाचक गौणनाम स्त्री अने मेरु ने आ सूत्रथी चतुर्थी विभक्ति न थवाथी उपर जणाव्या मुजब द्वितीया विभक्ति थाय छे. अर्थ क्रमशः- स्त्रीने प्राप्त करे छे. मनथी मेरु उपर जाय छे. अनाप्त इति किम्? सम्प्राप्ते मा भूत्= आ सूत्रथी उपर जणाव्या मुजब गतिक्रियाना अनाप्त ज व्याप्यवाचक गौण नामने विकल्पथी चतुर्थी विभक्ति थाय छे. तेथी सम्प्राप्त तादृश व्याप्यवाचक गौण नामने आ सूत्रथी चतुर्थी थती नथी. तेथी उपर जणाव्या मुजब द्वितीया थवाथी एवां स्थळे पन्थानं याति... इत्यादि ज प्रयोग थाय छे. अर्थ-मार्गमां जाय छे. (अहीं मार्ग प्राप्ति पछीनो आ प्रयोग छे.) ॥६३॥

मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने २।२।६४॥

नावादि (नौ वगेरे) गणपाठमांना नामोने छोडीने; मन् (१२६३) धातुना अत्यन्तनिन्दाना साधनभूत व्याप्यवाचक गौण नामने चतुर्थी विभक्ति विकल्पथी थाय छे. न त्वा तृणाय मन्ये अहीं आ सूत्रथी मन् धातुना व्याप्यभूत अत्यन्तनिन्दाना कारण वाचक गौण नाम तृण ने चतुर्थी विभक्ति थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी चतुर्थी विभक्ति न थाय त्यारे 'कर्मणि २-२-४०' थी द्वितीया विभक्ति थवाथी न त्वा तृणं मन्ये आवो प्रयोग थाय छे. अर्थ- हुं तने तृण पण मानतो नथी. मन्यस्य इति किम्?= आ सूत्रथी उपर जणाव्या मुजब नावादि

ગણપાઠમાંના નામોને છોડીને દિવાદિ (૪ થા) ગણના જ મન્ ધાતુના; અત્યન્ત નિન્દાના કારણભૂત વ્યાપ્યવાચક ગૌણનામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી ન ત્વા તૃણં મન્યે અહીં તનાદિ (૮ માં) ગણના મન્ ધાતુના તાદૃશ વ્યાપ્ય વાચક ગૌણ નામ તૃણ ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ- હું તમને તૃણ પણ માનતો નથી.

अनावादिभ्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિવાદિગણના મન્ ધાતુના વ્યાપ્યભૂત નાવાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન જ અત્યન્ત નિન્દાના કારણભૂત ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી ન ત્વા નાવમ્ अन्नं शुकं शृगालं काकं वा मन्ये અહીં તાદૃશ અત્યન્ત નિન્દાના કારણભૂત મન્ ધાતુના વ્યાપ્યવાચક નાવાદિગણપાઠમાંના ગૌણ નામ નૌ અન્ન શુક શૃગાલ અને કાક ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થઈ છે. અર્થ – હું તમને નૌકા, અન્ન, પોપટ, શિયાળ કે કાગડો પણ નથી માનતો. कुत्सन इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિવાદિગણના મન્ ધાતુના વ્યાપ્યભૂત અત્યન્ત નિન્દાના જ કારણવાચક ગૌણ નામને; તે જો નાવાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન હોય તો વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી ન ત્વા રત્નં મન્યે અહીં આ સૂત્રથી મન્ ધાતુના વ્યાપ્યભૂત રત્નાર્થક ગૌણ નામ રત્ન ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ – હું તમને રત્ન નથી માનતો, તેથી અધિક માનું છું. અહીં રત્ન અતિકુત્સાનું સાધન નથી પરન્તુ પ્રશંસાનું સાધન છે - એ સ્પષ્ટ છે. करणाश्रयणं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિવાદિગણના મન્ ધાતુના વ્યાપ્યભૂત નાવાદિ ગણપાઠમાંના નામોથી ભિન્ન અત્યન્ત નિન્દાના સાધનભૂત જ અર્થના વાચક ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી ન ત્વા તૃણાય મન્યે અહીં આ સૂત્રથી યુષ્મદ્ નામને ચતુર્થી વિભક્તિ થતી

નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થાય છે. અહીં દિવાદિગણના મન્ ધાતુના વ્યાપ્ય યુષ્મદ્ અને તૃણ છે. તેમાં તૃણ અતિકુત્સાનું સાધન છે. અને યુષ્મદ્ અતિકુત્સ્ય છે. સૂત્રસ્થ અતિકુત્સન શબ્દ નું તાત્પર્ય અતીવ કુત્સ્યતે યેન તદતિકુત્સનં તસ્મિન્ અતિકુત્સને વ્યાપ્યે - આ પ્રમાણે કરણભૂત વ્યાપ્યમાં વિવક્ષિત છે. એના બદલે અતિકુત્સા સ્વરૂપ ભાવમાં જ તાત્પર્ય રાખીએ તો; "અત્યન્ત કુત્સા ગમ્યમાન હોય ત્યારે દિવાદિગણના મન્ ધાતુના, નાવાદિ ગણપાઠમાંના નામોથી ભિન્ન વ્યાપ્યવાચક ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે." આવો સૂત્રાર્થ થશે. અને તેથી ઉપર જણાવ્યા મુજબ યુષ્મદ્ નામને પણ ચતુર્થી થવાનો પ્રસંગ આવશે – ઈત્યાદિ બરાબર સમજી લેવું.

અતીતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દિવાદિગણના મન્ ધાતુના વ્યાપ્યભૂત નાવાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન અત્યન્ત જ નિન્દા નાં સાધન વાચક (માત્ર નિન્દાનાં સાધન વાચક નહીં) ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. તેથી ત્વાં તૃણં મન્યે અહીં તાદૃશ મન્ ધાતુના વ્યાપ્યભૂત નાવાદિગણપાઠમાંના નામથી ભિન્ન નિન્દાનાં સાધન વાચક ગૌણ નામ તૃણ ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થતી નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયા વિભક્તિ થાય છે. અર્થ – હું તમને તૃણ માનું છું. અહીં સ્પષ્ટ પણે સમજી શકાય છે કે નઞ્ (ન) નો પ્રયોગ ન હોવાથી અત્યન્ત નિન્દા ગમ્યમાન નથી. અર્થાદ્ નિન્દાનું જ સાધન તૃણ છે. અત્યન્ત નિન્દાનું સાધન અહીં તૃણ નથી. ॥૬૪॥

हित-सुखाभ्याम् २।२।६५॥

હિત અને સુખ થી યુક્ત ગૌણ નામને વિકલ્પથી ચતુર્થી વિભક્તિ થાય છે. આમયાવિને હિતમ્; ચૈત્રાય સુખમ્ અહીં હિત અને સુખ થી

યુક્ત ગૌણ નામ આમયાવિન્ અને ચૈત્ર ને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ ન થાય ત્યારે 'शेषे २-२-८१' થી ષષ્ઠી વિભક્તિ થવાથી આમયાવિનો હિતમ્ અને चैत्रस्य सुखम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – આમરોગવાળાનું હિતકર. ચૈત્રનું સુખ.॥૬૫॥

तद्-भद्रा-ऽऽयुष्य-क्षेमाऽर्थाऽर्थेनाऽऽशिषि २।२।६६॥

ઐકાર્થ્ય વિકલ્પથી થાય છે. અર્થાદ્ અન્તવાચક નામને જે વિભક્તિ થાય છે તે વિભક્તિ તે માર્ગવાચક ગૌણનામને પણ વિકલ્પથી થાય છે. 'गवीधुमतः सांकाश्यं चत्वारि योजनानि' અહીં ગવીધુમ થી ચાર યોજનનો માર્ગ વિવક્ષિત છે. તે ચાર યોજનના માર્ગની સમાપ્તિ સાંકાશ્ય માં થાય છે. તેથી તે માર્ગનો અન્ત સાંકાશ્ય છે. ચાર યોજન માર્ગની (તત્કર્મક) ગમન ક્રિયાના કાલથી સાંકાશ્ય પ્રાપ્તિ સ્વરૂપ ક્રિયા કાલનું જ્ઞાન થાય છે. તેથી માર્ગવાચક चतुर् યોજન નામને આ સૂત્રથી તે માર્ગના અન્ત વાચક સાંકાશ્ય નામનું સામાનાધિકરણ્ય થાય છે. અર્થાત્ સાંકાશ્ય નામને થયેલી પ્રથમા વિભક્તિ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સમાન વિભક્તિ સ્વરૂપ ઐકાર્થ્ય ન થાય ત્યારે 'यद्भावो० २-२-१०६' થી चतुर् અને યોજન નામને સપ્તમી થવાથી 'गवीधुमतः सांकाश्यं चतुर्षु योजनेषु' આવો પ્રયોગ થાય છે. અર્થ - ગવીધુમથી ચાર યોજન સાંકાશ્ય છે. (ચાર યોજન ગયે છતે સાંકાશ્ય આવે છે.) गत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતાર્થ જ ગમ્યમાન હોય તો જેની ક્રિયાના કાલથી અન્ય ક્રિયા કાલનું જ્ઞાન થાય તે માર્ગવાચક ગૌણ નામને તેના અન્ત વાચક નામનું ઐકાર્થ્ય વિકલ્પથી થાય છે. તેથી જ્યાં ગતાર્થ ગમ્યમાન ન હોય પરન્તુ અન્ય દગ્ધાર્થ કે લુપ્તાર્થ ગમ્યમાન હોય ત્યારે તાદૃશ અન્ત વાચક નામનું ઐકાર્થ્ય - સમાન વિભક્તિકત્વ તાદૃશ માર્ગવાચક ગૌણ નામને થતું નથી. ત્યાં ઉપર જણાવ્યા મુજબ સપ્તમી વિભક્તિ જ થાય છે. गम्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતાર્થ ગમ્ય જ (गत શબ્દનો પ્રયોગ ન હોય તો જ) હોય તો જેની ક્રિયાના કાલથી અન્યક્રિયા કાલનું જ્ઞાન થાય તે માર્ગવાચક ગૌણ નામને તેના અન્તવાચક નામનું ઐકાર્થ્ય વિકલ્પથી થાય છે. તેથી 'गवीधुमतः सांकाश्यं चतुर्षु योजनेषु गतेषु' અહીં गत શબ્દનો પ્રયોગ હોવાથી અર્થાદ્ ગતાર્થ ગમ્ય નહીં, પણ ઉક્ત હોવાથી માર્ગવાચક ગૌણનામ चतुर् ને અને યોજન ને તેના અન્ત વાચક સાંકાશ્ય નામનું ઐકાર્થ્ય; આ

સૂત્રથી થતું નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ નિત્ય જ સપ્તમી વિભક્તિ થાય છે. અર્થ - ગવીધુમથી ચાર યોજન ગયે છતે સાંકાશ્ય આવે છે. અધ્વન્ન ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતાર્થ ગમ્યમાન હોય તો; જેની ક્રિયાના કાલથી અન્યક્રિયા કાલનું જ્ઞાન થાય તે માર્ગવાચક જ ગૌણનામને તેના અન્ત વાચક નામનું સામાનાધિકરણ્ય વિકલ્પથી થાય છે. તેથી 'कार्त्तिक्या आग्रहायणी मासे' અહીં આ સૂત્રથી માસ નામ માર્ગવાચક ન હોવાથી તેને તેના અન્ત વાચક આગ્રહાયણી નામનું સામાનાધિકરણ્ય થતું નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ નિત્ય જ સપ્તમી વિભક્તિ થાય છે. અર્થ – કારતક પુનમથી એકમાસે (એક મહિનો ગયે છતે) માગસરની પુનમ આવે છે. अन्तेनेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતાર્થ ગમ્યમાન હોય તો; જેની ક્રિયાના કાલથી અન્ય ક્રિયા કાલનું જ્ઞાન થાય તે માર્ગવાચક ગૌણ નામને તેના અન્તવાચક જ નામનું ઐકાર્થ્ય વિકલ્પથી થાય છે. પરન્તુ જેની ક્રિયાના કાલનું જ્ઞાન થાય છે તેનું સામાનાધિકરણ્ય થતું નથી. તેથી 'अद्य नश्चतुर्षु गव्यूतेषु भोजनम्' અહીં ચાર ગાઉ માર્ગની ગમન ક્રિયાના કાલથી ભોજન ક્રિયા કાલનું જ્ઞાન થવા છતાં ભોજન તદન્તવાચક નામ ન હોવાથી તેનું સામાનાધિકરણ્ય માર્ગવાચક चतुर् અને गव्यूत નામને આ સૂત્રથી થતું નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમી વિભક્તિ નિત્ય જ થાય છે. અર્થ – આજે અમને ચાર ગાઉએ (ચાર ગાઉ ગયે છતે) ભોજન (મળ્યું).॥૧૦૭॥

षष्ठी वाऽनादरे २।२।१०८॥

અનાદર ગમ્યમાન હોય તો; જેની ક્રિયાના કાલથી અન્યક્રિયા કાલનું જ્ઞાન થાય, તદ્વાચક ગૌણ નામને વિકલ્પથી ષષ્ઠી વિભક્તિ થાય છે. रुदतो लोकस्य प्राव्राजीत् અહીં આ સૂત્રથી रुदत् અને लोक નામને

ષષ્ઠી વિભક્તિ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ ન થાય ત્યારે 'यद्भावो० २-२-१०६' થી સપ્તમી વિભક્તિ થવાથી रुदति लोके प्राव्राजीत् આવો પ્રયોગ થાય છે. અર્થ – લોકોને રડતા રાખી તેણે દીક્ષા લીધી. ॥१०८॥

सप्तमी चाऽविभागे निर्धारणे २।२।१०९॥

'જાતિ ગુણ અને ક્રિયા વગેરે દ્વારા સમુદાયથી એક દેશનું બુદ્ધિદ્વારા જુદુ કરવું' તેને નિર્ધારણ કહેવાય છે. નિર્ધારણ ગમ્યમાન હોય તો ગૌણ (સમુદાયવાચક) નામને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે. પરન્તુ અવિભાગ અર્થાદ્ જેનું પૃથક્કરણ કરતા હોઈએ તે, સમુદાયથી કથંચિદ્ એક છે – એવું શબ્દથી પ્રતીત થતું હોવું જોઈએ. क्षत्रियो नृणां शूरः અહીં મનુષ્યોના સમુદાયથી ક્ષત્રિયોનું ક્ષત્રિયત્વ જાતિથી બૌદ્ધિક પૃથક્કરણ છે. આમ છતાં नृ શબ્દના પ્રયોગથી મનુષ્ય સમુદાયથી ક્ષત્રિયો મનુષ્યત્વરૂપે એક - સમાન છે - એવું ધણ જણાય છે. તેથી ગૌણનામ नृ ને આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થાય છે તેમ જ આ સૂત્રથી સપ્તમી થાય ત્યારે ક્ષત્રિયો नृषु शूरः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कृष्णा गवां गोषु वा बहुक्षीरा; धावन्तो यातां यात्सु वा शीघ्रतमाः અને युधिष्ठिरः श्रेष्ठतमः कुरूणां कुरुषु वा અહીં અનુક્રમે કૃષ્ણ ગુણથી ધાવન ક્રિયાથી અને યુધિષ્ઠિર નિષ્ઠ તદ્દ્રવ્યકૃતિત્વથી નિર્ધારણ; તથા ગોત્વરૂપે યાતૃત્વરૂપે અને કુરુત્વેન રૂપે કથંચિદ્ ઐક્ય પણ નિર્ધાર્યમાણ કૃષ્ણગાયમાં; દોડતા મનુષ્યાદિમાં અને યુધિષ્ઠિરમાં પ્રતીત થતું હોવાથી ગૌણનામ गो, यात् અને कुरु ને આ સૂત્રથી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે. અર્થ ક્રમશઃ – માણસોમાં ક્ષત્રિય શૂર છે. ગાયોમાં કાળી ગાય ઘણા દુધવાળી હોય છે. ચાલવાવાલાઓમાં દોડનારા ઘણા શીઘ્ર હોય છે (જલ્દી પહોંચનારા). કુરુવંશીયોમાં યુધિષ્ઠિર શ્રેષ્ઠતમ છે. अविभाग इति किम्? = આ

સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિર્ધારણના વિષયમાં ગૌણ નામને અવિભાગ ગમ્યમાન હોય તો જ ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે. તેથી મૈત્ર શ્ચૈત્રાત્ પટુઃ અહીં તદ્વ્યક્તિત્વરૂપે નિર્ધારણ હોવા છતાં; મૈત્રનું-ચૈત્રની સાથે મનુષ્યત્વાદિ રૂપે ઐક્ય હોવા છતાં તદ્બોધક કોઈ શબ્દનો પ્રયોગ ન હોવાથી અવિભાગ ગમ્યમાન નથી. તેથી ગૌણનામ ચૈત્ર ને આ સૂત્રથી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થતી નથી. પરન્તુ 'પઞ્ચમ્યપાદાને ૨-૨-૬૯' થી પઞ્ચમી વિભક્તિ જ થાય છે. અર્થ – ચૈત્રથી મૈત્ર હોંશિયાર છે.॥૧૦૯॥

क्रियामध्येऽध्व-काले पञ्चमी च २।२।११०॥

બે ક્રિયાઓની વચ્ચેનો જે માર્ગ અને કાલ તે માર્ગવાચક અને કાલવાચક ગૌણ નામને પઞ્ચમી અને સપ્તમી વિભક્તિ થાય છે. इहस्थोऽयमिश्वासः क्रोशात्लक्ष्यं विध्यति क्रोशे वा लक्ष्यं विध्यति અહીં બાણ મુકનારની સ્થિતિ સ્વરૂપ અથવા બાણ છોડવા સ્વરૂપ એક ક્રિયા છે અને લક્ષ્ય વિંધવા સ્વરૂપ બીજી ક્રિયા છે. એ બે ક્રિયાની વચ્ચેનો માર્ગ એક ક્રોશ છે, તદ્વાચક ગૌણ નામ ક્રોશ ને આ સૂત્રથી પઞ્ચમી અને સપ્તમી વિભક્તિ થાય છે. अद्य भुक्त्वा मुनि द्व्यहाद् भोक्ता द्व्यहे वा भोक्ता અહીં બે ભોજન ક્રિયાની વચ્ચેના કાલવાચક ગૌણ નામ દ્વ્યહ ને આ સૂત્રથી પઞ્ચમી અને સપ્તમી વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ – અહીં રહેલો આ ઈશ્વાસ- બાણમારનારો એક કોસપર રહેલા લક્ષ્યને વિંધે છે. આજે ખાઈને મુનિ બે દિવસ પછી ખાશે. ॥૧૧૦॥

अधिकेन भूयसस्ते २।२।१११॥

અલ્પપરિમાણ વાચક અધિક શબ્દથી યુક્ત મહત્પરિમાણવાચક

ગૌણ નામને પઞ્ચમી વિભક્તિ અને સપ્તમી વિભક્તિ થાય છે. અધિરૂઢ અર્થમાં અધિક શબ્દ નિપાતિત છે. અધિરોહતીતિ અધિરૂઢઃ આ રીતે કર્ત્તામાં વિહિત क्त પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અધિરૂઢાર્થક અધિક શબ્દનો અર્થ અલ્પપરિમાણ થાય છે. કારણ કે મોટામાપ ઉપર નાનું માપ (શેર ઉપર અડધો શેર ..... ઈત્યાદિ) મુકાય છે; તેથી અધિરોહણ કર્ત્તા અલ્પપરિમાણ છે. પરન્તુ અધ્યારૂહ્યત ઇતિ અધિરૂઢઃ આ રીતે કર્મમાં વિહિત क्त પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અધિરૂઢાર્થક અધિક શબ્દનો અર્થ મહત્પરિમાણ છે. કારણકે મોટામાપ ઉપર નાનું માપ હોવાથી અધિરોહણકર્મ મહત્પરિમાણ છે. આ રીતે અધિક શબ્દ, અલ્પ - મહદ્ ઉભય પરિમાણવાચક છે. આ સૂત્રમાં મહત્પરિમાણ વાચક भूयस् પદનું ઉપાદાન હોવાથી તત્સમ્બન્ધી અલ્પપરિમાણ વાચક અધિક શબ્દની અહીં વિવક્ષા છે - એ સમજી શકાય છે. તેમજ આ સૂત્રમાંથી 'तृतीया० २-२-११२' માં અનુવર્ત્તમાન અધિક શબ્દ; તે સત્રોક્ત अल्पीयस् શબ્દના સામર્થ્યથી મહત્પરિમાણાર્થક છે - એ પણ સમજી શકાશે. अधिको द्रोणः खार्याः અને अर्धिको द्रोणः खार्याम् અહીં અધિક શબ્દથી યુક્ત ભૂયોવાચક ગૌણ નામ ખારી ને આ સૂત્રથી પઞ્ચમી અને સપ્તમી વિભક્તિ થાય છે. અર્થ - ખારી થી (૧ મણથી) દ્રોણ (૧૦ શેર) અધિક (નાનો) છે. ॥૧૧૧॥

तृतीयाऽल्पीयसः २।२।११२॥

પૂર્વ (૨-૨-૧૧૧) સૂત્રમાં જણાવ્યા મુજબ મહત્પરિમાણવાચક અધિક શબ્દથી યુક્ત અલ્પ પરિમાણવાચક ગૌણ નામને તૃતીયા વિભક્તિ થાય છે. अधिका खारी द्रोणेन અહીં અધિક શબ્દથી યુક્ત અલ્પપરિમાણવાચક ગૌણ નામ द्रोण ને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. અર્થ - દ્રોણથી ખારી અધિક (મોટી) છે. ॥૧૧૨॥

पृथग् - नाना पञ्चमी च २।२।११३॥

પૃથગ્ અને નાના શબ્દથી યુક્ત ગૌણ નામને પઞ્ચમી અને તૃતીયા વિભક્તિ થાય છે. પૃથગ્ મૈત્રાત્; પૃથગ્ મૈત્રેણ અને નાના ચૈત્રાત્; નાના ચૈત્રેણ અહીં પૃથગ્ શબ્દથી યુક્ત ગૌણ નામ મૈત્ર ને અને નાના શબ્દથી યુક્ત ગૌણ નામ ચૈત્ર ને આ સૂત્રથી પઞ્ચમી અને તૃતીયા વિભક્તિ થાય છે. અર્થ ક્રમશઃ - મૈત્રથી જુદો છે. ચૈત્રથી ભિન્ન છે. ॥૧૧૩॥

ऋते द्वितीया च २।२।११४॥

ऋते અવ્યયથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા અને પઞ્ચમી વિભક્તિ થાય છે. ऋते धर्मं कुतः सुखम् અને ऋते धर्मात् कुतः सुखम् અહીં ऋते શબ્દથી યુક્ત ગૌણ નામ ધર્મ ને આ સૂત્રથી દ્વિતીયા અને પઞ્ચમી વિભક્તિ થાય છે. અર્થ - ધર્મ વિના સુખ ક્યાંથી? ॥૧૧૪॥

विना ते तृतीया च २।२।११५॥

વિના અવ્યયથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા તૃતીયા અને પઞ્ચમી વિભક્તિ થાય છે. વિના વાતમ્; વિના વાતેન અને વિના વાતાદ્ અહીં વિના શબ્દથી યુક્ત ગૌણનામ વાત ને આ સૂત્રથી દ્વિતીયા, તૃતીયા અને પઞ્ચમી વિભક્તિ થાય છે. અર્થ – પવનવિના. ॥૧૧૫॥

तुल्यार्थैस्तृतीया-षष्ठ्यौ २।२।११६॥

તુલ્યાર્થક નામોથી યુક્ત ગૌણ નામને તૃતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે. मात्रा तुल्यः, मातुस्तुल्यः અને मात्रा समः, मातुः समः અહીં તુલ્યાર્થક तुल्य અને सम શબ્દથી યુક્ત ગૌણ નામ मातृ ને આ સૂત્રથી

તૃતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે. અર્થ (બંન્નેનો) - માતાની જેવો. અહીં યાદ રાખવું કે સૂત્રમાં તૃતીયા-ષષ્ઠ્યૌ ના સ્થાને તૃતીયા વા આવો પાઠ કરીને તૃતીયાના વિકલ્પપક્ષમાં 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠીનું વિધાન શક્ય હોવા છતાં તૃતીયા વા આવો પાઠ નહીં કરવાનું કારણ 'સ્વામીશ્વરા૦ ૨-૨-૯૮' થી વિહિત સપ્તમી વિભક્તિ ન થાય - એ છે. અન્યથા ગોભિસ્તુલ્યઃ સ્વામી, ગવાં તુલ્યઃ સ્વામી ... ઈત્યાદિ સ્થળે તે સૂત્રથી (૨-૨-૯૮ થી) સપ્તમી પણ થાત - એ ભણાવનાર પાસેથી સમજી લેવું.॥૧૧૬॥

द्वितीया-षष्ठ्यावेनेनाऽनञ्चेः २।२।११७॥

અञ્ચ્ ધાતુ જેની અન્તમાં છે એવા નામથી પરમાં વિહિત ન હોય એવા એન પ્રત્યયાન્ત શબ્દથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે. પૂર્વેણ ગ્રામમ્ અને પૂર્વેણ ગ્રામસ્ય અહીં પૂર્વ શબ્દથી 'અદૂરે એનઃ ૭-૨-૧૨૨' થી વિહિત એન પ્રત્યયાન્ત પૂર્વેણ (અધણ્તસ્વા૦ ૧-૧-૩૨ થી અવ્યયસંજ્ઞા) શબ્દથી યુક્ત ગૌણ નામ ગ્રામ ને આ સૂત્રથી દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે. અર્થ - ગામની નજીક પૂર્વ દિશામાં. અનञ્ચેરિતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એન પ્રત્યય અञ્ચ્ ધાત્વન્ત નામથી પરમાં વિહિત ન હોય તો જ તે એન પ્રત્યયાન્ત શબ્દથી યુક્ત ગૌણ નામને દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે. તેથી પ્રાગ્ ગ્રામાત્ અહીં અञ્ચ્ ધાત્વન્ત પ્રાચ્ નામને ઉપર જણાવ્યા મુજબ વિહિત એન પ્રત્યયનો 'લુબञ્ચઃ ૭-૨-૧૨૩' થી લુપ્ થવાથી એન પ્રત્યયાન્ત પ્રાચ્ શબ્દ બને છે. તેનાથી યુક્ત ગૌણ નામ ગ્રામ ને આ સૂત્રથી દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ ન થવાથી 'પ્રભૃત્યન્યાર્થ૦ ૨-૨-૭૫' થી પञ્ચમી વિભક્તિ થાય છે. અર્થ - ગામની નજીક પૂર્વ દિશામાં.॥૧૧૭॥

हेत्वर्थैस्तृतीयाद्याः २।२।११८॥

હેત્વર્થક (હેતુ નિમિત્ત કારણ .....) નામોથી યુક્ત ગૌણનામને (અર્થાત્ તત્સમાનાર્થક - જે હેતુસ્વરૂપ હોય તદર્થવાચક નામને) તૃતીયા ચતુર્થી પઞ્ચમી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે. ધનેન હેતુના વસતિ; ધનાય હેતવે વસતિ; ધનાદ્ હેતો ર્વસતિ; ધનસ્ય હેતો ર્વસતિ અને ધને હેતૌ વસતિ અહીં હેત્વર્થક હેતુ શબ્દથી યુક્ત ગૌણ નામ ધન ને આ સૂત્રથી તૃતીયા ચતુર્થી પઞ્ચમી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે. આવીજ રીતે ધનેન નિમિત્તેન વસતિ ..... ઈત્યાદિ સ્થળે પણ નિમિત્તાદિ શબ્દથી યુક્ત ગૌણ નામ ધનાદિ ને તૃતીયા વગેરે વિભક્તિ આ સૂત્રથી થાય છે. અહીં યાદ રાખવું કે ધનાદિ ને અને હેત્વર્થક *નામોને અભેદ સમ્બન્ધથી વિશેષણ વિશેષ્યભાવ હોય ત્યારે જ આ* સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તૃતીયા વગેરે વિભક્તિઓ થાય છે. તેથી હેત્વર્થક નામોને પણ આ જ સૂત્રથી તૃતીયા વગેરે વિભક્તિ થાય છે. અન્યથા જ્યાં આ રીતે વિશેષણવિશેષ્યભાવ ન હોય ત્યાં ધનસ્ય હેતુઃ ઈત્યાદિ સ્થળે 'शेषे २-२-८१' થી ષષ્ઠી જ વિભક્તિ થાય છે. અર્થ - ધન માટે રહે છે.॥११८॥

सर्वादिः सर्वाः २।२।११९॥

હેત્વર્થક નામથી યુક્ત સર્વ વગેરે (સર્વ વિશ્વ.... વગેરે) નામોને પ્રથમાં દ્વિતીયા તૃતીયા ..... વગેરે બધી વિભક્તિઓ થાય છે. કો હેતુ ર્યાતિ; કં હેતું યાતિ; કેન હેતુના યાતિ; કસ્મૈ હેતવે યાતિ; કસ્માદ્ હેતો ર્યાતિ; કસ્ય હેતો ર્યાતિ અને કસ્મિન્ હેતૌ યાતિ અહીં હેત્વર્થક હેતુ નામથી યુક્ત સર્વાદિ (જુઓ સૂ. નં. ૧-૪-૭) કિમ્ નામને આ સૂત્રથી પ્રથમા દ્વિતીયા વગેરે બધી જ વિભક્તિઓ થાય છે. આ સૂત્ર પણ પૂર્વ સૂત્રની જેમ જ અભેદ સમ્બન્ધથી વિશેષણવિશેષ્યભાવ સ્થળે જ

પ્રથમાદિ વિભક્તિઓનું વિધાન કરે છે. અન્યથા કસ્ય હેતુઃ..... ઇત્યાદિ પ્રયોગોમાં ષષ્ઠી વિભક્તિ જ થાય છે. અર્થ - કયા કારણથી જાય છે. ॥૧૧૯॥

असत्त्वारादर्थात् टा-ङसि-ङ्यम् २।२।१२०॥

आरात् શબ્દ; દૂર અને અન્તિક - આ બંન્ને અર્થનો વાચક છે. અસત્ત્વવાચક આરાદર્થક અર્થાદ્ દૂરાર્થક અને અન્તિકાર્થક નામને ટા (તૃ. એ. વચન); ङसि (પં. એ. વચન); ङि (સપ્ત. એ. વચન) અને अम् (દ્વિ. એ. વચન) વિભક્તિ થાય છે. અહીં અસત્ત્વભૂત આરાદર્થ પ્રધાન હોવાથી તદ્વાચક નામમાં ગૌણત્વનો સંભવ ન હોવાથી આ સૂત્રમાં गौणात् ની અનુવૃત્તિ નથી. दूरेण ग्रामस्य वसति; दूराद् ग्रामस्य वसति; दूरे ग्रामस्य वसति અને दूरं ग्रामस्य वसति તેમજ दूरेण ग्रामाद् वसति; दूराद् ग्रामाद् वसति; दूरे ग्रामाद् वसति અને दूरं ग्रामाद् वसति અહીં 'स्तोकाल्प० २-२-७९' માં જણાવ્યા મુજબ અસત્ત્વવાચક દૂરાર્થક दूर નામને આ સૂત્રથી ટા, ङसि, ङि અને अम् વિભક્તિ થાય છે. તેમજ दूर નામથી યુક્ત ગૌણ નામ ગ્રામ ને 'आरादर्थैः २-२-७८' થી પંચમી વિભક્તિ થાય છે. અને 'शेषे २-२-८१' થી ષષ્ઠી વિભક્તિ થાય છે. આવી જ રીતે દૂરાર્થક વિપ્રકૃષ્ટ નામને પણ આ સૂત્રથી ટા ङसि ङि અને अम् વિભક્તિ કરીને विप्रकृष्टेन ग्रामाद् वसति..... ઇત્યાદિ પ્રયોગો સમજી લેવા. अन्तिकेन ग्रामाद् वसति; अन्तिकाद् ग्रामाद् वसति; अन्तिके ग्रामाद् वसति અને अन्तिकं ग्रामाद् वसति તેમજ अन्तिकेन ग्रामस्य वसति; अन्तिकाद् ग्रामस्य वसति; अन्तिके ग्रामस्य वसति અને अन्तिकं ग्रामस्य वसति અહીં અસત્ત્વવાચક અન્તિકાર્થક अन्तिक નામને આ સૂત્રથી ટા ङसि ङि અને अम् વિભક્તિ થાય છે.અને ગ્રામ ને ઉપર જણાવ્યા મુજબ પંચમી અને ષષ્ઠી વિભક્તિ થાય છે. આવી જ રીતે अभ्यासेन ग्रामाद् वसति ..... ઇત્યાદિ

પ્રયોગોમાં પણ સમજી લેવું. અર્થક્રમશઃ - ગામથી દૂર રહે છે. ગામની નજીક રહે છે. असत्त्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસત્ત્વવાચક જ આરાદર્થક નામને टा ङसि ङि અને अम् પ્રત્યય થાય છે. તેથી दूरः पन्थाः અને अन्तिकः पन्थाः અહીં સૂ. નં. ૨-૨-૭૯ માં જણાવ્યા મુજબ દૂર અને અન્તિક નામ અસત્ત્વવાચક ન હોવાથી આ સૂત્રથી તેને टा ङसि ङि અને अम् વિભક્તિ થતી નથી. પરન્તુ 'नाम्नः प्रथमैक० २-२-३१' થી પ્રથમા વિભક્તિ થાય છે. અર્થક્રમશઃ - માર્ગ દૂર. (છે.) માર્ગ નજીક. (છે.). ॥૧૨૦॥

जात्याख्यायां नवैकोऽसङ्ख्यो बहुवत् २।२।१२१॥

જાતિવાચક શબ્દોથી જાત્યર્થનું પ્રતિપાદન હોય તો સઙ્ખ્યાવિશેષણથી રહિત એકત્વવિશિષ્ટ જાતિરૂપ અર્થ વિકલ્પથી બહુત્વવિશિષ્ટ મનાય છે. અર્થાત્ તાદૃશ જાતિવાચક નામને વિકલ્પથી બહુવચનનો વિભક્તિ પ્રત્યય થાય છે. सम्पन्ना यवाः અહીં જાતિવાચક यव શબ્દથી यवत्व જાતિની आख्या-અભિધા (પ્રતિપાદન) હોવાથી સઙ્ખ્યા વિશેષણથી રહિત એકત્વ વિશિષ્ટ એ यवत्व જાતિ રૂપ અર્થ આ સૂત્રથી બહુત્વ વિશિષ્ટ મનાય છે. તેથી તદ્વાચક यव નામને 'नाम्नः प्रथमै० २-२-३१' થી બહુવચનનો પ્રથમા વિભક્તિનો जस् પ્રત્યય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તાદૃશ જાતિસ્વરૂપ અર્થને બહુવદ્ભાવ ન થાય ત્યારે તાદૃશ એકત્વ વિશિષ્ટ જાતિવાચક यव નામને એકવચનનો પ્રથમા વિભક્તિનો सि પ્રત્યય થવાથી सम्पन्नो यवः આવો પ્રયોગ થાય છે. सम्पन्न- આ यवનું વિશેષણ હોવાથી તેને यव ની જેમજ બહુવચન અને એકવચનનો પ્રત્યય થાય છે. અર્થ- જવ થયા. जातीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક શબ્દથી જાતિનું અભિધાન હોય તો સઙ્ખ્યા વિશેષણથી રહિત એકત્વવિશિષ્ટ જાતિરૂપ જ અર્થ; વિકલ્પથી બહુત્વ વિશિષ્ટ મનાય

છે. તેથી चैत्रः અહીં सङ्ख्याविशेषण રહિત એકત્વ વિશિષ્ટ ચૈત્ર રૂપ[तद्व्यक्ति] અર્થ જાતિસ્વરૂપ ન હોવાથી આ સૂત્રથી તેને બહુવદ્ભાવ થતો નથી. તેથી ચૈત્ર નામને ઉપર જણાવ્યા મુજબ એકવચનનો सि પ્રત્યય થાય છે. અર્થ - ચૈત્ર. आख्यायामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક શબ્દથી જાતિનું અભિધાન હોય તો જ; सङ्ख्याविशेषण રહિત એકત્વવિશિષ્ટ જાતિ સ્વરૂપ અર્થ, વિકલ્પથી બહુત્વવિશિષ્ટ મનાય છે. તેથી काश्यपप्रतिकृतिः काश्यपः અહીં જાતિવાચક શબ્દથી (कश्यपस्यापत्यम् આ અર્થમાં કશ્યપ નામને 'विदादे० ६-१-४१' થી तद्धितનો अञ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી काश्यप શબ્દ બને છે. તે ગોત્ર પ્રત્યયાન્ત હોવાથી જાતિવાચક નામ છે.) काश्यप જાતિનું અભિધાન નથી. પરન્તુ काश्यप જાતીય પ્રતિકૃતિ (પ્રતિમા) નું અભિધાન છે. તેથી તાદૃશ એકત્વવિશિષ્ટ सङ्ख्याविशेषण રહિત પ્રતિકૃતિ અર્થને આ સૂત્રથી બહુવદ્ભાવ ન થવાથી काश्यप નામને ઉપર જણાવ્યા મુજબ પ્રથમા વિભક્તિનો એકવચનનો सि પ્રત્યય થાય છે. અર્થ– કશ્યપ ગોત્રમાં જન્મેલાની પ્રતિમા. असङ्ख्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક શબ્દથી જાતિનું અભિધાન હોય તો सङ्ख्याविशेषण રહિત જ એકત્વવિશિષ્ટ જાતિરૂપ અર્થ વિકલ્પથી બહુત્વવિશિષ્ટ મનાય છે. તેથી एको व्रीहिः सम्पन्नः सुभिक्षं करोति અહીં તાદૃશ એકત્વવિશિષ્ટ व्रीहित्व જાતિ સ્વરૂપ અર્થ; सङ्ख्याविशेषण રહિત ન હોવાથી તેને બહુવદ્ભાવ થતો નથી. તેથી तद्वाचक व्रीहि નામને પ્રથમાવિભક્તિનો એકવચનનો सि પ્રત્યય થાય છે. અર્થ – સમ્પન્ન એક વ્રીહિ (ડાંગર) સુભિક્ષ કરે છે. ॥૧૨૧॥

अविशेषणे द्वौ चास्मदः २।२।१२२॥

એકત્વ અને દ્વિત્વ વિશિષ્ટ વિશેષણ રહિત अस्मद् શબ્દાર્થ

વિકલ્પથી બહુવદ્ મનાય છે. આવાં બ્રૂવઃ; વયં બ્રૂમઃ અહીં વિશેષણ રહિત દ્વિત્વવિશિષ્ટ અસ્મદ્ શબ્દાર્થ આ સૂત્રથી બહુત્વવિશિષ્ટ મનાય છે. તેથી તદ્વાચક અસ્મદ્ નામને 'નામ્નઃ પ્રથમૈ૦ ૨-૨-૩૧' થી પ્રથમા વિભક્તિનો બહુવચનનો જસ્ પ્રત્યય વગેરે કાર્ય થવાથી વયં બ્રૂમઃ આવો પ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસ્મદ્ શબ્દાર્થને બહુવદ્ ભાવ ન થાય ત્યારે અસ્મદ્ નામને દ્વિવચનનો પ્રથમા વિભક્તિનો औ પ્રત્યય થવાથી આવાં બ્રૂવઃ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે વિશેષણ રહિત એકત્વવિશિષ્ટ અસ્મદ્ શબ્દાર્થ આ સૂત્રથી બહુત્વ વિશિષ્ટ મનાય છે. તેથી તદ્વાચક અસ્મદ્ નામને ઉપર જણાવ્યા મુજબ પ્રથમા બહુવચનનો જસ્ પ્રત્યય વગેરે કાર્ય થવાથી વયં બ્રૂમઃ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી બહુવદ્ભાવ ન થાય ત્યારે અસ્મદ્ નામને પ્રથમા એકવચનનો સિ પ્રત્યય વગેરે કાર્ય થવાથી અહં બ્રવીમિ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– અમે બે બોલીએ છીએ. હું બોલું છું. અવિશેષણ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષણરહિત જ એકત્વ કે દ્વિત્વ વિશિષ્ટ અસ્મદ્ શબ્દાર્થ વિકલ્પથી બહુવદ્ મનાય છે. તેથી આવાં ગાર્ગ્યૌ બ્રૂવઃ અને અહં ચૈત્રો બ્રવીમિ અહીં દ્વિત્વવિશિષ્ટ અસ્મદ્ શબ્દાર્થ ગાર્ગ્ય સ્વરૂપ વિશેષણથી સહિત છે તેમ જ એકત્વ વિશિષ્ટ અસ્મદ્ અર્થ ચૈત્ર સ્વરૂપ વિશેષણથી સહિત છે. તેથી અહીં ઉપર જણાવ્યા મુજબ અસ્મદ્ શબ્દાર્થને બહુવદ્ભાવ આ સૂત્રથી ન થવાથી અસ્મદ્ નામને પ્રથમા દ્વિવચનનો औ પ્રત્યય અને પ્રથમા એકવચનનો સિ પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ ક્રમશઃ– ગર્ગઋષિના સન્તાન - અમે બે બોલીએ છીએ. હું - ચૈત્ર બોલું છું. ॥૧૨૨॥

फल्गुनी - प्रोष्ठपदस्य भे २।२।१२३॥

નક્ષત્રવાચક ફલ્ગુની અને પ્રોષ્ઠપદા શબ્દાર્થ દ્વિત્વવિશિષ્ટ હોય તો

વિકલ્પથી તે બહુત્વવિશિષ્ટ મનાય છે. કદા પૂર્વે ફલ્ગુન્યૌ અને કદા પૂર્વે પ્રોષ્ઠપદે અહીં દ્વિત્વવિશિષ્ટ ફલ્ગુની અને પ્રોષ્ઠપદા શબ્દાર્થ છે; તેને આ સૂત્રથી બહુવદ્‌ભાવ થવાથી ફલ્ગુની અને પ્રોષ્ઠપદા નામને 'નામ્નઃ પ્રથમૈ૦ ૨-૨-૩૧' થી પ્રથમા બહુવચનનો જસ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી કદા પૂર્વાઃ ફલ્ગુન્યઃ અને કદા પૂર્વાઃ પ્રોષ્ઠપદાઃ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દ્વિત્વવિશિષ્ટ ફલ્ગુની અને પ્રોષ્ઠપદા શબ્દાર્થ નક્ષત્રાર્થને બહુવદ્‌ભાવ ન થાય ત્યારે ફલ્ગુની અને પ્રોષ્ઠપદા નામને પ્રથમા દ્વિવચનનો ઔ પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થક્રમશઃ– કયારે પૂર્વા ફલ્ગુની નક્ષત્ર છે?. કયારે પૂર્વપ્રોષ્ઠપદા (પૂર્વભાદ્રપદા) નક્ષત્ર છે?. भ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રવાચક જ દ્વિત્વવિશિષ્ટ; ફલ્ગુની અને પ્રોષ્ઠપદા નામનો અર્થ; વિકલ્પથી બહુવદ્ મનાય છે. તેથી ફલ્ગુનીષુ જાતે કન્યે ફલ્ગુન્યૌ અહીં ફલ્ગુની નામને 'ફલ્ગુન્યાષ્ટઃ ૬-૩-૧૦૬' થી ટ પ્રત્યયાદિ કાર્ય થવાથી ફલ્ગુની શબ્દ બને છે, જેનો અર્થ નક્ષત્ર નથી, પરન્તુ ફલ્ગુનીમાં જન્મેલી કન્યા - આ પ્રમાણે છે. તેથી નક્ષત્ર અર્થ ન હોવાથી દ્વિત્વવિશિષ્ટ ફલ્ગુની શબ્દાર્થ અહીં આ સૂત્રથી બહુવદ્ મનાતો નથી. અન્યથા સૂત્રમાં भે આ પ્રમાણે નિર્દેશ ન હોત તો અહીં પણ ફલ્ગુન્યઃ કન્યાઃ – આવો અનિષ્ટ પ્રયોગ થાત- એ સ્પષ્ટ છે, અર્થ- ફલ્ગુની નક્ષત્રમાં જન્મેલી બે કન્યા. ॥૧૨૩॥

गुरावेकश्च ૨।૨।૧૨૪॥

ગૌરવને યોગ્ય અર્થાત્ પ્રશસ્ય વ્યક્તિવાચક શબ્દના એકત્વ અને દ્વિત્વવિશિષ્ટ અર્થને વિકલ્પથી બહુત્વવિશિષ્ટ મનાય છે. यूयं गुरवः; યુવાં ગુરૂ અને एते मे पितरः; एष मे पिता અહીં ગૌરવાર્હ ગુરુ અને પિતા વાચક ગુરુ અને પિતૃ શબ્દનો અર્થ; અનુક્રમે દ્વિત્વવિશિષ્ટ અને એકત્વવિશિષ્ટ છે; તેને આ સૂત્રથી બહુવદ્‌ભાવ થવાથી તદ્‌વાચક

गुरु अने पितृ नामने तेमज युष्मद् अने एतद् नामने 'नाम्नः प्रथमै० २-२-३१' थी प्रथमा बहुवचननो जस् प्रत्यय वगेरे कार्य थयुं छे. विकल्पपक्षमां आ सूत्रथी बहुवद्भाव न थाय त्यारे गुरु अने युष्मद् नामने द्विवचननो प्रथमा विभक्तिनो औ प्रत्यय वगेरे कार्य थाय छे. नामने द्विवचननो प्रथमा विभक्तिनो औ प्रत्यय वगेरे कार्य थाय छे. तथा पितृ अने एतद् नामने एकवचननो प्रथमा विभक्तिनो सि प्रत्यय वगेरे कार्य थाय छे. अर्थक्रमशः - तमे बे गुरु. आ मारा पिता.॥१२४॥

मूलार्कः श्रूयते ..... मूळ नक्षत्रमां रहेलो सूर्य सघळाय कल्याणनुं कारण छे - एम शास्त्रमां संभळाय छे. अत्यारे तो मूलराज अर्थात् मूळ नक्षत्रमां रहेलो चन्द्र; सर्वकल्याणनुं कारण छे - एवुं लोकमां गवाय छे. - ए आश्चर्य छे. - आ प्रमाणे श्लोकार्थ छे. आ अर्थमां लोकोक्ति शास्त्रथी विरुद्ध होवाथी विरोध छे. तेनो परिहार करवा मूलराज पदनो अर्थ ते नामनो राजा करवो.

॥इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
द्वितीयस्याध्यायस्य द्वितीयः पादः॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

॥ अथ प्रारभ्यते द्वितीये ऽध्याये तृतीयः पादः॥

नमस् - पुरसो गतेः क-ख-प-फि रः सः २।३।१॥

ગતિસંજ્ઞાવળા નમસ્ અને પુરસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને; ક્ ખ્ પ્ અથવા ફ્ પરમાં (ર્ ની પરમાં) હોય તો સ્ આદેશ થાય છે. નમસ્ + કૃત્વા અને પુરસ્ + કૃત્વા આ અવસ્થામાં 'साक्षादादि० ३-१-१४' થી નમસ્ ને અને 'पुरोस्तमव्ययम् ३-१-७' થી પુરસ્ ને ગતિ સંજ્ઞા. 'गतिक्व० ३-१-४२' થી ગતિસંજ્ઞક નમસ્ અને પુરસ્ નામને કૃત્વા ની સાથે તત્પુરુષ સમાસ. ત્વા ને 'अनञः० ३-२-१५४' થી યપ્ (ય) આદેશ. 'ह्रस्वस्य० ४-४-११३' થી કૃ ધાતુના અન્તમાં ત્ નો આગમ. 'सोरुः २-१-७२' થી સ્ ને ર્ આદેશ. આ સૂત્રથી એ ર્ ને સ્ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે નમસ્કૃત્ય અને પુરસ્કૃત્ય આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નમસ્કાર કરીને. આગળ કરીને. गतेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતિ સંજ્ઞક જ નમસ્ અને પુરસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને; તેની પરમાં ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. તેથી નમઃ કૃત્વા અને તિસ્રઃ પુરઃ करोति અહીં નમસ્ અને પુરસ્ શબ્દ અવ્યય ન હોવાથી તેને ઉપર જણાવ્યા મુજબ ગતિ સંજ્ઞા ન થવાથી તત્સમ્બન્ધી ર્ ને આ સૂત્રથી સ્ ન થવાથી 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થાય છે. અહીં નમસ્ શબ્દ નમસ્ શબ્દાર્થક છે. તેને દ્વિ. એકવચનનો અમ્ પ્રત્યય. 'अनतो लुप् १-४-५९' થી તેનો લોપ થવાથી નમઃકૃત્વા (અર્થાદ્ નમઃશબ્દમુચ્ચારયિત્વા) આવો પ્રયોગ થાય છે. પુરઃ करोति અહીં નગરીવાચક પુર્ શબ્દને દ્વિ. બહુવચનનો શસ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પુરસ્ શબ્દ બન્યો છે. અર્થક્રમશઃ - નમઃ શબ્દનું ઉચ્ચારણ કરીને. ત્રણ નગરીઓ બનાવે છે. ॥१॥

तिरसो वा २।३।२॥

ગતિ સંજ્ઞક તિરસ્ શબ્દના ર્ ને; તેની પરમા ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો વિકલ્પથી સ્ આદેશ થાય છે. તિરસ્ + કૃત્વા આ અવસ્થામાં 'કૃગો નવા ૩-૧-૧૦' થી તિરસ્ ને ગતિ સંજ્ઞા. 'ગતિક્વન્ય૦ ૩-૧-૪૨' થી તિરસ્ નામને કૃત્વા નામની સાથે તત્પુરુષ સમાસ. 'અનઞઃ૦ ૩-૨-૧૫૪' થી ત્વા ને યપ્ (ય) આદેશ. 'હ્રસ્વસ્ય૦ ૪-૪-૧૧૩' થી યપ્ ની પૂર્વે ત્ નો આગમ. 'સોરુઃ ૨-૧-૭૨' થી સ્ ને ર્ આદેશ. આ સૂત્રથી ર્ ને સ્ આદેશ થવાથી તિરસ્કૃત્ય આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ર્ ને સ્ આદેશ ન થાય ત્યારે 'રઃ પદાન્તે૦ ૧-૩-૫૩' થી ર્ ને વિસર્ગ થવાથી તિરઃકૃત્ય આવો પ્રયોગ થાય છે. અર્થ – છુપાવીને. ગતેરિત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતિસંજ્ઞક જ તિરસ્ શબ્દના ર્ ને; તેની પરમાં ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો વિકલ્પથી સ્ આદેશ થાય છે. તેથી તિરઃકૃત્વા કાષ્ઠં ગતઃ અહીં અન્તર્ધિ (છુપાવવું) અર્થક તિરસ્ શબ્દ ન હોવાથી તેને ઉપર જણાવ્યા મુજબ ગતિ સંજ્ઞા વગેરે કાર્ય ન થવાથી તિરસ્ ના અન્ત્ય ર્ ને વિસર્ગ થાય છે. અર્થ – લાકડાને વાકું કરીને ગયો. ॥૨॥

पुंसः २।३।३॥

પુમ્સ્ શબ્દ સમ્બન્ધી ર્ ને; તેની પરમાં ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. પુમ્સ્ + કોકિલઃ ; પુમ્સ્ + ખાતઃ; પુમ્સ્ + પાકઃ અને પુમ્સ્+ફલમ્ આ અવસ્થામાં 'પદસ્ય ૨-૧-૮૯' થી પુમ્સ્ ના સ્ નો લોપ. 'પુમો શિટ્ય૦ ૧-૩-૯' થી પુમ્ ના મ્ ને ર્ આદેશ અને પુ ઉપર અનુસ્વાર અર્થાત્ મ્ ની પૂર્વેના વર્ણને અનુસ્વાર. આ સૂત્રથી ર્ ને સ્ આદેશ વગેરે કાર્ય થવાથી પુંસ્કોકિલઃ પુંસ્ખાતઃ પુંસ્પાકઃ અને પુંસ્ફલમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પુરુષ કોયલ. પુરુષે ખોદેલો.

પુરુષનું રાંધવું. પુરુષનું ફળ. ॥૩॥

शिरोऽधसः पदे समासैक्ये २।३।४॥

એક સમાસમાં પદ શબ્દ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા શિરસ્ અને અધસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને સ્ આદેશ થાય છે. શિરસિ પદમ્ આ વિગ્રહમાં 'सप्तमी शौण्डाद्यैः ३-१-८८' થી तत्पुरुषसमासादि કાર્યથી નિષ્પન્ન શિરસ્ + પદમ્ આ અવસ્થામાં તેમજ 'अव्ययं प्रवृद्धादिभिः ३-१-४८' થી નિત્યતત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન અધસ્ + પદમ્ આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી સ્ ને રુ (ર્) આદેશ. આ સૂત્રથી તે ર્ ને સ્ આદેશ થવાથી શિરસ્પદમ્ અને અધસ્પદમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – મસ્તક ઉપર પગ. નીચે પગ. समासेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એક સમાસમાં જ પદ શબ્દ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા શિરસ્ અને અધસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને સ્ આદેશ થાય છે. તેથી शिरः पदम् અહીં પદ શબ્દ પરમાં હોવા છતાં સમાસ ન હોવાથી શિરસ્ નામને પ્રથમા એકવચનનો सि પ્રત્યય વગેરે કાર્ય થાય છે પરન્તુ શિરસ્ નામના અન્ત્ય ર્ ને આ સૂત્રથી સ્ આદેશ થતો નથી. અર્થ – માથું અને પગ. ऐक्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકજ સમાસમાં પદ શબ્દ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા શિરસ્ અને અધસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને સ્ આદેશ થાય છે. તેથી परमं च तत् शिरस्तस्मिन् पदम् इति परमशिरःपदम् અહીં એક સમાસ સમ્બન્ધી શિરસ્ શબ્દ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ શિરસ્ ના સ્ ને ર્ આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી ર્ ને વિસર્ગ થાય છે. પરન્તુ ર્ ને સ્ આદેશ થતો નથી. અર્થ – પવિત્ર મસ્તક ઉપર પગ. ॥૪॥

अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रेऽनव्ययस्य

२।३।५।।

એક સમાસમાં અ થી પરમાં રહેલા અનવ્યય (અવ્યય ભિન્ન શબ્દ) સમ્બન્ધી ર્ ને; તેની પરમાં કૃ; કમ્; કંસ; કુમ્ભ; કુશા; કર્ણી અને પાત્ર શબ્દ સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. અયસ્ + કૃત્ (અયઃ કરોતીતિ ક્વિપ્); યશસ્ + કામઃ (યશઃ કામયતે ઇતિ 'કર્મણોઽણ્ ૫-૧-૭૨' થી અણ્ અથવા કમનં કામઃ યશસિ કામોઽસ્ય); પયસ્ + કંસઃ (પયસઃ કંસઃ); અયસ્ + કુમ્ભઃ (અયસઃ કુમ્ભઃ); અયસ્ + કુશા (અયઃ પ્રધાનં યસ્યા : સા ચાસૌ કુશા); અયસ્ + કર્ણી (અય ઇવ કર્ણૌ યસ્યાઃ) અને અયસ્ + પાત્રમ્ (અયસઃ પાત્રમ્) આ અવસ્થામાં 'સોરુઃ ૨-૧-૭૨' થી સ્ ને રુ (ર્) આદેશ. આ સૂત્રથી એ ર્ ને સ્ આદેશ થવાથી અનુક્રમે - અયસ્કૃત્; યશસ્કામઃ; પયસ્કંસઃ; અયસ્કુંભઃ; અયસ્કુશા; અયસ્કર્ણી અને અયસ્પાત્રમ્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ – લોઢું બનાવનાર. યશને ઈચ્છનાર. પાણીનું પાત્ર વિશેષ. લોઢાનો ઘડો. લોઢાનું પાત્ર વિશેષ. લોઢાનું પાત્ર વિશેષ. લોઢાનું પાત્ર. અત ઇતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એક સમાસમાં અ થી જ પરમાં રહેલા અનવ્યય સમ્બન્ધી ર્ ને; તેની પરમાં કૃ કમ્ કંસ ..... વગેરે શબ્દ સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. તેથી વાર્+પાત્રમ્ આ અવસ્થામાં આ થી પરમાં રહેલા ર્ ને આ સૂત્રથી સ્ આદેશ ન થવાથી 'રઃ પદાન્તે૦ ૧-૩-૫૩' થી વિસર્ગ થાય છે. જેથી વાઃપાત્રમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ – પાણીનું પાત્ર. અનવ્યયસ્યેતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'અ' થી પરમાં રહેલા અનવ્યય સમ્બન્ધી જ ર્ ને એક સમાસમાં; તેની પરમાં કૃ કમ્ કંસ .... વગેરે શબ્દ સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. તેથી સ્વર્ + કારઃ આ અવસ્થામાં અ થી પરમાં રહેલો ર્; સ્વર્-અવ્યયસમ્બન્ધી હોવાથી તેને

આ સૂત્રથી સ્ આદેશ થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ વિસર્ગ થાય છે. જેથી સ્વઃકારઃ આવો પ્રયોગ થાય છે. અર્થ – સ્વર્ગ (પ્રાપ્ત) કરનાર. સમાસૈક્ય ઇત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકજ સમાસમાં અ થી પરમાં રહેલા અનવ્યય સમ્બન્ધી ર્ ને; તેની પરમાં કૃ કમ્ કંસ વગેરે શબ્દ સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. તેથી ઉપપયઃકારઃ અહીં પયસઃ સમીપે ઇતિ ઉપપયસ્તત્ કરોતીતિ ઉપપયઃકારઃ આ રીતે બે સમાસ હોવાથી ઉપર જણાવ્યા મુજબ પયસ્ ના ર્ ને આ સૂત્રથી સ્ થતો નથી. પરન્તુ વિસર્ગ થાય છે. અર્થ – ઉપપયઃ (પાણીની સમીપ વસ્તુ) કરનાર. અહીં યાદ રાખવું કે અયસઃ કુમ્ભોઽયસ્કુમ્ભસ્તસ્ય કપાલમ્ આ રીતે સમાસદ્વય સ્થળે તો અયસ્કુમ્ભકપાલમ્ આવા પ્રયોગોમાં ર્ ને સ્ આદેશ થાય છે.॥૫॥

प्रत्यये २।३।६॥

અનવ્યય સમ્બન્ધી ર્ ને; તેની પરમાં પ્રત્યય સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. પયસ્ શબ્દને 'નિન્દ્યે પાશપ્ ૭-૩-૪' થી પાશપ્ (પાશ) પ્રત્યય. 'અતમબાદે૦ ૭-૩-૧૧' થી કલ્પપ્ (કલ્પ) પ્રત્યય. તેમ જ 'કુત્સિતા૦ ૭-૩-૩૩' થી કપ્ (ક) પ્રત્યય. પયસ્ ના સ્ ને 'સોરુઃ ૨-૧-૭૨' થી રુ (ર્) આદેશ. ર્ ને આ સૂત્રથી સ્ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી પયસ્પાશમ્ પયસ્કલ્પમ્ અને પયસ્કમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ કમશઃ- ખરાબ પાણી. પાણી જેવું. થોડું પાણી. અનવ્યયસ્યેત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનવ્યય સમ્બન્ધી જ ર્ ને; તેની પરમાં પ્રત્યય સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો સ્ આદેશ થાય છે. તેથી 'નિન્દ્યે પાશપ્ ૭-૩-૪' થી સ્વર્ નામને પાશપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી સ્વઃપાશમ્ આવો પ્રયોગ થાય છે. અહીં અવ્યય સમ્બન્ધી ર્ હોવાથી તેને આ સૂત્રથી સ્ આદેશ થતો

નથી. પરન્તુ 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થાય છે. અર્થ – નિન્દિત સ્વર્ગ. ॥६॥

रोः काम्ये २।३।७॥

काम्य પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અનવ્યય સમ્બન્ધી રુ ના જ ર્ ને સ્ આદેશ થાય છે. पय इच्छति આ અર્થમાં पयस् નામને 'द्वितीयायाः० ३-४-२२' થી काम्य પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पयस्+काम्यति આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી સ્ ને રુ આદેશ. રુ ના ર્ ને આ સૂત્રથી સ્ આદેશ થવાથી पयस्काम्यति આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીને ઈચ્છે છે. रोरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનવ્યય સમ્બન્ધી રુ ના જ ર્ ને; તેની પરમાં काम्य પ્રત્યય હોય તો સ્ આદેશ થાય છે. તેથી अहरिच्छति આ અર્થમાં अहन् શબ્દને ઉપર જણાવ્યા મુજબ काम्य પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अहन्+काम्यति આ અવસ્થામાં 'रो लुप्यरि २-१-७५' થી अहन् ના न् ને ર્ આદેશ. 'रः पदान्ते० १-३-५३' થી ર્ ને વિસર્ગ થવાથી अहःकाम्यति આવો પ્રયોગ થાય છે. અહીં રુ સમ્બન્ધી ર્ ન હોવાથી તેને આ સૂત્રથી સ્ આદેશ થતો નથી. यद्यपि पयस्काम्यति અહીં 'प्रत्यये २-३-६' થી જ ર્ ને સ્ આદેશ સિદ્ધ હતો છતાં આ સૂત્રનું પ્રણયન ઉપર જણાવ્યા મુજબના નિયમ માટે છે. તેથી પૂર્વ સૂત્રમાં काम्य પ્રત્યયાતિરિક્તત્વેન અર્થમાં સઙ્કોચ થવાથી પૂર્વ સૂત્રથી पयस्+काम्यति અને अहन्+काम्यति આ અવસ્થામાં રુ ના ર્ ને કે સામાન્ય ર્ ને સ્ આદેશ થતો નથી - - - - - ઈત્યાદિ સ્પષ્ટ પણે સમજી શકાય છે. અર્થ - દિવસને ઈચ્છે છે. ॥७॥

नामिनस्तयोः षः २।३।८॥

નામિ સ્વરથી પરમાં રહેલા ર્ ને; તેની પરમાં પ્રત્યય સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો ષ્ આદેશ થાય છે. તેમ જ કામ્ય પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા નામિ સ્વરથી પરમાં રહેલા રુ સમ્બન્ધી જ ર્ ને ષ્ આદેશ થાય છે. સર્પિષ્પાશમ્ ધનુષ્કલ્પમ્ અહીં 'પ્રત્યયે ૨-૩-૬' માં જણાવ્યા સર્પિષ્ અને ધનુષ્ શબ્દને પાશપ્ અને કલ્પપ્ પ્રત્યયાદિ કાર્ય થાય છે. અહીં ર્ ને આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. ધનુઃ પ્રહરણમસ્ય આ અર્થમાં ધનુસ્ નામને 'પ્રહરણમ્ ૬-૪-૬૨' થી ઇકણ્ પ્રત્યય. 'ઋવર્ણોવર્ણ૦ ૭-૪-૭૧' થી ઇકણ્ (ઇક) ના ઇ નો લોપ. 'વૃદ્ધિઃ સ્વરે૦ ૭-૪-૧' થી ધનુષ્ ના અ ને વૃદ્ધિ આ આદેશ. ધનુષ્ (સ્) ના સ્ ને 'સોરુઃ ૨-૧-૭૨' થી રુ આદેશ. ર્ ને આ સૂત્રથી ષ્ આદેશ વગેરે કાર્ય થવાથી ધાનુષ્કઃ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે 'રોઃ કામ્યે ૨-૩-૭' માં જણાવ્યા મુજબ સર્પિષ્ (સ્) નામને કામ્ય પ્રત્યયાદિ કાર્ય થવાથી સર્પિષ્કામ્યતિ આવો પ્રયોગ થાય છે. અહીં ર્ ને આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ- ખરાબ ઘી. ધનુષ્યના જેવું. સારો ધનુર્ધર. ઘીને ઈચ્છે છે. નામિન ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામિ સ્વરથી જ પરમાં રહેલા ર્ ને; તેની પરમાં પ્રત્યય સમ્બન્ધી ક્ ખ્ પ્ અથવા ફ્ હોય તો ષ્ આદેશ થાય છે. તેમજ નામિસ્વરથી જ પરમાં રહેલા રુ સમ્બન્ધી જ ર્ ને; તેની પરમાં કામ્ય પ્રત્યય હોય તો ષ્ આદેશ થાય છે. તેથી 'પ્રત્યયે ૨-૩-૬' માં જણાવ્યા મુજબ પયસ્કલ્પમ્ ની જેમ અયસ્કલ્પમ્ આ સ્થળે અ થી પરમાં રહેલા અયસ્ શબ્દ સમ્બન્ધી ર્ ને; આ સૂત્રથી ષ્ આદેશ ન થવાથી તે સૂત્રથી (૨-૩-૬ થી) સ્ આદેશ જ થાય છે. અર્થઃ- લોઢાની જેમ. રોઃ કામ્ય ઇત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામિ સ્વરથી પરમાં રહેલા રુ સમ્બન્ધી જ ર્ ને; તેની પરમાં કામ્ય પ્રત્યય હોય તો ષ્ આદેશ થાય છે. તેથી ગિરમિચ્છતિ આ અર્થમાં 'રોઃ કામ્યે

૨-૩-૭' માં જણાવ્યા મુજબ गिर् નામને काम्य પ્રત્યયાદિ કાર્ય થવાથી गी ≍काम्यति આવો પ્રયોગ થાય છે. અહીં गिर् નો र् નામિસ્વરથી પરમા હોવા છતાં તે रु સમ્બન્ધી ન હોવાથી તેને આ સૂત્રથી ष् આદેશ થતો નથી. પરન્તુ 'रः कख० ૧-૩-૫' થી ≍ આ પ્રમાણે જિહ્વામૂલીય આદેશ થાય છે.

અહીં એ વસ્તુ સમજી લેવી જોઈએ કે - આ સૂત્રમાં तयोः આ પ્રમાણે નિર્દેશ છે. એ 'तत्' પદથી સૂ. નં. ૨-૩-૬ અને ૨-૩-૭ આ બંન્ને સૂત્રોનાં નિમિત્તોનો પરામર્શ છે. તેથી સૂ. નં. ૨-૩-૭ માં જણાવ્યા મુજબ સૂ. નં. ૨-૩-૬; काम्य પ્રત્યયાતિરિક્ત જ પ્રત્યય સમ્બન્ધી क् ख् प् અથવા फ् ને નિમિત્ત તરીકે જણાવે છે. તાદૃશ નિમિત્તનો જ અહીં પણ તત્ પદથી સંગ્રહ કર્યો છે. જેથી गी ≍ काम्यति અહીં નામિ સ્વરથી પરમાં रु સમ્બન્ધી र् ન હોવા છતાં અને નામિ સ્વરથી પરમાં રહેલા र् ની પરમાં काम्य પ્રત્યયસમ્બન્ધી क् પણ હોવા છતાં તે र् ને આ સૂત્રથી ष् આદેશ થતો નથી. અન્યથા અહીં પણ ष् આદેશ થાત - એ સ્પષ્ટ છે. ॥૮॥

निर्दुर्बहिराविष्प्रादुश्चतुराम् २।३।९॥

निर् दुर् बहिस् आविस् प्रादुस् અને चतुर् શબ્દ સમ્બન્ધી र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થાય છે. સૂત્રોક્ત બહુવચનનો નિર્દેશ; निस् અને दुस्નો પણ સંગ્રહ કરવા માટે છે. निर् અથવા निस्+कृतम्; दुर् અથવા दुस्+कृतम्; बहिस्+पीतम्; आविस्+कृतम्; प्रादुस्+कृतम् અને चतुर्+पात्रम् આ અવસ્થામાં 'सोरुः ૨-૧-૭૨' થી स् ને र् આદેશ. આ સૂત્રથી र् ને ष् આદેશ થવાથી અનુક્રમે निष्कृतम्; दुष्कृतम्; बहिष्पीतम्; आविष्कृतम्; प्रादुष्कृतम् અને चतुष्पात्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શુદ્ધ કર્યું. ખરાબ કર્યું. બહાર પીધું. પ્રગટ કર્યું. પ્રગટ કર્યું. ચાર પાત્રોનો સમુદાય. ॥૯॥

सुचो वा २।३।१०॥

सुच् प्रत्ययान्त शब्द सम्बन्धी र् ने; तेनी परमां क् ख् प् अथवा फ् होय तो विकल्पथी ष् आदेश थाय छे. द्वि अने चतुर् शब्दने 'द्वि - त्रि - चतुरः सुच् ७-२-११०' थी सुच् (स्) प्रत्ययादि कार्यथी निष्पन्न द्विस्+करोति अने चतुरस्+फलति आ अवस्थामां र् थी परमां रहेला स् नो 'रात्सः २-१-९०' थी लोप. 'सोरुः २-१-७२' थी द्विस् ना स् ने र् आदेश. आ सूत्रथी र् ने ष् आदेश थवाथी द्विष्करोति अने चतुष्फलति आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी र् ने ष् आदेश न थाय त्यारे 'रः कखप० १-३-५' थी अनुक्रमे जिह्वामूलीय अने उपध्मानीय आदेश थवाथी द्वि ≍ करोति अने चतु)(फलति आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां जिह्वामूलीय अने उपध्मानीय आदेश पण न थाय त्यारे 'रः पदान्ते० १-३-५३' थी विसर्ग थवाथी द्विःकरोति अने चतुःफलति आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- बे वार करे छे. चारवार फळे छे. कखपफीति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब सुच् प्रत्ययान्त शब्दसम्बन्धी र् ने तेनी परमां क् ख् प् के फ् होय तो ज विकल्पथी ष् आदेश थाय छे. तेथी द्विस्+चरति अहीं उपर जणाव्या मुजब स् ने र् आदेश थया बाद आ सूत्रथी र् ने ष् आदेश थतो नथी. परन्तु 'चटते सद्वितीये १-३-७' थी र् ने श् आदेश थाय छे. जेथी द्विश्चरति आवो प्रयोग थाय छे. अर्थ - बे वार चाले छे.

आ सूत्रमां सुचः आ अनुवर्त्तमान र् नुं विशेषण नथी. तादृश विवक्षाथी सुच् प्रत्यय सम्बन्धी र् ने वैकल्पिक ष् आदेश थवाथी द्विष्करोति इत्यादि स्थळे ष् आदेश थवा छतां चतुष्करोति इत्यादि स्थळे आ सूत्रथी ष् आदेश थई शकशे नहीं. कारण के चतुरस्+करोति आ अवस्थामां उपर जणाव्या मुजब स् (सुच्) नो लोप थयो होवाथी अहीं सुच् सम्बन्धी र् नथी. तेथी चतुष्करोति इत्यादि स्थळे ष् आदेश थई शके - ए माटे उपर जणाव्या मुजब सूत्रार्थ कर्यो छे.

सुच् प्रत्ययनो लोप थया पछी पण स्थानिवद्भाव ना कारणे चतुर् नाम सुच् प्रत्ययान्त होवाथी सुच् प्रत्ययान्त शब्द सम्बन्धी र् ने आ सूत्रथी ष् आदेश थई शके छे ----- ईत्यादि विचारणीय छे.॥१०॥

वेसुसोऽपेक्षायाम् २।३।११॥

इस् अने उस् प्रत्यय अन्तमां छे जेना एवा शब्द सम्बन्धी र् ने; तेनी परमां क् ख् प् अथवा फ् होय तो; स्थानि अने निमित्त अर्थात् (र् जेमां छे ते) स्थानिभूत पद अने (क् ख् प् अथवा फ् जेमां छे ते) निमित्तभूत पदने अपेक्षा होय त्यारे विकल्पथी ष् आदेश थाय छे. सामान्यरीते एक वाक्यमां पदोनुं अपेक्षा (व्यपेक्षा) रूप सामर्थ्य मनाय छे अने समासादि वृत्तिमां ऐकार्थ्य स्वरूप सामर्थ्य मनाय छे. सर्पिस्+करोति अने धनुस्+खादति अहीं सर्पिष् अने धनुष् नामने द्वि. एकवचननो अम् प्रत्यय. 'अनतो लुप् १-४-५९' थी तेनो लोप थवाथी निष्पन्न ते अवस्थामां 'सोरुः २-१-७२' थी स् ने र् आदेश. र् ने आ सूत्रथी ष् आदेश थवाथी *सर्पिष्करोति अने धनुष्खादति* आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ष् आदेश न थाय त्यारे 'रः कख० १-३-५' थी र् ने जिह्वामूलीय आदेश थवाथी सर्पि ≍ करोति अने धनु ≍ खादति आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- घीने करे छे. धनुष्यने खाय छे. अहीं सर्पिस् अने धनुस् नाम अनुक्रमे इस् अने उस् प्रत्ययान्त छे. औणादिक इस् प्रत्ययनां साहचर्यथी उस् प्रत्यय पण औणादिक नो ज लेवानो छे. तेथी चक्रुः कुलानि अहीं त्यादि उस् प्रत्ययान्त चकृस् ना र् ने आ सूत्रथी ष् आदेश थतो नथी. अपेक्षायामिति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब स्थानि अने निमित्त भूत पदोने अपेक्षारूप सामर्थ्य होय तो ज इस् अने उस् प्रत्ययान्त शब्द सम्बन्धी र् ने; तेनी परमां क् ख् प् अथवा फ् होय तो विकल्पथी ष् आदेश थाय छे. तेथी परमसर्पि ≍ कुण्डम् अहीं

ઐકાર્થ્ય સ્વરૂપ સામર્થ્ય હોવાથી આ સૂત્રથી સર્પિસ્ ના ર્ ને ષ્ આદેશ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ જિહ્વામૂલીય આદેશ થયો છે. પરમસર્પિષ્કરોતિ----- ઈત્યાદિ સ્થળે અપેક્ષા હોવાથી ર્ ને ષ્ આદેશ થાય છે - એ યાદ રાખવું. અર્થઃ- સારા ઘીનું પાત્ર. ॥૧૧॥

नैकार्थेऽक्रिये २।३।१२॥

જે પદની પ્રવૃત્તિમાં (પ્રયોગાત્મક - વ્યવહારમાં) ક્રિયા કારણ નથી (અર્થાદ્ ક્રિયાભિન્ન ગુણ વગેરે કારણ છે) એવું સમાનાર્થક જે પદ; તે પદ સમ્બન્ધી ક્ ખ્ પ્ અને ફ્ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા इस् અને उस् પ્રત્યયાન્ત શબ્દસમ્બન્ધી ર્ ને ષ્ આદેશ થતો નથી. सर्पि ⌒ कालकम् અને यजु)(पीतकम् અહીં અક્રિય -ગુણ (કૃષ્ણ અને પીત) પ્રવૃત્તિ નિમિત્તક कालक અને पीतक અનુક્રમે सर्पिस् અને यजुस् નું સમાનાર્થક પદ છે. કારણ કે सर्पिस् અને कालक તેમજ यजुस् અને पीतक બંન્નેનો અર્થ એક - સમાન છે. આવા સમાનાર્થક પદોમાં તુલ્યાધિકરણત્વ - સમાનાધિકરણત્વ મનાય છે. પદ વાચક છે પદાર્થ વાચ્ય છે. વાચકતા સંબન્ધથી અર્થ; પદમાં વૃત્તિ છે અને સ્વનિરૂપિત વાચ્યતા સંબન્ધથી પદ; અર્થમાં (સ્વાર્થમાં) વૃત્તિ હોય છે. આ રીતે જે બે પદો; સ્વનિરૂપિત વાચ્યતા સમ્બન્ધથી એક જ અર્થમાં વૃત્તિ હોય છે, તે બે પદોને સમાનાધિકરણ - તુલ્યાધિકરણ કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે એકાર્થ - (સમાનાર્થ) વાચકત્વ જ પદોનું સામાનધિકરણ્ય છે. सर्पिस् कालकम् અને यजुस् पीतकम् આ અવસ્થામાં તુલ્યાધિકરણ कालक અને पीतक પદ સમ્બન્ધી ક્ અને પ્ ની પૂર્વે રહેલા इस् અને उस् પ્રત્યયાન્ત सर्पिस् અને यजुस् નામને सि પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सर्पिर् અને यजुर् ના ર્ ને 'वेसुसोऽपेक्षायाम् २-३-११' થી ષ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી ર્-ને 'रः कख० १-३-५' થી જિહ્વામૂલીય અને ઉપધ્માનીય આદેશ યથાક્રમે

થવાથી સર्पि ≍ कालकम् અને यजु)(पीतकम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - કાળા રંગથી રંગેલું ઘી. પીળા રંગથી રંગેલી યજ્ઞસમ્બન્ધી વસ્તુ. અર્થ ઉપરથી પણ સ્પષ્ટ પણે સમજી શકાશે કે सर्पिस् અને कालक; તથા यजुस् અને पीतक બંન્ને એક અર્થના વાચક પદો છે. આવી જ રીતે स पचति અને सर्पिष्क्रियते..... ઈત્યાદિ સ્થળે પણ તે તે પદો સમાનાર્થક હોવાથી તુલ્યાધિકરણ છે - એ સ્વયં વિચારવું. पच् धात्वर्थ विक्लित्त्यनुकूल कृत्याश्रय જ तत् પદાર્થ છે. અને कृ धात्वर्थ फलात्मक उत्पत्त्याश्रय જ सर्पिस् પદાર્થ છે-એ શાંતિપૂર્વક વિચારવાથી સમજી શકાય છે.

एकार्थ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इस् અને उस् પ્રત્યયાન્ત શબ્દ સમ્બન્ધી र् ને; તેની પરમાં तत् (इस् અને उस् પ્રત્યયાન્ત પદ) સમાનાર્થક જ ક્રિયાને છોડીને અન્ય ગુણાદિ પ્રવૃત્તિનિમિત્તક શબ્દ સમ્બન્ધી क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થતો નથી. તેથી सर्पिष्कुम्भे; सर्पि ≍ कुम्भे અહીં सर्पिस् શબ્દ સમ્બન્ધી र् ને; તેની પરમાં સમાનાર્થક कुम्भ શબ્દ ન હોવાથી ક્રિયાભિન્ન જાતિ પ્રવૃત્તિનિમિત્તક શબ્દ સમ્બન્ધી क् હોવા છતાં આ સૂત્રથી ष् આદેશનો નિષેધ થતો નથી. તેથી 'वेसुसोऽपेक्षायाम् २-३-११' થી વિકલ્પે ष् આદેશાદિ કાર્ય થયું છે. અર્થ - ઘડામાં ઘી. अक्रिय इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इस् અને उस् પ્રત્યયાન્ત શબ્દ સમ્બન્ધી र् ને; તેની પરમાં तत् (इस् અને उस् પ્રત્યયાન્ત પદ) સમાનાર્થક ક્રિયાને છોડીને અન્ય જ ગુણાદિ પ્રવૃત્તિનિમિત્તક શબ્દ સમ્બન્ધી क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થતો નથી. તેથી सर्पिष्क्रियते सर्पि ≍ क्रियते અહીં इस् પ્રત્યયાન્ત सर्पिस् નામ સમ્બન્ધી र् ની પરમા તત્સમાનાર્થક ક્રિયા પ્રવૃત્તિનિમિત્તક कृ ધાતુસમ્બન્ધી क् હોવાથી આ સૂત્રથી र् ને ष् આદેશનો નિષેધ થતો નથી. તેથી 'वेसुसोऽपेक्षायाम् २-३-११' થી વિકલ્પે ष् આદેશાદિ કાર્ય થાય છે. અર્થ – ઘી કરાય છે. ॥१२॥

समासेऽसमस्तस्य २।३।१३॥

નિમિત્ત (क् ख् प् फ्) અને નિમિત્તી (કાર્યી र्) એક સમાસમાં હોય તો; પૂર્વ પદની સાથે સમાસ ન થયો હોય એવું इस् અને उस् પ્રત્યયાન્ત જે નામ તેના र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થાય છે. सर्पिषः कुम्भः અને धनुषः फलम् આ વિગ્રહમાં ષષ્ઠીતત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सर्पिस्+कुम्भः અને धनुस्+फलम् આ અવસ્થામાં 'सोरुः २-१-७२' થી स् ને र् આદેશ. આ સૂત્રથી र् ને ष् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી सर्पिष्कुम्भः અને धनुष्फलम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ઘીનો ઘડો. ધનુષ્યનું કાર્ય. समास इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિમિત્ત અને નિમિત્તી એક સમાસમાં જ હોય તો; પૂર્વ પદની સાથે જેને સમાસ થયો ન હોય એવા इस् અને उस् પ્રત્યયાન્ત નામ સમ્બન્ધી र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થાય છે.તેથી तिष्ठतु सर्पिः, पिब त्वमुदकम् અહીં असमस्त इस् પ્રત્યયાન્ત सर्पिस् નામ સમ્બન્ધી र् ને; તેની પરમાં प् હોવા છતાં, નિમિત્ત-નિમિત્તી એક સમાસમાં ન હોવાથી આ સૂત્રથી ष् આદેશ થતો નથી. પરન્તુ 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થાય છે. અર્થ - ઘી રહે; તું પાણી પી. असमस्तस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિમિત્ત અને નિમિત્તી એક સમાસમાં હોય તો પૂર્વ પદની સાથે असमस्त જ इस् અને उस् પ્રત્યયાન્ત નામ સમ્બન્ધી र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ થાય છે. તેથી परमं च तत् सर्पिस्तस्य कुण्डम् આ વિગ્રહમાં કર્મધારયાદિ સમાસથી નિષ્પન્ન परमसर्पिःकुण्डम् આ પ્રયોગમાં इस् પ્રત્યયાન્ત सर्पिस् નામ પરમ પદની સાથે સમસ્ત હોવાથી તત્સમ્બન્ધી र् ને આ સૂત્રથી ष् આદેશ થતો નથી. પરન્તુ 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થયો છે. અર્થ – સુંદર ઘીનો ઘડો. ॥१३॥

भ्रातुष्पुत्र - कस्कादयः २।३।१४॥

भ्रातुष्पुत्र જેના આદિમાં છે એવા ગણપાઠમાં જણાવાએલા નામોમાં र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો ष् આદેશ નિપાતન કરાય છે. તેમજ कस्क જેના આદિમાં છે, એવા कस्कादि ગણપાઠમાં જણાવાએલા નામોમાં र् ને; તેની પરમાં क् ख् प् અથવા फ् હોય તો स् આદેશ નિપાતન કરાય છે. भ्रातुः पुत्र इति भ्रातुष्पुत्रः અહીં ષષ્ઠી તત્પુરુષ સમાસમાં 'ऋतां विद्यायोनि० ३-२-३७' થી ષષ્ઠીનો અલુપ્ થવાથી भ्रातुस्+पुत्रः આ અવસ્થા થાય છે. તેમ જ परमयजुषः पात्रम् इति परमयजुष्पात्रम् અહીં ષષ્ઠી તત્પુરુષ સમાસાદિ કાર્યથી परमयजुस्+पात्रम् આવી અવસ્થા થાય છે. ત્યાં स् ને 'सोरुः २-१-७२' થી र् આદેશ. આ સૂત્રથી र् ને ष् આદેશ થાય છે. અર્થક્રમશઃ- ભાઈનો છોકરો. સુંદર યજુસ્પાત્ર. किम् નામને सि પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कः ને 'वीप्सायाम् ७-४-८०' થી દ્વિત્વ થવાથી कस्+कः આવી અવસ્થા થાય છે. તેમજ किम् શબ્દને 'किमद्वया० ७-२-८९' થી तस् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कुतस् ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થવાથી कुतस्कुतः શબ્દ બને છે. તેને 'तत आगते ६-३-१४९' થી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः स्वरे० ७-४-१' થી આદિસ્વર उ ને वृद्धि औ આદેશ. 'प्रायोऽव्ययस्य ७-४-६५' થી અન્ત્ય अस् નો લોપ થવાથી कौतस्+कुत આવી અવસ્થા થાય છે. ત્યાં 'सोरुः २-१-७२' થી स् ને र् આદેશ. र् ને આ સૂત્રથી स् આદેશ વગેરે કાર્ય થવાથી कस्कः અને कौतस्कुतः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– કોણ કોણ. ક્યાંથી ક્યાંથી આવેલો.॥१४॥

नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः शिट्-नान्तरेऽपि २।३।१५॥

નામિ સ્વર; અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા; કોઈ

પણ સૂત્રથી વિહિત અથવા કોઈ પણ સૂત્રથી વિહિત આદેશાદિ સમ્બન્ધી એવા; પદ મધ્યમાં રહેલા સ્ ને ષ્ આદેશ થાય છે. નામિસ્વરાદિ (અન્તસ્થા-કવર્ગ) અને તાદૃશ સ્ સ્વરૂપ નિમિત્ત અને નિમિત્તી વચ્ચે શિટ્ વર્ણ અથવા ન્ હોય તો પણ આ સૂત્રથી તે સ્ ને ષ્ આદેશ થાય છે. આ+શાસ્ ધાતુને 'ક્વિપ્ ૫-૧-૧૪૮' થી ક્વિપ્ (૦) પ્રત્યય. 'આઙઃ ૪-૪-૧૨૦' થી શાસ્ ના આસ્ ને ઇસ્ આદેશ થવાથી આશિસ્ નામ બને છે. આશિસ્+ટા (આ); નદી+સુ; વાયુ+સુ; વધૂ+સુ; પિતૃ+સુ આ અવસ્થામાં નામી સ્વર ઇ ઈ ઉ ઊ અને ઋ થી પરમાં રહેલા પદમધ્યસ્થ સ્ ને; તે, ઉપર જણાવ્યા મુજબ 'આઙઃ ૪-૪-૧૨૦' થી વિહિત ઇસ્ આદેશ સમ્બન્ધી અને 'સપ્તમ્યધિકરણે ૨-૨-૯૫' થી વિહિત સુપ્ (સુ) પ્રત્યયસમ્બન્ધી હોવાથી આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. જેથી અનુક્રમે આશિષા, નદીષુ, વાયુષુ, વધૂષુ અને પિતૃષુ આવો પ્રયોગ છે. આવી જ રીતે એતદ્' નામને સ્ત્રીલિંગમાં સિ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન એતા+સિ (જુઓ. સૂ. નં. ૨-૧-૪૨) આ અવસ્થામાં 'તઃ સૌ સઃ ૨-૧-૪૨' થી ત્ ને સ્ આદેશ. નામી સ્વરથી પરમાં રહેલા પદમધ્યસ્થ એવા; સૂ. નં. ૨-૧-૪૨ થી વિહિત સ્ ને આ સૂત્રથી ષ્ આદેશાદિ કાર્ય થવાથી એષા આવો પ્રયોગ થાય છે. ગો+સુ અને નૌ+સુ આ અવસ્થામાં પણ સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થવાથી ગોષુ અને નૌષુ- આવો પ્રયોગ થાય છે. સેવ્ ધાતુને આત્મનેપદનો પરોક્ષાનો એ પ્રત્યય. 'દ્વિર્ધાતુઃ૦ ૪-૧-૧' થી સેવ્ ધાતુને દ્વિત્વ વગેરે કાર્યથી નિષ્પન્ન સિસેવ્+એ આ અવસ્થામાં આ સૂત્રથી નામિસ્વરથી પરમાં રહેલા સ્ ને ષ્ આદેશ થવાથી સિષેવે આવો પ્રયોગ થાય છે. સેવ્ ધાતુ; (ષેવૃङ્ ૮૧૮) ધાતુપાઠમાં ષોપદેશ હોવાથી તેના ષ્ ને 'ષઃ સો૦ ૨-૩-૯૭' થી સ્ આદેશ થાય છે. તેથી અહીં સેવ્ ધાતુનો સ્ વિહિત છે. ગિર્+સુ અને હલ્+સુ આ અવસ્થામાં અન્તસ્થા ર્ અને લ્ થી પરમાં રહેલા સુ પ્રત્યયના સ્ ને ષ્ આદેશ આ સૂત્રથી થવાથી ગીર્ષુ હલ્ષુ આવો પ્રયોગ થાય છે. શક્ ધાતુને 'ભવિષ્યન્તી ૫-૩-૪' થી

વિહિત સ્યતિ પ્રત્યય સમ્બન્ધી સ્; કવર્ગીય ક્ થી પરમાં હોવાથી; તેને આ સૂત્રથી ષ્ આદેશ વગેરે કાર્ય થવાથી શક્ષ્યતિ આવો પ્રયોગ થાય છે. ક્રુડ્+સુ આ અવસ્થામાં કવર્ગીય ડ્ થી પરમાં રહેલા સુ પ્રત્યયના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થવાથી ક્રુડ્ષુ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આશિષથી. નદીઓમાં. પવનોમાં. વધૂઓમાં. પિતાઓમાં. આ(સ્ત્રી). ગાયોમાં. હોડીઓમાં. સેવા કરી. વાણીઓમાં. વ્યઞ્જનોમાં. સમર્થ થશે. વાંકા ચાલનારાઓમાં.

શિડ્નાન્તરેઽપિ- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિમિત્ત અને નિમિત્તી વચ્ચે શિટ્ વર્ણ અથવા ન્ હોય તો પણ સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી સર્પિસ્ (ઉણાદિ ઇસ્ પ્રત્યયાન્ત) અને યજુસ્ (ઉણાદિ ઉસ્ પ્રત્યયાન્ત) નામને અનુક્રમે સુ પ્રત્યય અને નપુંસકનો જસ્ પ્રત્યય. 'ધુટાં પ્રાક્ ૧-૪-૬૬' થી યજુસ્ ના સ્ ની પૂર્વે ન્ નો આગમ વગેરે કાર્યથી નિષ્પન્ન સર્પિષ્+સુ અને યજૂંસ્+ઇ આ અવસ્થામાં નામી સ્વર ઇ અને ઊ સ્વરૂપ નિમિત્ત અને સ્ સ્વરૂપ નિમિત્તી આ બેની વચ્ચે શિટ્ વર્ણ ષ્ તેમ જ ન્ આગમનું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી સ્ ને ષ્ થાય છે. જેથી સર્પિષ્ષુ અને યજૂંષિ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘીમાં. યજુર્વેદોમાં. અહીં યાદ રાખવું કે આ સૂત્ર, પદમધ્યસ્થ સ્ ને ષ્ કરતું હોવાથી જ્યારે પણ નિમિત્ત-નિમિત્તીની વચ્ચે ન્ નું વ્યવધાન હશે ત્યારે તે ન્ સ્થાનીય (ન્ ના સ્થાને વિહિત) અનુસ્વાર સ્વરૂપ હશે; તેથી અનુસ્વાર પણ શિટ્ હોવાથી શિટ્ ના ગ્રહણથી તેનું પણ ગ્રહણ શક્ય હોવાથી ન્ નું પૃથગ્ ઉપાદાન યદ્યપિ અનાવશ્યક જણાય છે. પરન્તુ શિટ્ વર્ણાન્તઃપાતી મ્ સ્થાનીય અનુસ્વારનાં વ્યવધાનનો નિષેધ કરવાં ન્ નું પૃથગ્ ઊપાદાન કર્યું છે. અન્યથા શિટ્ માત્રના ઊપાદાનથી અનુસ્વારમાત્રનું ગ્રહણ થાત. પુંસુ આ પ્રયોગમાં મ્ સ્થાનીય અનુસ્વાર, નામી સ્વર ઉ અને સ્ ની વચ્ચે હોવાથી આ સૂત્રથી સ્ ને ષ્ થતો નથી.

પદાન્તર્ ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામીસ્વર-

અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા; કૃત અથવા કૃત સમ્બન્ધી પદ મધ્યસ્થ જ (પદાદિસ્થ નહીં) સ્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે શિટ્ વર્ણ અથવા ન્ હોય તો પણ ષ્ આદેશ થાય છે. તેથી दधिसेक् અહીં दध्नः सेक् આ વિગ્રહમાં ષષ્ઠીતત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન दधि+सेक् આ અવસ્થામાં सेक् નો સ્ નામી સ્વરથી પરમાં અને 'षः सो० २-३-९७' થી વિહિત હોવા છતાં, પદાદિ હોવાથી તેને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. 'वृत्त्यन्तोऽसषे १-१-२५' થી सेक् ને પદસંજ્ઞાનો નિષેધ થતો ન હોવાથી 'तदन्तं पदम् १-१-२०' થી પદ સંજ્ઞા થાય છે. ધાતુપાઠમાં सिच् ધાતુ ષોપદેશ (૧૩૨૧) હોવાથી તેના ષ્ ને સ્ આદેશ ઉપર જણાવ્યા મુજબ વિહિત છે. सिञ्चतीति सेक् અહીં 'मन्-वन्० ५-१-१४७' થી सिच् ધાતુને विच् (०) પ્રત્યયાદિ કાર્ય થવાથી सेक् શબ્દ બને છે.... ઈત્યાદિ સ્વયં વિચારવું. અર્થ - દહીંનું સિંચન કરનાર. क्रतस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામી સ્વર-અન્તસ્થા કે કવર્ગીય વર્ણથી પરમાં રહેલા અને કૃત કે કૃત સમ્બન્ધી જ પદમધ્યસ્થ સ્ ને; નિમિત્ત-નિમિત્તીની વચ્ચે શિટ્ વર્ણ અથવા ન્ હોય તો પણ ષ્ આદેશ થાય છે. તેથી बिसम् અહીં सः કોઈપણ સૂત્રથી વિહિત કે વિહિત સમ્બન્ધી ન હોવાથી તેને ષ્ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ- કમલતન્તુ. तिसृभिः ઈત્યાદિ સ્થળે 'त्रि-चतुरस्तिसृ० २-१-१' ઈત્યાદિ સૂત્રોના વિધાનના કારણે પ્રાપ્ત પણ સ્, ને ષ્ આદેશ થતો નથી. ॥૧૫॥

समासेऽग्नेः स्तुतः २।३।१६॥

સમાસમાં અગ્નિ શબ્દથી પરમાં રહેલા स्तुत् શબ્દના સ્ ને ષ્ આદેશ થાય છે. अग्निं स्तौति આ અર્થમાં अग्नि+स्तु ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી स्तु ધાતુના અન્તે त् નો આગમ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ. આ સૂત્રથી

સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં ત્ ને 'तवर्गस्य० १-३-६०' થી ટ્ આદેશ થવાથી अग्निष्टुत् આવો પ્રયોગ થાય છે. અર્થ - અગ્નિની સ્તુતિ કરનાર. 'वृत्त्यन्तोऽसषे १-१-२५' થી स्तुत् ને પદસંજ્ઞાનો નિષેધ થતો ન હોવાથી પદાદિ સ્ ને ષ્ નું વિધાન કરવાં આ સૂત્રનો આરંભ છે.

અહીં યાદ રાખવું કે સૂ. નં. ૨-૩-૫૮ સુધીના ષત્વાધિકાર નાં બધા જ સૂત્રોમાં યથાસંભવ 'नाम्यन्तस्था० २-३-१५' સૂત્રથી નામ્યાદિનો અધિકાર ચાલું છે. તેથી અહીંથી આરંભીને ૨-૩-૫૮ સુધીના તે તે સૂત્રો નામી સ્વરાદિથી પરમાં રહેલા कृत કે कृतस्थ જ સ્ ને ષ્ આદેશનું વિધાન કરનારા છે. આ વસ્તુનો ઉલ્લેખ; અહીં કે આગળના સૂત્રોમાં ન કર્યો હોવા છતાં તે સ્વયં સમજી લેવો. ॥૧૬॥

ज्योतिरायुष्यां च स्तोमस्य २।३।१७॥

સમાસમાં ज्योतिस् आयुस् અને अग्नि શબ્દથી પરમાં રહેલા स्तोम શબ્દના સ્ ને ષ્ આદેશ થાય છે. ज्योतिषः स्तोमः, आयुषः स्तोमः અને अग्नेः स्तोमः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' થી तत्पुरुष સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ज्योतिः+स्तोमः; आयुः+स्तोमः અને अग्नि+स्तोमः આ અવસ્થામાં આ સૂત્રથી स्तोम (स्तु+म (उणादि.)) સ્તોમ નામના સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં ત્ ને 'तवर्गस्य० १-३-६०' થી ટ્ આદેશ ... વગેરે કાર્ય થવાથી ज्योतिःष्टोमः, आयुःष्टोमः અને अग्निष्टोमः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જ્યોતિનો સમુદાય. આયુષ્યનો સમુદાય. અગ્નિનો સમુદાય. समास इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસમાં જ ज्योतिस् आयुस् અને अग्नि શબ્દથી પરમાં રહેલા स्तोम નામના સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી ज्योतिः स्तोमं याति આ સ્થળે સમાસ ન હોવાથી આ સૂત્રથી ज्योतिस् નામથી પરમાં રહેલા स्तोम નામના સ્ ને ષ્ આદેશ થતો નથી. અર્થ–

જ્યોતિ, સમુદાય તરફ જાય છે. ॥૧૭॥

मातृ-पितृः स्वसुः २।३।१८॥

સમાસમાં માતૃ અને પિતૃ નામથી પરમાં રહેલા સ્વસૃ નામના સ્ ને ષ્ આદેશ થાય છે. સ્વસૃ નામનો સ્, કૃત અથવા કૃતસ્થ (કૃતસમ્બન્ધી) ન હોવાથી અને પદાદિ હોવાથી 'नाम्यन्तस्था० २-३-१५' થી સ્વસૃ નામના સ્ ને ષ્ આદેશની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રની રચના છે. માતુઃ સ્વસા અને પિતુઃ સ્વસા આ વિગ્રહમાં 'षष्ठ्ययत्लाच्छेषे ३-१-७६' થી ષષ્ઠીતત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન માતૃ+સ્વસા અને પિતૃ+સ્વસા આ અવસ્થામાં સ્વસૃ નામના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થવાથી માતૃષ્વસા અને પિતૃષ્વસા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- માતાની બેન (માસી). પિતાની બેન (ફઈબા). ॥૧૮॥

अलुपि वा २।३।१९॥

અલુપ્ સમાસમાં માતૃ અને પિતૃ નામથી પરમાં રહેલા સ્વસૃ નામના સ્ ને ષ્ આદેશ વિકલ્પથી થાય છે. માતૃ પિતૃ નામને 'षष्ठ्य० ३-१-७६' થી ષષ્ઠી તત્પુરુષ સમાસ. 'स्वसृ-पत्यो र्वा ३-२-३८' થી માતૃ અને પિતૃ પદોત્તર ષષ્ઠીના લોપનો (ઐકાર્થ્યે ૩-૨-૮ થી પ્રાપ્ત) નિષેધ. આ સૂત્રથી સ્વસૃ ના સ્ ને ષ્ આદેશ થવાથી માતુઃષ્વસા અને પિતુઃષ્વસા આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ષ્ આદેશ ન થાય ત્યારે માતુઃસ્વસા અને પિતુઃસ્વસા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- માસી. ફઈબા. ॥૧૯॥

नि-नद्याः स्नातेः कौशले २।३।२०॥

નિપુણતા ગમ્યમાન હોય તો નિ (ઉપસર્ગ) અને નદી શબ્દથી પરમાં રહેલા સ્ના ધાતુના સ્ ને ષ્ આદેશ થાય છે. નિ+સ્ના ધાતુને 'उपसर्गा० ५-१-५६' થી ડ (અ) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી સ્ના ના આ નો લોપ. આ સૂત્રથી સ્ના ના સ્ ને ષ્ આદેશ. 'ऋवर्णा० २-३-६३' થી ન્ ને ણ્ આદેશ.... વગેરે કાર્ય થવાથી निष्णः પાકે આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે નિ+સ્ના ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' ની સહાયથી 'गत्यर्थाऽकर्म० ५-१-११' થી કર્ત્તામાં क्त (ત) પ્રત્યય. આ સૂત્રથી સ્ના ધાતુના સ્ ને ષ્ આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી निष्णातः પાકે આવો પ્રયોગ થાય છે. અર્થ- રાંધવામાં નિપુણ છે. नद्यां स्नाति આ અર્થમાં નદી+સ્ના ધાતુને 'स्था-पा-स्ना० ५-१-१४२' થી क (અ) પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી સ્ના ના આ નો લોપ. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ના ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી नदीष्णः પ્રતરણે આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે નદી+સ્ના ધાતુને क्त (ત) પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી नदीष्णातः પ્રતરણે આવો પ્રયોગ થાય છે. અર્થ- નદી તરવામાં કુશલ છે. कौशल इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કુશલતા ગમ્યમાન હોય તો જ નિ અને નદી શબ્દથી પરમાં રહેલા સ્ના ધાતુ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી કુશલતા ગમ્યમાન નથી એવા સ્થળે निस्नातः અને नदीस्नः (यः स्रोतसा ह्रियते) આવો પ્રયોગ થાય છે. અર્થાદ્ અહીં આ સૂત્રથી સ્ના ધાતુના સ્ ને ષ્ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- જેમતેમ કામ કરનારો. પાણીના વેગથી તરનારો.॥२०॥

प्रतेः स्नातस्य सूत्रे २।३।२१॥

સમાસાર્થ સૂત્ર હોય તો પ્રતિ ઉપસર્ગથી પરમાં રહેલા स्नात શબ્દ

સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. પ્રતિ+સ્નાતમ્ આ અવસ્થામાં આ સૂત્રથી સ્નાત શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ. 'રષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ન્ ને ણ્ આદેશ થવાથી પ્રતિષ્ણાતમ્ સૂત્રમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ – નિર્દોષ વ્યાકરણાદિનું સૂત્ર. પ્રત્યયાન્તોપાદાનમ્ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ સૂત્ર હોય તો પ્રતિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્નાત શબ્દ સમ્બન્ધી જ સ્ ને; (સ્ના ધાતુસમ્બન્ધી સ્ ને નહીં) ષ્ આદેશ થાય છે. તેથી પ્રતિસ્નાતૃ સૂત્રમ્ અહીં તૃચ્ (તૃ) પ્રત્યયાન્ત સ્ના ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં સ્નાત પદનું ઉપાદાન ન કર્યું હોત તો પૂર્વ સૂત્રથી (૨-૩-૨૦ થી) સ્ના ધાતુની અનુવૃત્તિ આવત તો તૃચ્ પ્રત્યયાન્ત સ્નાતૃ નામના સ્ ને પણ ષ્ આદેશ થાત - એ સ્પષ્ટ છે. અર્થ – નિર્દોષ વ્યાકરણાદિનું સૂત્ર.॥૨૧॥

स्नानस्य नाम्नि २।३।२२॥

સમાસાર્થ સૂત્રવિષયક નામ હોય તો પ્રતિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્નાન શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. પ્રતિ+સ્નાનમ્ (સ્ના ધાતુને કરણમાં 'કરણા૦ ૫-૩-૧૨૪' થી અનટ્ પ્રત્યય.) આ અવસ્થામાં આ સૂત્રથી સ્નાન શબ્દના સ્ ને ષ્ આદેશ. 'રષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી પ્રતિષ્ણાનમ્ સૂત્રમિત્યર્થઃ આવો પ્રયોગ થાય છે. અર્થ – સૂત્ર. ॥૨૨॥

वेः स्त्रः २।३।२३॥

સમાસાર્થ કોઈનું પણ નામ હોય તો વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તૃ (૯મો ગણ.) ધાતુ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. વિ+સ્તર ('યુવર્ણ૦ ૫-૩-૨૮' થી અલ્ (અ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) આ

અવસ્થામાં આ સૂત્રથી स्तृ ધાતુના स् ને ष् આદેશ. ष् ના યોગમાં 'तवर्गस्य० १-३-६०' થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી વિષ્ટરો વૃક્ષઃ અને વિષ્ટરં પીઠમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– વૃક્ષવિશેષ. આસન વિશેષ. ॥૨૩॥

अभिनिष्टानः २।३।२४॥

સમાસાર્થ કોઈનું પણ નામ હોય તો અભિનિસ્ થી પરમાં રહેલા સ્તાન શબ્દ સમ્બન્ધી स् ને ष् આદેશ કરીને અભિનિષ્ટાન શબ્દનું નિપાતન કરાય છે. અભિનિસ્ થી પરમાં રહેલા સ્તાન શબ્દના स् ને આ સૂત્રથી ष् આદેશ. ष् ના યોગમાં 'तवर्ग० १-३-६०' થી त् ને ट् આદેશ. 'सोरुः २-१-७२' થી નિસ્ ના स् ને રુ (ર્) આદેશ. 'व्यत्यये लुग्वा १-३-५६' થી ર્ નો લોપ- - - વગેરે કાર્ય થવાથી અભિનિષ્ટાનો વર્ણઃ આવો પ્રયોગ થાય છે. અર્થ– વિસર્ગ અથવા વર્ણમાત્ર. ॥૨૪॥

गवि-युधेः स्थिरस्य २।३।२५॥

સમાસાર્થ કોઈનું નામ હોય તો ગવિ અને યુધિ શબ્દથી પરમાં રહેલા સ્થિર શબ્દના स् ને ष् આદેશ થાય છે. ગવિ+સ્થિરઃ અને યુધિ+સ્થિરઃ આ અવસ્થામાં આ સૂત્રથી સ્થિર ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં થ્ ને 'तवर्ग० १-३-६०' થી ठ् આદેશ વગેરે કાર્ય થવાથી ગવિષ્ઠિરઃ અને યુધિષ્ઠિરઃ આવો પ્રયોગ થાય છે. અહીં સમાસમાં 'ऐकार्थ्ये ३-२-८' થી સપ્તમીના લોપની પ્રાપ્તિ હતી. પરન્તુ આ સૂત્રમાં ગવિ આ પ્રમાણે સપ્તમ્યન્ત ગો શબ્દથી પરમાં રહેલા સ્થિર શબ્દના स् ને ष् આદેશનું વિધાન કર્યું હોવાથી 'ગવિ' અહીં સપ્તમીનો લોપ થતો નથી. અને યુધિષ્ઠિરઃ અહીં તો 'अद्व्यञ्जनात्० ३-२-१८' થી સપ્તમી વિભક્તિના લોપનો નિષેધ કર્યો હોવાથી યુધિ અહીં

સપ્તમીનો લોપ થતો નથી. અર્થ (બંન્નેનો) - તે તે નામના રાજા વિશેષ. ॥૨૫॥

एत्यकः २।३।२६॥

સમાસાર્થ કોઈનું નામ હોય તો; નામિ સ્વર અન્તસ્થા અથવા ક્ ને છોડીને અન્ય કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્ ને; તેની પરમાં ए હોય તો ष् આદેશ થાય છે. हरि+सेनः (हरिः सेनायां यस्य) અને श्री+सेनः આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ष् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી हरिषेणः અને श्रीषेणः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– હરિષેણરાજા. શ્રીષેણ રાજા. अक इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ કોઈનું નામ હોય તો નામિ સ્વર અન્તસ્થા અથવા ક્ભિન્ન જ કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્ ને તેની પરમાં ए હોય તો ष् આદેશ થાય છે. તેથી विष्वक्+सेनः (विषु अञ्चतीति विषूची; विषूची सेना यस्य) આ અવસ્થામાં ક્ થી પરમાં સ્ હોવાથી તેને આ સૂત્રથી ष् આદેશ વગેરે કાર્ય ન થવાથી विष्वक्सेनः આવો પ્રયોગ થાય છે. અર્થ- વિષ્ણુ.॥૨૬॥

भादितो वा २।३।२७॥

સમાસાર્થ કોઈનું નામ હોય તો; નક્ષત્રવાચક इ અન્તવાળા નામથી પરમાં રહેલા સ્ ને; તેની પરમાં ए હોય તો વિકલ્પથી ष् આદેશ થાય છે. रोहिणि+सेनः આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ष् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી रोहिणिषेणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સ્ ને ष् આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે रोहिणिसेनः આવો પ્રયોગ થાય છે. અહીં रोहिणी નામના ई ને 'ङ्यापो बहुलं० २-४-९९' થી -હ્રસ્વ इ આદેશ થાય છે. અર્થ– રાજા વિશેષ. इत इति किम्? = આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ કોઈનું નામ હોય તો; નક્ષત્ર વાચક ઇ-કારાન્ત જ નામથી પરમાં રહેલા સ્ ને; તેની પરમાં એ હોય તો ષ્ આદેશ વિકલ્પથી થાય છે. તેથી પુનર્વસુ+સેનઃ આ અવસ્થામાં નક્ષત્રવાચક ઉ કારાન્ત નામથી પરમાં રહેલા સ્ ને આ સૂત્રથી વિકલ્પે ષ્ આદેશ થતો નથી પરન્તુ 'એત્યકઃ ૨-૩-૨૬' થી નિત્ય જ ષ્ આદેશાદિ કાર્ય થાય છે. તેથી પુનર્વસુષેણઃ આવો પ્રયોગ થાય છે. અર્થ– તે નામનો રાજા. ॥૨૭॥

वि-कु-शमि-परेः स्थलस्य २।३।२८॥

સમાસમાં વિ કુ શમિ અને પરિ શબ્દથી પરમાં રહેલા સ્થલ શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. વિ+સ્થલમ્ (વિગતં સ્થલમ્ વીનાં-પક્ષિણાં વા સ્થલમ્); કુ+સ્થલમ્(કુત્સિતં સ્થલમ્ કોઃ- પૃથ્વ્યા વા સ્થલમ્); શમિ+સ્થલમ્ (શમીનાં સ્થલમ્ શમી ના ઈ ને 'ડ્યાપો૦ ૨-૪-૯૯' થી -હ્રસ્વ ઇ આદેશ.); અને પરિ+સ્થલમ્ (પરિગતં સ્થલમ્); આ અવસ્થામાં આ સૂત્રથી સ્થલ નામના સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં થ્ ને 'તવર્ગ૦ ૧-૩-૬૦' થી ઠ્ આદેશ વગેરે કાર્ય થવાથી વિષ્ઠલમ્; કુષ્ઠલમ્; શમિષ્ઠલમ્ અને પરિષ્ઠલમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– વિશાલ જગ્યા. ખરાબ જગ્યા. શમિલતાનું સ્થાન. ચારે બાજુ ફેલાયેલી જગ્યા. ॥૨૮॥

कपेर्गोत्रे २।३।२९॥

સમાસાર્થ ગોત્ર – વંશપ્રસિદ્ધ પુરુષ હોય તો; કપિ શબ્દથી પરમાં સ્થલ શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. કપિ+સ્થલઃ આ અવસ્થામાં આ સૂત્રથી સ્થલ શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'તવર્ગસ્ય૦ ૧-૩-૬૦' થી થ્ ને ઠ્ આદેશ વગેરે કાર્ય થવાથી

कपिष्ठल ऋषिः आवो प्रयोग थाय छे. अर्थ – कपिष्ठल नामना ऋषि.॥२९॥

गो-ऽम्बा-ऽऽम्ब-सव्या-ऽप-द्वि-त्रि-भूम्यग्नि-शेकु-शङ्कु-कवङ्गु-मञ्जि-पुञ्जि-बर्हिः-परमे-दिवेः स्थस्य २।३।३०॥

गो अम्बा आम्ब सव्य अप द्वि त्रि भूमि अग्नि शेकु शङ्कु कु अङ्गु मञ्जि पुञ्जि बर्हिस् परमे अने दिवि शब्दथी परमां रहेला स्थ शब्द सम्बन्धी स् ने ष् आदेश थाय छे. गो+स्थम्; अम्ब+स्थः; आम्ब+स्थः; सव्य+स्थः; अप+स्थः; द्वि+स्थः; त्रि+स्थः; भूमि+स्थः; अग्नि+स्थः; शेकु+स्थः; शङ्कु+स्थः; कु+स्थः; अङ्गु+स्थः; मञ्जि+स्थः; पुञ्जि+स्थः; बर्हिस्+स्थः परमे+स्थः; अने दिवि+स्थः; आ अवस्थामां सर्वत्र स्था धातुने; 'स्था-पा-स्ना० ५-१-१४२' थी क(अ) प्रत्यय. 'इडेत्यु० ४-३-९४' थी स्था धातुना अ नो लोप ईत्यादि कार्य थवाथी स्थ शब्द बने छे. आ सूत्रथी स्थ शब्द सम्बन्धी स् ने ष् आदेश. ष् ना योगमां थ् ने 'तवर्गस्य० १-३-६०' थी ठ् आदेश. 'ड्यापो० २-४-९९' थी अम्बा ना आ ने -ह्रस्व अ आदेश. बर्हिस् ना स् ने 'सोरुः २-१-७२' थी रु आदेश. 'व्यत्यये लुग्वा १-३-५६' थी रु ना र् नो लोप थवाथी अनुक्रमे गोष्ठम्; अम्बष्ठः; आम्बष्ठः; सव्यष्ठः; अपष्ठः; द्विष्ठः; त्रिष्ठः; भूमिष्ठः; अग्निष्ठः; शेकुष्ठः; शङ्कुष्ठः; कुष्ठः; अङ्गुष्ठः; मञ्जिष्ठः; पुञ्जिष्ठः; बर्हिष्ठः; परमेष्ठः; अने दिविष्ठः आवो प्रयोग थाय छे. परमेष्ठः अने दिविष्ठः अहीं 'ऐकार्थ्ये ३-२-८' थी सप्तमी विभक्तिना लोपनी प्राप्ति हती; तेनो आ सूत्रना निपातनथी निषेध थाय छे. अर्थक्रमशः- गायनो वाडो. मानो धर्म. छुपावनार. डाबी बाजु रहेनार. खराबरीते रहेनार. बे जग्याए रहेनार. त्रण जग्याए रहेनार. भूमिमां रहेनार. अग्निमां रहेनार. शेकु नामनां वृक्षमां रहेनार. वृक्षनां ठुंठामां रहेनार. कोढ. अङ्गुठो. लालवर्ण. समुदायनी जेवामां रहेनार. डाभ-

તૃણવિશેષમાં રહેનાર. પરમપદમાં રહેનાર. સ્વર્ગમાં રહેનાર.॥૩૦॥

निर्दुस्सोः सेध-सन्धि-साम्नाम् २।३।३१॥

નિર્ દુસ્ અને સુ ઉપસર્ગથી પરમાં રહેલા સેધ સન્ધિ અને સામન્ નામના સ્ ને સમાસમાં ષ્ આદેશ થાય છે. સૂત્રમાં નિર્દુસ્સઃ આ પ્રમાણે એકવચનનો અને સામ્નામ્ આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ કરીને જે વચનભેદ કર્યો છે તે યથાસઙ્ખ્ય અન્વયનો નિષેધ કરવા માટે છે. અન્યથા વચન સામ્યથી નિરાદિ ત્રણને સેધાદિ ત્રણની સાથે યથાસઙ્ખ્ય અન્વય થાત- એ સ્પષ્ટ છે. નિર્+સેધઃ; દુસ્+સેધઃ; સુ+સેધઃ; નિર્+સન્ધિઃ; દુસ્+સન્ધિઃ; સુ+સન્ધિઃ; નિર્+સામ; દુસ્+સામ અને સુ+સામ આ અવસ્થામાં 'સોરુઃ ૨-૧-૭૨' થી સ્ ને રુ આદેશ. 'રઃ પદાન્તે૦ ૧-૩-૫૩' થી નિર્ અને રુ ના ર્ વિસર્ગ. આ સૂત્રથી સેધ સન્ધિ અને સામન્ ના સ્ ને ષ્ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી નિઃષેધઃ; દુઃષેધઃ; સુષેધઃ; નિઃષન્ધિઃ; દુઃષન્ધિઃ; સુષન્ધિઃ; નિઃષામ; દુઃષામ અને સુષામ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– નિષેધ. નિષેધ. સિદ્ધિ કરવી. સન્ધિરહિત. સન્ધિરહિત. સન્ધિયુક્ત. સામ (વેદ વિશેષ) નો અભાવ. સામના દુષ્ટપાઠવાલો. સુંદરસામ.

અહીં નિર્ગતઃ સેધઃ; દુર્ગતઃ સેધઃ અને શોભનઃ સેધઃ ઈત્યાદિ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નિઃષેધાદિ શબ્દોના સ્થાને; ર્ ને 'શષસે૦ ૧-૩-૬' થી સ્ આદેશ. 'સસ્ય શષૌ ૧-૩-૬૧' થી સ્ ને ષ્ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્ષેધાદિ શબ્દો પણ બને છે --- ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૩૧॥

प्रष्ठोऽग्रगे २।३।३२॥

સમાસાર્થ અગ્રગામી હોય તો પ્ર ઉપસર્ગથી પરમાં રહેલા સ્થ

નામના સ્ ને ષ્ આદેશ થાય છે. પ્ર+સ્થઃ (સ્થા ધાતુને 'उपसर्गा० ૫-૩-૧૧૦' થી ड પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ. 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ષ્ ના યોગમાં થ્ ને ઠ્ આદેશ વગેરે કાર્ય થવાથી પ્રષ્ઠોऽગ્રગઃ આવો પ્રયોગ થાય છે. અર્થ– આગળ ચાલનાર. ॥૩૨॥

भीरुष्ठानादयः ૨।૩।૩૩॥

भीरुष्ठानादि ગણપાઠમાંના भीरुष्ठान વગેરે શબ્દો; સમાસમાં સ્ ને ષ્ આદેશ કરીને નિપાતિત કરાય છે. भीरूणां स्थानम् અને अङ्गुलीनां सङ्गः આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન भीरु+स्थानम् અને अङ्गुली+सङ्गः આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦' થી ષ્ ના યોગમાં થ્ ને ઠ્ આદેશ --- વગેરે કાર્ય થવાથી भीरुष्ठानम् અને अङ्गुलिषङ्गः આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્રમશઃ- ડરપોકોનું સ્થાન. આંગળીઓનું મળવું. ॥૩૩॥

ह्रस्वान्नाम्नस्ति ૨।૩।૩૪॥

નામથી વિહિત તાદિ (त् છે આદિમાં જેના) પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા -હ્રસ્વ નામી સ્વરથી પરમાં રહેલા સ્ ને ષ્ આદેશ થાય છે. सर्पिषो भावः આ અર્થમાં सर्पिस् નામને 'भावे त्व-तल् ૭-૧-૫૫' થી तल् (त) પ્રત્યયાદિ કાર્યથી ('सोरुः ૨-૧-૭૨' થી સ્ ને રુ. 'चटते० ૧-૩-૭' થી ર્ ને સ્) નિષ્પન્ન सर्पिस्+ता (तल् પ્રત્યયાન્ત નામ સ્ત્રીલિંગ હોવાથી आप् પ્રત્યય) આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'तवर्ग० ૧-૩-૬૦' થી त् ને ट् આદેશાદિ કાર્ય થવાથી सर्पिष्टा આવો પ્રયોગ થાય છે. वपुस् નામને 'प्रकृष्टे तमप् ૭-૩-૫' થી तमप् (तम) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન वपुस्+तमम् આ

અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી વપુષ્ટમમ્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘી પણું. ઉત્કૃષ્ટ શરીર. નામિન इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામથી વિહિત તાદિ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા -હસ્વ નામી જ સ્વરથી પરમાં રહેલા સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી તેજસો भावः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તેજસ્ નામને तल् પ્રત્યયાદિ કાર્ય થવાથી તેજસ્તા આવો પ્રયોગ થાય છે. અહીં -હસ્વ સ્વરથી (અ થી) પરમાં સ્ હોવા છતાં; તે નામીસ્વરથી પરમાં ન હોવાથી આ સૂત્રથી તેને ષ્ આદેશ થતો નથી. અર્થ– તેજસ્ત્વ. ॥૩૪॥

निसस्तपेनासेवायाम् २।३।३५॥

त् છે આદિમાં જેના એવો तप् ધાતુ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા નિસ્ ઉપસર્ગ સમ્બન્ધી સ્ ને; અનાસેવા (વારંવાર ન કરવું) અર્થ ગમ્યમાન હોય તો ષ્ આદેશ થાય છે. નિસ્+તપતિ આ અવસ્થામાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'तवर्गस्य० १-३-६०' થી तप् ધાતુના त् ને ट् આદેશ થવાથી નિષ્ટપતિ સ્વર્ણમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ– એકવાર સોનાને અગ્નિમાં તપાવે છે. तीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તાદિ જ तप् ધાતુ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા.નિસ્ ઉપસર્ગ સમ્બન્ધી સ્ ને અનાસેવા અર્થ ગમ્યમાન હોય તો ષ્ આદેશ થાય છે. તેથી નિસ્+અતપત્ આ અવસ્થામાં તપ્ ધાતુની આદિમાં अट् નો આગમ થયેલો હોવાથી ધાતુ તાદિ નથી. જેથી આ સૂત્રથી નિસ્ ના સ્ ને ષ્ આદેશ ન થવાથી 'सोरुः २-१-७२' થી ર્ આદેશાદિ કાર્ય થાય છે; તેથી નિરત-પત્ આવો પ્રયોગ થાય છે. અર્થ– એકવાર (સુવર્ણાદિને) તપાવ્યું.॥૩૫॥

घस्-वसः २।३।३६॥

નામી સ્વર, અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા घस् અને वस् ધાતુના स् ને ष् આદેશ થાય છે. घस् ધાતુને પરોક્ષા નો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી घस् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી પ્રથમ घस् ના स् નો લોપ. 'द्वितीय० ४-१-४२' થી પ્રથમ घस् ના घ् ને ग् આદેશ. 'गहोर्जः ४-१-४०' થી ग् ને ज् આદેશ. 'गमहनजन० ४-२-४४' થી દ્વિતીય घस् ના ઉપાન્ત્ય अ નો લોપ. जघ्स्+उस् આ અવસ્થામાં આ સૂત્રથી स् ને ष् આદેશ. 'अघोषे० १-३-५०' થી घ् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી जक्षुः આવો પ્રયોગ થાય છે. वस् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય. 'क्षुधवस० ४-४-४३' થી क्त ની પૂર્વે इट् (इ)નો આગમ. 'यजादि० ४-१-७९' થી वस् ના व ને उ (સંમ્પ્રસારણ) આદેશ. આ સૂત્રથી वस् ના स् ને ष् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી उषितः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– તેઓએ ખાધું. તે રહ્યો. ॥३६॥

णिस्तोरेवाऽस्वद-स्विद-सहः षणि २।३।३७॥

सन् પ્રત્યયના स् ને ष् આદેશ થયો હોય ત્યારે; स्वद् स्विद् અને सह् ધાતુને છોડીને અન્ય णि પ્રત્યયાન્ત ધાતુ સમ્બન્ધી તેમ જ स्तु ધાતુસમ્બન્ધી જ; નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા स् ને ष् આદેશ થાય છે. सेव् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् (इ) પ્રત્યય. सेवयितुमिच्छति આ અર્થમાં सेवि (ण्यन्त) ધાતુને 'तुमर्हा० ३-४-२१' થી सन् (स्) પ્રત્યય. सन् ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट् નો આગમ. 'सन्यङश्च ४-१-३' થી सेव् ને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી सिसेवयिसति આવી અવસ્થા થાય છે. આ અવસ્થામાં 'नाम्यन्त० २-३-१५' થી सन् ના स् ને ष् આદેશ.

આ સૂત્રથી નામી સ્વર ઇ થી પરમાં રહેલા ણિ પ્રત્યયાન્ત સેવ્ ધાતુના સ્ ને ષ્ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી સિષેવયિષતિ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે સ્તુ ધાતુને સન્ પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન તુસ્તૂસતિ આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ સન્ ના સ્ ને ષ્ આદેશ. આ સૂત્રથી સ્તુ ધાતુના સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'તવર્ગ૦ ૧-૩-૬૦' થી ત્ ને ટ્ આદેશ વગેરે કાર્ય થવાથી તુષ્ટૂષતિ આવો પ્રયોગ થાય છે. અહીં સ્તુ ધાતુના ઉ ને 'સ્વર- હન-ગમો:૦ ૪-૧-૧૦૪' થી દીર્ઘ ઊ આદેશ થયો છે. અર્થ ક્રમશઃ– સેવા કરાવવાની ઈચ્છા કરે છે. સ્તવવાની ઈચ્છા કરે છે. સ્વદાદિવર્જનં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સન્ પ્રત્યયના સ્ ને ષ્ આદેશ થયો હોય ત્યારે; સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુને છોડીને જ અન્ય ણ્યન્ત ધાતુ સમ્બન્ધી (ણ્યન્ત ધાતુમાત્ર સમ્બન્ધી નહીં) તેમજ સ્તુ ધાતુ સમ્બન્ધી જ નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી સ્વાદયિતુમિચ્છતિ સ્વેદયિતુમિચ્છતિ અને સાહયિતુમિચ્છતિ આ અર્થમાં ણ્યન્ત સ્વાદિ સ્વેદિ અને સાહિ ધાતુને ઉપર જણાવ્યા મુજબ સન્ પ્રત્યયાદિ કાર્ય થવાથી સિસ્વાદયિષતિ સિસ્વેદયિષતિ અને સિસાહયિષતિ (પ્રથમ સ્વદ્ અને સહ્ ના અ ને સન્યસ્ય ૪-૧-૫૯ થી ઇ આદેશ.) આવો પ્રયોગ થાય છે. અહીં સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રથી સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુનું વર્જન કર્યું ન હોત તો ણ્યન્ત ધાતુમાત્રના સ્ ને ષ્ આદેશ થવાથી સિસ્વાદયિષતિ ..... ઈત્યાદિ સ્થળે પણ સ્ ને ઉપર જણાવ્યા મુજબ ષ્ આદેશ થવાનો પ્રસંગ આવત. અર્થક્રમશઃ– ખવરાવવાની ઈચ્છા કરે છે. પરસેવાથી યુક્ત કરવાં ઈચ્છે છે. ક્ષમા કરાવવાની ઈચ્છા કરે છે. એવેતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સન્ ના સ્ ને ષ્ આદેશ થયો હોય ત્યારે સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુને અન્ય ણ્યન્ત ધાતુઓના તેમજ સ્તુ ધાતુના જ (ધાતુમાત્રના નહીં.) નામી સ્વર અન્તસ્થા અથવા

કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી સોતુમિચ્છતિ આ અર્થમાં સૂ ધાતુને ઉપર જણાવ્યા મુજબ સન્ પ્રત્યયાદિ કાર્ય થવાથી સુસૂષતિ આવો પ્રયોગ થાય છે. અહીં સૂ ધાતુ ણ્યન્ત ન હોવાથી આ સૂત્રથી તેના સ્ ને ષ્ આદેશ થતો નથી. અર્થ– જન્મ આપવાની ઈચ્છા કરે છે.

અહીં યાદ રાખવું જોઈએ કે– આ સૂત્રમાં સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુનું વર્જન કર્યું છે. તે ધાતુઓ ધાતુપાઠમાં ષોપદેશ છે (જુઓ ૭૨૯; ૧૧૭૮ અને ૧૯૮૧). અ-સ્વદ-સ્વિદ-સહ અહીં પર્યુદાસ નઞ્ હોવાથી સ્વદ્-સ્વિદ્ અને સહ્ ભિન્ન ણ્યન્ત ધાતુઓ ષોપદેશ જ લેવાના છે. તેમ જ ણિ-સ્તોઃ આ પ્રમાણે સ્તુ ધાતુના સાહચર્યથી પણ સ્તુ ધાતુ (૧૧૨૪) ષોપદેશ હોવાથી ણ્યન્ત ધાતુઓ ષોપદેશ જ લેવાના છે. આ પ્રમાણે ણ્યન્ત ધાતુઓ સર્વથા ષોપદેશ જ ગૃહીત હોવાથી તે ધાતુઓનો સ્; 'ષઃસો૦ ૨-૩-૯૮' થી વિહિત હોવાથી તેને 'નામ્યન્ત૦ ૨-૩-૧૫' થી જ યદ્યપિ ષ્ આદેશની પ્રાપ્તિ હતી; પરન્તુ આ સૂત્ર આ રીતે વ્યર્થ બનીને નિયમ કરે છે કે સન્ પ્રત્યયના સ્ ને ષ્ આદેશ થાય ત્યારે નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા; ણિ પ્રત્યયાન્ત ધાતુ સમ્બન્ધી અને સ્તુ ધાતુસમ્બન્ધી જ સ્ ને ષ્ આદેશ થાય છે. અન્ય કોઈ પણ ધાતુ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થતો નથી. એતાદૃશ નિયમના બળે સૂ ધાતુ ણ્યન્ત અથવા સ્તુ ધાતુ સ્વરૂપ ન હોવાથી સુસૂષતિ અહીં સૂ ધાતુના સ્ ને ષ્ આદેશ થતો નથી. તેમજ સિસિક્ષતિ (સેક્તુમિચ્છતિ) ઈત્યાદિ સ્થળે સિચ્ આદિ ધાતુઓના સ્ ને ષ્ આદેશ થતો નથી. નિયમથી ણ્યન્ત માત્ર તાદૃશ ધાતુ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશની પ્રાપ્તિ હોવાં છતાં સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુનું વર્જન કર્યું હોવાથી આ સૂત્રથી ણ્યન્ત સ્વદ્ સ્વિદ્ અને સહ્ ધાતુના તાદૃશ સ્ ને ષ્ આદેશ થતો નથી - એ કહેવાની જરુર નથી. આ નિયમસૂત્ર ઉપર જણાવ્યા મુજબ નિયમ કરતું હોવાથી 'નામ્યન્તસ્થા૦ ૨-૩-૧૫' આ નિયમ્યસૂત્રના અર્થમાં સઙ્કોચ થાય છે.

તેથી નિયમ્ય સૂત્રનો અર્થ નીચે જણાવ્યા મુજબ થાય છે. જે ધાતુથી વિહિત सन् પ્રત્યયના स् ને ष् આદેશ થયો હોય એવા ધાતુ સમ્બન્ધી स् ને છોડીને અન્ય; નામીસ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા; કૃત અથવા કૃતસમ્બન્ધી પદમધ્યસ્થ સ્ ને; નિમિત્ત અને નિમિત્તી વચ્ચે शिट् વર્ણ કે न् હોય તો પણ ष् આદેશ થાય છે. અર્થાત્ આ નિયમસૂત્ર તાદૃશ નિયમ્યસૂત્રના અર્થમાં; षत्वभूतसन्प्रत्ययपूर्वत्वविशिष्टधातुसम्बन्धिसकारातिरिक्तत्व રૂપે સઙ્કોચ કરે છે.... આ પણ વાત સ્પષ્ટ પણે સમજાય છે. તેથી सुसूषति सिसिक्षति ઈત્યાદિ સ્થળે જેમ આ સૂત્રથી सू અને सिञ्च् ઈત્યાદિ ધાતુના તાદૃશ स् ને ष् આદેશ થતો નથી. તેમ 'नाम्यन्त० ૨-૩-૧૫' થી પણ ष् આદેશ થતો નથી. આ સૂત્ર જે રીતે ઉપર જણાવ્યા મુજબ નિયમ કરે છે; એના બદલે 'ण्यन्त અને स्तु ધાતુ સમ્બન્ધી તાદૃશ स् ને; षत्वभूत सन्प्रत्यय પરમાં હોય તો જ ष् આદેશ થાય છે'– આવો નિયમ કરે અર્થાદ્ ण्यन्त અને स्तु ધાતુ सम्बन्धिसकारातिरिक्तत्वेन નિયમ્યસૂત્રના અર્થમાં સઙ્કોચ કરે તો असीषीवत् (सिञ्च् ધાતુને णिग् પ્રત્યય. અદ્યતની નો દિ પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન) અને तुष्टाव (स्तु ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. વગેરે કાર્યથી નિષ્પન્ન) ઈત્યાદિ સ્થળે ण्यन्त અને स्तु ધાતુ સમ્બન્ધી स् ને 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી ष् આદેશ નહીં થઈ શકે. તેથી એતાદૃશ વિપરીત નિયમની વ્યાવૃત્તિ માટે સૂત્રમાં 'एव' નું ગ્રહણ છે... ઈત્યાદિ સ્થિરતા પૂર્વક વિચારવું અથવા અધ્યાપક પાસેથી સમજી લેવું.

षणीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયના स् ને ष् આદેશ થયો હોય ત્યારે જ स्वद् स्विद् અને सह ધાતુને છોડીને અન્ય णि પ્રત્યયાન્ત ધાતુ સમ્બન્ધી તેમજ स्तु ધાતુ સમ્બન્ધી જ; નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા स् ને ष् આદેશ થાય છે. તેથી सेव् ધાતુને णव् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી

सिषेव आवो प्रयोग थाय छे. अहीं षत्वभूत सन् प्रत्यय थयो न होवाथी उपर जणाव्या मुजब नियमनो विषय नथी. तेथी 'नाम्यन्तस्था० २-३-१५' थी अहीं सेव् धातुना स् ने ष् आदेश थाय छे. अन्यथा आ सूत्रमां 'षणि'– आ प्रमाणे निर्देश न होय तो आ सूत्र; ण्यन्त अने स्तु धातुसम्बन्धीज तादृश स् ने ष् आदेश थाय छे – आवो नियम करशे अने तेथी 'नाम्यन्तस्था० २-३-१५' आ नियम्य सूत्रना अर्थमां धातुसम्बन्धिसकारातिरिक्तत्वेन सङ्कोच थवाथी 'नाम्यन्तस्था० २-३-१५' थी धातुमात्रना स् ने ष् आदेश नहीं थाय. जेथी सिषेव ईत्यादि प्रयोगना स्थाने सिसेव ईत्यादि प्रयोग थवानो प्रसङ्ग आवशे– एे स्पष्ट पणे समजी शकाय छे. 'षणि' आ प्रमाणे निर्देशथी उपर जणाव्या मुजब नियम वगेरे थवाथी सिषेव ईत्यादि प्रयोगो उपपन्न थाय छे - एे स्पष्ट छे. अर्थ – सेवा करी. षत्वं किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब सन् प्रत्ययना स् ने ष् थयो होय त्यारे ज (मात्र सन् प्रत्यय थयो होय त्यारे नहीं.) स्वद् स्विद् अने सह् धातुने छोडीने अन्य ण्यन्त धातु सम्बन्धी तेमज स्तु धातु सम्बन्धी ज; नामी स्वर- अन्तस्था अथवा कवर्गीय व्यञ्जनथी परमां रहेला स् ने ष् आदेश थाय छे. तेथी स्वप्तुमिच्छति आ अर्थमां स्वप् धातुने सन् प्रत्यय. 'स्वपेर्य० ४-१-८०' थी स्वप् ना व ने सम्प्रसारण (य्वृत्) उ आदेश..... वगेरे कार्यथी निष्पन्न सुसुप्+स+ति आ अवस्थामां सन् प्रत्ययना स् ने ष् आदेश (सन् नो स् नामीस्वरादिथी परमां न होवाथी) थयो न होवाथी उपर जणाव्या मुजब नियमनो विषय नथी. तेथी स्वप् धातुना स् ने 'नाम्यन्तस्था० २-३-१५' थी ष् आदेश थाय छे; जेथी 'सुषुप्सति' आवो प्रयोग थाय छे. अन्यथा आ सूत्रमां षणि ना स्थाने सनि आवो निर्देश कर्यो होत तो 'सन् प्रत्यय थयो होय त्यारे स्वद् स्विद् अने सह् धातुथी भिन्न ण्यन्त अने स्तु धातु सम्बन्धी ज तादृश (नाम्यादिथी परमां रहेला) स् ने ष् आदेश थाय छे' – आ प्रमाणे

નિયમ થવાથી સૂ. નં. ૨-૩-૧૫ ના અર્થમાં; આ સૂત્રથી सन्-प्रत्ययपूर्वत्वविशिष्टधातुसम्बन्धिसकारातिरिक्तत्वेन सङ्कोच थशे. અને તેથી सुषुप्सति અહીં स्वप् ધાતુના स् ને 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી ष् આદેશ નહીં થાય. જ્યારે 'षणि' આ પ્રમાણે નિર્દેશ કરવાથી ઉપર જણાવ્યા મુજબ જ નિયમ વગેરે થવાથી सुषुप्सति અહીં 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી જે રીતે स्वप् ધાતુના स् ને ष् આદેશ થઈ શકે છે તે ઉપર જણાવ્યું છે જ. અર્થ– સુવાની ઈચ્છા કરે છે.॥૩૭॥

सज्जे र्वा २।३।३८॥

सन् પ્રત્યયના स् ને ष् આદેશ થયો હોય ત્યારે णि પ્રત્યયાન્ત सज्ज् ધાતુના નામી સ્વરાદિથી પરમાં રહેલા स् ને ष् આદેશ વિકલ્પથી થાય છે. सज्ज् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् (इ) પ્રત્યય. ત્યારબાદ 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सिसज्जयिषति અહીં આ સૂત્રથી सज्ज् ધાતુના स् ને ष् આદેશ થવાથી सिषज्जयिषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स् ને ष् આદેશ ન થાય. ત્યારે सिसज्जयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ– સમ્બદ્ધ કરવાની ઈચ્છા કરે છે. ॥૩૮॥

उपसर्गात् सुग्-सुव-सो-स्तु-स्तुभोऽट्यप्यद्वित्वे २।३।३९॥

દ્વિત્વ ન થયું હોય તો ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીયવર્ણથી પરમાં રહેલા; सु (૧૨૮૬); सू (૧૩૩૨); सो (૧૨૪૨); स्तु (૧૧૨૪) અને स्तुभ् (૭૮૧) ધાતુના स् ને; નામી સ્વરાદિ અને सु વગેરે ધાતુના स् ની વચ્ચે अट् (अ) નો આગમ હોય તો પણ ष् આદેશ થાય છે. सुग् (૧૨૮૬)–अभि+सुनोति; निस्+सुनोति આ અવસ્થામાં ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર इ થી પરમાં

રહેલા સુ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. તેથી 'રષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષુણોતિ અને નિઃષુણોતિ આવો પ્રયોગ થાય છે. નિઃષુણોતિ અહીં વિસર્ગ સ્વરૂપ શિટ્ નું વ્યવધાન હોવાં છતાં સ્ ને ષ્ આદેશ થયો છે. અહીં ષત્વ પ્રકરણમાં પૂર્વે જણાવ્યા મુજબ યથાસંભવ નામ્યન્તસ્થાકવર્ગ અને શિડ્નાન્તરેઽપિ નો અધિકાર ચાલુ છે – એ યાદ રાખવું. પરિ+અ+સુનોત્ આ અવસ્થામાં હ્યસ્તની માં 'અડ્ધાતો૦ ૪-૪-૨૯' થી અટ્ (અ) નો આગમ થયો છે. ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર ઇ થી પરમાં રહેલા સુ ધાતુના સ્ ને; આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અટ્ આગમનું વ્યવધાન હોવા છતાં ષ્ આદેશાદિ કાર્ય થવાથી પર્યષુણોત્ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે સુવ-(૧૩૩૨)– અભિ+સુવતિ અને પરિ+અ+સુવત્ આ અવસ્થામાં સૂ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષુવતિ અને પર્યષુવત્ આવો પ્રયોગ થાય છે. સો (૧૨૪૨)–અભિ+સ્યતિ અને પરિ+અ+સ્યત્ આ અવસ્થામાં આ સૂત્રથી સો ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષ્યતિ અને પર્યષ્યત્ આવો પ્રયોગ થાય છે. સ્તુ(૧૧૨૪) અભિ+સ્તૌતિ; દુસ્+સ્તવમ્ અને પરિ+અ+સ્તૌત્ આ અવસ્થામાં આ સૂત્રથી સ્તુ ધાતુના સ્ ને ષ્ આદેશ. 'તવર્ગ૦ ૧-૩-૬૦' થી ષ્ ના યોગમાં ત્ ને ટ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષ્ટૌતિ; દુઃષ્ટવમ્ અને પર્યષ્ટૌત્ આવો પ્રયોગ થાય છે. સ્તુભ્(૭૮૧)–અભિ+સ્તોભતે અને પરિ+અ+સ્તોભત આ અવસ્થામાં આ સૂત્રથી સ્તુભ્ ધાતુના સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં ત્ ને ઉપર જણાવ્યા મુજબ ટ્ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી અભિષ્ટોભતે અને પર્યષ્ટોભત આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સુગ્:- સોમરસ કાઢે છે. સોમરસ કાઢે છે. સોમરસ કાઢ્યો. સુવઃ-પ્રેરણા કરે છે. પ્રેરણા કરી. સો :- નાશ કરે છે. નાશ કર્યો. સ્તુ :- સ્તુતિ કરે છે. દુઃખે કરી સ્તુતિ કરવા યોગ્ય. સ્તુતિ કરી. સ્તુભ્ :- રોકે છે. રોક્યું. અદ્વિત્વ ઇતિ કિમ્?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ ન

થયું હોય તો જ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સુ સૂ સો સ્તુ અને સ્તુમ્ ધાતુના સ્ ને નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ નો આગમ હોય તો પણ ષ્ આદેશ થાય છે. તેથી અભિષોતુમિચ્છતિ આ અર્થમાં અભિ+સુ ધાતુને ઉપર જણાવ્યા મુજબ સન્ પ્રત્યયાદિ કાર્ય થવાથી અભિસુસૂષતિ આવો પ્રયોગ થાય છે. અહીં સન્ પ્રત્યયના કારણે સુ ધાતુને દ્વિત્વ થયું હોવાથી અભિ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર ઇ થી પરમાં રહેલા સુ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ નથી થતો. મૂળ ધાતુના સ્ ને; 'णिस्तोरे० २-३-३७' થી નિયમના કારણે ષ્ આદેશની નિવૃત્તિ થયેલી છે ..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અર્થ - સોમરસ કાઢવાની ઈચ્છા કરે છે. ॥३९॥

स्था-सेनि-सेध-सिच-सञ्जां द्वित्वेऽपि २।३।४०॥

દ્વિત્વ થયું હોય તો પણ અને નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ ના આગમનું વ્યવધાન હોય તો પણ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર; અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્થા; સેનિ; સેધ્; સિચ્ અને સઞ્જ્ ધાતુ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. અધિ+સ્થા+સ્યતિ આ અવસ્થામાં સ્થા ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'तवर्ग० १-३-६०' થી થ્ ને ઠ્ આદેશ વગેરે કાર્ય થવાથી અધિષ્ઠાસ્યતિ આવો પ્રયોગ થાય છે. અધિ+સ્થા ધાતુને પરોક્ષાનો ણવ્ પ્રત્યય. સ્થા ધાતુને દ્વિત્વ વગેરે કાર્યથી નિષ્પન્ન અધિ+તસ્થા+ણવ્ (અ) આ અવસ્થામાં સ્થા ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશાદિ કાર્ય થવાથી અધિતષ્ઠૌ આવો પ્રયોગ થાય છે. અતિ+સ્થા ધાતુને અદ્યતનીમાં દિ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અતિ+અ+સ્થા+ત્ આ અવસ્થામાં આ સૂત્રથી સ્થા ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી અત્યષ્ઠાત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-

રહેશે. રહ્યો. ઓળંગીને રહ્યો. સેનયા અભિયાતિ આ અર્થમાં સેના નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् (इ) પ્રત્યયાદિ કાર્ય થવાથી સેનિ ધાતુ બને છે. અભિ+સેનિ ધાતુને તિવ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી અભિ+સેનયતિ આવી અવસ્થા થાય છે. ત્યાં સેનિ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી ન્ ને ણ્ આદેશ ઇત્યાદિ કાર્ય થવાથી અભિષેણયતિ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે અભિ+સેનિ ધાતુને ઇચ્છાર્થક સન્ પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન અભિ+સિસેનિ+સ+તિ આ અવસ્થામાં આ સૂત્રથી સેનિ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષિષેણયિષતિ આવો પ્રયોગ થાય છે. અભિ+સેનિ ધાતુને હ્યસ્તનીમાં दिव् (द्) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અભિ+સેનિ+અ+દ્ આ અવસ્થામાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સેનિ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભ્યષેણયત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સેનાની સાથે જાય છે. સેનાની સાથે જવાને ઇચ્છે છે. સેનાની સાથે ગયો. પ્રતિ+સેધ્ (૩૨૦--૩૨૧)+અ+તિ આ અવસ્થામાં આ સૂત્રથી સેધ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થવાથી પ્રતિષેધતિ આવો પ્રયોગ થાય છે. પ્રતિ+સિધ્ (૩૨૦-૩૨૧) ધાતુને ઉપર જણાવ્યા મુજબ સન્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રતિ+સિસેધિષતિ આ અવસ્થામાં આ સૂત્રથી સેધ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થવાથી પ્રતિષિષેધિષતિ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પ્રતિ+અ+સેધ્+અ+ત્ આ અવસ્થામાં આ સૂત્રથી સેધ્ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી પ્રત્યષેધત્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નિષેધ કરે છે. નિષેધ કરવાની ઇચ્છા કરે છે. નિષેધ કર્યો. અભિ+સિઞ્ચ્+અ+તિ આ અવસ્થામાં આ સૂત્રથી સિઞ્ચ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થવાથી અભિષિઞ્ચતિ આવો પ્રયોગ થાય છે. અભિ+સિચ્ ધાતુને સન્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અભિ+સિસિચ્+સતિ આ અવસ્થામાં આ સૂત્રથી સિચ્ ધાતુના સ્ ને ષ્ આદેશ. 'चजः कगम् २-१-८६' થી ચ્ ને ક્ આદેશાદિ કાર્ય થવાથી 'અભિષિષિક્ષતિ આવો પ્રયોગ થાય

છે. અભિ+અ+સિઞ્ચ્+અ+ત્ આ અવસ્થામાં આ સૂત્રથી સિઞ્ચ્ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભ્યષિઞ્ચત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-અભિષેક કરે છે. અભિષેક કરવાની ઈચ્છા કરે છે. અભિષેક કર્યો. અભિ+સઞ્જ્+અ+તિ આ અવસ્થામાં સઞ્જ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ. 'દંશ-સઞ્જઃ શવિ ૪-૨-૪૯' થી સઞ્જ્ ધાતુના ઉપાન્ત્ય ન્ નો (ઞ્ નો) લોપ વગેરે કાર્ય થવાથી અભિષજતિ આવો પ્રયોગ થાય છે. અભિ+સઞ્જ્ ધાતુને પરોક્ષાનો ણવ્ (અ) પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન અભિ+સસઞ્જ આ અવસ્થામાં આ સૂત્રથી સઞ્જ્ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અભિષષઞ્જ આવો પ્રયોગ થાય છે. અભિ+સઞ્જ્ ધાતુને હ્યસ્તનીનો દિવ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અભિ+અ+સજ્+અ+ત્ આ અવસ્થામાં આ સૂત્રથી સઞ્જ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થવાથી અભ્યષજત્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સમ્બન્ધ કરે છે. સમ્બન્ધ કર્યો. સમ્બન્ધ કર્યો.

અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રથી સ્થા સેનિ વગેરે ધાતુ સમ્બન્ધી સ્ માત્રને ઉપર જણાવ્યા મુજબ ષ્ આદેશનું વિધાન હોવાથી અધિતષ્ઠૌ ઈત્યાદિ સ્થળે નિમિત્ત અને નિમિત્ત વચ્ચે અવર્ણાન્ત (ત વગેરેનું) નું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. તેમજ અભિષષઞ્જ ઈત્યાદિ સ્થળે અભ્યાસના અને ધાતુના બંન્ને સ્ ને પણ આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. સેધ આ પ્રમાણે ગુણ કરીને સિધ્ ધાતુનો નિર્દેશ હોવાથી દિવાદિ (૪ થો ગણ) ગણના સિધ્ ધાતુનું અહીં ગ્રહણ થતું નથી. સેધ માં અ ઉચ્ચારણાર્થ છે. શવ્ સહિત નિર્દેશ નથી. અન્યથા તિવા શવા..... આ નિયમથી પ્રતિષેધિધિ ઈત્યાદિ યઙ્લુબન્તમાં સેધ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થઈ શકશે નહીં.... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું. ॥૪૦॥

દ્વિત્વ થયું હોય તો પણ અને નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ આગમ હોય તો પણ; ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુના સ્ ને; સ્તમ્ભ્ ધાતુથી પરમાં ઙ પ્રત્યય ન હોય; તેમજ પ્રતિસ્તબ્ધ અને નિસ્તબ્ધ શબ્દ સમ્બન્ધી સ્તમ્ભ્ ધાતુ ન હોય તો ષ્ આદેશ થાય છે. વિ+સ્તમ્ભ્+ના+તિ આ અવસ્થામાં આ સૂત્રથી સ્તમ્ભ્ ધાતુના સ્ ને ષ્ આદેશ. ષ્ ના યોગમાં 'તવર્ગસ્ય૦ ૧-૩-૬૦' થી ત્ ને ટ્ આદેશ. 'નો વ્યઞ્જ૦ ૪-૨-૮૫' થી સ્તમ્ભ્ ધાતુના ઉપાન્ત્ય ન્ નો લોપ..... ઈત્યાદિ કાર્ય થવાથી વિષ્ટમ્ભાતિ આવો પ્રયોગ થાય છે. વિ+સ્તમ્ભ્ ધાતુને પરોક્ષાનો ણવ્ પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન વિ+તસ્તમ્ભ્+અ આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી સ્તમ્ભ્ ધાતુના સ્ ને; દ્વિત્વ થયું હોવા છતાં ષ્ આદેશ વગેરે કાર્ય થવાથી વિતષ્ટમ્ભ આવો પ્રયોગ થાય છે. પ્રતિ+સ્તમ્ભ્ ધાતુને હ્યસ્તનીમાં દિવ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રતિ+અ+સ્તમ્ભ્+ના+ત્ આ અવસ્થામાં અટ્ આગમનું વ્યવધાન હોવા છતાં સ્તમ્ભ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી પ્રત્યષ્ટમ્ભાત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રોકે છે. રોક્યો. રોક્યો. ઙાદિવર્જનં કિમ્?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયું હોય તો પણ તેમજ નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ આગમનું વ્યવધાન હોય તો પણ; ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર; અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુના સ્ ને; સ્તમ્ભ્ ધાતુથી પરમાં ઙ (અ) પ્રત્યય ન હોય તેમજ પ્રતિસ્તબ્ધ અને નિસ્તબ્ધ શબ્દ સમ્બન્ધી સ્તમ્ભ્ ધાતુ ન હોય તો જ ષ્ આદેશ થાય છે. તેથી વિ+સ્તમ્ભ્ ધાતુને 'પ્રયોક્તૃ૦ ૩-૪-૨૦' થી ણિગ્ (इ) પ્રત્યયથી નિષ્પન્ન વિ+સ્તમ્ભિ ધાતુને અદ્યતનીમાં દિ (त्) પ્રત્યય. 'ણિ-શ્રિ-દ્રુ૦ ૩-૪-૫૮' થી દિ પ્રત્યયની પૂર્વે ઙ (અ) પ્રત્યય. સ્તમ્ભ્ ધાતુને

ને દ્વિત્વ વગેરે કાર્યથી નિષ્પન્ન વિ+અ+તસ્તમ્+અ+ત્ આ અવસ્થામાં સ્તમ્ ધાતુથી પરમાં ङ પ્રત્યય થયો હોવાથી સ્તમ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. જેથી વ્યતસ્તમ્ભત્ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પ્રતિ+સ્તમ્ અને નિ+સ્તમ્ ધાતુને क्त (त) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રતિ+સ્તબ્ધઃ અને નિ+સ્તબ્ધઃ આ અવસ્થામાં પ્રતિસ્તબ્ધ અને નિસ્તબ્ધ સમ્બન્ધી સ્તમ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ ન થવાથી પ્રતિસ્તબ્ધઃ અને નિસ્તબ્ધઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અટકાવરાવ્યો. અટકાવાએલો. અટકાવાએલો. ॥૪૧॥

अवाच्चाऽऽश्रयोर्जाऽविदूरे २।३।४२॥

આશ્રય ઊર્જ અને અવિદૂર અર્થ ગમ્યમાન હોય તો; અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ ધાતુના સ્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ નો આગમ થયો હોય તેમ જ સ્તમ્ ધાતુને દ્વિત્વ થયું હોય તો પણ; ષ્ આદેશ થાય છે. પરન્તુ સ્તમ્ ધાતુથી પરમાં ङ (अ) પ્રત્યય હોય તો તેને ષ્ આદેશ થતો નથી. આલમ્બનને આશ્રય કહેવાય છે. દુર્ગમવષ્ટમ્નાતિ; દુર્ગમવતષ્ટમ્ભ અને દુર્ગમવાષ્ટમ્નાદ્ અહીં આશ્રય અર્થ ગમ્યમાન હોવાથી અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ ધાતુના સ્ ને; પરોક્ષામાં णव् (अ) પ્રત્યયની પૂર્વે સ્તમ્ ધાતુને દ્વિત્વ થવા છતાં અને નિમિત્ત-નિમિત્તી વચ્ચે હ્યસ્તની માં અટ્ નો આગમ થવા છતાં આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. તેથી 'तवर्गस्य० १-३-६०' થી ષ્ ના યોગમાં ત્ ને ટ્ આદેશ વગેરે કાર્ય થવાથી ઉપર જણાવ્યા મુજબ અવષ્ટમ્નાતિ અવતષ્ટમ્ભ અને અવાષ્ટમ્નાત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કિલ્લામાં રહે છે. કિલ્લામાં રહ્યો. કિલ્લામાં રહ્યો. અવષ્ટમ્નાતિ...ઈત્યાદિની પ્રક્રિયા સૂ. નં. ૨-૩-૪૧ માં જણાવ્યા મુજબ વિષ્ટમ્નાતિ ... વગેરેની જેમ સમજી લેવી. ઔર્જિત્ય ને ઊર્જ કહેવાય

છે. અહો! વૃષલસ્યાવષ્ટમ્ભઃ અહીં શક્તિ અર્થ ગમ્યમાન હોવાથી ઉપર જણાવ્યા મુજબ સ્તમ્ભ્ ધાતુના ષ્ ને આ સૂત્રથી ષ્ આદેશાદિ કાર્ય થવાથી અવષ્ટમ્ભઃ (સ્તમ્ભ્ ધાતુને 'ભાવાઽકર્ત્રોઃ ૫-૩-૧૮' થી ઘઞ્ પ્રત્યયાદિ કાર્ય થયું છે.) આવો પ્રયોગ થાય છે. અર્થ- આશ્ચર્ય છે. બળદનું અવષ્ટમ્ભ (શિંગડાના બદલે પગથી માટી ખોદે છે.) નજીક અથવા મધ્યને અવિદૂર કહેવાય છે. અવષ્ટબ્ધા (અવ+સ્તમ્ભ્+ક્ત+આ) શરત્ અને અવષ્ટબ્ધે સેને અહીં અવિદૂર અર્થ ગમ્યમાન હોવાથી અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી અવષ્ટબ્ધ શબ્દ બને છે. અર્થ ક્રમશઃ- શરદ્ ઋતુ નજીક છે. બે સેનાઓ દૂર નથી. આ સૂત્રમાં ચ નું ગ્રહણ અનુકૃત ઉપસર્ગના સમુચ્ચય માટે છે. તેથી ઉપષ્ટમ્ભઃ અહીં ઉપ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુના સ્ ને પણ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ષ્ આદેશાદિ કાર્ય થાય છે. અર્થ - પ્રારંભ.

આ સૂત્રમાં ઉપાવાદ્ આવો નિર્દેશ કર્યા વિના ચ થી ઉપ નો જે સમુચ્ચય કર્યો છે - તે કોઈવાર ઉપ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુ સંબન્ધી સ્ ને ષ્ આદેશ થતો નથી- એ જણાવવાં માટે છે. તેથી ક્વચિત્ ઉપસ્તબ્ધઃ આવો પણ પ્રયોગ થાય છે-એ યાદ રાખવું.

અઙ્ ઇત્યેવ= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આશ્રયાદિ અર્થ ગમ્યમાન હોય તો; અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તમ્ભ્ ધાતુના સ્ ને; નિમિત્ત નિમિત્તી વચ્ચે અટ્ નું વ્યવધાન હોય તો પણ અને ધાતુને દ્વિત્વ થયું હોય તો પણ સ્તમ્ભ્ ધાતુની પરમાં ઙ પ્રત્યય ન હોય તો જ ષ્ આદેશ થાય છે. તેથી અવાતસ્તમ્ભત્ (અવ+અ+તસ્તમ્ભ્+ણિ+અ+ત્) અહીં અવ+સ્તમ્ભ્ ધાતુને 'પ્રયોક્તૃ૦ ૩-૪-૨૦' થી ણિગ્ પ્રત્યય. અવ+સ્તમ્ભિ ધાતુને અદ્યતની નો દિ પ્રત્યય. દિ ની પૂર્વે 'ણિ-શ્રિ-દ્રુ૦ ૩-૪-૫૮' થી ઙ પ્રત્યય. 'અઙ્ ધાતો૦ ૪-૪-૨૯' થી અટ્ નો આગમ. 'આદ્યોં૦ ૪-૧-૨' થી સ્ત ને દ્વિત્વાદિ કાર્ય. 'ણેરનિટિ ૪-૩-૮૩' થી ણિ નો લોપ .... ઈત્યાદિ કાર્ય થાય છે. અહીં અવ+સ્તમ્ભ્ ધાતુની

પરમાં ङ પ્રત્યય હોવાથી આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ થતો નથી. અર્થ – અટકાવરાવ્યો. ॥૪૨॥

व्यवात् स्वनोऽशने २।३।४३॥

ભોજન અર્થ ગમ્યમાન હોય તો, વિ અને અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્વન્ ધાતુના સ્ ને; દ્વિત્વ થયું હોય તેમજ નિમિત્ત નિમિત્તી વચ્ચે અટ્ નું વ્યવધાન હોય તો પણ ષ્ આદેશ થાય છે. વિ+સ્વનતિ (૩૨૭); અવ+સ્વનતિ; વિ+સસ્વન્+અ(પરોક્ષા); અવ+સસ્વન્+અ (પરોક્ષા); વિ+અ+સ્વન્+અ+ત્; અવ+અ+સ્વન્+અ+ત્; વિ+અ+સ્વનિ+અ+ત્ (અદ્યતની); અવ+અ+સ્વન્+ઇ+અ+ત્ (અદ્યતની); – આ અવસ્થામાં સર્વત્ર સ્વન્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ. ષ્ ના યોગમાં ન્ ને 'ષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ણ્ આદેશ ..... ઈત્યાદિ કાર્ય થવાથી વિષ્વણતિ; અવષ્વણતિ; વિષષ્વાણ; અવષષ્વાણ; વ્યષ્વણત્; અવાષ્વણત્; વ્યષિષ્વણત્ અને અવાષિષ્વણત્ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ભોજન કરે છે. ભોજન કરે છે. ભોજન કર્યું. ભોજન કર્યું. ભોજન કર્યું. ભોજન કર્યું. ભોજન કરાવ્યું. ભોજન કરાવ્યું. (વિ અને અવ ઉપસર્ગ પૂર્વક સ્વન્ ધાતુને 'પ્રયોક્તૃ૦ ૩-૪-૨૦' થી ણિગ્ (ઇ) પ્રત્યય. વિ+સ્વનિ અને અવ+સ્વનિ આ અવસ્થામાં સ્વન્ ના અ ને 'ઞ્ણિતિ ૪-૩-૫૦' થી વૃદ્ધિ આ આદેશ. વિ+સ્વાનિ અને અવ+સ્વાનિ ધાતુને અદ્યતની નો દિ પ્રત્યય. 'ણિ-શ્રિ-દ્રુ૦ ૩-૪-૫૮' થી દિની પૂર્વે ङ પ્રત્યય. 'અડ્ ધાતો૦ ૪-૪-૨૯' થી ધાતુની આદિમાં અટ્ નો આગમ. 'ઉપાન્ત્યસ્યાઽસમા૦ ૪-૨-૩૫' થી સ્વાનિ ના આ ને -હ્રસ્વ અ આદેશ. 'આદ્યો૦ ૪-૧-૨' થી સ્વન્ ધાતુના સ્વ ને દ્વિત્વ. 'વ્યઞ્જનસ્યા૦ ૪-૧-૪૪' થી અભ્યાસના વ્ નો લોપ. 'ણેરનિટિ ૪-૩-૮૩' થી ણિ નો લોપ થવાથી નિષ્પન્ન વિ+અ+સસ્વનત્ અને અવ+અ+સસ્વનત્ આ અવસ્થામાં 'અસમાન૦ ૪-૧-૬૩' ની સહાયથી 'સન્યસ્ય ૪-૧-૫૯' થી

અભ્યાસના અ ને ઇ આદેશ .... ઈત્યાદિ કાર્ય થવાથી વ્યષિષ્વણત્ અને અવાષિષ્વણત્ આવો પ્રયોગ થાય છે.) અશન ઇતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભોજન અર્થ ગમ્યમાન હોય તો જ વિ અને અવ ઉપસર્ગથી પરમાં રહેલા સ્વન્ ધાતુના સ્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ નું વ્યવધાન હોય, તેમજ ધાતુને દ્વિત્વ થયું હોય તો પણ ષ્ આદેશ થાય છે. તેથી વિસ્વનતિ મૃદઙ્ગઃ અહીં સ્વન્ ધાતુનો અર્થ ભોજન ન હોવાથી સ્વન્ ના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. અર્થ– મૃદંગ વાગે છે. ॥૪૩॥

सदोऽप्रतेः परोक्षायां त्वादेः २।३।४४॥

પ્રતિ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા સદ્ ધાતુના સ્ ને; દ્વિત્વ થયું હોય અથવા નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ આગમનું વ્યવધાન હોય તો ષ્ આદેશ થાય છે. પરન્તુ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે સદ્ ધાતુના આદ્ય જ સ્ ને ષ્ આદેશ થાય છે. નિ+સદ્ (૧૩૭૧)+અ+તિ આ અવસ્થામાં 'શ્નૌતિ-કૃવુ૦ ૪-૨-૧૦૮' થી સદ્ર ને સીદ્ આદેશ. આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ થવાથી નિષીદતિ આવો પ્રયોગ થાય છે. વિ+સદ્ ધાતુને 'ગૃ-લુપ-સદ૦ ૩-૪-૧૨' થી યઙ્ (ય) પ્રત્યય. 'સન્-યઙશ્ચ ૪-૧-૩' થી સદ્ ને દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન વિ+ससद्+यते આ અવસ્થામાં 'આ-ગુણા૦ ૪-૧-૪૮' થી અભ્યાસનાં અ ને આ આદેશ. આ સૂત્રથી સદ્ ધાતુના સ્ ને ષ્ (બંન્ને સ્ ને ષ્) આદેશાદિ કાર્ય થવાથી વિષાષદ્યતે આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે વિ+સદ્ ધાતુને પ્રેરકમાં ણિગ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન વિ+સાદિ ધાતુને અદ્યતની માં દિ પ્રત્યય. દિ ની પૂર્વે ङ (અ) પ્રત્યય. સા ને દ્વિત્વ. આ સૂત્રથી સ્ ને ષ્ વગેરે કાર્ય થવાથી સૂ. નં. ૨-૩-૪૩ માં જણાવ્યા મુજબ વ્યષિષ્વણત્ ની જેમ વ્યષીષદત્ આવો પ્રયોગ થાય છે. (અહીં

દીર્ઘ ઈ આદેશ 'લઘો દીર્ઘો૦ ૪-૧-૬૪' થી થયો છે.) અર્થક્રમશઃ- બેસે છે. અત્યન્ત (ખરાબ રીતે) દુઃખી થાય છે. દુઃખી બનાવ્યો. પરોક્ષાયાં ત્વાદેરેવ= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષામાં દ્વિરુક્ત સદ્ ધાતુના આદ્ય જ સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી નિષસાદ (નિ+ષસાદ્+ણવ્ (અ)) અહીં બીજા સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. અર્થ- બેઠો. અપ્રતેરિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રતિ ઉપસર્ગથી ભિન્ન જ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા સ્ ને; ધાતુને દ્વિત્વ થયું હોય કે નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ આગમનું વ્યવધાન હોય તો પણ ષ્ આદેશ થાય છે; તેથી પ્રતિસીદતિ અહીં પ્રતિ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર ઇ થી પરમાં રહેલા સ્ ને ષ્ (સદ્ ધાતુના સ્ ને ષ્) આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ - અન્યના દુઃખે દુઃખી થાય છે. ॥૪૪॥

स्वञ्जश्च २।३।४५॥

ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર-અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા સ્વઞ્જ્ ધાતુના સ્ ને; નિમિત્ત નિમિત્તી વચ્ચે અટ્ આગમ હોય તેમજ સ્વઞ્જ્ ધાતુને દ્વિત્વ થયું હોય તો પણ ષ્ આદેશ થાય છે. પરન્તુ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે; આદ્ય સ્ ને જ ષ્ આદેશ થાય છે. અભિ+સ્વઞ્જ્ (૧૪૭૧) ધાતુને વર્ત્તમાનાનો તે પ્રત્યય. વચ્ચે શ વિકરણ. 'નો વ્યઞ્જન૦ ૪-૨-૪૫' થી સ્વઞ્જ્ ના ન્ નો લોપ. આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ થવાથી અભિષ્વજતે આવો પ્રયોગ થાય છે. અભિ+સ્વઞ્જ્ ધાતુને 'તુમર્હાદિ૦ ૩-૪-૨૧' થી સન્ પ્રત્યય. સ્વઞ્જ્ ને દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન અભિ+સિસ્વઙ્ક્+સ+તે આ અવસ્થામાં સ્વઞ્જ્ ધાતુના બંન્ને સ્ ને આ સૂત્રથી અને સન્ ના સ્ ને 'નામ્યન્ત૦ ૨-૩-૧૫' થી ષ્ આદેશ થવાથી અભિષિષ્વઙ્ક્ષતે આવો પ્રયોગ થાય

છે. અહીં સ્વઞ્જ્ ધાતુના જ્ ને 'चजः कगम् २-१-८६' થી ગ્ આદેશ. ગ્ ને 'अघोषे० १-३-५०' થી ક્ આદેશ. 'म्नां धुड्० १-३-३९' થી ન્ ને કવર્ગીય અનુનાસિક ઙ્ આદેશ થયો છે ..... ઈત્યાદિ સમજી શકાય છે. પ્રતિ+અ+સ્વજ્+અ+ત (હ્યસ્તની) આ અવસ્થામાં અટ્ નું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી સ્વઞ્જ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી પ્રત્યષ્વજત આવો પ્રયોગ થાય છે. પરિ+સ્વઞ્જ્+એ (પરોક્ષા) આ અવસ્થામાં સ્વઞ્જ્ ધાતુને દ્વિત્વાદિ કાર્ય થવાથી આ સૂત્રથી સ્વઞ્જ્ ધાતુના આદ્ય સ્ ને ષ્ આદેશ થવાથી પરિષસ્વજે આવો પ્રયોગ થાય છે. 'स्वञ्जे र्नवा ४-३-२२' થી સ્વઞ્જ્ ધાતુથી પરમાં રહેલા પરોક્ષા ના પ્રત્યયોને કિદ્વદ્ ભાવ વિકલ્પથી થાય છે. તેથી કિદ્વદ્ ભાવ ન થાય ત્યારે સ્વઞ્જ્ ધાતુના ઉપાન્ત્ય ન્ નો 'नो व्यञ्जनस्या० ४-२-४५' થી લોપ ન થવાથી વિકલ્પપક્ષમાં પરિષસ્વઞ્જે આવો પણ પ્રયોગ થાય છે. 'अर्थक्रमशः- આલિઙ્ગન કરે છે. આલિઙ્ગન કરવાની ઈચ્છા કરે છે. આલિઙ્ગનના બદલે આલિઙ્ગન કર્યું.આલિઙ્ગન કર્યું. ॥४५॥

परि-नि-वेः सेवः २।३।४६॥

પરિ નિ અને વિ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અને કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા સેવ્ ધાતુના સ્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે અટ્ આગમનું વ્યવધાન હોય તેમજ ધાતુને દ્વિત્વ થયું હોય તો પણ ષ્ આદેશ થાય છે. પરિ+સેવ્ (८१८,८१९)+અ+તે; આ અવસ્થામાં આ સૂત્રથી સેવ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થવાથી પરિષેવતે આવો પ્રયોગ થાય છે. પરિ+સેવ્+એ(પરોક્ષા) આ અવસ્થામાં પરોક્ષા સમ્બન્ધી દ્વિત્વાદિ કાર્ય થવાથી તેમજ સેવ્ ધાતુના બંન્ને સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થવાથી પરિષિષેવે આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પરિ+સેવ્ ધાતુને ઈચ્છાર્થક સન્ પ્રત્યય. ધાતુને દ્વિત્વ વગેરે

કાર્ય થવાથી પરિષિષેવિષતે આવો પ્રયોગ થાય છે. અહીં પણ સેવ્ ધાતુના બંન્ને સ્ નેં આ સૂત્રથી ષ્ આદેશ થાય છે. પરિ+અ+સેવ્+અ+ત આ અવસ્થામાં હ્યસ્તનીમાં થયેલ અટ્ આગમનું અહીં વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ થવાથી પર્યષેવત આવો પ્રયોગ થાય છે. નિષેવતે અહીં નિ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર ઇ થી પરમાં રહેલા સેવ્ ધાતુના સ્ ને; પરિષેવતે ની જેમ આ સૂત્રથી ષ્ આદેશ થયો છે. વિષિષેવે અહીં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરિષિષેવે ની જેમ સેવ્ ધાતુના બંન્ને સ્ ને ષ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ- સેવા કરે છે. સેવા કરી. સેવા કરવાની ઈચ્છા કરે છે. સેવા કરી. સેવા કરે છે. સેવા કરી. ॥૪૬॥

सय-सितस्य २।३।४७॥

પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સય અને સિત શબ્દ સમ્બન્ધી સ્ ને ષ્ આદેશ થાય છે. સિ (૧૨૮૭) ધાતુને 'યુવર્ણ૦ ૫-૩-૨૮' થી અલ્ (અ) પ્રત્યયાદિ કાર્ય થવાથી; અથવા 'અચ્ ૫-૧-૪૯' થી અચ્ (અ) પ્રત્યય અથવા 'પુન્નામ્નિ ઘઃ ૫-૩-૧૦૮' થી ઘ (અ) પ્રત્યયાદિ કાર્ય કરવાથી સય શબ્દ બને છે. સિ ધાતુને ક્ત પ્રત્યયાદિ કાર્ય થવાથી સિત શબ્દ બને છે. અથવા સો (૧૧૫૦) ધાતુને ક્ત પ્રત્યય. 'દો-સો-મા૦ ૪-૪-૧૧' થી ઓ ને ઇ આદેશ થવાથી સિત શબ્દ બને છે. પરિ+સયઃ; નિ+સયઃ અને વિ+સયઃ આ અવસ્થામાં આ સૂત્રથી સય ના સ્ ને ષ્ આદેશ થવાથી પરિષયઃ; નિષયઃ અને વિષયઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બંધન અથવા બાંધનાર. બંધન અથવા બાંધનાર. બંધન અથવા બાંધનાર. પરિ+સિતઃ; નિ+સિતઃ અને વિ+સિતઃ આ અવસ્થામાં સિત શબ્દના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી પરિષિતઃ નિષિતઃ અને વિષિતઃ આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - બન્ધાએલો.

અહીં યાદ રાખવું કે સો ધાતુને क्त પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सित શબ્દના स् ને; परि+सितः ઈત્યાદિ અવસ્થામાં 'उपसर्गा० ૨-૩-૩૯' થી ष् આદેશ સિદ્ધ હોવાથી सो ધાતુથી વિહિત क्त પ્રત્યયાન્ત सित શબ્દના ગ્રહણથી આ સૂત્ર નિયમ કરે છે કે-सो ધાતુથી વિહિત क्त પ્રત્યયાન્ત सित શબ્દના स् ને ष् આદેશ; તે શબ્દ परि નિ અથવા વિ ઉપસર્ગથી પરમાં હોય તો જ થાય છે, અન્યથા નહીં. તેથી प्रतिसितः ઈત્યાદિ સ્થળે 'उपसर्गा० ૨-૩-૩૯' થી પણ सित શબ્દના स् ને ष् આદેશ થતો નથી. ॥૪૭॥

असो-ङ-सिवू-सह-स्सटाम् ૨।૩।૪૮॥

सिव् અને सह् ધાતુની પરમાં ङ (अ) પ્રત્યય ન હોય તેમજ सिव् અને सह् ધાતુ सो સ્વરૂપને પામેલા ન હોય તો परि નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા सिव् અને सह् ધાતુના તેમજ स्सट् આગમના स् ને ष् આદેશ થાય છે. परि+सिव् (૧૧૬૪) નિ+सिव् અને वि+सिव् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'दिवादेः श्यः ૩-૪-૭૨' થી श्य વિકરણ. 'भ्वादेर्नामि० ૨-૩-૬૩' થી सिव् ના इ ને દીર્ઘ ई આદેશ. આ સૂત્રથી सिव् ના स् ને ष् આદેશ થવાથી परिषीव्यति; निषीव्यति અને विषीव्यति આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) – સીવે છે. परि+सह् (૯૯૦); नि+सह् અને वि+सह् ધાતુને વર્ત્તમાનાનો તે પ્રત્યય. આ સૂત્રથી सह् ધાતુના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી परिषहते; निषहते અને विषहते આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) – સહન કરે છે. परि+करोति અને वि+किरः (वि+कॄ (૧૩૩૪) ધાતુને 'नाम्युपान्त्य० ૫-૧-૫૪' થી क (अ) પ્રત્યય. 'ॠतां० ૪-૪-૧૧૬' થી ॠ ને इर् આદેશાદિ કાર્યથી किर શબ્દ બને છે.) આ અવસ્થામાં 'सं-परे० ૪-૪-૯૧' થી कॄ ધાતુની પૂર્વે स्सट् (स्) નો આગમ. તેમજ 'वौ विष्किरो वा ૪-૪-૯૬' થી कॄ ધાતુની પૂર્વે स्सट् નો આગમ.

આ સૂત્રથી સ્સટ્ ના સ્ ને ષ્ આદેશ થવાથી પરિષ્કરોતિ અને વિષ્કિરઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સંસ્કારિત કરે છે. પક્ષી. અસોઢેતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સિવ્ અને સહ્ ધાતુની પરમાં ઙ પ્રત્યય ન હોય તો જ અને સિવ્ તથા સહ્ ધાતુ સો સ્વરૂપને પામેલા ન હોય તો જ પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સિવ્ અને સહ્ ધાતુના સ્ ને તથા સ્સટ્ આગમના સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી પરિ+સહ્+ક્ત આ અવસ્થામાં સહ્ ધાતુના હ્ ને 'હો - ધુટ્૦ ૨-૧-૮૨' થી દ્ આદેશ. 'અધશ્ચતુ૦ ૨-૧-૭૯' થી ત્ ને ધ્ આદેશ. દ્ ના યોગમાં ધ્ ને 'તવર્ગસ્ય૦ ૧-૩-૬૦' થી દ્ આદેશ. 'સહિ-વહે૦ ૧-૩-૪૩' થી પૂર્વ દ્ નો લોપ અને સહ્ ધાતુના અ ને ઓ આદેશ .... ઈત્યાદિ કાર્ય થવાથી પરિસોઢઃ આવો પ્રયોગ થાય છે. અહીં સહ્ ધાતુ સો સ્વરૂપને પામેલો હોવાથી તેના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. આવી જ રીતે મા પરિસીષિવત્ અને મા પરિસીષહત્ અહીં પરિ ઉપસર્ગપૂર્વક સિવ્ અને સહ્ ધાતુને ણિગ્ પ્રત્યય. અદ્યતનીનો દિ (ત્) પ્રત્યય. દિ ની પૂર્વે ઙ (અ) પ્રત્યયાદિ કાર્ય; સૂ. નં. ૨-૩-૪૪ માં જણાવ્યા મુજબ વ્યષીષદત્ ની જેમ થાય છે. અહીં ઙ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી સિવ્ અને સહ્ ધાતુના પ્રથમ સ્ ને ષ્ આદેશ થતો નથી. દ્વિતીય મૂળ સ્ ને તો 'નામ્યન્તસ્થા૦ ૨-૩-૧૫' થી ષ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ- સહન કરાયું. સીવરાવતો નથી. સહન કરાવતો નથી. ॥૪૮॥

स्तु-स्वञ्जश्चाऽटि नवा २।३।४९॥

પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તુ અને સ્વઞ્જ્ ધાતુના તેમજ સો ભાવને નહિ પામેલા તથા જેની પરમાં ઙ પ્રત્યય નથી એવા સિવ્ અને સહ્ ધાતુના સ્ ને; તેમજ સ્સટ્ આગમ સમ્બન્ધી સ્ ને; અટ્ નો આગમ થયો હોય તો વિકલ્પથી ષ્ આદેશ થાય છે. પર્યષ્ટૌત્,

પર્યસ્તૌત્; ન્યષ્ટૌત્, ન્યસ્તૌત્ અને વ્યષ્ટૌત્, વ્યસ્તૌત્; અહીં પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્તુ ધાતુને હ્યસ્તની માં દિવ્ પ્રત્યયાદિ કાર્ય થયું છે. અહીં સ્તુ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં સ્ ને ષ્ આદેશ ન થવાથી ત્ ને ટ્ આદેશ પણ થતો નથી. અર્થ (બધાનો) - સ્તુતિ કરી. સ્તુ ધાતુના ઉ ને 'ઉત ઔ૦ ૪-૩-૫૯' થી ઔ આદેશ થયો છે.

પર્યષ્વજત્, પર્યસ્વજત્; ન્યષ્વજત્, ન્યસ્વજત્ અને વ્યષ્વજત્, વ્યસ્વજત્; અહીં પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્વઞ્જ્ ધાતુને હ્યસ્તનીમાં દિવ્ (ત્) પ્રત્યયાદિ કાર્ય થવાથી તેમજ આ સૂત્રથી સ્વઞ્જ્ ધાતુના સ્ ને વિકલ્પથી ષ્ આદેશ થવાથી ઉપર જણાવ્યા મુજબ પર્યષ્વજત્ પર્યસ્વજત્..... વગેરે પ્રયોગો થાય છે. અર્થ (બધાનો) – આલિઙ્ગન કર્યું.

પર્યષીવ્યત્, પર્યસીવ્યત્; ન્યષીવ્યત્, ન્યસીવ્યત્ અને વ્યષીવ્યત્, વ્યસીવ્યત્; અહીં પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સિવ્ (અસોઽ વિષયક) ધાતુને હ્યસ્તનીનો દિવ્ પ્રત્યયાદિ કાર્ય થયું છે. સિવ્ ધાતુના સ્ ને આ સૂત્રથી વિકલ્પે ષ્ આદેશ થવાથી ઉપર જણાવ્યા મુજબ પર્યષીવ્યત્ અને પર્યસીવ્યત્ ઈત્યાદિ પ્રયોગો થાય છે. અર્થ (બધાનો) - સીવ્યું.

પર્યષહત, પર્યસહત; ન્યષહત, ન્યસહત અને વ્યષહત, વ્યસહત અહીં પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા અસોઽ વિષયક (સો ભાવને નહીં પામેલા અને ઙ પ્રત્યયપરક) સહ્ ધાતુને હ્યસ્તનીમાં ત પ્રત્યયાદિ કાર્ય થયા બાદ સહ્ ધાતુના સ્ ને આ સૂત્રથી વિકલ્પથી ષ્ આદેશ થયો છે. તેથી ઉપર જણાવ્યા મુજબ પર્યષહત અને પર્યસહત ઈત્યાદિ પ્રયોગો થાય છે. અર્થ (બધાનો) – સહન કર્યું. પર્યષ્કરોત્, પર્યસ્કરોત્ અહીં સ્સટ્ આગમના સ્ ને આ સૂત્રથી વિકલ્પથી ષ્ આદેશ થયો છે. અર્થ – સંસ્કારી કર્યું.

અસોઽસિવૂસહેત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઙ પ્રત્યય

પરમાં ન હોય અને સો ભાવને પામેલા ન હોય એવા જ પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા સિવ્ અને સહ્ ધાતુના સ્ ને; અટ્ આગમ થયો હોય તો વિકલ્પથી ષ્ આદેશ થાય છે. તેથી પર્યસોઢયત્ પર્યસીષિવત્ અને પર્યસીષહત્ અહીં સો સ્વરૂપને પામેલા સહ્ ધાતુના સ્ ને તેમજ ક્ત પ્રત્યય જેના પરમાં છે; તેવા સિવ્ અને સહ્ ધાતુના સ્ ને આ સૂત્રથી વિકલ્પે ષ્ આદેશ થતો નથી. સહ્ ધાતુને ક્ત પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન સોઢ (જુઓ સૂ. નં. ૨-૩-૪૮) નામને સોઢમકરોત્ આ અર્થમાં 'ણિજ્ બહુલં૦ ૩-૪-૪૨' થી ણિજ્ (ઇ) પ્રત્યય કરવાથી સોઢિ ધાતુ બને છે. પરિ+સોઢિ ધાતુને હ્યસ્તનીમાં દિવ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પર્યસોઢયત્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સહન કરાવ્યું (સહન કરનાર બનાવ્યો). સીવરાવ્યું. સહન કરાવ્યું. આ સૂત્રના ઉદાહરણોની પ્રક્રિયા સ્પષ્ટ હોવાથી પૂર્વ સૂત્રોનાં અનુસન્ધાનથી સમજી શકાય છે. ॥૪૯॥

निरभ्यनोश्च स्यन्दस्याऽप्राणिनि २।३।५०॥

નિર્ અભિ અનુ પરિ નિ અને વ્નિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્યન્દ્ ધાતુના સ્ ને; પ્રાણી કર્ત્તા ન હોય તો વિકલ્પથી ષ્ આદેશ થાય છે. નિઃષ્યન્દતે અભિષ્યન્દતે અનુષ્યન્દતે પરિષ્યન્દતે નિષ્યંન્દતે અને વિષ્યન્દતે તૈલમ્ અહીં અનુક્રમે નિર્ અભિ અનુ પરિ નિ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા; અપ્રાણિકર્તૃકાર્થક સ્યન્દ્ (૯૫૬) ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ષ્ આદેશ ન થાય ત્યારે નિઃસ્યન્દતે અભિસ્યન્દતે અનુસ્યન્દતે પરિસ્યન્દતે નિસ્યન્દતે અને વિસ્યન્દતે તૈલમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - તેલ ઢોળાય છે. અપ્રાણિનીતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિર્ અભિ વગેરે ઉપસર્ગથી પરમાં રહેલા સ્યન્દ્ ધાતુના સ્ ને, પ્રાણીભિન્ન જ કર્ત્તા હોય તો ષ્ આદેશ વિકલ્પથી થાય છે. તેથી

परिस्यन्दते मत्स्यः અહીં પ્રાણી-મત્સ્ય કર્ત્તા હોવાથી, परि+स्यन्द् ધાતુના स् ને; આ સૂત્રથી વિકલ્પથી ष् આદેશ થતો નથી. અર્થ – માછલું તરે છે. ॥૫૦॥

वेः स्कन्दोऽक्तयोः २।३।५१॥

क्त અને क्तवतु પ્રત્યય પરમાં ન હોય તો; वि ઉપસર્ગથી પરમાં રહેલા स्कन्द् ધાતુના स् ને વિકલ્પથી ष् આદેશ થાય છે. वि+स्कन्द्+तृच् (तृ) આ અવસ્થામાં આ સૂત્રથી स्कन्द् ધાતુના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી विष्कन्ता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ष् આદેશ ન થાય ત્યારે विस्कन्ता આવો પ્રયોગ થાય છે. अक्तयोरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિ ઉપસર્ગથી પરમાં રહેલા स्कन्द् ધાતુના स्, ને વિકલ્પથી ष् આદેશ થાય છે; પરન્તુ स्कन्द् ધાતુની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો ष् આદેશ નથી જ થતો. તેથી वि+स्कन्द् (३१९) ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त (त) અને क्तवतु (तवत्) પ્રત્યય. 'नो व्यञ्जनस्या० ४-२-४५' થી स्कन्द् ના न् નો લોપ. 'रदाद० ४-२-६९' થી क्त ના त् ને અને क्तवतु ના આદ્ય त् ને न् આદેશ તેમજ न् ના યોગમાં ધાતુ સમ્બન્ધી द् ને પણ न् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી विस्कन्नः અને विस्कन्नवान् આવો પ્રયોગ થાય છે. અહીં स्कन्द् ધાતુની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોવાથી स्कन्द् ધાતુના स् ને ष् આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થક્રમશઃ- જશે. ગયો. ગયો. સૂત્રમાં अक्तयोः આ પ્રમાણે દ્વિવચનના નિર્દેશથી क्तઅને क्तवतु નું ગ્રહણ કરાયું છે. પરન્તુ अक्तस्य આ પ્રમાણે એકવચનના નિર્દેશથી પણ क्त સામાન્યના ગ્રહણથી क्तवतु ના પણ क्त નું ગ્રહણ શક્ય છે. છતાં દ્વિવચનનો નિર્દેશ કરવાનું તાત્પર્ય એ છે કે - 'अर्थवद् ग्रहणे नानर्थकस्य' અર્થાદ્ અર્થવત્-પ્રત્યયાદિનું ગ્રહણ શક્ય હોય તો અનર્થક પ્રત્યયાદિનું ગ્રહણ શક્ય

નથી- આ નિયમ છે. તેથી ભૂતકાલ-કર્મતાદિ અર્થવત્ ક્ત પ્રત્યયના ગ્રહણથી ક્તવતુ પ્રત્યયસમ્બન્ધી નિરર્થક ક્ત નું ગ્રહણ શક્ય નથી. તેના ગ્રહણમાટે અર્થાદ્ 'અર્થવદ્ગ્રહણે૦' આ ન્યાયનો પ્રસઙ્ગ ન આવે - એ માટે અક્તયોઃ આ પ્રમાણે દ્વિવચનનો નિર્દેશ કર્યો છે.... ઈત્યાદિ સમજી લેવું જોઈએ. ॥૫૧॥

परेः २।३।५२॥

પરિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્કન્દ્ ધાતુના સ્ ને વિકલ્પથી ષ્ આદેશ થાય છે. પરિ+સ્કન્દ્+તૃચ્ (તૃ) આ અવસ્થામાં આ સૂત્રથી સ્કન્દ્ ધાતુના સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી પરિષ્કન્તા આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સ્કન્દ્ ધાતુના સ્ ને ષ્ આદેશ ન થાય ત્યારે પરિસ્કન્તા આવો પ્રયોગ થાય છે. પરિ+સ્કન્દ્+ક્ત (ત) આ અવસ્થામાં આ સૂત્રથી સ્કન્દ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ. સૂ. નં. ૨-૩-૫૧ માં જણાવ્યા મુજબ સ્કન્દ્ ધાતુના દ્ ને થયેલા ન્ ને 'રષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ણ્ આદેશ. અને ક્ત ના ત્ ને થયેલા ન્ ને 'તવર્ગસ્ય૦ ૧-૩-૬૦' થી ણ્ આદેશાદિ કાર્ય થવાથી પરિષ્કણ્ણઃ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સ્કન્દ્ ધાતુના સ્ ને ષ્ આદેશ ન થાય ત્યારે બંન્ને ન્ ને ણ્ આદેશ ન થવાથી પરિષ્કન્નઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જશે. ગયો. ॥૫૨॥

निर्नेः स्फुर-स्फुलोः २।३।५३॥

નિર્ અને નિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુના સ્ ને વિકલ્પથી ષ્ આદેશ થાય છે. નિર્+સ્ફુરતિ; નિ+સ્ફુરતિ અને નિર્+સ્ફુલતિ; નિ+સ્ફુલતિ આ અવસ્થામાં આ સૂત્રથી સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુના સ્ ને ષ્ આદેશ. નિર્ ના ર્ ને 'રઃ પદાન્તે૦ ૧-૩-૫૩' થી

વિસર્ગ થવાથી નિઃષ્ફુરતિ; નિષ્ફુરતિ અને નિઃષ્ફુલતિ; નિષ્ફુલતિ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ ન થાય ત્યારે નિઃસ્ફુરતિ; નિસ્ફુરતિ અને નિઃસ્ફુલતિ; નિસ્ફુલતિ આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) – સ્ફુરે છે. અહીં નિર્નેઃ અને સ્ફુરસ્ફુલોઃ આ પ્રમાણે એકવચન અને દ્વિવચનના નિર્દેશથી થયેલ વચનભેદ યથાસઙ્ખ્ય અન્વયના નિવારણ માટે છે. ॥૫૩॥

વેઃ ૨।૩।૫૪॥

વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુના સ્ ને વિકલ્પથી ષ્ આદેશ થાય છે. વિ+સ્ફુરતિ અને વિ+સ્ફુલતિ આ અવસ્થામાં આ સૂત્રથી સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થવાથી વિષ્ફુરતિ અને વિષ્ફુલતિ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સ્ ને ષ્ આદેશ ન થાય ત્યારે વિસ્ફુરતિ અને વિસ્ફુલતિ આવો પ્રયોગ થાય છે. અર્થ – સ્ફુરે છે. ॥૫૪॥

સ્કમ્નઃ ૨।૩।૫૫॥

વિ ઉપસર્ગથી પરમાં રહેલા સ્કમ્ભ્ (૧૯૮૭) ધાતુના સ્ ને નિત્ય ષ્ આદેશ થાય છે. આ સૂત્રથી વિહિત ષ્ આદેશ પણ વૈકલ્પિક ઈષ્ટ હોત તો વેઃ સ્કમ્નશ્ચ આવું એકજ સૂત્રનું પ્રણયન કર્યું હોત; ચ થી સ્ફુર્ અને સ્ફુલ્ ધાતુનું અનુકર્ષણ થયું હોત. આથી સમજી શકાય છે કે 'વેઃ ૨-૩-૫૪' અને આ સૂત્રની પૃથગ્ રચનાથી વા નો અધિકાર નિવૃત્ત થયો છે. આ જ આશયથી સૂત્ર નં. ૨-૩-૫૪ ની સૂ. નં. ૨-૩-૫૩ થી ભિન્ન રચના છે. અન્યથા નિર્નેઃ ના સ્થાને વિનિર્નેઃ આવો પાઠ કરીને પણ અભીષ્ટ પ્રયોગની ઉપપત્તિ શક્ય હતી- એ સમજી શકાય છે. વિ+સ્કમ્ભ્ ધાતુને વર્ત્તમાનાનો તિવ્

પ્રત્યય. 'स्तम्भू-स्तुम्भू० ३-४-७८' થી तिव् ની પૂર્વે श्ना (ना) વિકરણ પ્રત્યય. 'नो व्यञ्जन० ४-२-४५' થી स्कम्भ् ધાતુના म् નો (न् નો) લોપ. આ સૂત્રથી स्कम्भ् ધાતુના स् ને ष् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી विष्कम्नाति આવો પ્રયોગ થાય છે. અર્થ – પ્રતિબન્ધ કરે છે. ॥૫૫॥

निर्-दुः-सु-वेः सम-सूतेः २।३।५६॥

નિર્ દુર્ સુ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા सम અને सूति શબ્દ સમ્બન્ધી स् ને ष् આદેશ થાય છે. निर्+समः; दुर्+समः; सु+समः; वि+समः અને निर्+सूतिः; दुर्+सूतिः; सु+सूतिः; वि+सूतिः આ અવસ્થામાં આ સૂત્રથી सम અને सूति નામના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી निःषमः; दुःषमः; सुषमः; विषमः અને निःषूतिः; दुःषूतिः; सुषूतिः; विषूतिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અદ્વિતીય. જેની સમાન બીજો મળવો કઠિન હોય તે. સારો, જેની સમાન હોય તે. વિષમ. વન્ધ્યા. કષ્ટકર પ્રસવવાલી. સારા પ્રસવવાલી. વિશિષ્ટ પ્રસવવાલી. सम् (૩૮૯) ધાતુને अच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सम શબ્દ અથવા सर्वादि गणपठित सम શબ્દ અહીં ગૃહીત છે. सू (अदादि, दिवादि અને तुदादि) ધાતુને સ્ત્રીલિંગમાં ભાવાર્થક क्ति પ્રત્યય વગેરે કાર્ય થવાથી सूति શબ્દ બને છે. જિજ્ઞાસુઓએ અહીં અધ્યાપક પાસેથી સૂ. નં. ૩-૧-૪૩,૪૪,૪૭ થી જે રીતે સમાસ થાય છે તે રીતે સમજી લેવું .....॥૫૬॥

अवः स्वपः २।३।५७॥

નિર્ દુર્ સુ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા; વ્ થી રહિત એવા स्वप् ધાતુના स् ને ष् આદેશ થાય છે. નિર્ દુર્ સુ અને વિ ઉપસર્ગ પૂર્વક स्वप् ધાતુને પરોક્ષાનો अतुस् પ્રત્યય. 'इन्ध्यसंयो०

૪-૩-૨૧' થી અતુસ્ પ્રત્યયને કિદ્વદ્ ભાવ. 'स्वपेर्यङ्-ङेच्च ૪-૧-૮૦' થી સ્વપ્ ના વ ને ઉ (ય્વૃત્) આદેશ. સુપ્ ને 'द्विर्धातुः ૪-૧-૧' થી દ્વિત્વ. અભ્યાસના પ્ નો 'व्यञ्जन० ૪-૧-૪૪' થી લોપ. આ સૂત્રથી અભ્યાસના સ્ ને અને 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી દ્વિતીય સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી નિઃષુષુપતુઃ; દુઃષુષુપતુઃ; સુષુષુપતુઃ અને વિષુષુપતુઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ બે સૂતા નહિ. તેઓ બે દુઃખે સૂતા. તેઓ બે સુખે સૂતા. તેઓ બે ઘણું સૂતા. अव इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિર્ દુર્ સુ અને વિ ઉપસર્ગથી પરમાં રહેલા, વ્ રહિત જ સ્વપ્ ધાતુના સ્ ને ષ્ આદેશ થાય છે. તેથી દુર્+સ્વપ્ ધાતુને 'यजि-स्वपि० ૫-૩-૮૫' થી ન પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન દુઃસ્વપ્નઃ અહીં સ્વપ્ ધાતુ વ્ સહિત હોવાથી સ્વપ્ ધાતુના સ્ ને આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. ન પ્રત્યય કિત્ ન હોવાથી વ ને સમ્પ્રસારણ ઉ આદેશ થતો નથી. અર્થ– ખરાબસ્વપ્ન. ॥૫૭॥

प्रादुरुपसर्गाद्यस्वरेऽस्तेः २।३।५८॥

પ્રાદુસ્ અવ્યય તેમજ ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વ્યઞ્જનથી પરમાં રહેલા અસ્ ધાતુના સ્ ને; તેની પરમાં યાદિ પ્રત્યય તથા સ્વરાદિ પ્રત્યય હોય તો ષ્ આદેશ થાય છે. પ્રાદુસ્+સ્યાત્ (અસ્ ધાતુને સપ્તમી (વિધ્યર્થ) નો યાત્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) વિ+સ્યાત્ અને નિ+સ્યાત્ આ અવસ્થામાં યાદિ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી અસ્ ધાતુના તાદૃશ સ્ ને ષ્ આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે પ્રાદુઃષ્યાત્; વિષ્યાત્ અને નિષ્યાત્ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પ્રાદુસ્+સન્તિ (અસ્ (દ્વિ.ગણ) ધાતુને અન્તિ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) વિ+સન્તિ અને નિ+સન્તિ આ અવસ્થામાં સ્વરાદિ પ્રત્યય પરમાં હોવાથી અસ્ ધાતુના તાદૃશ સ્ ને આ સૂત્રથી

ष् આદેશાદિ કાર્ય થવાથી પ્રાદુઃષન્તિ વિષન્તિ અને નિષન્તિ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રગટ થઈ શકે છે. સમર્થ થાય. થઈ શકે. પ્રગટ થાય છે. સમર્થ થાય છે. થાય છે. અસ્+યાત્ અને અસ્+અન્તિ આ અવસ્થામાં 'શ્નાસ્ત્યો૦ ૪-૨-૯૦' થી અસ્ ધાતુના અ નો લોપ થાય છે. જેથી સ્યાત્ અને સન્તિ આવો પ્રયોગ થાય છે. ય-સ્વર ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાદુસ્ અવ્યય અને ઉપસર્ગ સમ્બન્ધી નામી સ્વર અન્તસ્થા અથવા કવર્ગીય વર્ણથી પરમાં રહેલા અસ્ ધાતુના સ્ ને; તેની પરમાં યાદિ અથવા સ્વરાદિ પ્રત્યય હોય તો જ ષ્ આદેશ થાય છે. તેથી પ્રાદુસ્+સ્તઃ (અસ્ ધાતુને વર્ત્તમાનાનો તસ્ પ્રત્યય.) આ અવસ્થામાં તાદૃશ અસ્ ધાતુના સ્ ને; તેની પરમાં સ્વરાદિ કે યાદિ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ષ્ આદેશ થતો નથી. તેથી પ્રાદુઃસ્તઃ આવો પ્રયોગ થાય છે. અર્થ– તેઓ બે પ્રગટ થાય છે. ॥૫૮॥

न स्सः २।३।५९॥

દ્વિત્વ કરાએલા સ્ ને ષ્ આદેશ થતો નથી. સુ+પિસ્ (૫૪૬) ધાતુને ભાવમાં વર્ત્તમાના નો તે પ્રત્યય. 'क्यः शिति ३-४-७०' થી તે ની પૂર્વે क्य (य) પ્રત્યય. પિસ્ ના સ્ ને 'अदीर्घा० १-३-३२' થી દ્વિત્વ. સુપિસ્સ્+ય+તે આ અવસ્થામાં 'नाम्यन्तस्था० २-३-१५' થી સ્ ને ષ્ આદેશની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સુપિસ્સ્યતે આવો પ્રયોગ થાય છે. અર્થ - સારી રીતે ચલાય છે. ॥૫૯॥

सिचो यङि २।३।६०॥

સિચ્ ધાતુના સ્ ને યઙ્ પ્રત્યય પરમાં હોય તો ષ્ આદેશ થતો નથી. સિચ્ ધાતુને भृशाऽऽभीक्ष्ण्य અર્થમાં 'व्यञ्जनादे० ३-४-९' થી

यङ् प्रत्यय. 'सन् यङश्च ४-१-३' थी सिच् धातुने द्वित्व. अभ्यासमां 'व्यञ्जनस्या० ४-१-४४' थी च् नो लोप. 'आगुणावन्यादेः ४-१-४८' थी अभ्यासना सि ना इ ने गुण ए आदेश. सेसिच्य धातुने वर्त्तमानानो ते प्रत्यय वगेरे कार्य थवाथी सेसिच्यते आवो प्रयोग थाय छे. अहीं बीजा स् ने 'नाम्यन्तस्था० २-३-१५' थी ष् आदेशनी प्राप्ति हती, तेनो आ सूत्रथी निषेध थयो छे. अर्थ – वारंवार सिंचे छे. ॥६०॥

गतौ सेधः २।३।६१॥

गत्यर्थक सेध् (३२०) धातुना स् ने ष् आदेश थतो नथी. अभिसेधति गाः अहीं 'स्था-सेनि-सेध० २-३-४०' थी सेध् ना स् ने ष् आदेशनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध थयो छे. अर्थ-गायोने लई जाय छे. गताविति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब गत्यर्थक ज सेध् धातुना स् ने ष् आदेशनो निषेध थाय छे. तेथी निषेधति पापात् अहीं निषेधार्थक सेध् धातुना स् ने आ सूत्रथी ष् आदेशनो निषेध न थवाथी 'स्था- सेनि० २-३-४०' थी ष् आदेश थाय छे. अर्थ - पापथी अटकावे छे. ॥६१॥

सुगः स्य-सनि २।३।६२॥

स्य अने सन् प्रत्यय परमां होय तो सु (१२८६) धातुना स् ने ष् आदेश थतो नथी. अभि+सु धातुने भविष्यन्तीनो स्यति प्रत्यय वगेरे कार्य थवाथी अभिसोष्यति आवो प्रयोग थाय छे. अहीं सु धातुना स् ने 'उपसर्गा० २-३-३९' थी ष् आदेशनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध थाय छे. स्यति प्रत्ययना स् ने 'नाम्यन्तस्था० २-३-१५' थी ष् आदेश थाय छे. सोतुमिच्छति आ अर्थमां सू. नं. २-३-३७ मां जणाव्या मुजब सु धातुने सन् प्रत्ययादि कार्य थवाथी

સુસૂસ ધાતુ બને છે. તેને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् (०) પ્રત્યય. 'अतः ૪-૩-૮૨' થી સુસૂસ ધાતુના અન્ત્ય अ નો લોપ; ત્યારબાદ सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सुसूः આવો પ્રયોગ થાય છે. સુસૂસ્ અહીં सन् પ્રત્યયનો स् પદાન્તમાં હોવાથી તેને 'नाम्यन्त० ૨-૩-૧૫' થી ष् આદેશ થતો નથી. તેથી ષત્વભૂત सन् પ્રત્યય અહીં ન હોવાથી 'णिस्तोरे-वाऽस्वद० ૨-૩-૩૭' થી વિહિત નિયમથી સુ ધાતુના स् ને ष् આદેશની વ્યાવૃત્તિ થતી નથી. આ સ્થિતિમાં 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી સુસૂસ્ ના મધ્યવર્તી स् ને ष् આદેશની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. સુસૂષતિ આ સૂત્રનું ઉદાહરણ નથી. કારણ કે આ ઉદાહરણમાં ष् આદેશની નિવૃત્તિ સૂ. નં. ૨-૩-૩૭ થી વિહિત નિયમથી જ થાય છે. ..... ઈત્યાદિ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. અર્થક્રમશઃ– નવરાવશે. નવરાવવાની ઈચ્છાકરનાર. ॥૬૨॥ इति षत्वप्रकरणम्॥

अथ णत्वप्रकरणम्।

र-षृवर्णान्नो ण एकपदे ऽ नंन्त्यस्या ऽ ल-च-ट-तवर्ग-श-सान्तरे २।३।६३॥

ર્ ષ્ અને ऋ વર્ણ (ऋ, ॠ) થી પરમાં રહેલા પદના અન્તે નહિ રહેલા न् ને; નિમિત્ત અને નિમિત્તી એકજ પદમાં હોય તો; નિમિત્ત અને નિમિત્તી વચ્ચે લ્; च् વર્ગીય, ट् વર્ગીય; त् વર્ગીય વ્યઞ્જન તથા શ્ અને સ્ ને છોડીને અન્ય કોઈ પણ વર્ણનું વ્યવધાન હોય તો પણ ण् આદેશ થાય છે. આ સૂત્રનો અધિકાર યાવદ્ णत्व વિધિ સુધી છે. અર્થાદ્ णत्व વિધાયક તે તે સૂત્રમાં યથાસંભવ રષૃવર્ણાદિ ની અનુવૃત્તિ ચાલુ છે. तॄ ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪' થી क्त (त) પ્રત્યય. 'ॠतां० ૪-૪-૧૧૬' થી ॠ ને इर् આદેશ. 'भ्वादेर्ना०

२-१-६३' थी इर् ना इ ने दीर्घ ई आदेश. 'रदाद० ४-२-६९' थी क्त ना त् ने न् आदेश. आ सूत्रथी र् नी परमां रहेला न् ने ण् आदेश ईत्यादि कार्य थवाथी तीर्णम् आवो प्रयोग थाय छे. पुष् (१५६४) धातुने वर्त्तमानानो तिव् प्रत्यय. 'क्र्यादेः ३-४-७९' थी तिव् प्रत्ययनी पूर्वे श्ना (ना) विकरण प्रत्यय. आ सूत्रथी ष् थी परमां रहेला ना ना न् ने ण् आदेश थवाथी पुष्णाति आवो प्रयोग थाय छे. अहीं यद्यपि 'तवर्गस्य० १-३-६०' थी न् ने ण् थई शके छे. परन्तु कषणम् ईत्यादि प्रयोगोमां ष् अने न् नी वच्चे विवक्षित स्वरादिनुं व्यवधान होय त्यारे न् ने ण् सू. नं. १-३-६० थी नहीं थाय. तेथी तादृश प्रयोगोमां न् ने ण् आदेशनुं विधान आ सूत्रथी कर्युं छे. आथी अव्यवधान स्थळे पण आ ज सूत्रथी न् ने ण् आदेश थाय छे – ए याद राखवुं. नृ+आम् (षष्ठी ब. व.) आ अवस्थामां 'ऋस्वापश्च १-४-३२' थी आम् ने नाम् आदेश. आ सूत्रथी ऋ थी परमां रहेला नाम् ना न् ने ण् आदेश थवाथी नृणाम् आवो प्रयोग थाय छे. नृ+नाम् आ अवस्थामां 'नुर्वा १-४-४८' थी नृ ना ऋ ने दीर्घ ॠ आदेश थवाथी दीर्घ ॠ थी परमां रहेला नाम् ना न् ने ण् आदेश थवाथी नॄणाम् आवो प्रयोग थाय छे. कृ धातुने अनट् प्रत्ययादि कार्यथी करणम् आवो प्रयोग थाय छे. अहीं र् थी परमां रहेला अनट् (अन) प्रत्यय सम्बन्धी न् ने अ स्वरनुं व्यवधान होवा छतां आ सूत्रथी ण् आदेश थाय छे. आवी ज रीते बृंह् धातुने (५६०) अनट् प्रत्ययादि कार्य थवाथी बृंहणम् आवो प्रयोग थाय छे. अहीं ऋ थी परमां रहेला अनट् प्रत्यय सम्बन्धी न् ने; अनुस्वार ह् अने अ नुं व्यवधान होवा छतां आ सूत्रथी ण् आदेश थाय छे. अर्केण (अर्क+टा) अहीं र् थी परमां रहेला इन (टा (आ) ने 'टाङसो० १-४-५' थी विहित) प्रत्ययना न् ने; क् अने ए नुं व्यवधान होवा छतां ण् आदेश थाय छे. अर्थक्रमशः- तर्यो. पोषे छे. मनुष्योनुं. मनुष्योनुं. करवुं ते. वधवुं ते अथवा अवाज करवो ते. सूर्यथी. एकपद

इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એક જ પદમાં રહેલા ર્ ષ્ કે ઋ વર્ણથી પરમાં રહેલા અપદાન્તસ્થ ન્ ને; લ્ ચ-ટ-ત વર્ગીય વ્યઞ્જન અને શ્ સ્ થી ભિન્ન કોઈ પણ વર્ણનું વ્યવધાન નિમિત્ત-નિમિત્તી વચ્ચે હોય તો પણ ણ્ આદેશ થાય છે. તેથી અગ્નિર્નયતિ અને ચર્મનાસિકઃ (चर्मविकारो नासिका यस्य) અહીં ર્ થી પરમાં રહેલો નયતિ નો ન્ ભિન્ન પદમાં હોવાથી અને નાસિકા નો ન્ વિગ્રહવાક્યની અપેક્ષાએ ભિન્ન પદમાં હોવાથી અર્થાદ્ એક જ પદમાં ન હોવાથી તે ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. આથી સમજી શકાશે કે સૂત્રમાં એક પદનું ઉપાદાન ન કરે તો પણ પદે આ પ્રમાણે એકવચનાન્તના ઉપાદાનથી એકપદ સ્વરૂપ વિવક્ષિત અર્થનું ગ્રહણ થઈ શકે છે. તેથી એક પદના ગ્રહણથી નિયમ થાય છે કે નિમિત્ત અને નિમિત્તી કોઈ પંણ રીતે ભિન્ન પદમાં ન હોય તો જ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ન્ ને ણ્ આદેશ થાય છે, અન્યથા નહીં. જેથી સમાસની અપેક્ષાએ એકપદમાં નિમિત્ત-નિમિત્તી હોવા છતાં चर्मनासिकः અહીં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ નથી જ થતો. અર્થક્રમશઃ- અગ્નિ લઈ જાય છે. ચામડા જેવું નાક છે જેનું તે.

अनन्त्यस्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એક જ પદમાં રહેલા ર્ ષ્ કે ઋવર્ણથી પરમાં રહેલા - પદના અન્તે નહિ રહેલા જ ન્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે લ્ શ્ સ્ તથા ચ-ટ-ત વર્ગીય વ્યઞ્જનથી ભિન્ન કોઈ પણ વર્ણનું વ્યવધાન હોવા છતાં ણ્ આદેશ થાય છે. તેથી વૃક્ષાન્ અહીં ષ્ થી પરમાં રહેલો ન્ પદના અન્તે રહેલો હોવાથી તેને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અર્થ- વૃક્ષોને. लादि वर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકપદમાં રહેલા ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા અપદાન્તસ્થ ન્ ને; નિમિત્ત-નિમિત્તી વચ્ચે લ્, ચ-ટ-ત વર્ગીય વ્યઞ્જન અને શ્ સ્ થી ભિન્ન જ વર્ણ હોય તો પણ ણ્ આદેશ થાય છે. તેથી વિરલેન, મૂર્ચ્છનમ્, (મૂર્ચ્છ્+અનટ્); દૃઢેન, તીર્થેન, રશના અને રસના અહીં અનુક્રમે નિમિત્ત

અને નિમિત્તીની વચ્ચે લુ; च् વર્ગીય વ્યઞ્જન; ट વર્ગીય વ્યઞ્જન; तवर्गीय व्यञ्जन; श् અને स् હોવાથી આ સૂત્રથી र् અને ऋ થી પરમાં રહેલા न् ને ण् આદેશ થતો નથી. અર્થક્રમશઃ– વિરલથી. મૂચ્છ્ર્. દૃઢથી. તીર્થથી. દોરી. જીભ. ॥૬૩॥

पूर्वपदस्थान्नाम्न्यगः २।३।६४॥

સમાસાર્થ કોઈનું નામ હોય તો; ग् જેના અન્તમાં છે એવા પૂર્વ પદથી ભિન્ન કોઈ પણ પૂર્વપદમાં રહેલા र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદ સમ્બન્ધી न् (અનન્ત્ય) ને ण् આદેશ થાય છે. द्रुणसः (द्रुरिव नासिका यस्य); खरणाः (खर इव नासिका यस्य) અને शूर्पणखा (शूर्प इव नखा यस्याः); અહીં આ સૂત્રથી નાસિકા અને નખ નામ સ્વરૂપ ઉત્તરપદ સમ્બન્ધી न् ને ण् આદેશ થયો છે. 'अस्थूलाच्च नसः ७-३-१६१' થી द्रुणसः અહીં નાસિકા નામને नस આદેશ થયો છે. અને 'खरखुरा० ७-३-१६०' થી खरणाः અહીં નાસિકા નામને नस् આદેશ થયો છે. खरणस् નામને પુલ્લિંગમા सि પ્રત્યયાદિ કાર્યથી खरणाः આવો પ્રયોગ થાય છે- એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ– તે નામનો પુરુષવિશેષ. તે નામનો પુરુષવિશેષ. તે નામની સ્ત્રી- રાવણાની બેન. ઉપર ઉદાહરણોની માત્ર વ્યુત્પત્તિ જણાવી છે. તે અર્થ; ખરેખર શબ્દનો નથી. આવી જ રીતે સર્વત્ર માત્ર સંજ્ઞાવાચક નામોના અર્થવિષયે જાણવું.

नाम्नीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ કોઈનું નામ હોય તો જ ग् જેના અન્તમાં છે એવા પૂર્વપદથી ભિન્ન કોઈ પણ પૂર્વપદમાં રહેલા र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદ સમ્બન્ધી न् ને ण् આદેશ થાય છે. તેથી मेषनासिकः (मेष इव नासिका यस्य) અહીં સમાસાર્થ કોઈનું નામ ન હોવાથી; આ સૂત્રથી નાસિકા ના न् ને ण् આદેશ થતો નથી. અર્થ-ઘેટા જેવા નાકવાલો.

अग इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ કોઈનું નામ હોય તો ग् જેના અન્તે છે એવાં પૂર્વપદમાં રહેલા र् ष् અને ऋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદ સમ્બન્ધી न् ને ण् આદેશ થતો નથી. તેથી ऋगयनम् (ऋचामयनम्) અહીં અયન ના न् ને આ સૂત્રથી ण् આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં अग આ પદનું ઉપાદાન ન કર્યું હોત તો; પૂર્વપદ માત્રમાં રહેલા र्, ष् કે ऋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદ સમ્બન્ધી न् ને ण् આદેશ થવાથી ऋगयणम् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત- એ સમજી શકાય છે. અર્થ - તે નામની વેદની શાખા વિશેષ. ॥૬૪॥

नसस्य २।३।६५॥

પૂર્વપદમાં રહેલા र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા नस ('उपसर्गात् ७-३-१६२' થી વિહિત) સ્વરૂપ ઉત્તરપદ સમ્બન્ધી न् ને ण् આદેશ થાય છે. प्रगता प्रवृद्धा वा नासिका यस्य આ અર્થમાં નિષ્પન્ન प्र+नासिका આ અવસ્થામાં 'उपसर्गात् ७-३-१६२' થી नासिका નામને नस આદેશ. આ સૂત્રથી नस ના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી प्रणसः આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રગત અથવા પ્રવૃદ્ધ નાકવાલો. ॥૬૫॥

निष्प्राऽग्रेऽन्तः-खदिर-काश्यर्याऽऽम्र-शरेक्षु-प्लक्ष-पीयुक्षाभ्यो वनस्य २।३।६६॥

નિર્, પ્ર, અગ્રે, અન્તર્, ખદિર, કાશ્ર્ય, આમ્ર, શર, ઇક્ષુ, પ્લક્ષ અને પીયુક્ષા શબ્દથી પરમાં રહેલા वन શબ્દ સમ્બન્ધી न् ને ण् આદેશ થાય છે. निर्वणम् (निर्गतम् निकृष्टं वा वनम् प्रादिसमास.); प्रवणम् (प्रगतं प्रकृष्टं वा वनम् प्रादिसमास.); अग्रेवणम् (वनस्याग्रम् 'पारेम०

૩-૧-૩૦' થી અવ્યયીભાવ; એના યોગે અગ્ર ના અન્ત્ય અ ને ए આદેશ.); અન્તર્વણમ્ (વનસ્યાન્તર); ખદિરવણમ્ (ખદિરાણાં વનમ્); કાર્શ્યવણમ્ (કાર્શ્યાનાં વનમ્); આમ્રવણમ્ (આમ્રાણાં વનમ્); શરવણમ્ (શરાણાં વનમ્); ઇક્ષુવનમ્ (ઇક્ષૂણાં વનમ્); પ્લક્ષવણમ્ (પ્લક્ષાણામ્ વનમ્) અને પીયુક્ષાવણમ્ (પીયુક્ષાણાં વનમ્); અહીં આ સૂત્રથી વન શબ્દના ન્ ને ण् આદેશ થયો છે. અર્થક્રમશઃ- વનરહિત સ્થાન. ગહનવન. વનનો અગ્રભાગ. વનનો અંદરનો ભાગ. ખજુરીનું વન. કાર્શ્યનામના વૃક્ષોનું વન. કેરીનું વન. શરનામના ઘાસનું વન. શેલડીનું વન. પિંપળાનું વન. પીયુક્ષા-દ્રાક્ષવિશેષનું વન. કાર્શ્યવણમ્ અહીં ર્ અને ન્ ની વચ્ચે શ્ નું વ્યવધાન હોવા છતાં વિધાન સામર્થ્યથી ન્ ને ण् આદેશ થાય છે. સૂત્રમાં પીયુક્ષાભ્યઃ અહીં બહુવચન વ્યાપ્તિ માટે છે. તેથી સંજ્ઞા અસંજ્ઞા સર્વત્ર આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ण् આદેશ થાય છે. ॥૬૬॥

द्वि-त्रिस्वरौषधि-वृक्षेभ्यो नवाऽनिरिकादिभ्यः २।३।६७॥

ઇરિકા આદિમાં છે જેના તે ઇરિકાદિ ગણપાઠમાંના નામોથી ભિન્ન બે સ્વરવાલા અથવા ત્રણ સ્વરવાલા ઓષધિ વાચક અને વૃક્ષ વાચક નામથી પરમાં રહેલા વન નામના ન્ ને; વિકલ્પથી ण् આદેશ થાય છે. ઓષધિ - દૂર્વાણાં માષાણાં નીવારાણાં વા વનમ્ આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન દૂર્વાવણમ્ દૂર્વાવનમ્; માષવણમ્ માષવનમ્ અને નીવારવણમ્ નીવારવનમ્ આ પ્રયોગોમાં આ સૂત્રથી વન શબ્દના ન્ ને; વિકલ્પથી ण् આદેશ થયો છે. અહીં દૂર્વા અને માષ નામ દ્વિસ્વરી છે અને નીવાર નામ ત્રિસ્વરી છે - એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ– દૂર્વાનું વન.અડદનું વન. નીવાર - ઓષધિવિશેષનું વન. વૃક્ષ - શિગ્રૂણાં વનમ્ અને શિરીષાણાં વનમ્ આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી. નિષ્પન્ન શિગ્રુવણમ્ શિગ્રુવનમ્ અને શિરીષવણમ્ શિરીષવનમ્ આ પ્રયોગમાં વન

નામના ન્ ને આ સૂત્રથી વિકલ્પથી ણ્ આદેશ થયો છે. અહીં શિગ્રુ દ્વિસ્વરી વૃક્ષવાચક નામ છે. અને શિરીષ ત્રિસ્વરી વૃક્ષવાચક નામ છે. ઓષધિ અને વૃક્ષ - બંન્નેમાં જે ભેદ છે - તે બૃહદ્વૃત્તિથી જાણવો જોઈએ.

इरिकादिवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इरिकादि ગણપાઠમાંના નામોથી ભિન્ન જ બેસ્વરવાલા અને ત્રણસ્વરવાલા ઓષધિ અને વૃક્ષવાચક નામથી પરમાં રહેલા वन નામ સમ્બન્ધી ન્ ને; વિકલ્પથી ણ્ આદેશ થાય છે. તેથી इरिकाणां वनम् આ વિગ્રહમાં સમાસાદિ કાર્ય થવાથી इरिकावनम् આવો પ્રયોગ થાય છે. અહીં इरिका નામ ત્રિસ્વરી ઓષધિવાચક હોવા છતાં તે इरिकादि ગણપાઠમાંનું હોવાથી તેની પરમાં રહેલા वन નામના ન્ ને આ સૂત્રથી વિકલ્પે ણ્ આદેશ થતો નથી. અર્થ - ઈરિકા નામની ઓષધિવિશેષનું વન. સૂત્રમાં वृक्षेभ्यो આ પ્રમાણે બહુવચનનો જે નિર્દેશ છે, તે ઓષધિ અને વૃક્ષ વાચક નામનો દ્વિ અને ત્રિ સ્વરની સાથે યથાસઙ્ખ્ય અન્વય ન કરવાં માટે છે ..... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ॥૬૭॥

गिरिनद्यादीनाम् २।३।६८॥

गिरिनदी આદિમાં છે જેના - તે गिरिनद्यादि ગણપાઠમાંના નામ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. गिरिणदी, गिरिनदी (गिरेर्नदी) અને तूर्यमाणः तूर्यमानः (तूर्यस्य मानमिव मानं यस्य) અહીં नदी અને मान નામના ન્ ને આ સૂત્રથી વિકલ્પે ણ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ– પર્વતીય નદી. વાદ્યના સમાન પ્રમાણવાલું. ॥૬૮॥

पानस्य भावकरणे २।३।६९॥

પૂર્વપદ સમ્બન્ધી र् ष् અને ऋ વર્ણથી (ऋ ॠ થી) પરમાં રહેલા,

ભાવાર્થક અને કરણાર્થક અનટ્ (અન) પ્રત્યયાન્ત પાન શબ્દ સમ્બન્ધી ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. क्षीरपाणं क्षीरपानं (पानं पीतिः क्षीरस्य पानं क्षीरपानम् पा ધાતુને 'अनट् ૫-૩-૧૨૪' થી ભાવમાં अनट् પ્રત્યય.) स्यात्; कषायपाणः कषायपानः (पीयतेऽनेनेति पानम् पा ધાતુને 'करणा० ૫-૩-૧૨૯' થી अनट् પ્રત્યય.) कंसः અહીં ઉભયત્ર પાન શબ્દ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. અર્થક્રમશઃ– દુધ પીવું. કષાય (મદિરા વિશેષ) પીવાનું પાત્ર. ॥૬૯॥

देशे २।३।७०॥

દેશ અર્થ ગમ્યમાન હોય તો; પૂર્વપદમાં રહેલા र् ष् અને ऋ વર્ણથી પરમાં રહેલા પાન શબ્દ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ નિત્ય થાય છે. આ સૂત્રનું પૃથક્ પ્રણયન હોવાથી વા અધિકારની નિવૃત્તિ થાય છે. અન્યથા વા અધિકાર અહીં પણ ઈષ્ટ હોય તો पानस्य भावकरण देशे આ પ્રમાણે એક સૂત્રની જ રચના કરી હોત. क्षीरपाणा उशीनराः (पीयत इति पानं क्षीरं पानं येषां ते) અહીં પાન શબ્દના ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી થયો છે. અર્થ – દુધ પીવાવાલા ઉશીનર દેશના લોકો. અહીં દેશવાસીઓનું કથન હોવા છતાં દેશનું પણ જ્ઞાન થાય છે જ. देश इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશ અર્થ ગમ્યમાન હોય તો જ પૂર્વપદમાં રહેલા र् ष् અને ऋ વર્ણથી પરમાં રહેલા પાન શબ્દના ન્ ને ણ્ આદેશ નિત્ય થાય છે. તેથી क्षीरपाना गोदुहः અહીં દેશ અર્થ ગમ્યમાન ન હોવાથી પાન શબ્દના ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અર્થ - દુધ પીવાવાલા રબારી. ॥૭૦॥

ग्रामाऽग्रान्नियः २।३।७१॥

ગ્રામ અને અગ્ર નામથી પરમાં રહેલા नी ધાતુના ન્ ને ણ્ આદેશ

થાય છે. ગ્રામણીઃ અને અગ્રણીઃ (ગ્રામમગ્રં વા નયતીતિ ગ્રામ+ની; અગ્ર+ની ધાતુને ક્વિપ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) અહીં ગ્રામ અને અગ્ર નામથી પરમાં રહેલા ની ધાતુ સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ– ગામનો નાયક. અગ્રેસર-નેતા. ॥૭૧॥

वाह्याद् वाहनस्य २।३।७२॥

વાહ્ય વાચક પૂર્વપદમાં રહેલા ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા વાહન શબ્દના ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. इक्षूणां वाहनम् (उह्यतेऽनेन આ અર્થમાં વહ્ ધાતુને 'करणाधारे ५-३-१२९' થી અનટ્ પ્રત્યય. વાહન - આ પ્રમાણેના આ સૂત્રમાંના નિર્દેશથી વહ્ ધાતુના અ ને દીર્ઘ આ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન) આ વિગ્રહમાં સમાસાદિ કાર્ય બાદ આ સૂત્રથી વાહન નામના ન્ ને ણ્ આદેશ થવાથી इक्षुवाहणम् આવો પ્રયોગ થાય છે. અર્થ - શેલડી લઈ જવાનું ગાડું વગેરે. वाह्यादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાહ્ય વાચક જ પૂર્વપદસ્થ ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા વાહન નામના ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી सुरवाहनम् (सुराणां वाहनम्) અહીં પૂર્વપદ सुर વાહ્યવાચક ન હોવાથી તેમાં રહેલા ર્ ની પરમાં રહેલા વાહન નામના ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ-દેવતાઓનું વાહન. અહીં સ્વસ્વામીભાવ સ્વરૂપ સમ્બન્ધ માત્રની જ વિવક્ષા છે. વાહ્ય-વાહનભાવની વિવક્ષા નથી. घृतस्य घटः અને मम घटः આ બે પ્રયોગોમાં જે વિવક્ષાભેદ છે- તેને સમજી શકનારાને इक्षुवाहणम् અને सुरवाहनम् આ બે પ્રયોગોમાં જે વિવક્ષાભેદ છે- તે સમજાવવાની આવશ્યકતા નથી. इक्षु ની જેમ વાહ્યત્વેન सुरादि માં તાત્પર્ય બોધનેચ્છાથી તો सुरवाहणम् ..... ઈત્યાદિ જ પ્રયોગ થાય છે. ॥૭૨॥

अतो ऽ हूनस्य २।३।७३॥

અકારાન્ત પૂર્વપદમાં રહેલા ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા અહ્ન શબ્દ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. અહ્નઃ પૂર્વમ્ આ વિગ્રહમાં 'પૂર્વા-ઽપરાઽધરો૦ ૩-૧-૫૨' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન પૂર્વ+અહન્ આ અવસ્થામાં 'સર્વાંશ૦ ૭-૩-૧૧૮' થી અટ્ સમાસાન્ત પ્રત્યય અને અહન્ ને અહ્ન્ આદેશાદિ કાર્ય થવાથી પૂર્વાહ્ન આવો શબ્દ બને છે. આ સૂત્રથી અહ્ન શબ્દના ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી પૂર્વાહ્ણઃ આવો પ્રયોગ થાય છે. અર્થ- દિવસનો પૂર્વભાગ. અત ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત જ પૂર્વપદમાં રહેલા ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા અહ્ન શબ્દ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી નિન્દિતમહઃ આ અર્થમાં 'દુર્નિન્દા૦ ૩-૧-૪૩' થી સમાસાદિ કાર્યથી પૂર્વાહ્ણઃ ની જેમ દુરહ્નઃ આવો પ્રયોગ થાય છે. અહીં અકારાન્ત પૂર્વપદ ન હોવાથી તત્સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા અહ્ન નામના ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ - ખરાબદિવસ. અહ્ન ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત પૂર્વપદસ્થ ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા અહ્ન શબ્દના જ (અહન્ ના નહીં) ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી દીર્ઘાણ્યહાનિ યસ્યાં સા આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન દીર્ઘાહન્ નામને 'અનો વા ૨-૪-૧૧' થી સ્ત્રીલિંગમાં ङી (ઈ) પ્રત્યય. 'અનોઽસ્ય ૨-૧-૧૦૮' થી અહન્ ના ઉપાન્ત્ય અ નો લોપ... ઇત્યાદિ કાર્ય થવાથી દીર્ઘાહ્ની શરત્ આવો પ્રયોગ થાય છે. અહીં અહ્ન શબ્દ સમ્બન્ધી ન્ ન હોવાથી (અહ્ની શબ્દ સમ્બન્ધી હોવાથી) ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અર્થ – લામ્બા દિવસવાલી શરદ્ ઋતુ. ॥૭૩॥

चतुस्त्रेर्हायनस्य वयसि २।३।७४॥

વય (ઉંમર) અર્થ ગમ્યમાન હોય તો ચતુર્ અને ત્રિ શબ્દ સ્વરૂપ પૂર્વપદથી પરમાં રહેલા હાયન નામના ન્ ને ણ્ આદેશ થાય છે. चत्वारो हायना यस्य અને त्रयो हायना यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન चतुर्+हायनः અને त्रि+हायनी ('सङ्ख्यादे० २-४-९' થી ङी (ई) પ્રત્યય.) આ અવસ્થામાં આ સૂત્રથી હાયન નામના ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી चतुर्हायणो वत्सः અને त्रिहायणी વડવા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચાર વરસનું વાછરડું. ત્રણ વરસની ઘોડી. वयसीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વય અર્થ ગમ્યમાન હોય તો જ चतुर् અને त्रि-આ પૂર્વપદથી પરમાં રહેલા हायन શબ્દ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી चत्वारो हायना यस्याः આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી चतुर्हायना ('आत् २-४-१८' થી आप् પ્રત્યય.) शाला - આવો પ્રયોગ થાય છે. અહીં કાલકૃત શરીરાવસ્થા સ્વરૂપ વય અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી હાયન નામના ન્ ને ણ્ આદેશ થતો નથી. તેમજ ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય પણ થતો નથી. અર્થ- ચારવરસ જુની શાળા.॥७४॥

वोत्तरपदान्तन-स्यादेरयुव-पक्वा-ऽहूनः २।३।७५॥

પૂર્વપદમાં રહેલા र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદના અન્તે રહેલા न् ને; न् આગમ સમ્બન્ધી न् ને અને સ્યાદિ વિભક્તિ સમ્બન્ધી न् ને; તે न् युवन् पक्व અને अहन् શબ્દ સમ્બન્ધી ન હોય તો વિકલ્પથી ण् આદેશ થાય છે. उत्तरपदान्त - व्रीहीन् वपति साधु આ અર્થમાં व्रीहि+वप् ધાતુને 'साधौ ५-१-१५५' થી णिन् (इन्) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન व्रीहिवापिन्+औ આ અવસ્થામાં व्रीहि

સ્વરૂપ પૂર્વપદમાં રહેલા ર્ થી પરમાં રહેલા ઉત્તરપદ વાપિન્ ના અન્તે વર્ત્તમાન ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થવાથી વ્રીહિવાપિણૌ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે વ્રીહિવાપિનૌ આવો પ્રયોગ થાય છે. નાડ્ડગમ – માષાન્ વપન્તિ આ અર્થમાં માષ+વપ્ ધાતુને 'કર્મણોઽણ્ ૫-૧-૭૨' થી અણ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન માષવાપ+ઇ (જસ્ શસ્ ના સ્થાને થયેલ શિ) આ અવસ્થામાં વાપ ના અન્તે 'સ્વરાચ્છૌ ૧-૪-૬૫' થી ન્ નો આગમ. 'નિ દીર્ઘઃ ૧-૪-૮૫' થી વાપ નામના અ ને દીર્ઘ આ આદેશ. પૂર્વપદ માષ માં રહેલા ષ્ થી પરમાં રહેલા ન્ આગમ સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશાદિ કાર્ય થવાથી માષવાપાણિ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે માષવાપાનિ આવો પ્રયોગ થાય છે. સ્યાદિ – વ્રીહિવાપ+ટા (આ) - આ અવસ્થામાં 'ટાઙસો૦ ૧-૪-૫' થી ટા ને ઇન આદેશ. આ સૂત્રથી પૂર્વપદ વ્રીહિ માં ર્ થી પરમાં રહેલા સ્યાદિ વિભક્તિના પ્રત્યય ઇન ના ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી વ્રીહિવાપેણ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે વ્રીહિવાપેન આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારી રીતે અનાજ વાવનારા બે માણસો. અડદ વાવનારા કુલો. અનાજ વાવનારથી. અહીં યાદ રાખવું જોઈએ કે જ્યાં કેવલ ઉત્તરપદસ્થ ર્ ષ્ કે ઋ વર્ણને આશ્રયી ને ન્ ને સૂ. નં. ૨-૩-૬૩ થી ણ્ આદેશની પ્રાપ્તિ છે ત્યાં તે સૂત્રથી નિત્ય ણ્ આદેશ થાય છે. તેથી પુરુષશ્ચ વારિ ચ પુરુષવારિણી અહીં ન્ આગમ સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી વિકલ્પે ણ્ આદેશની પ્રાપ્તિ હોવા છતાં, એકપદાશ્રિત ણ્ આદેશ અન્તરઙ્ગ (અલ્પનિમિત્તક) કાર્ય હોવાથી 'રષૃવ૦ ૨-૩-૬૩' થી ણ્ આદેશ નિત્ય થાય છે. આ સૂત્રથી વિહિત ણ્ આદેશ પરકાર્ય હોવા છતાં તેનો બાધ થાય છે ..... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

યુવાદિવર્જનં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુવન્ પક્વ

અને અહન્ શબ્દસમ્બન્ધી ન્ ન હોય તો જ પૂર્વપદસ્થ ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદના અન્તે રહેલા ન્ ને; ન્ આગમ સમ્બન્ધી ન્ ને તેમજ સ્યાદિ વિભક્તિ સમ્બન્ધી ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. તેથી આર્યયૂના (આર્યયુવન્+ટા આ અવસ્થામાં 'શ્વન્ યુવન્૦ ૨-૧-૧૦૬' થી વ ને ઉ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન.); પ્રપક્વાનિ (માષવાપાનિ ની જેમ) અને દીર્ઘાહ્ની શરત્ (જુઓ સૂ. નં. ૨-૩-૭૩) અહીં ઉત્તરપદના અન્તે રહેલો તાદૃશ ન્, યુવન્ અને અહન્ શબ્દ સમ્બન્ધી હોવાથી; તેમ જ ન્ આગમ સમ્બન્ધી ન્, પક્વ શબ્દ સમ્બન્ધી હોવાથી આ સૂત્રથી ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- આર્ય યુવાનથી. સારીરીતે પાકેલા. મોટા દિવસવાલી શરદ્ઋતુ. ॥૭૫॥

कवर्गैकस्वरवति २।३।७६॥

ક વર્ગીય વ્યઞ્જનથી યુક્ત અથવા એક સ્વરવાળું ઉત્તરપદ હોય ત્યારે પૂર્વપદમાં રહેલા ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા ઉત્તરપદના અન્તે રહેલા ન્ ને; નાગમ સમ્બન્ધી ન્ ને તેમજ સ્યાદિ વિભક્તિના પ્રત્યય સમ્બન્ધી ન્ ને; તે ન્, પક્વ શબ્દસમ્બન્ધી ન હોય તો; ણ્ આદેશ થાય છે. કવર્ગ - સ્વર્ગકામિણૌ (સ્વર્ગં કામયત ઇત્યેવં શીલૌ; સ્વર્ગ+કામિ ધાતુને 'અજાતે:૦ ૫-૧-૧૫૪' થી ણિન્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન.) અને વૃષગામિણૌ (વૃષં ગમયિતું શીલં યયોસ્તૌ વૃષ+ગમિ ધાતુને ણિન્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન.) અહીં કવર્ગીય વ્યઞ્જનથી યુક્ત કામિન્ અને ગામિન્ ઉત્તરપદ હોવાથી પૂર્વપદ સ્વર્ગ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા અને વૃષ સમ્બન્ધી ઋ થી પરમાં રહેલા ઉત્તરપદના અન્તે વર્ત્તમાન ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થયો છે. અર્થક્રમશઃ– સ્વર્ગ ઇચ્છનાર બે માણસો. બળદ મેળવનારા બે માણસો. બ્રહ્મહણૌ (બ્રહ્માણં હતવન્તૌ આ અર્થમાં બ્રહ્મ+હન્ ધાતુને

'ब्रह्म-भ्रूण० ५-१-१६१' थी क्विप् (०) प्रत्ययादि कार्यथी निष्पन्न.) अने यूषपाणि (यूषं पिबन्ति आ अर्थमां यूष+पा धातुने 'क्वचित् ५-१-१७१' थी ड प्रत्ययादि कार्यथी निष्पन्न.) अहीं एकस्वरवालुं हन् अने प स्वरूप उत्तरपद परमां होवाथी; पूर्वपद ब्रह्म सम्बन्धी र् थी परमां रहेला उत्तरपदना अन्ते वर्त्तमान न् ने; तेमज पूर्वपद यूष सम्बन्धी ष् थी परमां रहेला न् आगम सम्बन्धी न् ने; आ सूत्रथी ण् आदेश थाय छे. अर्थक्रमशः- ब्रह्महत्या करनारा बे लोको. यूष (दारु) पान करनारा कुलो. अपक्वस्येत्येव - आ सूत्रथी उपर जणाव्या मुजब क वर्गीय व्यञ्जन अथवा एकस्वरवालुं उत्तरपद होय तो; पूर्वपद सम्बन्धी र् ष् अथवा ऋ वर्णथी परमां रहेला उत्तरपदना अन्ते वर्त्तमान न् ने; नागमसम्बन्धी न् ने तेमज स्यादि विभक्ति प्रत्यय सम्बन्धी न् ने; ते न्, पक्व शब्दसम्बन्धी न होय तो ज ण् आदेश थाय छे. तेथी क्षीरपक्वेन अहीं कवर्गीय व्यञ्जनथी युक्त उत्तरपद पक्व होवाथी तत्सम्बन्धी स्यादि प्रत्यय सम्बन्धी न् ने ण् आदेश थतो नथी. अर्थः- दुधमां पकावेलाथी.॥७६॥

अदुरुपसर्गान्तरो ण-हिनु-मीनाऽऽनेः २।३।७७॥

दुर् उपसर्गथी भिन्न उपसर्ग सम्बन्धी तेमज अन्तर् शब्द सम्बन्धी र् ष् अथवा ऋ वर्णथी परमां रहेला णोपदेश (धातुपाठमां जेनी आदिमां ण् छे ते) धातुसम्बन्धी न् ने तेमज हि (१२९५) धातु अने मी (१५१२) धातु सम्बन्धी न् ने; तथा पञ्चमी (आज्ञार्थ) ना आनिव् (आनि) प्रत्यय सम्बन्धी न् ने ण् आदेश थाय छे. णोपदेश धातुः- प्रणमति (प्र+नम् (३८८)+अ+ति); परिणायकः (परि+नी (८८४)+णक (अक)) अने अन्तर्णयति (अन्तर्+नी+अ+ति) अहीं प्र अने परि उपसर्ग सम्बन्धी र् थी परमां रहेला णोपदेश धातु नम् अने नी सम्बन्धी न् ने आ सूत्रथी ण् आदेश थयो छे. तेम ज

અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા ણોપદેશ ની ધાતુના ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી થાય છે. ણોપદેશ ણમ્ અને ણી ધાતુના ણ્ ને 'પાઠે ધાત્વાદે૦ ૨-૩-૯૭' થી ન્ આદેશ થાય છે; ત્યારબાદ તે ન્ ને નિર્દેશાનુસારે ણ્ આદેશ થાય છે. અર્થક્રમશઃ– પ્રણામ કરે છે. પરણનાર-પતિ. અંદર લઈ જાય છે. હિ ધાતુ-પ્રહિણુતઃ (પ્ર+હિ+શ્નુ+તસ્) અહીં પ્ર ઉપસર્ગ સમ્બન્ધી ર્ ની પરમાં રહેલા હિ ધાતુના શ્નુ (નુ) પ્રત્યય સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થાય છે. અર્થ – તેઓ બે મોકલે છે. મી ધાતુ – પ્રમીણીતઃ (પ્ર+મી+શ્ના (ના)+તસ્ પ્રત્યય); અહીં પ્ર ઉપસર્ગ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા મી ધાતુના શ્ના પ્રત્યય સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થયો છે. અર્થ – તેઓ બે મારે છે. પ્રયાણિ (પ્ર+યા+આનિવ્ (આનિ) પ્રત્યય.) અહીં પ્ર ઉપસર્ગ સંબન્ધી ર્ થી પરમાં રહેલા યા ધાતુથી વિહિત પઞ્ચમીના આનિવ્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થાય છે. અર્થ – હું જઉં ?. અદુરિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ભિન્ન જ ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા ણોપદેશ ધાતુ, હિ અને મી ધાતુ; તથા આનિવ્ પ્રત્યયસમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી દુર્નયઃ (દુર્+ની+અચ્) અહીં દુર્ ઉપસર્ગ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા ણોપદેશ ધાતુ ની સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અર્થ – દુષ્ટનીતિ. ॥૭૭॥

नशः शः २।३।७८॥

દુર્ ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા શ્ અન્તવાલા નશ્ ધાતુના ન્ ને ણ્ આદેશ થાય છે. પ્રણશ્યતિ (પ્ર+નશ્ (૧૨૦૨)+ય+તિ) અને અન્તર્ણશ્યતિ અહીં દુર્ ભિન્ન ઉપસર્ગ પ્ર અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા નશ્ ધાતુના

ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થયો છે. અર્થક્રમશઃ- નષ્ટ થાય છે. અંદર ભાગે છે.નશ્ ધાતુ ણોપદેશ ન હોવાથી પૂર્વ (૨-૩-૭૭) સૂત્રથી નશ્ ધાતુના ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ નથી. તેથી આ સૂત્રની રચના કરી છે.

શ ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા શ્ અન્તવાલા જ નશ્ ધાતુ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ. થાય છે. તેથી પ્ર+નશ્ ધાતુને ભવિષ્યન્તીનો સ્યતિ પ્રત્યય. નશ્ ના શ્ ને 'યજસૃજ૦ ૨-૧-૮૭' થી ષ્ આદેશ. 'ષઢોઃ કસ્સિ ૨-૧-૬૨' થી ષ્ ને ક્ આદેશ. 'નામ્યન્તસ્થા૦ ૨-૩-૧૫' થી સ્યતિ ના સ્ ને ષ્ આદેશ. 'નશો ધુટિ ૪-૪-૧૦૯' થી નશ્ ના અ પછી ન્ નો આગમ. 'મ્હાં ધુડ્૦ ૧-૩-૩૯' થી ન્ આગમને ડ્ આદેશ થવાથી પ્રનડ્ક્ષ્યતિ આવો પ્રયોગ થાય છે. અહીં નશ્ ધાતુનાં અન્તે ક્ છે પણ શ્ નથી. તેથી અહીં નશ્ ધાતુના ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં શાન્ત નશ્ ધાતુનું ઉપાદાન કર્યું ન હોત અને માત્ર નશ્ ધાતુનું ઉપાદાન કર્યું હોત તો પ્રણડ્ક્ષ્યતિ આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત – એ સ્પષ્ટ છે. અર્થ - નષ્ટ થશે.॥૭૮॥

नेड्मा - दा - पत - नद - गद - वपी - वही - शमू - चिगु -
याति वाति - द्राति - प्साति - स्यति - हन्ति - देग्धौ २।३।७९॥

દુર્ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા ઉપસર્ગ નિ સમ્બન્ધી ન્ ને; તેની પરમાં માઙ્, મેઙ્ (ઙ્ થી યુક્ત મા સ્વરૂપવાલો); દા સંજ્ઞક ધાતુ (ददाति, दयति, यच्छति, द्यति, दधाति અને धयति); पत्, पद्, नद्, गद्, वप्, वह्, शम्, चि, या, वा, द्रा, प्सा, सो (षो), हन् અને दिह् ધાતુ હોય તો ણ્ આદેશ થાય છે. प्रणिमिमीते (પ્ર+નિ+મા(૧૧૩૭)+

તે); પરિણિમયતે (પરિ+નિ+મે(૬૦૩)+અ+તે); પ્રણિદ્દાતિ (પ્ર+નિ+દા (૧૧૩૮)+તિ); પરિણિદયતે (પરિ+નિ+દે (૬૦૪)+અ+તે); પ્રણિદધાતિ (પ્ર+નિ+ધા(૧૧૩૯)+તિ); પ્રણિપતતિ, પરિણિપદ્યતે; પ્રણિનર્દતિ; પ્રણિગદતિ; પ્રણિવપતિ; પ્રણિવદતિ, પ્રણિશામ્યતિ, પ્રણિચિનોતિ, પ્રણિયાતિ, પ્રણિવાતિ, પ્રણિદ્રાતિ, પ્રણિપ્સાતિ, પ્રણિસ્યતિ (પ્ર+નિ+સો (૧૧૫૦)+ય+તિ); પ્રણિહન્તિ; પ્રણિદેગ્ધિ (પ્ર+નિ+દિહ્(૧૧૨૮)+તિ) અને અન્તર્ણિમિમીતે (અન્તર્+નિ+મા+તે) અહીં સર્વત્ર ઉપસર્ગ પ્ર અને પરિ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી ન્ ને તેમજ અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થયો છે. અર્થક્રમશઃ– માપે છે. બદલામાં આપે છે. આપે છે. રક્ષણ કરે છે. ધારણ કરે છે. શ્રદ્ધા સાથે પડે છે. જાય છે. બોલે છે. બોલે છે. વાવે છે. વહન કરે છે. શાંત કરે છે. ભેગું કરે છે. જાય છે. વાય છે. ખરાબ ચાલે છે. ખાય છે અથવા જાય છે. નષ્ટ કરે છે. મારે છે. લિપ્ત થાય છે. અંદર માપે છે. ॥૭૯॥

अक-खाद्य-षान्ते पाठे वा २।३।८०॥

ધાતુપાઠમાં જેના આદિમાં ક્ અથવા ખ્ છે એવા ધાતુને છોડીને અને જેના અન્તમાં ષ્ છે એવા ધાતુને છોડીને અન્ય ધાતુ પરમાં હોય તો દુર્ ઉપસર્ગને છોડીને અન્ય ઉપસર્ગ સમ્બન્ધી તથા અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. પ્ર+નિ+પચતિ આ અવસ્થામાં પચ્ ધાતુ; ધાતુપાઠમાં ક્ અથવા ખ્ આદિવાલો નથી. તેમજ ષાન્ત પણ નથી. તેથી આ સૂત્રથી પ્ર ઉપસર્ગ સમ્બન્ધી ર્ ની પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થવાથી પ્રણિપચતિ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ણ્ આદેશ ન થાય ત્યારે પ્રનિપચતિ આવો પ્રયોગ થાય છે. અર્થ – રાંધે છે. અકખાદીતિ

किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાં જેના આદિમાં कृ અથવા खृ છે એવા ધાતુને છોડીને જ ષાન્ત ધાતુથી ભિન્ન ધાતુ પરમાં હોય તો; दुर् ભિન્ન ઉપસર્ગ અને अन्तर् શબ્દસમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને ण् આદેશ વિકલ્પથી થાય છે. તેથી પ્રનિકરોતિ અને પ્રનિખનતિ અહીં ધાતુપાઠમાં कृ આદિવાલો कृ ધાતુ (૮૮૮) અને खृ આદિવાલો खन् (૯૧૩) ધાતુ પરમાં હોવાથી તેની પૂર્વેના તાદૃશ નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને આ સૂત્રથી ण् આદેશ થતો નથી. અર્થકમશઃ– કરે છે. ખોદે છે. अषान्त इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાં જે ધાતુ कादि અને खादि છે તેને છોડીને षान्त ધાતુથી ભિન્ન જ અન્યધાતુ પરમાં હોય તો; दुर् ભિન્ન ઉપસર્ગ તથા अन्तर् શબ્દ સમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને ण् આદેશ વિકલ્પથી થાય છે. તેથી પ્રનિદ્વેષ્ટિ અહીં દ્વિષ્ ધાતુ; ધાતુપાઠમાં क्रादि અથવા खादि ન હોવા છતાં ष् અન્તવાલો હોવાથી તેની પૂર્વેના તાદૃશ નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને આ સૂત્રથી ण् આદેશ થતો નથી. અર્થ – નિન્દા કરે છે. पाठ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાં જ જે ધાતુ कादि અથવા खादि હોયં તેનાથી ભિન્ન, તેમજ ષાન્ત ધાતુથી ભિન્ન ધાતુ પરમાં હોય તો દુર્ ભિન્ન ઉપસર્ગ અથવા अन्तर् શબ્દ સમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને વિકલ્પે ण् આદેશ થાય છે. તેથી પ્રનિચકાર (પ્ર+નિ+कृ+णव् (પરોક્ષા)) અહીં પ્રયોગમાં कृ ધાતુ कृ આદિવાલો ન હોવાં છતાં ધાતુપાઠમાં कृ આદિવાલો હોવાથી તેની પૂર્વે રહેલા તાદૃશ નિ ઉપસર્ગ સમ્બન્ધી न् ને આ સૂત્રથી ण् આદેશ થતો નથી. અર્થ – કર્યું. ॥૮૦॥

द्वित्वेऽप्यन्तेष्यनितेः, परेस्तु वा २।३।८१॥

દુર્ ઉપસર્ગ છોડીને અન્ય ઉપસર્ગ સમ્બન્ધી અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા અન્ (૧૦૮૯) ધાતુના ન્ ને; ધાતુને દ્વિત્વ થયું હોય અથવા ન થયું હોય; તેમજ તે અન્ ધાતુનો ન્ પદના અન્તે હોય અથવા અન્તે ન હોય તો પણ ણ્ આદેશ થાય છે. પરન્તુ પરિ ઉપસર્ગથી પરમાં રહેલા અન્ ધાતુના તાદૃશ ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. प्रणितुमिच्छति આ અર્થમાં प्र+अन् ધાતુને सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન प्र+अ+निनि+ष+ति આ અવસ્થામાં આ સૂત્રથી બંન્ને ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી प्राणिणिषति આવો પ્રયોગ થાય છે. આ રીતે દ્વિત્વ થયું હોય ત્યારે જેમ ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થાય છે તેમ દ્વિત્વ ન થયું હોય ત્યારે પણ परा+अनिति આ અવસ્થામાં અન્ ધાતુના ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થવાથી पराणिति આવો પ્રયોગ થાય છે. અહીં બંન્ને સ્થાને અન્ ધાતુનો ન્ પદના અન્તે નથી ત્યારે જેમ ણ્ આદેશ થયો છે તેમ हे प्राण्! (प्र+अन्+क्विप्+सि (સંબોધનમાં)) અહીં અન્ ધાતુનો ન્ પદના અન્તે છે તો પણ તેને આ સૂત્રથી ણ્ આદેશ થાય છે. આવી જ રીતે पर्यणिणिषति पर्यणिति અને हे पर्यण्! અહીં પરિ ઉપસર્ગસંબન્ધી ર્ થી પરમાં રહેલા અન્ ધાતુના ન્ ને; દ્વિત્વ થયું હોય ત્યારે, દ્વિત્વ ન થયું હોય ત્યારે, પદના અન્તે ન હોય ત્યારે અને પદના અન્તે હોય ત્યારે આ સૂત્રથી ણ્ આદેશ થયો છે. માત્ર ઉપર જણાવ્યા મુજબ પરિ ઉપસર્ગથી પરમાં રહેલા ન્ ને; આ સૂત્રથી વિકલ્પથી ણ્ આદેશ થતો હોવાથી વિકલ્પપક્ષમાં જ્યારે આ સૂત્રથી અન્ ધાતુના ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે पर्यनिनिषति पर्यनिति અને हे पर्यन्! આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– શ્વાસ લેવાને ઈચ્છે છે. શ્વાસ લે છે. હે શ્વાસ લેનાર!. સર્વથા શ્વાસ લેવાને ઈચ્છે છે. સર્વથા શ્વાસ લે છે. હે સર્વથા શ્વાસ લેનાર! ॥૮૧॥

हनः २।३।८२॥

दुर् उपसर्गने छोडीने अन्य उपसर्ग सम्बन्धी तथा अन्तर् शब्द सम्बन्धी र् ष् अथवा ऋ वर्णथी परमां रहेला हन् धातुना न् ने ण् आदेश थाय छे. प्रहण्यते (प्र+हन्+य+ते) अने अन्तर्हण्यते अहीं प्र अने अन्तर् शब्द सम्बन्धी र् थी परमां रहेला हन् धातुना न् ने ण् आदेश आ सूत्रथी थयो छे. अर्थक्रमशः– हणाय छे. अंदर हणाय छे. ॥८२॥

व-मि वा २।३।८३॥

दुर् उपसर्गने छोडीने अन्य उपसर्गसम्बन्धी तथा अन्तर् शब्द सम्बन्धी र् ष् अने ऋ वर्णथी परमां रहेला हन् धातुना न् ने; तेनी परमां व् अथवा म् थी शरुं थतो प्रत्यय होय तो विकल्पथी ण् आदेश थाय छे. प्र+हन् धातुने वर्त्तमानानो वस् अने मिव् प्रत्यय. तेमज अन्तर्+हन् धातुने वस् अने मस् प्रत्यय. आ सूत्रथी हन् धातुना न् ने ण् आदेश थवाथी प्रहण्वः; प्रहण्मि अने अन्तर्हण्वः; अन्तर्हण्मः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी न् ने ण् आदेश न थाय त्यारे प्रहन्वः, प्रहन्मि अने अन्तर्हन्वः, अन्तर्हन्मः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः– अमे बे मारीओ छीओ. हुं मारुं छुं. अमे बे अंदर मारीओ छीओ. अमे अंदर मारीओ छीओ.॥८३॥

निंस-निक्ष-निन्दः कृति वा २।३।८४॥

दुर् उपसर्गने छोडीने अन्य उपसर्ग सम्बन्धी अथवा अन्तर् शब्द सम्बन्धी र् ष् अथवा ऋ वर्णथी परमां रहेला निंस् निक्ष् अने निन्द् धातुना न् ने; तेनी परमां कृत् प्रत्यय होय तो; विकल्पथी ण् आदेश

થાય છે. પ્ર ઉપસર્ગપૂર્વક નિંસ્ (૧૧૨૧), નિક્ષ્ (૫૭૩) અને નિન્દ્ (૩૧૧) ધાતુને અનટ્ (અન) પ્રત્યય. આ સૂત્રથી નિંસ્, નિક્ષ્ અને નિન્દ્ ધાતુના તાદૃશ ન્ ને ણ્ આદેશ વગેરે કાર્ય થવાથી પ્રણિંસનમ્; પ્રણિક્ષણમ્ અને પ્રણિન્દનમ્ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે પ્રનિંસનમ્, પ્રનિક્ષણમ્ અને પ્રનિન્દનમ્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ—ચુમ્બવું. ચુમ્બવું. નિંદા કરવી. કૃતીતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ભિન્ન ઉપસર્ગ તથા અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા નિંસ્ નિક્ષ્ અને નિન્દ્ ધાતુના ન્ ને; તેની પરમાં કૃત્ પ્રત્યય જ હોય તો વિકલ્પથી ણ્ આદેશ થાય છે. તેથી પ્ર+નિંસ્+તે આ અવસ્થામાં કૃત્ પ્રત્યય પરમાં ન હોવાથી (ત્યાદિ પ્રત્યય પરમાં હોવાથી) આ સૂત્રથી નિંસ્ ધાતુના તાદૃશ ન્ ને વિકલ્પે ણ્ આદેશ નથી થતો. પરન્તુ 'અદુરુપ૦ ૨-૩-૭૭' થી ણોપદેશ નિંસ્ ધાતુના ન્ ને નિત્ય ણ્ આદેશ થાય છે. જેથી પ્રણિંસ્તે આવો પ્રયોગ થાય છે. અર્થ – ચુમ્બે છે.॥૮૪॥

स्वरात् २।३।८५॥

દુર્ ઉપસર્ગને છોડીને અન્ય ઉપસર્ગ સમ્બન્ધી તેમજ અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા સ્વરથી અવ્યવહિત પરમાં રહેલા કૃત્ પ્રત્યયસમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. અહીં યાદ રાખવું કે; ર્ ષ્ અને ઋ વર્ણથી પરમાં રહેલા ન્ ની વચ્ચે પૂર્વે જણાવ્યા મુજબ લ્ ચટતવર્ગીય વ્યઞ્જન અને શ્ સ્ થી ભિન્ન વર્ણનું વ્યવધાન ચાલે છે. પરન્તુ સ્વર અને તેની પરમાં રહેલા ન્ ની વચ્ચે કોઈનું પણ વ્યવધાન ન જોઈએ. પ્ર+હા(૧૧૩૬) ધાતુને તેમજ પ્ર+હા(૧૧૩૧) ધાતુને ક્ત પ્રત્યય. 'સૂયત્યાદ્યોદિતઃ ૪-૨-૭૦' થી ક્ત ને ન્ આદેશ. આ સૂત્રથી ઉપસર્ગ પ્ર (દુર્ ભિન્ન) સમ્બન્ધી ર્ થી પરમાં

રહેલા સ્વરથી (આ થી) પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ. હ્રા (૧૧૩૧) ધાતુના આ ને 'ईर्व्यञ्जने० ४-३-९७' થી ઈ આદેશાદિ કાર્ય થવાથી પ્રહાણઃ અને પ્રહીણઃ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– ગયો. હીન.॥८५॥

नाम्यादेरेव ने २।३।८६॥

ન્ આગમ થયો હોય તો; દુર્ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ સમ્બન્ધી તેમજ અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા; નામી સ્વરાદિ જ ધાતુથી પરમાં રહેલાં સ્વરથી પરમાં રહેલાં કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. પ્ર+इख् અને પ્ર+इग् (७५-८७) ધાતુને અનટ્ પ્રત્યય. 'उदितः स्वरा० ४-४-९८' થી इ ની પરમાં ન્ નો આગમ. 'म्नां धुड्० १-३-३९' થી ન્ ને ક્ વર્ગીય અનુનાસિક ઙ્ આદેશ. અહીં ન્ આગમ થયો હોવાથી દુર્ ભિન્ન ઉપસર્ગ પ્ર સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા નામી સ્વરાદિ इख् અને इग् ધાતુથી પરમાં રહેલા સ્વરથી પરમાં રહેલા અનટ્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થવાથી પ્રેઙ્ખણમ્ અને પ્રેઙ્ગણમ્ આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે પ્ર+इग् ધાતુને અનીય પ્રત્યયાદિ કાર્ય બાદ અનીય પ્રત્યય સમ્બંધી ન્ ને આ સૂત્રથી ણ્ આદેશાદિ કાર્ય થવાથી પ્રેઙ્ગણીયમ્ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– ચાલવું તે. ચાલવું તે. ચાલવું જોઈએ. नाम्यादेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ન્ આગમ થયો હોય તો; દુર્ ભિન્ન ઉપસર્ગ સમ્બન્ધી તથા અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા, નામી સ્વરાદિ જ ધાતુથી પરમાં રહેલા સ્વરથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થાય છે. તેથી પ્ર+मग् (८५) ધાતુને ઉપર જણાવ્યા મુજબ અનટ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રમઙ્ગનમ્ આવો પ્રયોગ થાય છે. અહીં ન્ આગમ થયો હોવા છતાં દુર્ ભિન્ન

ઉપસર્ગ સમ્બન્ધી ર્ થી પરમાં રહેલા સ્વરથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને; તે ન્ નામી સ્વરાદિ ધાતુથી પરમાં ન હોવાથી આ સૂત્રથી ણ્ આદેશ થતો નથી. અર્થ – જવું તે.

યદ્યપિ આ સૂત્રથી પ્રમઙ્ગનમ્ અહીં કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ ન થાય તો પણ 'સ્વરાત્ ૨-૩-૮૫' થી ણ્ આદેશ સિદ્ધ હોવાથી આ સૂત્રમાં નામ્યાદિ નું ગ્રહણ ન પણ કરે તો પણ પ્રમઙ્ગણમ્ આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ સ્પષ્ટ જ છે. પરન્તુ પ્રમઙ્ગણમ્ માં જેમ પૂર્વ સૂત્રથી ણ્ આદેશ સિદ્ધ છે, તેમ પ્રેઙ્ખણમ્ પ્રેઙ્ગણમ્ ઈત્યાદિ નામી સ્વરાદિ ધાતુ સ્થળે પણ પૂર્વ સૂત્રથી ણ્ આદેશ સિદ્ધ જ છે. તેથી આ સૂત્ર વ્યર્થ બનીને નિયમ કરે છે કે - ન્ આગમ થયો હોય તો; દુર્ ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા સ્વરથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને; તે ન્ નામી સ્વરાદિ ધાતુથી જ પરમાં હોય તો ણ્ આદેશ થાય છે. આ નિયમના કારણે 'સ્વરાત્ ૨-૩-૮૫' ના અર્થમાં नागमविशिष्टधात्वतिरिक्तत्व રૂપથી સઙ્કોચ થવાથી તે સૂત્રનો વાસ્તવિક અર્થ – "દુર્ ભિન્ન ઉપસર્ગ સમ્બન્ધી તેમજ અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા; સ્વરથી અવ્યવહિત પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ ને; તે ન્ નાગમવિશિષ્ટ ધાતુથી પરમાં ન હોય તો ણ્ આદેશ થાય છે." આ પ્રમાણે થાય છે. આવા અર્થથી પ્રેઙ્ખણમ્ પ્રેઙ્ગણમ્ અથવા પ્રમઙ્ગનમ્..... વગેરે નામી સ્વરાદિ અથવા નામી સ્વરાદિ ભિન્ન નાગમવિશિષ્ટ ધાતુથી પરમાં રહેલા તાદૃશ ન્ ને ણ્ આદેશ 'સ્વરાત્ ૨-૩-૮૫' થી નહીં થાય. અને પ્રકૃત સૂત્રમાં નામ્યાદિ ના ગ્રહણથી ઉપર જણાવ્યા મુજબ પ્રેઙ્ખણમ્ પ્રેઙ્ગણમ્ ઈત્યાદિ નામી સ્વરાદિ ધાતુથી પરમાં રહેલા તાદૃશ ન્ ને ણ્ આદેશ થાય છે. અને પ્રમઙ્ગનમ્ અહીં નામી સ્વરાદિ ધાતુથી પરમાં ન્ ન હોવાથી ણ્ આદેશ થતો નથી.

"નામ્યાદિ ધાતુથી પરમાં રહેલા તાદૃશ ન્ ને; તે ન્ નાગમ વિશિષ્ટ

ધાતુથી જ પરમાં હોય તો ણ્ આદેશ થાય છે." આ પ્રમાણે આ સૂત્ર, નિયમ (વિપરીત નિયમ) કરે તો नामीस्वरादिधात्वतिरिक्तत्व રૂપે પૂર્વ સૂત્રના અર્થમાં સઙ્કોચ થશે અને તેથી પ્રેહણમ્ પ્રોહણમ્ ઈત્યાદિ પ્રયોગોમાં પૂર્વ સૂત્રથી અને આ સૂત્રથી પણ ણ્ આદેશ સિદ્ધ નહીં થાય. આથી એતાદૃશ વિપરીતનિયમની વ્યાવૃત્તિ માટે સૂત્રમાં नाम्यादेरेव આ પ્રમાણે એવ પદોપાદાન છે ..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૮૬॥

व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा २।३।८७॥

દુર્ ઉપસર્ગને છોડીને અન્ય ઉપસર્ગ સમ્બન્ધી તેમજ અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા; વ્યઞ્જન છે આદિમાં જેના અને નામી સ્વર છે ઉપાન્ત્ય જેના એવા ધાતુથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી પરમાં રહેલા ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. પ્ર+મિહ્ ધાતુને અનટ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્ર+મેહનમ્ આ અવસ્થામાં દુર્ ભિન્ન પ્ર ઉપસર્ગ સંબન્ધી ર્ થી પરમાં રહેલા વ્યઞ્જનાદિ નામ્યુપાન્ત્ય મિહ્ (૫૫૧) ધાતુથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી પરમાં રહેલા અન ના ન્ ને આ સૂત્રથી ણ્ આદેશ થવાથી પ્રમેહણમ્ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ ન થાય ત્યારે પ્રમેહનમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ – સિંચવું અથવા પેશાબ કરવો.

व्यञ्जनादेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા વ્યઞ્જનાદિ જ નામી સ્વરોપાન્ત્ય જે ધાતુ તેનાથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી પરમાં રહેલા ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. તેથી પ્ર+ઊહ(૮૭૦) ધાતુને અનટ્ પ્રત્યય. 'स्वरात् ૨-૩-૮૫' થી અન ના ન્ ને ણ્ આદેશાદિ કાર્ય થવાથી પ્રોહણમ્ આવો

પ્રયોગ થાય છે. અહીં ઊહ્ ધાતુ વ્યઞ્જનાદિ ન હોવાથી આ સૂત્રથી ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થતો નથી. અર્થ – સારો તર્ક કરવો. નામ્યુપાન્ત્યાદિતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દસમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા, વ્યઞ્જનાદિ નામ્યુપાન્ત્ય જ ધાતુથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી પરમાં રહેલા ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. તેથી પ્ર+વપ્ અને પ્ર+વહ્ ધાતુને અનટ્ પ્રત્યય. 'સ્વરાત્ ૨-૩-૮૫' થી અન ના ન્ ને ણ્ આદેશ વગેરે કાર્ય થવાથી પ્રવપણમ્ અને પ્રવહણમ્ આવો પ્રયોગ થાય છે. અહીં વપ્ અને વહ્ ધાતુ વ્યઞ્જનાદિ હોવા છતાં નામી સ્વરોપાન્ત્ય ન હોવાથી ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી વિકલ્પથી થતો નથી. અર્થક્રમશઃ– વાવવું. વહન કરવું.

સ્વરાદિત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ અને અન્તર્ શબ્દસમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા વ્યઞ્જનાદિ નામ્યુપાન્ત્ય ધાતુથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી જ અવ્યવહિત પરમાં રહેલા ન્ ને વિકલ્પથી ણ્ આદેશ થાય છે. તેથી પ્ર+ભુજ્ (૧૩૫૧) ધાતુને ક્ત (ત) પ્રત્યય. 'સૂયત્યાદ્યોદિતઃ ૪-૨-૭૦' થી ત્ ને ન્ આદેશ. 'ચ-જઃ ક-ગમ્ ૨-૧-૮૬' થી જ્ ને ગ્ આદેશ વગેરે કાર્ય થવાથી પ્રભુગ્નઃ આવો પ્રયોગ થાય છે. અહીં કૃત્ પ્રત્યય સમ્બન્ધી ન્ સ્વરથી પરમાં ન હોવાથી તે ન્ ને ણ્ આદેશ આ સૂત્રથી વિકલ્પથી થતો નથી. તેમજ 'સ્વરાત્ ૨-૩-૮૫' થી નિત્ય પણ થતો નથી. અર્થ– વાંકું કરેલો.

અદુરિત્યેવ = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ઉપસર્ગથી ભિન્ન જ ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સમ્બન્ધી ર્ ષ્ અથવા ઋ વર્ણથી પરમાં રહેલા નામ્યુપાન્ત્ય વ્યઞ્જનાદિ ધાતુથી પરમાં રહેલા કૃત્ પ્રત્યય સમ્બન્ધી સ્વરથી પરમાં રહેલા ન્ ને ણ્ આદેશ વિકલ્પથી થાય છે. તેથી દુર્મુહ્યતે અનેનાઽસ્મિન્ વા આ અર્થમાં દુર્+મુહ્ ધાતુને 'કરણાધારે ૫-૩-૧૨૯' થી અનટ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી અથવા

दुर्मुह्यति આ અર્થમાં दुर्+मुह् ધાતુને 'नन्द्यादिभ्योऽनः ५-१-५२' થી अन प्रत्ययादि કार्य थवाथी दुर्मोहनः આવો પ્રયોગ થાય છે. અહીં दुर् ઉપસર્ગ સમ્બન્ધી र् થી પરમાં તાદૃશ कृत् પ્રત્યય સમ્બન્ધી न् હોવાથી; તેને આ સૂત્રથી વિકલ્પથી ण् આદેશ થતો નથી. તેમજ *'स्वरात् २-३-८५' થી નિત્ય ण् આદેશ પણ થતો નથી.* અર્થ - દુઃખે જેમાં મોહ પમાય છે; જેના વડે દુઃખે મોહ પમાય છે અથવા જે દુઃખે મોહ પામે છે તે.

लचटादिवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दुर् ભિન્ન ઉપસર્ગ તથા अन्तर् શબ્દસમ્બન્ધી र् ष् અને ऋ વર્ણથી પરમાં રહેલા, व्यञ्जनादि - नाम्युपान्त्य ધાતુથી પરમાં રહેલા, સ્વરથી પરમાં રહેલા कृत् પ્રત્યય સમ્બન્ધી न् ને; निमित्तं निमित्ती વચ્ચે ल् च ट त વર્ગીય વ્યઞ્જન, श् અને स् ને છોડીને જ અન્ય કોઈ પણ વર્ણનું વ્યવધાન હોય તો પણ વિકલ્પે ण् આદેશ થાય છે. તેથી प्र+भिद् અને प्र+भुज् ધાતુને अनट् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रभेदनम् અને प्रभोजनम् આવો પ્રયોગ થાય છે. અહીં दुर् ભિન્ન ઉપસર્ગ સમ્બન્ધી र् થી પરમાં રહેલા તાદૃશ कृत् પ્રત્યય अनट् સમ્બન્ધી न् ને; આ સૂત્રથી વિકલ્પથી અને 'स्वरात् २-३-८५' થી નિત્ય પણ ण् આદેશ થતો નથી. કારણ કે અહીં નિમિત્ત (रादि) - નિમિત્તી (न्) ની વચ્ચે અનુક્રમે त વર્ગીય द् અને च વર્ગીય ज् નું વ્યવધાન છે. સૂત્રના અર્થાદિનો ખ્યાલ રાખનાર સારી રીતે સમજી શકે છે કે આ સૂત્ર 'स्वरात् २-३-८५' થી વિહિત નિત્ય ण् આદેશનો બાધ કરીને વૈકલ્પિક વિધાન કરે છે. ॥८७॥

णेर्वा २।३।८८॥

दुर् ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ તેમજ अन्तर् શબ્દ સમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા; સ્વરથી પરમાં (अव्यवहित

પરમાં) રહેલા णि પ્રત્યયાન્ત ધાતુથી વિહિત કૃત્ પ્રત્યય સમ્બન્ધી न् ને ण् આદેશ વિકલ્પથી થાય છે. પ્ર+મઙ્ગ્ ધાતુને 'પ્રયોક્તૃ૦ ૩-૪-૨૦' થી णिग् (इ) પ્રત્યય. 'णिવેત્ત્યા૦ ૫-૩-૧૧૧' થી પ્ર+મઙ્ગિ ધાતુને અન પ્રત્યય. સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् (आ) પ્રત્યય. 'णेરનિટિ ૪-૩-૮૩' થી णि નો લોપ વગેરે કાર્ય થવાથી પ્રમઙ્ગના શબ્દ બને છે. તેના न् ને આ સૂત્રથી ण् આદેશાદિ કાર્ય થવાથી પ્રમઙ્ગણા આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અન ના न् ને ण् આદેશ ન થાય ત્યારે પ્રમઙ્ગના આવો પ્રયોગ થાય છે. અર્થ – મોકલવું.

વિહિત- વિશેષણં किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દુર્ ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગ તથા અન્તર્ શબ્દ સમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા સ્વરથી પરમાં રહેલા णि પ્રત્યયાન્ત ધાતુથી વિહિત જ (પરમાં નહીં) કૃત્ પ્રત્યય સમ્બન્ધી न् ને વિકલ્પથી ण् આદેશ થાય છે. તેથી પ્ર+યા ધાતુને णिग् પ્રત્યય. 'અર્त्તિ-રી૦ ૪-૨-૨૧' થી યા ધાતુની પરમાં प् નો આગમ. પ્ર+યાપિ ધાતુને કર્મમાં 'શત્રાનશા૦ ૫-૨-૨૦' થી આનશ્ (આન) પ્રત્યય. 'क्यः शिति ૩-૪-૭૦' થી યાપિ ની પરમાં क्य (य) પ્રત્યય. 'अતો મ આને ૪-૪-૧૧૪' થી क्य ના અ ની પરમાં म् નો આગમ વગેરે કાર્ય થવાથી प्रयाप्यमान શબ્દ બને છે. અહીં ण्यन्त પ્ર+યાપિ ધાતુથી વિહિત કૃત્ પ્રત્યય आन ના न् ને આ સૂત્રથી ण् આદેશાદિ કાર્ય થવાથી प्रयाप्यमाणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण् આદેશ ન થાય તો प्रयाप्यमानः આવો પ્રયોગ થાય છે. અહીં ण्यन्त ધાતુથી વિહિત કૃત્ પ્રત્યય आनश् હોવા છતાં; વચ્ચે क्य (य) નું વ્યવધાન હોવાથી ण्यन्त ધાતુથી અવ્યવહિત પરમાં કૃત્ પ્રત્યય નથી. કૃત્ પ્રત્યયનું વિહિત વિશેષણ ન હોત અને પર વિશેષણ હોત તો प्रयाप्यमाणः અહીં न् ને ण् આદેશ આ સૂત્રથી થઈ શકત નહીં – એ સ્પષ્ટ છે. આથી એ પણ સમજી શકાય છે કે સૂત્રમાં 'णेः' અહીં

પञ्चમી હેત્વર્થક છે. દિગ્યોગલક્ષણા નથી ..... ઈત્યાદિ સ્વયં વિચારવું. અર્થ – મોકલાતો. ॥૮૮॥

निर्विण्णः २।३।८९॥

નિર્+વિદ્ (૧૨૫૮; ૧૪૯૭ અને ૧૩૨૨) ધાતુથી પરમાં રહેલા क्त પ્રત્યય સમ્બન્ધી न् ને ण् આદેશ થાય છે. દિવાદિ, તુદાદિ અને રુધાદિ ગણના ત્રણે વિદ્ ધાતુ જુદા જુદા સત્તા, લાભ અને વિચારણાર્થક હોવા છતાં धातुनामनेकार्थत्वात् આ ન્યાયે ત્રણે વિદ્ ધાતુ અહીં વૈરાગ્યાર્થક છે. અદાદિ ગણનો વિદ્ ધાતુ (૧૦૯૯) સેટ્ હોવાથી આ સૂત્રથી ગૃહીત નથી. નિર્+વિદ્ ધાતુને क्त પ્રત્યય. 'रदाद० ४-२-६९' થી क्त ના त् ને અને ધાતુના द् ને न् આદેશ. क्त પ્રત્યયના न् ને આ સૂત્રથી ण् આદેશ. ण् ના યોગમાં પૂર્વ न् ને 'तवर्गस्य० १-३-६०' થી ण् આદેશાદિ કાર્ય થવાથી निर्विण्णः આવો પ્રયોગ થાય છે. અર્થ – ઉદાસીન - ખિન્ન. ॥૮૯॥

न ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपोऽणेश्च २।३।९०॥

દુર્ ઉપસર્ગ છોડીને અન્ય ઉપસર્ગ તથા અન્તર્ શબ્દ સમ્બન્ધી र् ष् અથવા ऋ વર્ણથી પરમાં રહેલા, णि પ્રત્યયાન્ત ન હોય અથવા णि પ્રત્યયાન્ત હોય એવા ख्या पू भू भा कम् गम् प्याय् અને वेप् ધાતુથી વિહિત कृत् પ્રત્યય સમ્બન્ધી न् ને ण् આદેશ થતો નથી. પ્ર+ख्या (૧૦૭૧ તેમજ સૂ. નં. ૪-૪-૪- થી વિહિત ख्यांग् આદેશ.) ધાતુને अनट् પ્રત્યયાદિ કાર્ય કરીને प्रख्यानम् આવો પ્રયોગ થાય છે. અહીં 'स्वरात् २-३-८५' થી अनट् પ્રત્યયના न् ને ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – પ્રસિદ્ધિ.

પ્ર+ખ્યા ધાતુને 'પ્રયોક્તૃ૦ ૩-૪-૨૦' થી ણિગ્ પ્રત્યય. ણિગ્ ની પૂર્વે 'અર્તિ-રી૦ ૪-૨-૨૧' થી પ્ નો આગમ. પ્રખ્યાપિ ધાતુને અનટ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રખ્યાપનમ્ આવો પ્રયોગ થાય છે. અહીં 'ણેર્વા ૨;૩-૮૮' થી વિકલ્પે ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – પ્રસિદ્ધ કરવું. પ્ર+પૂ (૧૫૧૮) ધાતુને અનટ્ પ્રત્યય વગેરે કાર્ય થવાથી પ્રપવનમ્ આવો પ્રયોગ થાય છે. અહીં 'સ્વરાત્ ૨-૩-૮૫' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ - પવિત્ર કરવું . પ્ર+પૂ ધાતુને ઉપર જણાવ્યા મુજબ ણિગ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રપાવિ ધાતુને અનટ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રપાવનમ્ આવો પ્રયોગ થાય છે. અહીં 'ણેર્વા ૨-૩-૮૮' થી વિકલ્પે ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ - પવિત્ર કરાવવું. પ્ર+ભૂ (૧ અને સૂ. નં ૪-૪-૧ થી વિહિત ભૂ આદેશ) ધાતુને અનટ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રભવનમ્ અહીં 'સ્વરાત્ ૨-૩-૮૫' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – સમર્થ થવું. પ્ર+ભૂ ધાતુને ઉપર જણાવ્યા મુજબ ણિગ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રભાવિ ધાતુને 'ણિવેત્ત્યા૦ ૫-૩-૧૧૧' થી અન્ પ્રત્યય. સ્ત્રીલિંગમાં 'આત્ ૨-૪-૧૮' થી આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રભાવના આવો પ્રયોગ થાય છે. અહીં 'ણેર્વા ૨-૩-૮૮' થી ન્ ને વિકલ્પથી ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – પ્રભાવના - ઉત્સવ-વિશેષ. પ્ર+ભા(૧૦૬૧) ધાતુને આનશ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી સૂ. નં. ૨-૩-૮૮ માં જણાવ્યા મુજબ પ્રપ્રાયમાનઃ ની જેમ પ્રભાયમાનમ્ આવો પ્રયોગ થાય છે. અહીં 'સ્વરાત્ ૨-૩-૮૫' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – શોભિત થવું. પ્ર+ભા ધાતુને ઉપર જણાવ્યા મુજબ ણિગ્ પ્રત્યય. ણિગ્ ની પૂર્વે પ્ નો આગમ. પ્રભાપિ ધાતુને અન પ્રત્યય. સ્ત્રીલિંગમાં આપ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રભાપના અહીં 'ણેર્વા ૨-૩-૮૮' થી ન્ ને વિકલ્પે ણ્ આદેશ

ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – શોભિત કરવું. પ્ર+કમ્ (૭૮૯) ધાતુને 'अजातेः शीले ૫-૧-૧૫૪' થી णिन् (इन्) પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રકામિનૌ આવો પ્રયોગ થાય છે. અહીં 'स्वरात् ૨-૩-૮૫' થી न् ને ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ – સારી ઈચ્છા કરનારા બે. પ્રભાવના ની જેમ પ્રકામના (પ્ર+કમ્+ણિ+અન+આપ્) અહીં પણ 'णेर्वा ૨-૩-૮૮' થી न् ને વિકલ્પથી ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – સારી ઈચ્છા. અહીં કમ્ ધાતુને 'कमेर्णिङ् ૩-૪-૨' થી સ્વાર્થમાં णिङ् પ્રત્યય થયો છે. નઞ્+પ્ર+ગમ્ ધાતુને 'नञोऽनिः शापे ૫-૩-૧૧૭' થી अनि પ્રત્યયાદિ કાર્ય થવાથી અપ્રગમનિઃ આવો પ્રયોગ થાય છે. અહીં 'स्वरात् ૨-૩-૮૫' થી न् ને ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – તારું જવાનું ન થાય. પ્રગમના અહીં પ્રભાવના ની જેમ न् ને ण् આદેશ 'णेर्वा ૨-૩-૮૮' થી વિકલ્પથી પ્રાપ્ત હતો. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – મોકલવું તે. પ્ર+પ્યાય્ (૮૦૫) ધાતુને क्त (त) પ્રત્યય. 'ग्वोः पव्य० ૪-૪-૧૨૧' થી પ્યાય્ ધાતુના અન્ત્ય य् નો લોપ. 'सूयत्या० ૪-૨-૭૦' થી क्त ના त् ને न् આદેશ. 'स्वरात् ૨-૩-૮૫' થી न् ને ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સ્યાદિ કાર્ય.બાદ પ્રપ્યાનઃ આવો પ્રયોગ થાય છે. અર્થ – વધેલો. આવી જ રીતે પ્રપ્યાયના અહીં પ્રભાવના ની જેમ 'णेर्वा ૨-૩-૮૮' થી न् ને વિકલ્પથી ण् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી પ્રપ્યાયના આવો પ્રયોગ થાય છે. અર્થ – વધારવું તે. પ્ર+વેપ્ (૭૫૪) ધાતુને 'तव्याऽनीयौ ૫-૧-૨૭' થી अनीय પ્રત્યય. 'व्यञ्जना० ૨-૩-૮૭' થી अनीय ના न् ને વિકલ્પથી ण् આદેશની પ્રાપ્તિ હતી.તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સ્યાદિ કાર્ય બાદ પ્રવેપનીયમ્ આવો પ્રયોગ થાય છે. અર્થ – ચાલવું જોઈએ. આવીજ રીતે પ્ર+વેપ્ ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રભાવના ની જેમ અન પ્રત્યયના न् ને 'णेर्वा ૨-૩-૮૮' થી વિકલ્પે

ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી પ્રવેપના આવો પ્રયોગ થાય છે. અર્થ – ચલાવવું તે. ॥૯૦॥

देशेऽन्तरोऽयन-हनः २।३।९१॥

અન્તર્ શબ્દથી પરમાં રહેલા અયન શબ્દ સમ્બન્ધી તથા હન્ ધાતુ સમ્બન્ધી ન્ ને દેશ અર્થ ગમ્યમાન હોય તો ણ્ આદેશ થતો નથી. અન્તરય્યતે અન્તર્હન્યતે વાઽસ્મિન્ આ અર્થમાં અન્તર્+અય્ (૭૯૦) ધાતુને તેમજ અન્તર્+હન્ ધાતુને 'करणाधारे ५-३-१२९' થી અનટ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી અન્તરયનો દેશઃ અને અન્તર્હનનો દેશઃ આવો પ્રયોગ થાય છે. અન્તરયનઃ અહીં અયન ના ન્ ને (અય્+અનટ્ ના ન્ ને) 'स्वरात् २-३-८५' થી ણ્ આદેશની તેમજ અન્તર્હનનઃ અહીં 'हनः २-३-८२' થી હન્ ધાતુના ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થક્રમશઃ– અન્દરમાર્ગવાલો દેશ. અંદર મારવાલો દેશ. देश इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશ અર્થ ગમ્યમાન હોય તો જ અન્તર્ શબ્દથી પરમાં રહેલા અયન શબ્દ સમ્બન્ધી અને હન્ ધાતુ સમ્બન્ધી ન્ ને ણ્ આદેશ થતો નથી. તેથી દેશ અર્થ ગમ્યમાન ન હોવાથી અન્તર્+અયનમ્ આ અવસ્થામાં તેમજ અન્તર્+હન્યતે આ અવસ્થામાં 'स्वरात् २-३-८५' થી અને 'हनः २-३-८२' થી અયન અને હન્ સમ્બન્ધી ન્ ને અનુક્રમે ણ્ આદેશ થવાથી અન્તરયણમ્ અને અન્તર્હણ્યતે આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– અન્દર જવું અથવા અંદરનો માર્ગ. અન્દર મરાય છે. ॥૯૧॥

षात् पदे २।३।९२॥

પદની પૂર્વમાં રહેલા ષ્ ની પરમાં ન્ ને ણ્ આદેશ થતો નથી. सर्पिष्पानम् અહીં 'पानस्य० २-३-६९' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ

હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – ઘી પીવું. પદ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પદ પરમાં હોય તો જ તેની પૂર્વે રહેલા ष् થી પરમાં રહેલા न् ને ण् આદેશ થતો નથી. તેથી सर्पिष्केण આ સ્થળે सर्पिष् નો ष् પદથી પૂર્વમાં ન હોવાથી તેનાથી પરમાં રહેલા न् ને; આ સૂત્રથી ण् આદેશનો નિષેધ ન થવાથી 'रषृव० ૨-૩-૬૩' થી ण् આદેશ થાય છે. અર્થ – ઘીથી. 'कुत्सिता० ૭-૩-૩૩' થી सर्पिस् નામને कप् પ્રત્યયાદિ કાર્ય થવાથી सर्पिष्क નામ બને છે. ॥૯૨॥

पदेऽन्तरेऽनाऽऽङ्यतद्धिते ૨।૩।૯૩॥

નિમિત્ત र् ष् અથવા ऋ વર્ણઅને નિમિત્તી - કાર્યી न् ની વચ્ચે; आङ् અન્તવાલા તેમજ તદ્ધિત પ્રત્યય જેના અન્તે છે એવા પદને છોડીને અન્ય કોઈ પણ પદ હોય તો તાદૃશ न् ને ण् આદેશ થતો નથી. प्रावनद्धम् અને रोषभीममुखेन અહીં નિમિત્ત र् અને ष् તથા કાર્યી न् ની વચ્ચે अव અને भीम પદ હોવાથી; ક્રમશઃ 'अदुरुप० ૨-૩-૭૭' થી તથા 'कवर्गैक० ૨-૩-૭૬' થી न् ને ण् આદેશની જે પ્રાપ્તિ છે તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થક્રમશઃ– બન્ધાએલું. રોષના કારણે ભયંકર મુખથી. अनाङीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિમિત્ત અને કાર્યી વચ્ચે; आङ् અન્તવાલા પદને છોડીને જ અન્ય તદ્ધિતપ્રત્યયાન્ત ભિન્ન પદ હોય તો न् ને ण् આદેશ થતો નથી. તેથી प्राणद्धम् અહીં નિમિત્ત અને નિમિત્તી વચ્ચે आङ् (आ) નું વ્યવધાન હોવાથી આ સૂત્રથી न् ને ण् આદેશનો નિષેધ નથી થતો. તેથી 'अदुरुप० ૨-૩-૬૯' થી न् ને ण् આદેશ થાય છે. અર્થક્રમશઃ- બંધાએલું. अतद्धित इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિમિત્ત અને નિમિત્તી વચ્ચે; તદ્ધિત- પ્રત્યયાન્ત પદને છોડીને જ અન્ય आङ् અન્તવાલા પદથી

ભિન્ન પદ હોય તો; ન્ ને ણ્ આદેશ થતો નથી.તેથી આર્દ્રગોમયેણ અહીં નિમિત્ત અને નિમિત્તી વચ્ચે 'गोः पुरीषे ६-२-५०' થી વિહિત मयट्- तद्धित प्रत्ययान्त गोमय પદનું વ્યવધાન હોવાથી; સ્યાદિ પ્રત્યય સમ્બન્ધી ન્ ને ણ્ આદેશનો આ સૂત્રથી નિષેધ થતો નથી. તેથી 'कवर्गैक० २-३-७६' થી ન્ ને ણ્ આદેશ થાય છે. અર્થ – ભીના છાણથી. ॥૧૩॥

हनो घि २।३।१४॥

હન્ ધાતુના ન્ ને; નિમિત્ત અને નિમિત્તી વચ્ચે घ્ નું વ્યવધાન હોય તો ણ્ આદેશ થતો નથી. शत्रुं हतवान् આ અર્થમાં શત્રુ+હન્ ધાતુને 'ब्रह्माऽऽदिभ्यः ५-१-८५' થી टक् (अ) પ્રત્યય. 'गम-हन० ४-२-४४' થી હન્ ના अ નો લોપ. હન્ ને 'हनो० २-१-११२' થી घ्न આદેશ ... વગેરે કાર્ય થવાથી शत्रुघ्नः આ પ્રમાણે પ્રયોગ થાય છે. અહીં 'पूर्वपद० २-३-६४' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ – શત્રુઘ્ન નામનો માણસ.॥૧૪॥

नृते र्यङि २।३।१५॥

यङ् પ્રત્યયના વિષયમાં नृत् ધાતુના ન્ ને ણ્ આદેશ થતો નથી. नृत् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् (य) પ્રત્યય. नृत् ધાતુને દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન ननृत्+य+अ+ते આ અવસ્થામાં 'ऋमतां रीः ४-१-५५' થી ન ની પરમાં री નો આગમ ઈત્યાદિ કાર્ય થવાથી नरीनृत्यते આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ननृत्+यङ् આ અવસ્થામાં 'बहुलं लुप् ३-४-१४' થી यङ् નો લુપ્ થયા બાદ 'रिरौच० ४-१-५६' થી ન ની પરમાં रि નો આગમ. तिव् પ્રત્યયાદિ કાર્ય

થવાથી નરિનર્ત્તિ આ પ્રમાણે પ્રયોગ થાય છે. ઉભયત્ર ર્ થી પરમાં રહેલા ન્ ને 'રષૃવ૦ ૨-૩-૬૩' થી ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ (બંન્નેનો) – વારંવાર નાચે છે. યડીતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નૃત્ ધાતુના ન્ ને યડ્ ના જ વિષયમાં ણ્ આદેશ થતો નથી. તેથી હરિ+નૃત્ ધાતુને 'કર્ત્તુર્ણિન્ ૫-૧-૧૫૩' થી ણિન્ (ઇન્) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન હરિ+નર્ત્તી આ અવસ્થામાં આ સૂત્રથી; યડ્ નો વિષય ન હોવાથી નૃત્ ધાતુના ન્ ને; ણ્ આદેશનો નિષેધ થતો નથી. જેથી 'રષૃવર્ણા૦ ૨-૩-૬૩' થી ન્ ને ણ્ આદેશ થવાથી હરિણર્ત્તી આવો પ્રયોગ થાય છે. અર્થ – તે નામની કોઈ વ્યકૃતિ. ॥૯૫॥

क्षुभ्नादीनाम् २।३।९६॥

ક્ષુભ્ના શબ્દ જેના આદિમાં છે -તે ક્ષુભ્નાદિ ગણપાઠમાંના શબ્દોના ન્ ને ણ્ આદેશ થતો નથી. ક્ષુભ્નાતિ (ક્ષુભ્ (૧૫૫૩)+ના+તિ) તેમજ આચાર્યાની (આચાર્યસ્ય ભાર્યા આચાર્ય+ઙી (સૂ. નં. ૨-૪-૬૩ થી)) અહીં 'રષૃવર્ણાન્નો૦ ૨-૩-૬૩' થી ન્ ને ણ્ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થક્રમશઃ– ક્ષુબ્ધ થાય છે. આચાર્યપત્ની. ॥૯૬॥

पाठे धात्वादे र्णो नः २।३।९७॥

ધાતુપાઠમાં જે ધાતુના આદિમાં ણ્ છે તે આદિ ણ્ ને ન્ આદેશ થાય છે. ણીંગ્ પ્રાપણે (૮૮૪) આ પ્રમાણે ધાતુપાઠમાં ણી ધાતુના આદિમાં ણ્ છે, તે ણ્ ને આ સૂત્રથી ન્ આદેશ થવાથી ની ધાતુને તિવ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી નયતિ આવો પ્રયોગ થાય છે. અર્થ– લઈ જાય છે. પાઠ ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

ધાતુપાઠમાં જ જે ધાતુના આદિમાં ણ્ છે, તે ણ્ ને ન્ આદેશ થાય છે. તેથી णकारमिच्छति આ અર્થમાં णકાર નામને क्यन् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન णકारीयति આ પ્રયોગમાં णકારીય ધાતુ ધાતુપાઠમાં પઠિત ન હોવાથી તેના ણ્ ને આ સૂત્રથી ન્ આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રમાં પાઠે આ પ્રમાણે નિર્દેશ ન હોત તો અહીં ધાતુના આદિ ણ્ નો ન્ આદેશ થવાનો પ્રસઙ્ગ આવત એ સમજી શકાય છે. અર્થ– 'ણ' ને ઈચ્છે છે. आदेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાં જે ધાતુના આદિમાં ણ્ છે, તે આદિ જ ણ્ ને (ધાતુ સમ્બન્ધી ણ્ માત્રને નહીં) ન્ આદેશ થાય છે. તેથી भणति અહીં भण शब्दे (૨૬૪) આ भण् ધાતુના અન્ત્ય ણ્ ને ન્ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ – બોલે છે. ॥૯૭॥

षः सोऽष्ट्यै-ष्ठिव-ष्वष्कः २।३।९८॥

ધાતુપાઠમાં ષ્ છે આદિમાં જેના એવા ધાતુના આદિ ષ્ ને સ્ આદેશ થાય છે. પરન્તુ ष्ट्यै ष्ठिव् અને ष्वष्क् ધાતુના આદિ ષ્ ને સ્ આદેશ થતો નથી. सहते અહીં 'षहि मर्षणे' (૯૯૦) આ પ્રમાણે ધાતુપાઠમાં षાદિ षह् ધાતુ છે. તેના આદિ ષ્ ને આ સૂત્રથી સ્ આદેશાદિ કાર્ય થયું છે. અર્થ – સહન કરે છે. आदेरित्येव – આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાંના ष्ट्यै ष्ठिव् અને ष्वष्क् ભિન્ન ધાતુના આદિ જ ષ્ ને સ્ આદેશ થાય છે. તેથી लषति અહીં ધાતુપાઠમાંના लष् (૯૨૭) ધાતુના અન્ત્ય ષ્ ને આ સૂત્રથી સ્ આદેશ થતો નથી. અર્થ – ઈચ્છે છે. ष्ट्यादिवर्जनम् किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુપાઠમાંના ष्ट्यै (૩૯); ष्ठिव् (૧૧૬૬) અને ष्वष्क् (૬૨૯) ધાતુને છોડીને જ અન્ય षકારાદિ ધાતુના આદિ ષ્ ને સ્ આદેશ થાય છે. તેથી ष्ट्यायति (ष्ट्यै+अ+ति); ष्ठीव्यति (ष्ठिव्+य+ति) અને ष्वष्कते (ष्वष्क्+अ+ते) અહીં આ સૂત્રથી

ष्ट्यै, ष्ठिव् અને ष्वष्क् ધાતુના આદિ ष् ને આ સૂત્રથી स् આદેશ થતો નથી. અર્થક્રમશઃ– ભેગું કરે છે. થુંકે છે. જાય છે. (ष्ठिव् ના इ ને 'भ्वादेर्ना० ૨-૧-૬૩' થી દીર્ઘ ઈ આદેશ થાય છે.) ॥૯૮॥

ऋ-र लृ-लं कृपोऽकृपीटादिषु ૨।૩।૯૯॥

કૃપીટ આદિમાં છે જેના એવા કૃપીટાદિ ગણપાઠમાંના નામોને છોડીને (અર્થાત્ તે નામ સમ્બન્ધી कृप् ધાતુને છોડીને) અન્યત્ર कृप् ધાતુના ર્ ને લ્ આદેશ અને ऋ ને लृ આદેશ થાય છે. कृप् (૯૫૯) ધાતુને ભાવમાં તે પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન कृप्+य+ते આ અવસ્થામાં कृप् ના ऋ ને આ સૂત્રથી लृ આદેશ થવાથી क्लृप्यते આવો પ્રયોગ થાય છે. कृप् ધાતુને क्त પ્રત્યય. આ સૂત્રથી कृप् ધાતુના ऋ ને लृ આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી क्लृप्तः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સમર્થ થવાય છે. ઈષ્ટ. આવી જ રીતે कृप् ધાતુને વર્ત્તમાનામાં તે પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कर्प्+अ+ते આ અવસ્થામાં અને कृप् ધાતુને णि પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कर्प्+णि+अ+ति આ અવસ્થામાં कृप् ધાતુના ર્ ને આ સૂત્રથી લ્ આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે कल्पते અને कल्पयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સમર્થ થાય છે. કલ્પના કરે છે. अकृपीटादिष्विति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃપીટાદિ ગણપાઠમાંના નામોને છોડીને જ कृप् ધાતુના ऋ ને लृ અને ર્ ને લ્ આદેશ થાય છે. તેથી कृपीटम् અને कृपाणः અહીં कृप् ધાતુના ऋ ને આ સૂત્રથી लृ આદેશ થતો નથી. અર્થક્રમશઃ– પેટ. તલવાર. ॥૯૯॥

उपसर्गस्याऽयौ ૨।૩।૧૦૦॥

अय् ધાતુ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ઉપસર્ગ સમ્બન્ધી ર્

ને લ્ આદેશ થાય છે. પ્ર+અયતે (૭૯૦) અને પ્રતિ+અયતે આ અવસ્થામાં પ્ર અને પ્રતિ ઉપસર્ગ સમ્બન્ધી ર્ ને આ સૂત્રથી લ્ આદેશ થવાથી પ્લાયતે અને પ્લત્યયતે આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જાય છે. જવાના બદલે જાય છે. ॥૧૦૦॥

ग्रो यङि २।३।१०१॥

યઙ્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ગૃ ધાતુના ર્ ને લ્ આદેશ થાય છે. નિ+ગૃ ધાતુને 'गृ-लुप-सद० ३-४-१२' થી યઙ્ (ય) પ્રત્યય. 'ऋतां क्ङितीर् ४-४-११६' થી ગૃ ધાતુના ઋ ને ઇર્ આદેશ. ગિર્ ને 'सन्यङश्च ४-१-३' થી દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસના ર્ નો લોપ. 'गहो र्जः ४-१-४०' થી અભ્યાસના ગ્ ને જ્ આદેશ. 'आ-गुणा० ४-१-४८' થી જિ ના ઇ ને ગુણ એ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન નિજેગિર્+ય+અ+તે આ અવસ્થામાં ગૃ ધાતુના ર્ ને આ સૂત્રથી લ્ આદેશ વગેરે કાર્ય થવાથી નિજેગિલ્યતે આવો પ્રયોગ થાય છે. અર્થ – ખરાબ રીતે ગળે છે. ॥૧૦૧॥

नवा स्वरे २।३।१०२॥

સ્વરાદિ પ્રત્યયના કારણે થયેલા ગૃ ધાતુના ર્ ને વિકલ્પથી લ્ આદેશ થાય છે. ગૃ ધાતુને વર્ત્તમાનાનો તિવ્ પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી તિવ્ ની પૂર્વે શ (અ) વિકરણ પ્રત્યય. તેના કારણે (ङित् (अवित् शित्) પ્રત્યયના કારણે) ગૃ ધાતુના ઋ ને 'ऋतां क्ङितीर् ४-४-११६' થી ઇર્ આદેશ. આ સૂત્રથી ગિર્ ના ર્ ને લ્ આદેશ થવાથી ગિલતિ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ર્ ને લ્ આદેશ ન થાય ત્યારે ગિરતિ આવો પ્રયોગ થાય છે. અર્થ – ગળે છે. નિ+ગૃ ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી ણિગ્ (इ) પ્રત્યય.

તેના કારણે (णि स्वરૂપ णित् પ્રત્યયના કારણે) 'नामिनोऽक० ४-३-५१' થી गृ ધાતુના ऋ ને वृद्धि आर् આદેશ. આ સૂત્રથી र् ને ल् આદેશ થવાથી निगालि ધાતુ બને છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી र् ને ल् આદેશ ન થાય તો निगारि ધાતુ બને છે. તેને કર્મ માં તે પ્રત્યયાદિ કાર્ય થવાથી निगाल्यते અને निगार्यते આવો પ્રયોગ થાય છે. नि+गालि+य+ते આ અવસ્થામાં 'णेरनिटि ४-३-८३' થી णि નો લોપ થયા બાદ સ્વરાદિ णि (इ) પ્રત્યય પરમાં ન હોવા છતાં તે સ્વરાદિ પ્રત્યયની અપેક્ષાએ વિહિત વૃદ્ધિ સમ્બન્ધી र् ને (गार् ના र् ને) આ સૂત્રથી ल् આદેશ થાય છે. અર્થાદ્ गृ ધાતુ સમ્બન્ધી र्; સ્વરાદિ પ્રત્યયના કારણે થયેલો હોવો જોઈએ. તે र् ની પરમાં સ્વરાદિ પ્રત્યય હોવો જ જોઈએ - એવો નિયમ નથી. અર્થ – ગળાવાય છે.

विहितविशेषणं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ પ્રત્યયના કારણે વિહિત જ गृ ધાતુ સમ્બન્ધી र् ને વિકલ્પથી ल् આદેશ થાય છે. પરન્તુ गृ ધાતુના र् ની પરમાં સ્વરાદિ પ્રત્યય હોય તો જ વિકલ્પથી र् ને ल् આદેશ થાય છે – એવો નિયમ નથી. તેથી गृ ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ऋ ને इर् આદેશ. गिर् નામને પ્રથમા વિભક્તિનો जस् પ્રત્યય - વગેરે કાર્ય થવાથી गिरः આવો પ્રયોગ થાય છે. અહીં गिर्+जस् (अस्) આ અવસ્થામાં સ્વરાદિ પ્રત્યય પરમાં હોવા છતાં તેની પૂર્વે રહેલો गृ ધાતુનો र्; क्विप् પ્રત્યયના કારણે થયેલો છે, जस् પ્રત્યયના કારણે નહીં. તેથી આ સૂત્રથી તે र् ને વિકલ્પથી ल् આદેશ થતો નથી. આથી સ્પષ્ટ પણે સમજી શકાશે કે – गिरति निगार्यते ઈત્યાદિ સ્થળે र् ને ल् આદેશ કરવા માટે અને गिरः ઈત્યાદિ સ્થળે र् ને ल् આદેશ ન થાય એ માટે વિહિત વિશેષણ (र् નું) છે. અર્થ – વાણી.॥૧૦૨॥

परे र्घाऽङ्क-योगे २।३।१०३॥

घ; अङ्क अने योग शब्द परमां होय तो तेनी पूर्वे रहेला परि शब्दना र् ने विकल्पथी ल् आदेश थाय छे. परिहण्यतेऽनेन आ अर्थमां परि + हन् धातुने 'परे र्घः ५-३-४०' थी अल् (अ) प्रत्यय अने निपातनना कारणे हन् ने घ् आदेशादि कार्य थवाथी निष्पन्न परि+घः आ अवस्थामां आ सूत्रथी परि शब्दना र् ने ल् आदेश थवाथी पलिघः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ल् आदेश न थाय त्यारे परिघः आवो प्रयोग थाय छे. परि+अङ्कः अने परि+योगः आ अवस्थामां आ सूत्रथी परि शब्दना र् ने ल् आदेश थवाथी पल्यङ्कः अने पलियोगः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी तादृश र् ने ल् आदेश न थाय त्यारे पर्यङ्कः अने परियोगः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः– शस्त्रविशेष. पलङ्ग. बधीबाजु संबन्ध.॥१०३॥

ऋफिडादीनां डश्च लः २।३।१०४॥

ऋफिड शब्द जेना आदिमां छे – ते ऋफिडादि गणपाठमांना शब्दोना ऋ ने लृ; र् ने ल् अने ड् ने ल् आदेश विकल्पथी थाय छे. लृफिडः अहीं ऋफिड नामना ऋ ने आ सूत्रथी लृ आदेश थयो छे. लृफिलः अहीं आ सूत्रथी ऋफिड नामना ऋ ने लृ अने ड् ने ल् आदेश थयो छे. विकल्पपक्षमां आ सूत्रथी लृ अने ल् आदेश न थाय त्यारे ऋफिडः आवो प्रयोग थाय छे. अने लृ आदेश न थाय तथा ल् आदेश थाय त्यारे ऋफिलः आवो प्रयोग थाय छे. लृतकः अहीं ऋतक नामना ऋ ने आ सूत्रथी लृ आदेश थयो छे. विकल्पपक्षमां आ सूत्रथी लृ आदेश न थाय त्यारे ऋतकः आवो प्रयोग थाय छे. कपलिका अहीं कपरिका नामना र् ने आ सूत्रथी

લ્ આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં ર્ ને લ્ આદેશ આ સૂત્રથી ન થાય ત્યારે કપરિકા આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જવાવાલો અથવા દૂત. ખરાબ ચાલવાલો અથવા મિથ્યાવાદી. સુખપ્રધાન અવસ્થા. ॥૧૦૪॥

जपादीनां पो वः २।३।१०५॥

જપા વગેરે નામોના પ્ ને વિકલ્પથી વ્ આદેશ થાય છે. જવા અને પારાવતઃ અહીં જપા અને પારાપત નામના પ્ ને આ સૂત્રથી વ્ આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પ્ ને વ્ આદેશ ન થાય ત્યારે જપા અને પારાપતઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જપા પુષ્પ. કબૂતર. અહીં જપા વગેરે નામો શિષ્ટ પ્રયોગાનુસાર જાણવા.॥૧૦૫॥

॥इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे द्वितीयेऽध्याये तृतीयः पादः॥

મૂલરાજાસિ૦..... મૂલરાજ નામના રાજાની તલવારની ધારામાં જે રાજાઓ ડુબી ગયા, તે રાજાઓ સ્વર્ગગઙ્ગાના પાણીમાં તરતા જોવાય છે... આ પ્રમાણે શ્લોકનો અક્ષરાર્થ છે. અહીં ભિન્નદેશમાં ડુબવું અને ભિન્નદેશમાં તરવું- એનાં પ્રતિપાદનથી અર્થની અસઙ્ગતિ સ્વરૂપ અંલકાર છે. તાત્પર્ય સ્પષ્ટ છે કે મૂલરાજાની તલવારના પ્રહારથી જે રાજાઓ હણાયા તેઓ ભૂમિ ઉપર પડ્યાં અને મરીને સ્વર્ગમાં ગયા. અર્થાદ્ દેવરૂપે તેઓ સ્વર્ગમાં જોવાય છે.... આ તાત્પર્યથી પૂર્વોક્ત અસઙ્ગતિ દૂર થાય છે.

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता॥

॥अथ प्रारभ्यते द्वितीयेऽध्याये चतुर्थः पादः॥

स्त्रियां नृतोऽस्वस्रादे र्ङीः २।४।१॥

स्वसृ दुहितृ... વગેરે स्वस्रादि ગણપાઠમાંના નામોને છોડીને અન્ય સ્ત્રીલિંગ ન્ અને ऋ અન્તવાલા નામને ङी (ई) પ્રત્યય થાય છે. राजन् अतिराजन् અને कर्तृ નામને સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ङी (ई) પ્રત્યય. 'अनोऽस्य २-१-१०८' થી न् ની પૂર્વેના अ નો લોપ. 'तवर्गस्य० १-३-६०' થી ज् ના યોગમાં न् ને ञ् આદેશ. ત્યારબાદ सि પ્રત્યય વગેરે કાર્ય થવાથી राज्ञी अतिराज्ञी અને कर्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – રાણી. રાજાને જીતવાવાલી સ્ત્રી. કરનારી. स्त्रियामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वस्रादि ગણપાઠમાંના નામોને છોડીને અન્ય न् અથવા ऋ અન્તવાલા સ્ત્રીલિંગ જ નામને ङी પ્રત્યય થાય છે. તેથી पञ्च नद्यः અહીં न् અન્તવાલા पञ्चन् નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. અહીં पञ्चन् નામ સ્ત્રીલિંગ અર્થનું વાચક હોવા છતાં તે નામ युष्मद् અને अस्मद् ની જેમ अलिङ्ग હોવાથી તેને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. न् અન્તવાલા सङ्ख्यावाचक નામો युष्मद् अस्मद् ની જેમ अलिङ्ग છે. अस्वस्रादेरिति किम्? = સ્ત્રીલિંગ न् અને ऋ અન્તવાલા નામને; ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી ङी પ્રત્યય થાય છે. પરન્તુ स्वस्रादि ગણપાઠમાંના તાદૃશ નામને ङी પ્રત્યય થતો નથી. તેથી स्वसृ અને दुहितृ નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી सि પ્રત્યયાદિ કાર્ય બાદ स्वसा અને दुहिता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાંચ નદીઓ. બહેન. પુત્રી.॥१॥

अधातूदृदितः २।४।२॥

ધાતુને છોડીને અન્ય - उ અથવા ऋ છે ઈત્ જેમાં એવો જે પ્રત્યય અથવા પ્રત્યયભિન્ન જે નામાદિ - તે છે અન્તમાં જેનાં એવા નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. भवत् (भा+डवतु) નામને તેમજ पचत् (पच्+शतृ) નામને; તે નામ અનુક્રમે उदिद् डवतु પ્રત્યયાન્ત અને ऋदित् शतृ પ્રત્યયાન્ત હોવાથી સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ङी પ્રત્યય. पचत् ના अत् ને 'श्य-शवः २-१-११६' થી अन्त् આદેશ વગેરે કાર્ય થવાથી भवती અને पचन्ती આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ऋदित् शतृ (अत्) પ્રત્યયાન્ત महत् નામ છે અન્તમાં જેના એવા अतिमहत् નામને, આ સૂત્રથી સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી अतिमहती આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ – (લઘુવૃત્તિના ક્રમે) આપ (સ્ત્રી). મહાન્ને જીતનારી. રાંધતી. अधात्विति किम्? = उदिद् અને ऋदिद् ધાતુભિન્ન જ પ્રત્યય કે અપ્રત્યય જેનાં અન્તે છે એવા નામને સ્ત્રીલિંગમાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી ङी પ્રત્યય થાય છે. તેથી सुकन् સ્ત્રી અહીં उदिद् कस् ધાતુ અન્તમાં છે જેના એવા सुकन् નામને આ સૂત્રથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થતો નથી. सु+कस् (११२०) ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'उदितः स्वरा० ४-४-९८' થી कस् ધાતુના अ ની પરમાં न् નો આગમ. सुकन्स् નામને सि પ્રત્યય. 'दीर्घङ्याब्० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य २-१-८९' થી कस् ધાતુના स् નો લોપ.... વગેરે કાર્ય થવાથી सुकन् આવો પ્રયોગ થાય છે. અર્થ - સુંદર ચાલવાલી સ્ત્રી. ॥२॥

अञ्चेः २।४।३॥

अञ्च् ધાતુ જેના અન્તમાં છે - એવા સ્ત્રીલિઙ્ગ નામને ङी પ્રત્યય થાય છે. प्राच् અને उदच् નામને સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય

વગેરે કાર્ય થવાથી પ્રાચી અને ઉદીચી આવો પ્રયોગ થાય છે. - જાુઓ સૂ. નં. ૨-૧-૧૦૪ અને ૨-૧-૧૦૩. અર્થ - પૂર્વ દિશા. ઉત્તર દિશા.॥૩॥

ण-स्वराऽघोषाद् वनो रश्च २।४।४॥

णकारान्त धातુથી, स्वरान्त धातુથી અને अघोष व्यञ्जन अन्तवाला धातુથી विहित જે वन् अर्थाद् वन् ड्वनिप् અથવા क्वनिप् પ્રત્યય-તે પ્રત્યયान्त (वन् પ્રત્યયान्त) સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. અને ત્યારે ङी પ્રત્યયના યોગે वन् પ્રત્યયના અન્ત્ય વર્ણને र् આદેશ થાય છે. ण - (णकारान्त धातु) – ओण् (૨૭૩) धातુને 'मन्- वन्० ૫-૧-૧૪૭' થી वन् પ્રત્યય. 'वन्याङ्० ૪-૨-૬૫' થી ओण् धातुના ण् ને आ આદેશ. 'ओदौतो० ૧-૨-૨૪' થી ओ ને अव् આદેશ થવાથી अवावन् નામ બને છે. તેને સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય. અને वन् ના न् ને र् આદેશ વગેરે કાર્ય થવાથી અવાવરી આવો પ્રયોગ થાય છે. स्वरान्त धાનુ - धा धातુને 'मन्- वन्० ૫-૧-૧૪૭' થી क्वनिप् (वन्) પ્રત્યય. 'ई व्यञ्जने० ૪-૩-૯૭' થી धा ના 'आ' ને ई આદેશ થવાથી धीवन् શબ્દ બને છે. અથવા ભાષ્યને અનુસરી ध्यै धातુને ઉપર જણાવ્યા મુજબ क्वनिप् પ્રત્યય. यै ને सम्प्रसारण ई આદેશાદિ કાર્ય થવાથી પણ धीवन् નામ બને છે. તેને સૂત્રથી ङी પ્રત્યય તથા તેના સન્નિયોગમાં वन् ના न् ને र् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી धीवरी આવો પ્રયોગ થાય છે. अघोषान्त धातु :- मेरु + दृश् धातુને 'दृशः क्वनिप् ૫-૧-૧૬૬' થી क्वनिप् (वन्) પ્રત્યય થવાથી मेरुदृश्वन् નામ બને છે. તેને આ સૂત્રથી ङी પ્રત્યય તથા તેના સન્નિયોગમાં वन् ના न् ને र् આદેશાદિ કાર્ય થવાથી मेरुदृश्वरी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ચોરનારી. સારી રીતે ધારણ કરનારી. મેરુ પર્વતને જોનારી. ण-स्वरा-ऽघोषादिति किम्? = આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ ણ; સ્વર અને અઘોષ વ્યઞ્જન અન્તવાલા જ ધાતુથી વિહિત વન્ પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામને ङી પ્રત્યય થાય છે. અને ङી ના યોગમાં વન્ ના અન્ત્યવર્ણને र् આદેશ થાય છે. તેથી સહ+યુધ્ ધાતુને 'સહરાજ૦ ૫-૧-૧૬૭' થી ક્વનિપ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન સહયુધ્વન્ નામ; ણ સ્વર અથવા અઘોષ અન્તવાલા ધાતુથી વિહિત વન્ પ્રત્યયાન્ત ન હોવાથી તેને આ સૂત્રથી ङી પ્રત્યયાદિ કાર્ય થતું નથી. જેથી સિ પ્રત્યય વગેરે કાર્ય થયા બાદ સહયુધ્વા સ્ત્રી આવો પ્રયોગ થાય છે. અર્થ - સાથે યુદ્ધ કરનારી સ્ત્રી. વન્ પ્રત્યયાન્ત નામ નકારાન્ત હોવાથી સૂ. નં. ૨-૪-૧ થી જ તેને ङી પ્રત્યય સિદ્ધ હોવાથી આ સૂત્ર નિયમ કરે છે કે - ણ-સ્વર અને અઘોષાન્ત જ ધાતુથી વિહિત (અન્ય ધાતુથી વિહિત નહીં.) વન્ પ્રત્યયાન્ત નામને ङી પ્રત્યય થાય છે. તેથી સહયુધ્વન્ નામને સૂ. નં. ૨-૪-૧ થી પણ ङી પ્રત્યય થતો નથી.... ઇત્યાદિ સ્વયં વિચારવું. विहितविशेषणं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ણ સ્વર અથવા અઘોષ વ્યઞ્જનાન્ત ધાતુથી વિહિત જ (પરમાં હોય કે ન પણ હોય) વન્ પ્રત્યયાન્ત સ્ત્રીલિઙ્ગ નામને ङી પ્રત્યય થાય છે. તેમજ ङી પ્રત્યયના યોગમાં વન્ ના અન્ત્યવર્ણને र् આદેશ થાય છે. તેથી शृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ વન્ પ્રત્યય. 'नामिनो गुणो૦ ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશ થવાથી નિષ્પન્ન शर्वन् નામને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङી પ્રત્યયાદિ કાર્ય થવાથી शर्वरी આવો પ્રયોગ થાય છે. અહીં शर्वन् નામ સ્વરાન્ત शृ ધાતુથી વિહિત વન્ પ્રત્યયાન્ત છે. પરન્તુ વન્ પ્રત્યય र् થી પરમાં છે, સ્વરાન્ત ધાતુથી પરમાં નથી. આથી સ્પષ્ટ છે કે વન્ પ્રત્યયનું વિહિત વિશેષણ ન હોય અને પર વિશેષણ હોય તો शर्वन् નામને આ સૂત્રથી ङી પ્રત્યયાદિ કાર્ય થઈ શકશે નહીં. તેથી તાદૃશ કાર્યની ઉપપત્તિ માટે વન્ પ્રત્યયનું 'વિહિત' વિશેષણ છે. અર્થ-રાત્રિ.॥૪॥

वा बहुव्रीहेः २।४।५॥

णकारान्त, स्वरान्त अने अघोष व्यञ्जनान्त धातुथी विहित वन् प्रत्ययान्त बहुव्रीहिसमास स्वरूप स्त्रीलिङ्ग नामने ङी प्रत्यय थाय छे. तेमज ङी प्रत्ययना योगमां वन् प्रत्ययना अन्त्य वर्णने र् आदेश थाय छे. प्रियोऽवावा यस्याः अने बहवो धीवानो यस्याम् आ विग्रहमां बहुव्रीहिसमासादि कार्यथी निष्पन्न प्रियावावन् अने बहुधीवन् नामने आ सूत्रथी ङी प्रत्यय अने वन् ना न् ने र् आदेश ईत्यादि कार्य थवाथी प्रियावावरी अने बहुधीवरी आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्ययादि कार्य न थाय तो प्रियावावा अने बहुधीवा आवो प्रयोग थाय छे. आवी ज रीते बहवो मेरुदृश्वानो यस्याम् आ विग्रहमां बहुव्रीहिसमासादि कार्यथी निष्पन्न बहुमेरुदृश्वन् नामने आ सूत्रथी ङी प्रत्यय. तेना योगमां वन् प्रत्ययना न् ने र् आदेशादि कार्य थवाथी बहुमेरुदृश्वरी आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्ययादि कार्य न थाय त्यारे बहुमेरुदृश्वा आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- चोर स्वामीवाली स्त्री. घणा धारण करवावाला छे जेमां एवी नगरी. घणा मेरुपर्वतने जोनारा छे जेमां एवी नगरी. ॥५॥

वा पादः २।४।६॥

बहुव्रीहि समासना कारणे पाद शब्दने जे पाद् आदेश थाय छे - ते पाद् शब्द जेना अन्तमां छे - एवा स्त्रीलिङ्ग बहुव्रीहि समासने विकल्पथी ङी प्रत्यय थाय छे. द्वौ पादौ यस्याः आ विग्रहमां बहुव्रीहि समास. 'सुसङ्ख्यात् ७-३-१५०' थी पाद नामने पाद् आदेश. द्विपाद् नामने आ सूत्रथी ङी प्रत्यय. 'य-स्वरे पादः० २-१-१०२' थी पाद् ने पद् आदेश वगेरे कार्य थवाथी द्विपदी आवो प्रयोग थाय छे.

વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે દ્વિપાત્ આવો પ્રયોગ થાય છે. અર્થ - બે પાદવાલી. बहुव्रीहि निमित्तो यःपाद० ..... = આ સૂત્રમાં ઉપર જણાવ્યા મુજબ પાદ્ શબ્દનું બહુવ્રીહિનિમિત્તત્વ આ પ્રમાણે વિશેષણ હોવાથી त्रयः पादो यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ત્રિપાત્ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. કારણકે અહીં પાદમાચષ્ટે આ અર્થમાં પાદ નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પાદિ ધાતુને क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પાદ્ આ પ્રમાણે નામ બને છે. તે પાદ્ નામ બહુવ્રીહિ નિમિત્તક નથી. તેથી તદન્ત બહુવ્રીહિ સમાસ (ત્રિપાત્) ને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. અર્થ – ત્રણ; પાદ બોલવાવાલા છે જેમાં એવી શાલા વગેરે. (पाद+णिच्+क्विप् આ અવસ્થામાં 'ञ्नित्यस्व० ७-४-४३' થી પાદ ના अ નો અને 'णेरनिटि ४-३-८३' થી णि નો લોપ થવાથી પાત્ શબ્દ બને છે.) ॥६॥

ऊधनः २।४।७॥

ऊधन् નામ છે અન્તમાં જેના એવા સ્ત્રીલિઙ્ગ બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થાય છે. 'कुण्डमिवोधो यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कुण्डोधस् નામના स् ને 'स्त्रियामुधसो न् ७-३-१६९' થી न् આદેશ. कुण्डोधन् નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अनोऽस्य २-१-१०८' થી न् ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી कुण्डोध्नी આવો પ્રયોગ થાય છે. અર્થ – કુણ્ડ જેવા સ્તનવાલી. कुण्डोधन् નામને સ્ત્રીલિંગમાં સૂ. નં. २-४-११ (अनो वा) થી વિકલ્પે ङी ની પ્રાપ્તિ હતી. તેથી આ સૂત્રનું પ્રણયન છે —— ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥७॥

अशिशोः २।४।८॥

અશિશુ આ સ્ત્રીલિઙ્ગ બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થાય છે. न विद्यते शिशु र्यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન અશિશુ નામને આ સૂત્રથી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી અશિશ્વી આવો પ્રયોગ થાય છે. અર્થ - પુત્ર વગરની સ્ત્રી. ॥૮॥

सङ्ख्यादे र्हायनाद् वयसि २।४।९॥

વય-ઉંમર અર્થ ગમ્યમાન હોય તો; સઙ્ખ્યાવાચક નામ જેના આદિમાં છે અને હાયન નામ જેના અન્તમાં છે - એવા સ્ત્રીલિઙ્ગ બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થાય છે. त्रीणि हायनानि यस्याः અને चत्वारि हायनानि यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ત્રિહાયન અને चतुरहायन - આ બહુવ્રીહિ સમાસને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી हायन ના અન્ત્ય अ નો લોપ. 'चतुस्त्रे र्हाय० २-३-७३' થી हायन ના न् ને ण् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી ત્રિહાયણી અને ચતુર્હાયણી વડવા આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ત્રણ વરસની ઘોડી. ચારવરસની ઘોડી. वयसीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વય-ઉંમર અર્થ ગમ્યમાન હોય તો જ સઙ્ખ્યાવાચક નામ છે આદિમાં જેના અને હાયન શબ્દ છે અન્તમાં જેના એવા સ્ત્રીલિંગ બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થાય છે. તેથી चत्वारि हायनानि यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન चतुर्हायना शाला આ પ્રયોગમાં चतुर्हायन નામને; ઉંમર અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. પરન્તુ 'आत् २-४-१८' થી आप् પ્રત્યય થાય છે. અર્થ – ચાર વરસ જુની શાળા. ॥૯॥

दाम्नः २।४।१०॥

સઙ્ખ્યાવાચક નામ જેનું પૂર્વપદ છે એવા દામન્ અન્તવાલા સ્ત્રીલિંગ બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થાય છે. द्वे दामनी यस्याम् આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન द्विदामन्- આ બહુવ્રીહિ સમાસને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अनोऽस्य २-१-१०८' થી दामन् નામના न् નો લોપ વગેરે કાર્ય થવાથી द्विदाम्नी આવો પ્રયોગ થાય છે. અર્થ – બે માળાવાલી. सङ्ख्यादेरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સઙ્ખ્યાવાચક નામ જ જેનું પૂર્વપદ છે - એવા दामन् અન્તવાલા સ્ત્રીલિઙ્ગ બહુવ્રીહિ નામને ङी પ્રત્યય થાય છે. તેથી उद्गतं दाम यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उद्दामन् નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી उद्दामानं पश्य આવો પ્રયોગ થાય છે. उद्दामन् નામને ક્રમશઃ 'अनो वा २-४-११' થી વિકલ્પે ङी પ્રત્યય અને 'ताभ्यां वाप्० २-४-१५' થી વિકલ્પે डाप् (आ) પ્રત્યય થાય ત્યારે उद्दाम्नीं पश्य અને उद्दामाम् पश्य આવો પ્રયોગ પણ થાય છે. એ યાદ રાખવું. અર્થ - જેની માળા નીકળી ગઈ છે તેને જો. ॥१०॥

अनो वा २।४।११॥

अन् જેનાં અન્તમાં છે - એવા સ્ત્રીલિઙ્ગ બહુવ્રીહિ સમાસને વિકલ્પે ङी પ્રત્યય થાય છે. 'नोपान्त्य० २-४-१३' થી ઉપાન્ત્યસ્વર अ નો જ્યાં લોપ થતો નથી ત્યાં ङी પ્રત્યયનો નિષેધ કરેલો હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્યલોપ જ્યાં થાય છે ત્યાં જ યથાપ્રાપ્ત વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. बहवो राजानोऽनयोः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન बहुराजन् નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अनोऽस्य २-१-१०८' થી राजन् ના अ નો લોપ. 'तवर्ग० १-३-

६०' थी ज् ना योगमां न् ने ञ् आदेश. औ प्रत्यय वगेरे कार्य थवाथी बहुराज्ञ्यौ आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्यय न थाय त्यारे; बहुराजन् नामने 'ताभ्यां वा० २-४-१५' थी डित् आप् (आ) प्रत्यय. 'डित्यन्त्य० २-१-११४' थी राजन् ना अन् नो लोप ईत्यादि कार्य थवाथी बहुराजे आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां डित् आप् प्रत्यय पण न थाय त्यारे बहुराजानौ आवो प्रयोग थाय छे. अर्थ - घणा राजावाली बे नगरीओ. ॥११॥

नाम्नि २।४।१२॥

संज्ञाना विषयमां अन् अन्तवाला स्त्रीलिंग बहुव्रीहि समासने नित्य ङी प्रत्यय थाय छे. अधिराजन् (अधिको राजाऽस्याः) अने सुराजन् (शोभनो राजाऽस्याः) नामने आ सूत्रथी ङी प्रत्यय. 'अनोऽस्य २-१-१०८' थी उपान्त्य अ नो लो. 'तवर्गस्य० १-३-६०' थी ज् ना योगमां न् ना स्थाने ञ् आदेश. तथा सि प्रत्ययादि कार्य थवाथी अधिराज्ञी अने सुराज्ञी आवो प्रयोग थाय छे. अर्थ- ते ते नामनुं गाम. ॥१२॥

नोपान्त्यवतः २।४।१३॥

जेना उपान्त्य अ नो लोप थतो नथी एवा अन् अन्तवाला बहुव्रीहि समासने ङी प्रत्यय थतो नथी. सुपर्वन् (शोभनं पर्व यस्याः) अने सुशर्मन् (शोभनं शर्म यस्याः) नामने 'अनो वा २-४-११' थी ङी प्रत्ययनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध थाय छे. कारण के अहीं 'नव-मन्त० २-१-११९' थी उपान्त्य अ ना लोपनो निषेध थयेलो छे. सुपर्वन् अने सुशर्मन् नामने सि प्रत्ययादि कार्य थवाथी सुपर्वा अने सुशर्मा आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- सारापर्ववाळी.

સારા કલ્યાણવાળી. उपान्त्यवत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેના ઉપાન્ત્ય અ નો લોપ થતો નથી એવા જ અન્ અન્તવાલા બહુવ્રીહિ સમાસને ङी પ્રત્યય થતો નથી. તેથી બહુરાજન્ નામને આ સૂત્રથી ङी પ્રત્યયનો નિષેધ ન થવાથી બહુરાજન્ નામને 'अनो वा ૨-૪-૧૧' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી બહુરાજ્ઞી આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘણા રાજાવાલી નગરી. ॥૧૩॥

मनः ૨।૪।૧૪॥

મન્ અન્તવાલા સ્ત્રીલિઙ્ગ નામને ङी પ્રત્યય થતો નથી. સીમન્ નામને 'स्त्रियां नृतो० ૨-૪-૧' થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સીમન્ નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી सीमानौ આવો પ્રયોગ થાય છે. અર્થ - બે સીમાઓ. ॥૧૪॥

ताभ्यां वाऽऽप् डित् ૨।૪।૧૫॥

મન્ અન્તવાલા સ્ત્રીલિઙ્ગ નામને તેમજ અન્ અન્તવાલા સ્ત્રીલિંગ બહુવ્રીહિ સમાસને વિકલ્પથી ડિત્-આપ્ (ડાપ્) પ્રત્યય થાય છે. સીમન્ અને સુપર્વન્ નામને આ સૂત્રથી ડિત્-આપ્ (આ) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી અન્ત્યસ્વરાદિ अन् નો લોપ. સીમા અને સુપર્વા નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી સીમે અને સુપર્વે આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ડાપ્ પ્રત્યય ન થાય ત્યારે सीमानौ અને સુપર્વાણૌ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે સીમાઓ. સારાપર્વોવાળી બે. આગળના સૂત્રમાં आप् પ્રત્યયની અનુવૃત્તિ લઈ જવાં માટે ડાપ્ નો નિર્દેશ ન કરતા આપ્ ડિત્ આ પ્રમાણે નિર્દેશ કર્યો છે. અન્યથા આગળના સૂત્રમાં ડાપ્ ની અનુવૃત્તિ જશે – એ સમજી શકાય છે. ॥૧૫॥

अजादेः २।४।१६॥

અજાદિ ગણપાઠમાંના અજાદિ સ્વરૂપ સ્ત્રીલિઙ્ગ અર્થના જ વાચક અજાદિ નામને; આપ્ પ્રત્યય થાય છે. આશય એ છે કે - અજાદિ ગણપાઠમાંના અજ બાલ ..... વગેરે નામો સમાસના અન્તે (ઉત્તરપદ) હોય અને સમાસાર્થ અજાદિ ભિન્ન સ્ત્રી હોય તો; આ સૂત્રથી એવા સામાસિક નામને આપ્ પ્રત્યય થતો નથી. પરન્તુ સ્ત્રીલિઙ્ગ અજાદ્યર્થક કેવલ અજાદિ નામને તેમજ સ્ત્રીલિઙ્ગ અજાદિ મુખ્યાર્થક અજાદ્યન્ત નામને; આ સૂત્રથી આપ્ પ્રત્યય થાય છે. આથી સ્પષ્ટ છે કે પ્રધાનતયા અજાદિ અર્થ (સ્ત્રીલિઙ્ગ) અભિધીયમાન હોય તો તદર્થક અજાદિ ગણપાઠમાંના નામને અથવા તે છે અન્તમાં જેનાં એવા નામને; આ સૂત્રથી આપ્ પ્રત્યય થાય છે. અજ બાલ જ્યેષ્ઠ અને ક્રુઞ્ચ્ નામને આ સૂત્રથી આપ્ (આ) પ્રત્યયાદિ કાર્ય થવાથી અજા બાલા જ્યેષ્ઠા અને ક્રુઞ્ચા આવો પ્રયોગ થાય છે. અજ નામને 'जातेरयान्त० ૨-૪-૫૪' થી; બાલ નામને 'वयस्यनन्त्ये ૨-૪-૨૧' થી અને જ્યેષ્ઠ નામને 'धवाद् योगा० ૨-૪-૫૯' થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી બાધ થાય છે..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અર્થક્રમશઃ- બકરી. છોકરી. ઉંમરમાં મોટી. વાંકી ચાલવાલી. ॥૧૬॥

ऋचि पादः पात्पदे २।४।१७॥

ઋચા અર્થ ગમ્યમાન હોય તો પાદ શબ્દને જે પાદ્ આદેશ થાય છે તેના સ્થાને પદા અને પાત્ આદેશ નિપાતન કરાય છે. त्रयः पादा यस्य આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસ. 'सु-सङ्ख्यात् ૭-૩-૧૫૦' થી પાદ ને પાત્ આદેશ થવાથી ત્રિપાત્ નામ બને છે. તેને 'वा पादः ૨-૪-૬' થી વિકલ્પે ङी ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્રથી પાદ્ ના સ્થાને પદા અને પાદ્ આદેશ થાય છે. તેથી સિ પ્રત્યયાદિ

કાર્ય બાદ ત્રિપદા અને ત્રિપાદ્ ગાયત્રી આવો પ્રયોગ થાય છે. અર્થ– ત્રણ પાદવાલી ગાયત્રી નામની ઋચા. ઋચીતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋચા અર્થ ગમ્યમાન હોય તો જ પાદ નામના સ્થાને થયેલા પાદ્ આદેશના સ્થાને પદા અને પાદ્ આદેશ થાય છે. તેથી દ્વૌ પાદૌ યસ્યાઃ આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન દ્વિપાદ્ નામને; અહીં ઋચા અર્થ ગમ્યમાન ન હોવાથી 'વા પાદઃ ૨-૪-૬' થી વિકલ્પે ડી પ્રત્યયાદિ કાર્ય થવાથી દ્વિપાદ્ અને દ્વિપદી આવો પ્રયોગ થાય છે. (જૂઓ સૂ. નં. ૨-૪-૬).॥૧૭॥

आत् २।४।१८॥

અકારાન્ત સ્ત્રીલિંગ નામને આપ્ (આ) પ્રત્યય થાય છે. ખટ્વ નામને આ સૂત્રથી આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી ખટ્વા આવો પ્રયોગ થાય છે. યદ્ અને તદ્ નામને સિ પ્રત્યય. 'आद्वेरः ૨-૧-૪૧' થી દ્ ને અ આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી ય અને ત ના અ નો લોપ. 'तः सौ सः ૨-૧-૪૨' થી ત્ ને સ્ આદેશ. અકારાન્ત ય અને સ સર્વનામને આ સૂત્રથી આપ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન યા+સિ અને સા+સિ આ અવસ્થામાં 'दीर्घङ्या० ૧-૪-૪૫' થી સિ નો લોપ થવાથી યા અને સા પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખાટલો. જે (સ્ત્રી). તે (સ્ત્રી). आत् નો અધિકાર યથાસંભવ ઉત્તરત્ર પણ સમજવો.॥૧૮॥

गौरादिभ्यो मुख्यान्ङीः २।४।१९॥

ગૌર શબલ ..... વગેરે ગૌરાદિ ગણપાઠમાંના સ્ત્રીલિઙ્ગ મુખ્ય નામને ડી પ્રત્યય થાય છે. ગૌર અને શબલ નામને સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ડી પ્રત્યય. 'अस्य ङ्यां लुक् ૨-૪-૮૬' થી અ નો લોપ. ગૌરી અને શબલી નામને સિ પ્રત્યયાદિ કાર્ય થવાથી ગૌરી અને શબલી આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગૌરવર્ણવાલી. શબલ (કાબડ ચીતરા) વર્ણવાલી. મુખ્યાદિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગૌરાદિ ગણપાઠમાંના સ્ત્રીલિંગ મુખ્ય જ નામને ङी પ્રત્યય થાય છે. તેથી બહવો નદા યસ્યાં ભૂમૌ આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન બહુનદ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. કારણ કે નદ નામ અહીં મુખ્ય નથી. જેથી બહુનદ નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી બહુનદા આવો પ્રયોગ થાય છે. અર્થ – ઘણી નદીઓવાળી ભૂમિ. સમાસાદિમાં જેનું ભાન વિશેષ્યરૂપે થાય છે તે અર્થને મુખ્યાર્થ કહેવાય છે અને જેનું ભાન વિશેષણ રૂપે થાય છે તે અર્થને ગૌણ કહેવાય છે. બહુનદ નામાર્થમાં નદીનું ભાન વિશેષણ રૂપે થતું હોવાથી તદર્થક નદ નામ ગૌણ છે .... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.॥૧૯॥

अणञेयेकण्-नञ्-स्नञ्-टिताम् २।४।२०॥

अण् अञ् एय इकण् नञ् स्नञ् અને टित् (ट् ઈત્વાલા) પ્રત્યય સમ્બન્ધી अ જેના અન્તે છે એવા નામોને; તે अण् વગેરે પ્રત્યયાન્ત નામના સ્ત્રીલિઙ્ગ અર્થનું અભિધાન હોય તો ङी પ્રત્યય થાય છે. अण् - उपगोरपत्यं स्त्री આ અર્થમાં उपगु નામને 'ङसोपत्ये ६-१-२८' થી अण् (अ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન औपगव નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां० २-४-८६' થી ङी પ્રત્યયની પૂર્વેના अ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી औપગવી આવો પ્રયોગ થાય છે. (उपगु+अण् આ અવસ્થામાં उपगु ના આદ્ય उ ને 'वृद्धिः स्वरेष्वादे० ७-४-१' થી વૃદ્ધિ औ આદેશ. અન્ત્ય उ ને 'अस्वयम्भु० ७-४-७०' થી अव् આદેશ થવાથી औપગવ નામ બને છે.) અર્થ - ઉપગુની છોકરી. अञ्– विदस्यापत्यं पौत्री આ અર્થમાં વિદ નામને 'विदादे० ६-१-४१' થી अञ्(अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન વૈદ નામને

આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી વૈદી આવો પ્રયોગ થાય છે. અર્થ – વિદની પૌત્રી. एय - सुपर्ण्या अपत्यम् આ અર્થમાં सुपर्णी નામને 'ङ्याप्प्रातिपदिकात्' ૬-૧-૭૦' થી एयण् (एय) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન સૌપર્ણેય નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી સૌપર્ણેયી આવો પ્રયોગ થાય છે. અર્થ - સુપર્ણીની છોકરી. इकण् - अक्षै दीव्यति આ અર્થમાં अक्ष નામને 'तेन जित० ૬-૪-૨' થી इकण् (इक) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન આક્ષિક નામને આ સૂત્રથી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી આક્ષિકી આવો પ્રયોગ થાય છે. અર્થ – પાસાથી રમનારી. नञ् – स्त्रिया अपत्यमियं वा આ અર્થમાં 'प्राग्वतः स्त्रीपुंसात्० ૬-૧-૨૫' થી સ્ત્રી નામને नञ् (न) પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન સ્ત્રૈણ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી સ્ત્રૈણી આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્ત્રીની છોકરી અથવા સ્ત્રી સમ્બન્ધિની. स्नञ् - पुंसोऽपत्यमियं वा આ અર્થમાં पुम्स् નામને 'प्राग्वतः० ૬-૧-૨૫' થી स्नञ् (स्न) પ્રત્યય. 'पदस्य २-१-८९' થી पुम्स् ના स् નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન પૌંસ્ન નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી પૌંસ્ની આવો પ્રયોગ થાય છે. અર્થ - પુરુષની છોકરી અથવા પુરુષસંબન્ધિની. टित्प्रत्यय – जानु ऊर्ध्वं प्रमाणमस्याः આ અર્થમાં જાનુ નામને 'वोर्ध्वं दघ्नट् ૭-૧-૧૪૨' થી दघ्नट् (दघ्न) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન જાનુદઘ્ન નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્યથી જાનુદઘ્ની આવો પ્રયોગ થાય છે. અર્થ – ઢીંચણ પ્રમાણવાળી.

અહીં बहुकुम्भकारा नगरी ઈત્યાદિ સ્થળે अण् પ્રત્યયાન્ત कुम्भकार નામાર્થ સ્ત્રી ન હોવાથી અને સમાસાભિધેય નામાર્થ સ્ત્રી હોવા છતાં તે अण् પ્રત્યયાન્ત નામાર્થ ન હોવાથી અર્થાત્ તાદૃશ સ્ત્રીત્વ-વિશિષ્ટાર્થનો અભિધાયક अण् પ્રત્યય ન હોવાથી તત્સમ્બન્ધી 'अ' અન્તવાલા નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી.... ઈત્યાદિ ભણાવનાર પાસેથી અથવા સ્વયં સમજી લેવું જોઈએ. ॥૨૦॥

वयस्यनन्त्ये २।४।२१॥

કાલકૃત પ્રાણીઓના શરીરની અવસ્થાને વયસ્ (ઉંમર) કહેવાય છે. ચરમવયોભિન્ન વયો (ઉંમર) વાચક સ્ત્રીલિઙ્ગ અકારાન્ત નામને ङी પ્રત્યય થાય છે. કુમાર કિશોર અને વધૂટ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી અન્ત્ય अ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી કુમારી કિશોરી અને વધૂટી આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નવ વરસ સુધીની છોકરી. પંદર વરસ સુધીની છોકરી. સોળથી પિસ્તાળીશ વરસ સુધીની સ્ત્રી. अनन्त्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય વયોવાચક નામને છોડીને જ અન્યવયોવાચક અકારાન્ત સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી ચરમવયોવાચક અકારાન્ત સ્ત્રીલિંગ વૃદ્ધ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી વૃદ્ધ નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી વૃદ્ધા આવો પ્રયોગ થાય છે. અર્થ – ૪૫ વરસ પછીની સ્ત્રી. ॥૨૧॥

द्विगोः समाहारात् २।४।२२॥

અકારાન્ત સ્ત્રીલિઙ્ગ સમાહાર દ્વિગુ - સમાસ સ્વરૂપ નામને ङी પ્રત્યય થાય છે. पञ्चानां पूलांना समाहारः આ વિગ્રહમાં समाहार દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पञ्चपूल નામને; તેમજ दशानां राज्ञां समाहारः આ વિગ્રહમાં समाहार દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન दशराज ('राजन्० ७-३-१०६' થી સમાસાન્ત अट् પ્રત્યયાદિ કાર્ય.) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી ક્રમશઃ पञ्चपूली અને दशराजी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– પાંચ પૂળા (ઘાસ અથવા ભાજી પાલાના ગટ્ઠા) નો સમુદાય. દશરાજાઓનો સમુદાય. ॥૨૨॥

परिमाणात् तद्धितलुक्यबिस्ताऽऽचितकम्बल्यात् २।४।२३॥

બિસ્ત આચિત અને કમ્બલ્ય નામને છોડીને અન્ય પરિમાણવાચક નામ જેના અન્તમાં છે – એવા અકારાન્ત સ્ત્રીલિંગ દ્વિગુ સમાસ સ્વરૂપ નામને; તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો ङी પ્રત્યય થાય છે. જેના વડે બધી રીતે માપ કરી શકાય છે તેને પરિમાણ કહેવાય છે. પ્રસ્થ કુડવ વગેરે અર્થમાં પરિમાણ શબ્દ રૂઢ છે. અર્થાત્ પરિમાણ વાચક નામથી અહીં પ્રસ્થાદિ ગૃહીત છે. દ્વાભ્યાં કુડવાભ્યાં ક્રીતા આ વિગ્રહમાં 'मूल्यैः क्रीते ६-४-१५०' થી વિહિત તદ્ધિત પ્રત્યય. इकण् ના વિષયમાં દ્વિગુ સમાસ. દ્વિકુડવ નામને इकण् પ્રત્યય. 'अनाम्य० ६-४-१४१' થી इकण् પ્રત્યયનો લોપ. આ સૂત્રથી દ્વિકુડવ નામને ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી દ્વિકુડવી આવો પ્રયોગ થાય છે. અર્થ – બે કુડવથી ખરીદાએલી. परिमाणादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બિસ્ત આચિત અને કમ્બલ્ય નામથી ભિન્ન પરિમાણવાચક જ નામ જેના અન્તે છે - એવા અકારાન્ત સ્ત્રીલિંગ દ્વિગુ સમાસ સ્વરૂપ નામને; તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો ङी પ્રત્યય થાય છે. તેથી पञ्चभिरश्वैः क्रीता આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુસમાસાદિ કાર્યથી નિષ્પન્ન પઞ્ચાશ્વ નામને; તેના અન્તે પરિણામવાચક નામ ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પઞ્ચાશ્વા આવો પ્રયોગ થાય છે. અર્થ – પાંચ ઘોડાથી ખરીદાએલી. तद्धितलुकीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બિસ્ત આચિત અને કમ્બલ્ય નામથી ભિન્ન પરિમાણવાચક નામ જેના અન્તે છે – એવા દ્વિગુ સમાસસ્વરૂપ અકારાન્ત સ્ત્રીલિંગ નામને; તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો જ ङी પ્રત્યય થાય છે. તેથી દ્વાભ્યાં પણાભ્યાં ક્રીતા આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ 'पणपाद० ६-४-१४८' થી વિહિત य પ્રત્યયના વિષયમાં દ્વિગુ સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન દ્વિપણ્ય નામને; તદ્ધિત પ્રત્યય ય નો લોપ થતો ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી દ્વિપણ્યા આવો પ્રયોગ થાય છે. અહીં તદ્ધિત પ્રત્યય ય નો વિધાનસામર્થ્યથી જ લોપ થતો નથી. અન્યથા ય પ્રત્યયના તાદૃશ વિધાન પછી પણ ય પ્રત્યયનો લોપ થવાનો જ હોય તો તેનું વિધાન કરવાની જ જરૂર રહેતી નથી. કારણ કે આવી સ્થિતિમાં ય પ્રત્યયનું વિધાન કરે કે સામાન્યથી ઇકણ્ પ્રત્યયનું વિધાન કરે એમાં કોઈ વિશેષતા રહેતી નથી ..... ઈત્યાદિ સ્વયં સમજી શકાય છે. અર્થ - બે પૈસાથી ખરીદાએલી. બિસ્તાદિવર્જનં *किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બિસ્ત આચિત અને કમ્બલ્ય* નામથી ભિન્ન જ પરિમાણવાચક નામ જેના અન્તે છે- એવા દ્વિગુસમાસ સ્વરૂપ અકારાન્ત સ્ત્રીલિઙ્ગ નામને; તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો ङी પ્રત્યય થાય છે. તેથી દ્વાભ્યાં બિસ્તાભ્યાં ક્રીતા; દ્વાભ્યામાચિતાભ્યાં ક્રીતા અને દ્વાભ્યાં કમ્બલ્યાભ્યાં ક્રીતા આ વિગ્રહમાં દ્વિગુસમાસાદિ કાર્યથી નિષ્પન્ન દ્વિબિસ્ત દ્વ્યાચિત અને દ્વિકમ્બલ્ય નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય બાદ દ્વિબિસ્તા; દ્વ્યાચિતા અને દ્વિકમ્બલ્યા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે બિસ્ત (૬૦૦૦ પલ) થી ખરીદાએલી. બે આચિત (તોલો) થી ખરીદાએલી. બે કમ્બલ્ય (૮૦પલ) થી ખરીદાએલી. દ્વિબિસ્તા અહીં ઇકણ્ નો લોપ 'દ્વિ-ત્રિ-બહો૦ ૬-૪-૧૪૪' થી થાય છે - એ વિશેષ છે. બાકી પ્રક્રિયા દ્વિકુડવી ની જેમ સમજવી. ॥૨૩॥

काण्डात् प्रमाणादक्षेत्रे २।४।२४॥

પ્રમાણ વાચક કાણ્ડ નામ જેના અન્તે છે - એવા દ્વિગુ સમાસ સ્વરૂપ સ્ત્રીલિઙ્ગ નામને; સમાસાર્થ ક્ષેત્ર ન હોય તો; તદ્ધિત પ્રત્યયનો લોપ

થયે છતે; ङी પ્રત્યય થાય છે. द्वे काण्डे प्रमाणमस्याः આ વિગ્રહમાં 'प्रमाणान्मात्रट् ७-१-१४०' થી વિહિત मात्रट् પ્રત્યય (तद्धित પ્રત્યય) ના વિષયમાં દ્વિગુ સમાસ. દ્વિકાણ્ડ નામને मात्रट् પ્રત્યય. 'द्विगोः संशये च ७-१-१४४' થી લોપ. દ્વિકાણ્ડ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विकाण्डी रज्जुः આવો પ્રયોગ થાય છે. આયામ - લમ્બાઈને પ્રમાણ કહેવાય છે. અર્થ – બે કાંડ (૧૬ હાથ) લાંબી દોરી. प्रमाणादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસાર્થ ક્ષેત્ર ન હોય તો; तद्धित પ્રત્યયનો લોપ થયે છતે પ્રમાણવાચક જ काण्ड શબ્દાન્ત દ્વિગુ-સમાસ સ્વરૂપ સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી द्वाभ्यां काण्डाभ्यां क्रीता આ વિગ્રહમાં સૂ. નં. ૨-૪-૨૩ માં જણાવ્યા મુજબ પઞ્ચાશ્વા ની જેમ દ્વિકાણ્ડા શાટી આવો પ્રયોગ થાય છે. અહીં काण्ड શબ્દ પ્રમાણ વાચક ન હોવાથી દ્વિકાણ્ડ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. પરન્તુ आप् પ્રત્યય જ થાય છે. અર્થ – બે કાંડ પ્રમાંણ વસ્તુથી ખરીદાએલી - સાડી. अक्षेत्र इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્ષેત્રનો વિષય ન હોય તો જ, तद्धित પ્રત્યયનો લોપ થયે છતે પ્રમાણવાચક काण्ड શબ્દ જેના અન્તમાં છે – એવા દ્વિગુ - સમાસ સ્વરૂપ સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી द्वे काण्डे प्रमाणमस्याः (क्षेत्रभक्तेः) આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ દ્વિગુ–સમાસ. मात्रट् પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન દ્વિકાણ્ડ નામને; સમાસાર્થ ક્ષેત્રનો વિષય હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી, જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विकाण्डा क्षेत्रभक्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ - બે કાંડ પ્રમાણ ક્ષેત્રનો ભાગ. ॥२४॥

पुरुषाद् वा २।४।२५॥

પ્રમાણવાચક પુરુષ શબ્દ જેના અન્તમાં છે – એવા દ્વિગુ સમાસ

સ્વરૂપ સ્ત્રીલિઙ્ગ નામને; તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. द्वौ पुरुषौ प्रमाणमस्याः આ વિગ્રહમાં સૂત્ર નં. ૨-૪-૨૪માં જણાવ્યા મુજબ દ્વિગુ સમાસ. માત્રટ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન દ્વિપુરુષ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી દ્વિપુરુષી પરિખા આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી દ્વિપુરુષા પરિખા આવો પ્રયોગ થાય છે. અર્થ – બે પુરુષ પ્રમાણ ખાઈ. तद्धितलुकीत्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિતપ્રત્યયનો લોપ થયો હોય તો જ પ્રમાણવાચક પુરુષ શબ્દ છે અન્તમાં જેના એવા દ્વિગુ - સમાસ સ્વરૂપ સ્ત્રીલિંગનામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી (प्रमाणभूताः) पञ्चपुरुषाः समाहृताः આ વિગ્રહમાં દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पञ्चपुरुष નામને; અહીં તદ્ધિતપ્રત્યય થયો ન હોવાથી તેનો લોપ પણ થયો ન હોવાથી આ સૂત્રથી વિકલ્પથી ङी પ્રત્યય થતો નથી. પરન્તુ 'द्विगोः समाहारात् ૨-૪-૨૨' થી નિત્ય ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી પञ્चપુરુષી આવો પ્રયોગ થાય છે. અર્થ - (પ્રમાણભૂત) પાંચ પુરુષોનો સમુદાય.

रेवत - रोहिणाद् भे २।४।२६॥

નક્ષત્રવાચક રેવત અને રોહિણ નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. રેવત અને રોહિણ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् ૨-૪-૮૬' થી અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી રેવતી અને રોહિણી આવો પ્રયોગ થાય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે નક્ષત્રાર્થક રેવત અને રોહિણ નામને જાતાર્થમાં अण् પ્રત્યયાદિ કાર્ય બાદ જ્યારે अणादि ની નિવૃત્તિ થાય છે ત્યારે અવશિષ્ટ રેવત અને રોહિણ નામ નક્ષત્રસ્વરૂપ અર્થાભિધાયિ ન હોવા છતાં નક્ષત્ર શબ્દ હોવાથી (તેના દ્વારા નક્ષત્રનું અભિધાન થયેલું હોવાથી) તેને આ સૂત્રથી ङी પ્રત્યય

થાય છે. તેથી રેવત્યાં જાતા આ અર્થમાં નક્ષત્રવાચક રેવતી નામને (ઉપર જણાવ્યા મુજબ ङी પ્રત્યયાદિ કાર્યોત્તર નિષ્પન્ન નામને) 'जाते ६-३-९८' થી अण् પ્રત્યય. 'चित्रा-रेवती०. ६-३-१०८' થી अण् નો લોપ. 'ङ्यादेर्गौण० २-४-९५' થી ङी નો લોપ. તેથી 'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः' અર્થાદ્ નિમિત્તનો અપાય થયે છતે નૈમિત્તિક (કાર્ય) નો પણ અપાય થાય છે - આ ન્યાયથી ઉપર જણાવ્યા મુજબ ङी ના લોપથી, ङी રૂપ નિમિત્તના કારણે થયેલા (નૈમિત્તિક) અન્ત્ય अ ના લોપની પણ નિવૃત્તિ થવાથી (अ ના પુનરાગમનથી) રેવત નામ બને છે. તેને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી રેવતી આવો પ્રયોગ થાય છે. અર્થ - રેવતી નક્ષત્રમાં જન્મેલી. भ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રાર્થક જ રેવત અને રોહિણ નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. તેથી વ્યક્તિ વિશેષવાચક રેવત નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી રેવતા આવો પ્રયોગ થાય છે. અર્થ– રેવતા નામની સ્ત્રી. ॥२६॥

नीलात् प्राण्यौषध्योः २।४।२७॥

પ્રાણિ અને ઔષધિ વાચક (તદ્ વિશેષણવાચક) નીલ નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. नीली गौः અને नीली औषधिः અહીં નીલ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી નીલી આવો પ્રયોગ થાય છે. પ્રાણી અને ઔષધિવાચક નીલ નામથી ભિન્ન નીલ નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થાય છે, જેથી नीलाऽन्या આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નીલી ગાય. નીલી ઔષધિ. પ્રાણી અને ઔષધિથી ભિન્ન નીલી સાડી વગેરે. ॥२७॥

क्ताच्च नाम्नि वा २।४।२८॥

સંજ્ઞાના વિષયમાં નીલ અને ક્ત પ્રત્યયાન્ત નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. નીલ અને પ્રવૃદ્ધવિલૂન (પ્રવૃદ્ધ+વિ+લૂ+ક્ત (त) આ અવસ્થામાં त् ને 'ऋल्वादे० ४-२-६४' થી न् આદેશ.) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી નીલી અને પ્રવૃદ્ધવિલૂની આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી નીલા અને પ્રવૃદ્ધવિલૂના આવો પ્રયોગ થાય છે. અહીં પ્રવૃદ્ધ ના સ્થાને પ્રબદ્ધ આવો પાઠ સમ્ભાવિત છે. અર્થ – તે તે નામની સ્ત્રી વિશેષ. ॥૨૮॥

केवल - मामक - भागधेय - पापा - ऽपर - समाना - ऽऽर्यकृत - सुमङ्गल - भेषजात् २।४।२९॥

સંજ્ઞાના વિષયમાં કેવલ, મામક, ભાગધેય, પાપ, અપર, સમાન, આર્યકૃત, સુમઙ્ગલ અને ભેષજ નામને સ્ત્રીલિંગમા ङी પ્રત્યય થાય છે. કેવલ મામક ભાગધેય ..... વગેરે ઉપર્યુક્ત નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી કેવલી જ્યોતિ:; મામકી; ભાગધેયી; પાપી; અપરી; સમાની; આર્યકૃતી; સુમઙ્ગલી અને ભેષજી આવો પ્રયોગ થાય છે. અર્થ - કેવલી જ્યોતિ વિશેષ છે અને મામકી ભાગધેયી ..... વગેરે કોઈના નામ છે. नाम्नीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીલિંગમાં કેવલ મામક વગેરે નામને સંજ્ઞાના વિષયમાં જ ङी પ્રત્યય થાય છે. તેથી અસંજ્ઞાના વિષયમાં કેવલ નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી કેવલા આવો પ્રયોગ થાય છે. અર્થ – એકલી. આથી વિશેષ વિવરણ બૃહદ્વૃત્તિમાં જોવું. ॥૨૯॥

भाज-गोण-नाग-स्थल-कुण्ड-काल-कुश-कामुक-कट-कबरात्
पक्वा-ऽऽवपन-स्थूला-ऽकृत्रिमा-ऽमत्र-कृष्णा-ऽऽयसी-
रिरंसु-श्रोणि-केशपाशे २।४।३०॥

संज्ञाना विषयमां भाज नामने पक्व अर्थमां; गोण नामने आवपन अर्थमां; नाग नामने स्थूल अर्थमां; स्थल नामने अकृत्रिम अर्थमां; कुण्ड नामने अमत्र अर्थमां; काल नामने कृष्ण अर्थमां; कुश नामने आयसी अर्थमां, कामुक नामने रिरंसु अर्थमां, कट नामने श्रोणि अर्थमां अने कबर नामने केशपाश अर्थमां स्त्रीलिङ्गमां ङी प्रत्यय थाय छे. भाजी पक्वा, गोणी आवपनम्, नागी स्थूला, स्थली अकृत्रिमा, कुण्डी अमत्रम्, काली कृष्णा, कुशी आयसी, कामुकी रिरंसुः, कटी श्रोणिः अने कबरी केशपाशः अहीं उपर जणाव्या मुजब भाज गोण नाग स्थल कुण्ड काल कुश कामुक क्रट अने कबर नामने अनुक्रमे पक्व आवपन स्थूल अकृत्रिम अमत्र कृष्ण आयसी रिरंसु श्रोणि अने केशपाश अर्थमां आ सूत्रथी ङी प्रत्यय. 'अस्य ङ्यां लुक् २-४-८६' थी अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी भाजी गोणी नागी स्थली कुण्डी काली कुशी कामुकी कटी अने कबरी आवो प्रयोग थाय छे. परन्तु भाज वगेरे नामो अनुक्रमे पक्व वगेरे अर्थथी अन्य अर्थमां होय तो भाज वगेरे नामने आ सूत्रथी ङी प्रत्यय थतो नथी. तेथी 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी भाजाऽन्या गोणाऽन्या नागाऽन्या स्थलाऽन्या कुण्डाऽन्या कालाऽन्या कुशाऽन्या कामुकाऽन्या कटाऽन्या अने कबराऽन्या आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- पक्व भिक्षादिने भाजी कहेवाय छे; अपक्वने भाजा कहेवाय छे. बीज वाववाना साधनने गोणी कहेवाय छे; अन्यकामां वपराता तेने गोणा कहेवाय छे. स्थूलहाथणी वगेरेने नागी कहेवाय छे; कृशने नागा कहेवाय छे.

તીર્થોમાં બનાવ્યા વિનાની યજ્ઞભૂમિને સ્થલી કહેવાય છે; ઘરે બનાવેલી તે ભૂમિને સ્થલા કહેવાય છે. ઘીવગેરે લાવવાના ભાજન વિશેષને કુણ્ડી કહેવાય છે; તેનાથી અન્ય ભાંગી ગયેલા ભાજનને કુણ્ડા કહેવાય છે. કાળા અર્થમાં સ્ત્રીલિંગમાં કાલી કહેવાય છે; તેનાથી અન્ય અર્થમાં કાલા કહેવાય છે. લોઢાના પાત્ર વિશેષને કુશી કહેવાય છે; એવા જ કાષ્ઠાદિથી બનેલા પાત્રને કુશા કહેવાય છે. મૈથુનની ઈચ્છાવાલી સ્ત્રીને કામુકી કહેવાય છે; અન્ય ઈચ્છાવાલી સ્ત્રીને કામુકા કહેવાય છે. પેટની નીચેના ભાગ વિશેષને કટી કહેવાય છે. ચટઈ ને કટા કહેવાય છે. કેશપાશને કબરી કહેવાય છે, કાબડાચીતરા વર્ણવાલીને કબરા કહેવાય છે..... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૩૦॥

नवा शोणादेः २।४।३१॥

શોણ ચણ્ડ વગેરે શોણાદિ ગણપાઠમાંના નામોને સ્ત્રીલિઙ્ગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. શોણ અને ચણ્ડ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી ङी ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી શોણી અને ચણ્ડી આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી શોણા અને ચણ્ડા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- લાલવર્ણવાળી. ક્રોધવાળી.॥૩૧॥

इतोऽक्त्यर्थात् २।४।३२॥

क्ति (ति) પ્રત્યયના અર્થમાં વિહિત પ્રત્યય જેના અન્તે છે – એવા નામોને છોડીને અન્ય ઇકારાન્ત સ્ત્રીલિઙ્ગ નામોને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. ભૂમિ અને ધૂલિ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ

કાર્ય થવાથી ભૂમી અને ધૂલી આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङી પ્રત્યય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી ભૂમિઃ અને ધૂલિઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– પૃથ્વી. ધૂળ. अक्त्यर्थादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યયાર્થમાં વિહિત પ્રત્યયાન્ત નામને છોડીને જ અન્ય ઇકારાન્ત નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી कृतिः, अकरणिः અને हानिः અહીં क्ति પ્રત્યયાર્થ ભાવમાં અનુક્રમે कृ ધાતુને 'स्त्रियाङ्क्तिः ૫-૩-૯૧' થી क्ति પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कृति નામને; नञ्+कृ ધાતુને 'नञोऽनिः शापे ૫-૩-૧૧૭' થી अनि પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अकरणि નામને તેમજ हा ધાતુને 'ग्ला-हा-ज्यः ૫-૩-૧૧૮' થી अनि પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન हानि નામને; તે નામો ઇકારાન્ત હોવા છતાં આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી कृतिः, अकरणिः અને हानिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– કરવું તે. ન કરવું. (થાઓ.) હાનિ. ॥૩૨॥

पद्धतेः २।४।३३॥

पद्धति નામને સ્ત્રીલિઙ્ગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. हननम् हतिः पादस्य हतिः पद्धतिः આ પ્રમાણે पद्धति નામ क्ति પ્રત્યયાર્થ પ્રત્યયાન્ત (क्ति પ્રત્યયાન્ત) હોવાથી તેને પૂર્વ સૂત્રથી (૨-૪-૩૨ થી) ङी પ્રત્યયની પ્રાપ્તિ ન હતી - એ સમજી શકાય છે. हन्+ति આ અવસ્થામાં हन् ધાતુના न् નો 'यमि-रमि-नमि० ૪-૨-૫૫' થી લોપ થાય છે. અને पाद+हतिः આ અવસ્થામાં 'हिम-हति० ૩-૨-૯૬' થી पाद ને पद् આદેશ થાય છે- એ યાદ રાખવું. पद्धति નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पद्धती આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી पद्धतिः આવો પ્રયોગ થાય છે. અર્થ–

માર્ગ.॥૩૩॥

शक्तेः शस्त्रे २।४।३४॥

શસ્ત્રાર્થક શક્તિ નામને સ્ત્રીલિઙ્ગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. શક્તિ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી शक्ती આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી शक्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ- शक्ति નામનું હથિયાર. शस्त्र इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શસ્ત્રાર્થક જ શક્તિ નામને સ્ત્રીલિંગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે તેથી સામર્થ્યાર્થક શક્તિ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થવાથી માત્ર સ્યાદિ કાર્યબાદ शक्तिः- सामर्थ्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- शक्तिः ॥૩૪॥

स्वरादुतो गुणादखरोः २।४।३५॥

ખરુ નામને છોડીને અન્ય - સ્વરથી પરમાં રહેલો ઉ જેના અન્તે છે એવા ગુણવાચક સ્ત્રીલિઙ્ગ નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. पटु અને विभु નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'इवर्णा० १-२-२१' થી उ ને व् આદેશ થવાથી पट्वी અને विभ्वी નામ બને છે. તેને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી पट्वी અને विभ्वी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી पटुः અને विभुः આવો પ્રયોગ થાય છે. અર્થ- નિપુણ સ્ત્રી. સમર્થ સ્ત્રી. स्वरादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ખરુ નામથી ભિન્ન સ્વરથી જ પરમાં રહેલો ઉ જેના અન્તે છે એવા ગુણવાચક સ્ત્રીલિંગ નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી पाण्डु र्भूमिः અહીં ण् થી પરમાં રહેલો ઉ જેના અન્તમાં છે એવા ગુણવાચક સ્ત્રીલિઙ્ગ पाण्डु નામને આ સૂત્રથી

ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થાય છે. અર્થ - પીળી ભૂમિ. યદ્યપિ પાણ્ડુ નામ જેવી રીતે વ્યઞ્જનથી પરમાં રહેલા ઉ અન્તવાળું છે. એ રીતે પટુ અને વિભુ વગેરે નામો પણ અનુક્રમે ટ્ અને भ् વગેરે વ્યઞ્જનથી પરમાં રહેલા ઉ અન્તવાળા છે. તેથી ત્યાં પણ આ સૂત્રથી વિકલ્પે ङी પ્રત્યય ન થવો જોઈએ. પરન્તુ સ્વરથી પરમાં રહેલા ઉ ની પ્રસિદ્ધિ ન હોવાથી સ્વર અને ઉ ની વચ્ચે એક વ્યઞ્જનનું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પથી થઈ શકે છે. પણ પાણ્ડુ र्भूमिः અહીં ण् અને ड् આ બે વ્યઞ્જનનું વ્યવધાન હોવાથી ત્યાં આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. અર્થાદ્ જ્યાં 'येन नाव्यवधानम् तेन व्यवहितेऽपि स्यात्' આ પરિભાષાનો વિષય છે ત્યાં આ સૂત્રથી ङी પ્રત્યય થાય છે, અન્યત્ર નહીં. સ્વરથી પરમાં ઉ નો સંભવ ન હોવાથી એ બેની વચ્ચે એક વ્યઞ્જનનું વ્યવધાન ચાલી શકે છે. અધિક વ્યઞ્જનનું વ્યવધાન નહીં ચાલે ..... ઈત્યાદિ સ્વયં સમજી લેવું.

गुणादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खरु નામથી ભિન્ન, સ્વરથી પરમાં રહેલા ઉ અન્તવાલા ગુણવાચક જ સ્ત્રીલિંગ નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી સ્વરથી પરમાં રહેલા ઉ અન્તવાલા આખુ નામને; તે ગુણવાચક ન હોવાથી (જાતિવાચક હોવાથી) આ સૂત્રથી વિકલ્પે ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી आखुः स्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ – ઊંદરડી. સામાન્યથી ગુણ પ્રસિદ્ધ છે. વિશેષ જિજ્ઞાસુઓએ બૃહદ્વૃત્તિ જોવી જોઈએ. अखरोरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરથી પરમાં રહેલા ઉ અન્તવાલા ગુણવાચક खरु ભિન્ન જ સ્ત્રીલિઙ્ગ નામને ङी પ્રત્યય વિકલ્પે થાય છે. તેથી खरु નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી માત્ર સ્યાદિ કાર્યબાદ खरुरियम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ક્રૂર સ્વભાવવાલી આ સ્ત્રી. ॥૩૫॥

श्यैतैत-हरित-भरत-रोहिताद् वर्णात् तो नश्च २।४।३६॥

श्येत एत हरित भरत अने रोहित - आ वर्णवाचक स्त्रीलिंग नामने विकल्पथी ङी प्रत्यय थाय छे अने ङी प्रत्ययना योगमां श्येतादि नामना त् ने न् आदेश थाय छे. श्येत एत हरित भरत अने रोहित नामने आ सूत्रथी ङी प्रत्यय. 'अस्य ङ्यां लुक् २-४-८६' थी ङी नी पूर्वेना अ नो लोप. ङी ना योगमां त् ने आ सूत्रथी न् आदेश वगेरे कार्य थवाथी श्येनी एनी हरिणी भरणी अने रोहिणी आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्ययादि कार्य न थाय त्यारे 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी श्येता एता हरिता भरता अने रोहिता आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- सफेद वर्णवाली. सफेदवर्णवाली. लीलारंगवाली. घीना वर्ण जेवा मेला रंगवाली. लालरंगवाली. वर्णादिति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब श्येतादि वर्णवाचक ज नामने स्त्रीलिंगमां विकल्पथी ङी प्रत्यय अने ङी ना योगमां श्येतादि नामना त् ने न् आदेश थाय छे. तेथी श्येता अने एता अहीं श्येत अने एत नाम वर्णवाचक न होवाथी तेने आ सूत्रथी ङी प्रत्यय थतो नथी. जेथी आप् प्रत्यय वगेरे कार्य उपर जणाव्या मुजब थाय छे. अर्थ – ते ते नामनी कन्या.॥३६॥

क्नः पलिताऽसितात् २।४।३७॥

पूर्व सूत्रमांथी (२-४-३८ मांथी) तः अने च नी अनुवृत्ति आ सूत्रमां चालु छे. स्त्रीलिंगमां पलित अने असित नामने विकल्पथी ङी प्रत्यय थाय छे. ङी प्रत्ययना योगमां पलित अने असित नामना त् ने क्न् आदेश थाय छे. पलित अने असित नामने आ सूत्रथी

ङी પ્રત્યય અને તેના યોગમાં ત્ ને क्न् આદેશ. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી ङी ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી पलिक्नी અને असिक्नी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पलिता અને असिता આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાકેલા વાળવાલી. કાળાવાળવાલી. ॥૩૭॥

असह - नञ् - विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः २।४।३८॥

સહ નञ્ અને વિદ્યમાન આ ત્રણ પદોને છેડીને અન્ય કોઈ પણ પદ જેનું પૂર્વપદ છે એવું અકારાન્ત સ્વાઙ્ગવાચક નામ જેના અન્તે છે એવા સ્ત્રીલિંગ નામને; તાદૃશ સ્વાઙ્ગવાચક નામ ક્રોડાદિ ગણપાઠમાંનું ન હોય તો વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. અહીં "सह નञ્ અને વિદ્યમાન પદથી ભિન્ન કોઈ પણ પદથી પરમાં રહેલા; ક્રોડાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન અકારાન્ત સ્વાઙ્ગવાચક નામ જેના અન્તે છે એવા સ્ત્રીલિંગ નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે."- આ પ્રમાણે સૂત્રાર્થ ન કરતાં; 'विद्यमान कल्याणमुखा' ઈત્યાદિ સ્થળે ङी પ્રત્યય ન થાય - એ માટે ઉપર જણાવ્યા મુજબ જે સૂત્રાર્થ કર્યો છે એ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. અન્યથા ઉપર જણાવેલા સૂત્રાર્થમાં પૂર્વપદ નું ઉપાદાન અનાવશ્યક જણાશે અને તેથી વિવક્ષિત સૂત્રાર્થ અસઙ્ગત જણાશે. અહીં એ પણ યાદ રાખવું કે - અકારાન્ત સ્વાઙ્ગવાચક નામને સ્ત્રીલિંગમાં ઉપર જણાવ્યા મુજબ વૈકલ્પિક ङी પ્રત્યયનું વિધાન હોવાથી સમાસમાં સ્વાઙ્ગાર્થ ગૌણ છે ... ઈત્યાદિ વસ્તુનો સ્પષ્ટપણે નિર્દેશ કરવાનું કાર્ય માત્ર લખવાં દ્વારા અશક્ય છે. અધ્યાપકોએ એ અંગે સમજાવવાં પ્રયત્ન કરવો જોઈએ ----------

पीनौ स्तनौ यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન પીનસ્તન નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી પીનસ્તની આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થાય તો 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પીનસ્તના આવો પ્રયોગ થાય છે. સહાદિ ભિન્ન પીન પૂર્વપદ છે જેનું એવું સ્વાङ्ગ વાચક અકારાન્ત જે સ્તન નામ તદન્ત પીનસ્તન નામ અહીં સ્ત્રીલિંગ છે - એ સમજી શકાય છે. આવીજ રીતે अतिक्रान्ता केशान् આ વિગ્રહમાં તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अतिकेश નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી अतिकेशी माला આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अतिकेशा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પુષ્ટસ્તનવાલી. ઘણાવાળવાલી - માલા. સહાદિવર્જનં किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सह नञ् અને विद्यमान આ ત્રણ પદથી ભિન્ન જ પૂર્વપદ છે જેનું - એવું અકારાન્ત સ્વાङ्ગવાચક નામ જેના અન્તે છે એવા સ્ત્રીલિંગ નામને; સ્વાङ्ગવાચક નામ ક્રોડાદિ ગણપાઠમાંનું ન હોય તો વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી सहकेश (केशैः सह वर्त्तते) अकेश (न विद्यन्ते केशा यस्याः) અને विद्यमानकेश (विद्यमानाः केशा यस्याः) નામને; અહીં સહાદિ ભિન્ન પૂર્વપદ ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી सहकेशा अकेशा અને विद्यमानकेशा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાળવાલી. વાળવિનાની. વાળવાલી.

ક્રોડાદિવર્જનં किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सह नञ् અને વિદ્યમાન પદ થી ભિન્ન પૂર્વપદ છે જેનું એવું અકારાન્ત ક્રોડાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન જ સ્વાङ्ગ વાચક નામ જેનાં અન્તે છે એવાં સ્ત્રીલિંગ નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી कल्याणक्रोड (कल्याणी क्रोडा यस्याः) पीनगुद (पीनो गुदो यस्याः) અને दीर्घवाल (दीर्घा वाला यस्याः) નામને; એ નામો ક્રોડાદિ ગણપાઠમાંના નામોથી

ભિન્ન સ્વાઙ્ગવાચક નામ અન્તવાલા ન હોવાથી, આ સૂત્રથી ङી પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી કલ્યાણક્રોડા; પીનગુદા અને દીર્ઘવાલા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સુખકર ખોળાવાલી. સ્થૂલગુદાવાલી. લાંબાવાળવાલી. अक्रोडादिभ्यः અહીં બહુવચનનો નિર્દેશ ક્રોડાદિ આકૃતિગણ છે-એ જણાવવાં માટે છે. स्वाङ्गादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सह नञ् અને विद्यमान પદથી ભિન્ન પૂર્વપદ છે જેનું એવું ક્રોડાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન અકારાન્ત સ્વાઙ્ગ વાચક જે નામ - તે જેના અન્તે છે એવા નામને સ્ત્રીલિંગમાં વિકલ્પથી ङી પ્રત્યય થાય છે. તેથી बहुशोफ (बहुः शोफो यस्याः); बहुज्ञान (बहु ज्ञानं यस्याः) અને बहुयव (बहु र्यवो यस्याः) નામને; આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. કારણ,કે અહીં શોફાદિ નામો સ્વાઙ્ગવાચક નથી. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થતાં ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી बहुशोफा बहुज्ञाना અને बहुयवा આવો પ્રયોગ થાય છે. अविकारोऽद्रवं मूर्त्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते। च्युतं च प्राणिनस्तत्तन्निभं च प्रतिमादिषु।। અર્થાત્ પ્રાણિસ્થ (શરીર સમ્બદ્ધ) વિકારભિન્ન અને દ્રવભિન્ન મૂર્ત્ત અવયવને સ્વાઙ્ગ કહેવાય છે. તેમજ શરીરથી છૂટા પડેલા તે અવયવને અને પ્રાણીસ્થ સ્વાઙ્ગ સદૃશ પ્રતિમાદિમાં રહેલા તે અવયવોને પણ સ્વાઙ્ગ કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે વિકાર સ્વરૂપ શોફ દ્રવસ્વરૂપ યવ અને અમૂર્ત્ત જ્ઞાન - એ સ્વાઙ્ગ નથી. - અર્થક્રમશઃ– ઘણા સોજાવાલી સ્ત્રી. ઘણાજ્ઞાનવાલી સ્ત્રી. ઘણાયવ (શરીરસંબન્ધી દ્રવ વિશેષ) વાલી સ્ત્રી. ॥૩૮॥

नासिकोदरोष्ठ - जङ्घा - दन्त - कर्ण - शृङ्गाऽङ्ग - गात्र - कण्ठात्
२।४।३९॥

सह नञ् अने विद्यमान पदने छोडीने अन्य कोई पण पद जेनुं पूर्वपद छे एवुं नासिका उदर ओष्ठ जङ्घा दन्त कर्ण शृङ्ग अङ्ग गात्र अने कण्ठ नाम जेना अन्ते छे एवा अकारान्त स्त्रीलिंग नामने विकल्पथी ङी प्रत्यय थाय छे. तुङ्गनासिक (तुङ्गा नासिका यस्याः); कृशोदर (कृशमुदरमस्याः); बिम्बोष्ठ (बिम्बमिवौष्ठौ यस्याः); दीर्घजङ्घ (दीर्घे जङ्घे यस्याः); समदन्त (समा दन्ता यस्याः); चारुकर्ण (चारू कर्णौ यस्याः); तीक्ष्णशृङ्ग (तीक्ष्णे शृङ्गे यस्याः); मृद्वङ्ग (मृदुन्यङ्गानि यस्याः); सुगात्र (शोभनं गात्रं यस्याः) अने सुकण्ठ (शोभनः कण्ठो यस्याः) नामने आ सूत्रथी स्त्रीलिङ्गमां ङी प्रत्यय. 'अस्य ङ्यां लुक् २-४-८६' थी ङी नी पूर्वेना अ नो लोप वगेरे कार्य थवाथी तुङ्गनासिकी; कृशोदरी; बिम्बोष्ठी; दीर्घजङ्घी; समदन्ती; चारुकर्णी; तीक्ष्णशृङ्गी; मृद्वङ्गी; सुगात्री अने सुकण्ठी आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्यय न थाय त्यारे 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी अमुकमे तुङ्गनासिका कृशोदरा बिम्बोष्ठा दीर्घजङ्घा समदन्ता चारुकर्णा तीक्ष्णशृङ्गा मृद्वङ्गा सुगात्रा अने सुकण्ठा आवो प्रयोग थाय छे. अर्थक्रमशः– उन्नत नाकवाली. कृशपेटवाली. बिंबफल जेवां राता होठवाली. लाम्बीजङ्घावाली. समान दांतवाली. सुंदर कानवाली. तीक्ष्ण शिंगडावाली (गाय वगेरे). कोमल अङ्गवाली. सुंदर शरीरवाली. सुंदर कंठवाली.

पूर्वेण सिद्धे नियमार्थमिदम् – आ सूत्रथी उपर जणाव्या मुजब सह नञ् अने विद्यमान भिन्न पूर्वपद जेनुं छे एवा स्वाङ्गवाचक नासिका वगेरे नाम जेनां अन्तमां छे – ते नामोने स्त्रीलिङ्गमां विकल्पथी ङी प्रत्ययनुं जे विधान कर्युं छे - ते पूर्व (२-४-३८) सूत्रथी

સિદ્ધ જ છે. તેથી આ સૂત્ર નિયમ કરે છે કે - તાદૃશ (असहादि પૂર્વ પદક अक्रोडादि) સ્વાઙ્ગવાચક બહુસ્વર (બેથી અધિક સ્વરવાલા) અને સંયોગોપાન્ત્ય (संयुक्तव्यञ्जन उपान्त्य છે જેમાં તે) નામ જેના અન્તે છે એવા અકારાન્ત સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય વિકલ્પથી ત્યારે જ થાય કે જ્યારે તાદૃશ સ્વાઙ્ગવાચક બહુસ્વર અને સંયોગોપાન્ત્ય નામ ઉપર જણાવ્યા મુજબ નાસિકા उदर ... વગેરે નામથી ભિન્ન ન હોય. તેથી सुललाट (शोभनं ललाटं यस्याः) અને सुपार्श्वा (शोभनौ पार्श्वौ यस्याः) નામને આ સૂત્રથી કે પૂર્વસૂત્રથી ङी પ્રત્યય થતો નથી. પરન્તુ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી सुललाटा અને सुपार्श्वा આવો પ્રયોગ થાય છે. અહીં બહુસ્વરવાલું સ્વાઙ્ગવાચક નામ ललाट; नासिका उदर વગેરેથી ભિન્ન છે અને સંયોગોપાન્ત્ય પાર્શ્વ નામ; ओष्ठ વગેરે નામથી ભિન્ન છે - એ સમજી શકાય છે. -अर्थक्रमशः- સુંદર લલાટ (ભાલ) વાલી. સુંદર પડખાવાલી.

આ સૂત્રથી વિહિત નિયમના કારણે 'असहनञ्० ૨-૪-૩૮' સૂત્રના અર્થમાં બહુસ્વર અને સંયોગોપાન્ત્ય સ્વાઙ્ગવાચક નામાતિરિક્તત્વ રૂપે સઙ્કોચ થાય છે એ સમજી શકાય છે. તેથી सुललाटा અને सुपार्श्वा અહીં સૂ. નં. ૨-૪-૩૮ થી પણ ङी પ્રત્યય થઈ શકશે નહીં. તેમજ આ સૂત્રમાં ललाट અને पार्श्वादि નામનો પાઠ ન હોવાથી આ સૂત્રથી પણ ङी પ્રત્યય થતો નથી. ॥૩૯॥

नख-मुखादनाम्नि ૨।૪।૪૦॥

सह नञ् અને વિદ્યમાન પદને છોડીને અન્ય પૂર્વ પદ છે જેનું એવું સ્વાઙ્ગવાચક नख અને मुख નામ જેનાં અંતે છે એવા નામને સ્ત્રીલિંગમાં असंज्ञामां જ અર્થાત્ સમાસાર્થ કોઈનું નામ ન હોય તો જ ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. शूर्पनख (शूर्प इव नखो यस्याः) અને चन्द्रमुख (चन्द्र इव मुखमस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ

કાર્ય થવાથી શૂર્પનખી અને ચન્દ્રમુખી આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङી પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી શૂર્પનખા અને ચન્દ્રમુખા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– સુપડા જેવા નખવાલી. ચંદ્ર જેવા મુખવાલી. अनाम्नीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सह नञ् અને विद्यमान થી ભિન્ન પૂર્વ પદ છે જેનું એવું નખ અને મુખ સ્વરૂપ સ્વાङ્ગવાચક નામ જેના અંતમાં છે એવા સ્ત્રીલિંગ નામને; સંજ્ઞાનો વિષય ન હોય તો જ વિકલ્પથી ङી પ્રત્યય થાય છે. તેથી શૂર્પણખા અને કાલમુખા અહીં સમાસાર્થ કોઈનું નામ હોવાથી આ સૂત્રથી શૂર્પનખ અને કાલમુખ નામને આ સૂત્રથી ङી પ્રત્યય થતો નથી. પરંતુ आप् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. અર્થ – તે તે નામની સ્ત્રી વિશેષ. શૂર્પણખા અહીં 'पूर्वपद० २-३-६४' થી નખ ના न् ને ण् આદેશ થયો છે. સામાન્યથી સંજ્ઞા અને અસંજ્ઞાના વિષયમાં તાદૃશ નખ અને મુખ નામ જેનાં અન્તે છે એવા નામને સ્ત્રીલિંગમાં વિકલ્પથી ङી પ્રત્યય 'असह-नञ् २-४-३८' થી સિદ્ધ જ છે. તેથી આ સૂત્રથી સંજ્ઞાના વિષયમાં તાદૃશ નખ અને મુખ અન્તવાલા નામને વૈકલ્પિક ङી પ્રત્યયનો નિયમદ્વારા નિષેધ થાય છે. આથી સ્પષ્ટ છે કે સૂ. નં. २--४-३८ ના અર્થમાં તાદૃશ સ્વાङ્ગવાચક નામ નખ અને મુખ થી ભિન્ન જ વિવક્ષિત છે ..... ઈત્યાદિ સુગમ છે. ॥४०॥

पुच्छात् २।४।४१॥

सह नञ् અને विद्यमान પદને છોડીને અન્ય કોઈ પણ પૂર્વપદ છે જેનું એવું સ્વાङ્ગવાચક पुच्छ નામ જેના અન્તે છે એવા નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. दीर्घपुच्छ (दीर्घं पुच्छमस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી दीर्घपुच्छी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत्

૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી દીર્ઘપુચ્છા આવો પ્રયોગ થાય છે. અર્થ - લાંબુ પુછડું છે જેનું એવી - (ગાય વગેરે). પુચ્છ નામ સંયોગોપાન્ત્ય હોવાથી 'नासिकोदरो० ૨-૪-૩૯' થી વિહિત નિયમથી દીર્ઘપુચ્છી અહીં વૈકલ્પિક ङी પ્રત્યયની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રનું પ્રણયન છે. યદ્યપિ તે (૨-૪-૩૯) સૂત્રમાં ओष्ठ વગેરે નામની જેમ પુચ્છ નામનું પણ ગ્રહણ કર્યું હોત તો અનાવશ્યક આ સ્વતન્ત્ર સૂત્રનું પ્રણયન કરવાની ખરેખર જ જરૂર ન હતી. પરન્તુ તેમ કરવાથી પુચ્છ પદની અનુવૃત્તિ 'कबर-मणि० ૨-૪-૪૨' માં જાત નહીં. તેથી આ સૂત્રનો પૃથગ્યોગ કર્યો છે - એ સમજી શકાય છે. ॥૪૧॥

कबर - मणि - विष - शरादेः ૨।૪।૪૨॥

કબર મણિ વિષ અને શર પૂર્વપદ છે જેનું એવું સ્વાઙ્ગવાચક પુચ્છ નામ જેનાં અન્તમાં છે એવા નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય નિત્ય થાય છે. 'पुच्छात् ૨-૪-૪૧' થી વિકલ્પે ङी પ્રત્યયનું વિધાન સિદ્ધ હોવાં છતાં આ સૂત્રથી ફરીથી ङी પ્રત્યયનું વિધાન; નિત્ય ङी પ્રત્યયના વિધાન માટે છે. કબરપુચ્છ (कबरं पुच्छमस्याः); મણિપુચ્છ (मणिः पुच्छेऽस्याः); વિષપુચ્છ (विषं पुच्छेऽस्याः) અને શરપુચ્છ (शरं पुच्छेऽस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् ૨-૪-૮૬' થી ङी ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી કબરપુચ્છી; મણિપુચ્છી; વિષપુચ્છી અને શરપુચ્છી આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વિચિત્ર રંગવાલા પુંછડાવાલી. મણિયુક્ત પુંછડાવાલી. વિષયુકૃત પુંછડાવાલી. શરયુકૃત પુંછડાવાલી. ॥૪૨॥

पक्षाच्चोपमानाऽऽदेः ૨।૪।૪૩॥

પૂર્વ (૨-૪-૪૨) સૂત્રથી આ સૂત્રનો પૃથગ્ યોગ હોવાથી स्वाङ्ग ની અનુવૃત્તિ આ સૂત્રમાં નથી. ઉપમાનવાચક પૂર્વપદ છે જેનું એવું

પક્ષ અને પુચ્છ નામ જેના અન્તે છે એવા નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. ઉલૂક ઇવ (ઉલૂકસ્ય પક્ષાવિવ) પક્ષૌ યસ્યાઃ અને ઉલૂક ઇવ (ઉલૂકસ્ય પુચ્છમિવ) પુચ્છમસ્યાઃ આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ઉલૂકપક્ષ અને ઉલૂકપુચ્છ નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી ઉલૂકપક્ષી શાલા અને ઉલૂકપુચ્છી સેના આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ઘુંવડની પાંખો જેવી પાંખોવાલી શાળા. ઘુંવડના પુંછડા જેવા પુંછડાવાલી સેના. ॥૪૩।

क्रीतात् करणादेः २।४।४४॥

કરણ વાચક નામ જેનું પૂર્વપદ છે એવું ક્રીત નામ જેના અન્તમાં છે એવા અકારાન્ત નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. અશ્વેન ક્રીયતે સ્મ અને મનસા ક્રીયતે સ્મ આ અર્થમાં 'कारकं कृता ३-१-६८' થી કરણવાચક અશ્વ અને મનસ્ આ તૃતીયાન્ત નામને ક્રીત નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન અશ્વક્રીત અને મનસાક્રીત નામને સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી અશ્વક્રીતી અને મનસાક્રીતી આવો પ્રયોગ થાય છે. મનસાક્રીતી અહીં 'नाम्नि ३-२-१६' થી તૃતીયા વિભક્તિના टा પ્રત્યયનો લોપ થતો નથી. અર્થ ક્રમશઃ - ઘોડાથી ખરીદાએલી. તે નામની કન્યાવિશેષ. आदेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કરણવાચક નામ જેનું પૂર્વપદ જ છે (કરણ વાચક નામ જેની પૂર્વમાં છે, અર્થાત્ કરણવાચક નામથી પરમાં રહેલું નહીં.) એવું ક્રીત નામ જેના અન્તમાં છે એવા અકારાન્ત સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી અશ્વેન ક્રીતા અહીં ક્રીત નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થવાથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અહીં સમાસ ન હોવાથી કરણ વાચક નામથી પરમાં ક્રીત નામ હોવા છતાં કરણવાચક નામ તેનું પૂર્વપદ નથી. આથી સ્પષ્ટ છે કે કરણ વાચક નામ સ્વરૂપ પૂર્વપદ

અને ક્રીત સ્વરૂપ ઉત્તરપદ આ બંન્નેના સમાસથી નિષ્પન્ન અકારાન્ત સામાસિક સ્ત્રીલિઙ્ગ નામને ડી પ્રત્યય થાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે - અશ્વેન ક્રીતા ઈત્યાદિ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી યદ્યપિ અશ્વક્રીતા વગેરે નામો આકારાન્ત બને છે. સ્યાદ્યન્ત નામને સ્યાદ્યન્ત નામની સાથે સમાસ થાય છે. સ્યાદિ વિભક્તિની પૂર્વે સ્ત્રીલિઙ્ગ નામને આપ્ પ્રત્યયાદિ કાર્ય થઈ જતું હોવાથી અશ્વક્રીત વગેરે અકારાન્ત નામનો સંભવ (સ્ત્રીલિઙ્ગમાં સંભવ) ન હોવાથી તાદૃશ અકારાન્ત નામને આ સૂત્રથી ડી પ્રત્યયનું વિધાન નિરર્થક છે. પરન્તુ "गति कारक डस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समास :।" અર્થાત્ ગતિ સંજ્ઞક; કારક વાચક અને કૃત્ પ્રત્યય વિધાયક સૂત્રમાં જેનો ડસિ થી નિર્દેશ છે તે ડસ્યુક્ત નામોને કૃદન્ત ની સાથે વિભક્તિપ્રત્યયની ઉત્પત્તિ પૂર્વેજ સમાસ થાય છે. તેથી અશ્વક્રીત વગેરે નામો અકારાન્ત મળી શકે છે. જેથી તાદૃશ અકારાન્ત નામને આ સૂત્રથી ડી પ્રત્યયનું વિધાન સાર્થક છે. ..... વગેરે અધ્યાપકે બરાબર સમજાવવું જોઈએ..... ॥૪૪॥

क्तादल्पे २।४।४५॥

કરણ વાચક નામ પૂર્વપદ છે જેનું એવું क्त (त) પ્રત્યયાન્ત નામ જેના અન્તમાં છે એવા નામને; અલ્પ અર્થ ગમ્યમાન હોય તો સ્ત્રીલિંગમાં ડી પ્રત્યય થાય છે. अभ्रै र्विलिप्ता આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન अभ्रविलिप्त નામને (જુઓ સૂ. નં. ૨-૪-૪૪) આ સૂત્રથી ડી પ્રત્યયાદિ કાર્ય થવાથી अभ्रविलीप्ती द्यौः આવો પ્રયોગ થાય છે. અર્થ- થોડા મેઘથી આચ્છાદિત આકાશ. अल्प इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અલ્પ અર્થ ગમ્યમાન હોય તો જ કરણ વાચક નામ જેનું પૂર્વપદ છે એવું क्त પ્રત્યયાન્ત નામ જેના અન્તે છે એવાં નામને

સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. તેથી चन्दनेनानुलिप्ता આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન चन्दनानुलिप्त નામને સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી चन्दनानुलिप्ता સ્ત્રી આવો પ્રયોગ થાય છે. અર્થ - ચન્દનના લેપવાલી સ્ત્રી. અહીં ચન્દન અલ્પાર્થક નથી. ॥૪૫॥

स्वाङ्गादेरकृत-मित-जात-प्रतिपन्नाद् बहुव्रीहेः २।४।४६॥

સ્વાઙ્ગ વાચક નામ જેનું પૂર્વપદ છે અને કૃત મિત જાત અને પ્રતિપન્ન નામને છોડીને અન્ય क्त પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તરપદ છે એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. शङ्खौ भिन्नावस्याः અને ऊरुणी भिन्ने यस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન शङ्खभिन्न અને ऊरुभिन्न નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી शङ्खभिन्नी અને ऊरुभिन्नी આવો પ્રયોગ થાય છે. અર્થ-ક્રમશઃ - ભેદાયેલા શઙ્ખ (કપાળનું હાડકું) વાલી. ભેદાયેલા સાથળવાલી. कृतादिवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વાઙ્ગવાચક નામ જેનું પૂર્વપદ છે અને કૃત મિત જાત અને પ્રતિપન્ન નામથી ભિન્નજ क्त પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તર પદ છે - એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે; તેથી दन्तकृत (दन्ताः कृता यस्याः); दन्तमित (दन्ता मिता यस्याः); दन्तजात (दन्ता जाता यस्याः) અને दन्तप्रतिपन्न (दन्ताः प्रतिपन्ना यस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી दन्तकृता; दन्तमिता; दन्तजाता અને दन्तप्रतिपन्ना આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કરેલા દાંતવાલી. મિત (ગણ્યા ગાઠયાં) દાંતવાલી. ઉત્પન્નદાંતવાલી. સ્વીકારેલા દાંતવાલી. ॥૪૬॥

अनाच्छादजात्यादे र्नवा २।४।४७॥

આચ્છાદ (આચ્છાદન) વાચક નામથી ભિન્ન જાતિ વાચક નામ જેનું પૂર્વપદ છે અને કૃત મિત જાત તથા પ્રતિપન્ન નામથી ભિન્ન ક્ત પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તરપદ છે - એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિંગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. शाङ्गरो जग्धोऽनया આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન शाङ्गरजग्ध નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી शाङ्गरजग्धी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી शाङ्गरजग्धा આવો પ્રયોગ થાય છે. અર્થ - शाङ्गर (કંદવિશેષ) ખાવાવાલી. अद् ધાતુને क्त પ્રત્યય. 'यपि चाऽदो जग्ध् ४-४-१६' થી अद् ને जग्ध् આદેશાદિ કાર્ય થવાથી जग्ध નામ બને છે. आच्छादवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આચ્છાદ (ઢાંકવાનાં સાધનાદિ) વાચક નામથી ભિન્ન જ જાતિવાચક નામ જેનું પૂર્વપદ છે અને કૃત મિત જાત અને પ્રતિપન્ન નામને છોડીને અન્ય क्त પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તરપદ છે એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી वस्त्रं छन्नमनया આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન वस्त्रछन्न નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી वस्त्रछन्ना આવો પ્રયોગ થાય છે. અહીં પૂર્વપદ વસ્ત્ર આચ્છાદવાચક છે- એ સ્પષ્ટ છે. અર્થ - વસ્ત્ર ઢંકાયું છે જેના વડે તે સ્ત્રી. जात्यादेरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આચ્છાદ વાચક નામથી ભિન્ન જાતિવાચક જ નામ જેનું પૂર્વપદ છે. અને કૃત મિત જાત પ્રતિપન્ન ભિન્ન क्त પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તરપદ છે - એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિંગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. તેથી मासो यातो ऽ स्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન मासयात નામને આ સૂત્રથી ङी

પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી માસયાતા આવો પ્રયોગ થાય છે. અર્થ - એક મહિનો થયેલી સ્ત્રી. અહીં આચ્છાદ વાચક નામથી ભિન્ન પણ પૂર્વપદ, જાતિવાચક નથી. પણ કાલવાચક છે - એ સમજી શકાય છે. અકૃતાદ્યન્તાદિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનાચ્છાદ-જાતિ વાચક નામ જેનું પૂર્વપદ છે અને કૃત મિત જાત તથા પ્રતિપન્ન ભિન્ન જ ક્ત પ્રત્યયાન્ત નામ જેનું ઉત્તરપદ છે - એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી कुण्डं कृतमनया આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कुण्डकृत નામને આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી कुण्डकृता આવો પ્રયોગ થાય છે. અર્થ - કુણ્ડ કર્યો છે જેણે તે સ્ત્રી. ॥૪૭॥

पत्यु र्नः २।४।४८॥

पति નામ જેના અન્તમાં છે - એવા બહુવ્રીહિ સમાસને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. ङी પ્રત્યયના યોગમાં पति શબ્દના અન્ત્ય વર્ણને (इ ને) न् આદેશ થાય છે. दृढः पतिरस्याः આ વિગ્રહમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન दृढपति નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં અન્ત્ય इ ને न् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી दृढपत्नी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે માત્ર सि પ્રત્યયાદિ કાર્ય થવાથી दृढपतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - દૃઢસ્વામીવાલી સ્ત્રી. मुख्यादित्येव = આ સૂત્રથી પૂર્વે 'गौरादिभ्यो मुख्यान् ङी २-४-१९' માં જણાવ્યા મુજબ મુખ્ય જ पति શબ્દ જેનાં અન્તે છે - એવા બહુવ્રીહિ સમાસને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે અને ङी પ્રત્યયના યોગમાં અન્ત્યવર્ણને न् આદેશ થાય છે. તેથી स्थूलः पतिर्यस्याः सा स्थूलपतिः; અથવા

स्थूलश्चासौ पतिः स्थूलपतिः। बहवः स्थूलपतयो यस्यां सा बहुस्थूलपतिः पुरी; અહીં દ્વિતીય બહુવ્રીહિ સમાસ પતિ શબ્દાન્ત નથી પણ સ્થૂલપતિ શબ્દાન્ત છે. પ્રથમ બહુવ્રીહિ સમાસ પતિશબ્દાન્ત હોવા છતાં દ્વિતીય બહુવ્રીહિ સમાસમાં તે મુખ્ય ન હોવાથી બહુસ્થૂલપતિ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી 'बहुस्थूलपतिः पुरी' આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્થૂલસ્વામીવાલી ઘણી સ્ત્રીઓ જેમાં છે તે નગરી. ॥૪૮॥

सादेः २।४।४९॥

કોઈ પણ પૂર્વપદ છે જેનું અને पति પદ છે ઉત્તરપદ જેનું એવા पति અન્તવાલા નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. ङी ના યોગમાં પત્યન્તનામના અન્ત્યવર્ણને न् આદેશ થાય છે. ग्रामस्य पतिः (स्त्री) આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ગ્રામપતિ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમા અન્ત્ય इ ને न् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી ગ્રામપત્ની આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી ગ્રામપતિः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગામની સ્વામિની. सादेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કોઈ પણ પૂર્વપદ છે જેનું એવા જ પત્યન્ત નામને (માત્ર પતિ નામને નહીં અથવા કોઈ પણ પદથી પરમાં રહેલા પતિ નામને નહીં.) સ્ત્રીલિઙ્ગમાં વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. અને ङी ના યોગમાં અન્ત્યવર્ણને न् આદેશ થાય છે. તેથી पतिरियम् અને ग्रामस्य पतिरियम् અહીં કેવલ पति નામને અને ग्राम પદથી પરમાં રહેલા पति નામને; આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી માત્ર સ્યાદિ કાર્ય થાય છે. અર્થક્રમશઃ - આ સ્વામિની છે. આ, ગામની સ્વામિની છે. અહીં સમાસ ન હોવાથી સપૂર્વપદક અને પત્યુત્તરપદક નામ નથી - એ સ્પષ્ટ છે. ॥૪૯॥

सपत्न्यादौ २।४।५०॥

સપત્ની આદિમાં જેના છે - એવા સપત્ન્યાદિ ગણપાઠમાંના નામોમાં જે પતિ શબ્દ છે તેને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય નિત્ય થાય છે. અને ङी ના યોગમાં પતિ નામના અન્ત્ય વર્ણને न् આદેશ થાય છે. સપતિ (समानः पति र्यस्याः) અને एकपति (एकः पति र्यस्याः અથવા एका चासौ पतिः) નામના પતિ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં અન્ત્ય इ ને न् આદેશ વગેરે કાર્ય થવાથી સપત્ની અને एकपत्नी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - સમાન પંતિવાલી સ્ત્રી - શોક્ય. એક સ્વામીવાલી અથવા એક સ્વામિની.. ॥૫૦॥

ऊढायाम् २।४।५१॥

परिणीत (વિવાહિત) અર્થ ગમ્યમાન હોય તો પતિ નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. અને ङी ના યોગમાં પતિ નામના અન્ત્યવર્ણને न् આદેશ થાય છે. પતિ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. અને અન્ત્ય इ ને न् આદેશ વગેરે કાર્ય થવાથી પત્ની અને वृषलस्य पत्नी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પરણેલી સ્ત્રી. શૂદ્રની પરણેલી સ્ત્રી. ॥૫૧॥

पाणिगृहीतीति २।४।५२॥

परिणीत અર્થ ગમ્યમાન હોય તો पाणिगृहीती..... આવા શબ્દો સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયાન્ત નિપાતન કરાય છે. पाणि र्गृहीतो यस्याः पाणौ गृहीता वा આ અર્થમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पाणिगृहीत અને करो गृहीतो यस्याः करे गृहीता वा આ અર્થમાં સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન કરગૃહીત નામને આ સૂત્રથી ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી અન્ત્ય अ નો લોપ. ઈત્યાદિ કાર્ય થવાથી પાણિગૃહીતી અને કરગૃહીતી આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - પરણેલી સ્ત્રી. ऊढायामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરિણીત અર્થ ગમ્યમાન હોય તો જ પાણિગૃહીતી વગેરે નામો સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યયાન્ત નિપાતન કરાય છે. તેથી અપરિણીત અર્થમાં પાણિગૃહીત નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પાણિગૃહીતા આવો પ્રયોગ થાય છે. અર્થ - હાથગ્રહણ કરાયેલી સ્ત્રી. ॥૫૨॥

पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या-गर्भिण्योः २।४।५३॥

भार्या - અવિધવા સ્ત્રી - અર્થ ગમ્યમાન હોય તો पतिमत् નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય તથા पतिमत् નામને पतिवत् આદેશનું તેમજ गर्भिणी અર્થ ગમ્યમાન હોય તો अन्तर्मत् નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય તથા अन्तर्मत् નામને अन्तर्वत् આદેશનું નિપાતન કરાય છે. નિપાતનના કારણે જ અધિકરણપ્રધાન (અધિકરણ મુખ્યાર્થક) अन्तर् નામને मतु (मत्) પ્રત્યય થયેલો છે. पतिमत् અને अन्तर्मत् નામને આ સૂત્રથી ङी પ્રત્યય. पतिमत् નામને पतिवत् અને अन्तर्मत् નામને अन्तर्वत् આદેશાદિ કાર્ય થવાથી पतिवती અને अन्तर्वती આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સધવા સ્ત્રી. ગર્ભિણી સ્ત્રી. ॥૫૩॥

जातेरयान्त-नित्यस्त्री-शूद्रात् २।४।५४॥

य જેના અન્તે છે તે यान्त नाम; नित्यस्त्रीलिंगनाम અને શૂદ્ર નામને છોડીને અન્ય જાતિ વાચક અકારાન્ત નામને સ્ત્રીલિંગમાં ङी-પ્રત્યય થાય છે. (૧) - અવયવોની રચનાથી અનેક વ્યક્તિમાં જેનું જ્ઞાન થાય

છે તેને જાતિ કહેવાય છે. દા. ત. સર્વસામાન્ય ગાયોની આકૃતિ (અવયવ રચના) થી અનેક વ્યક્તિમાં (ગાયોમાં) ગોત્વ નું જ્ઞાન થાય છે. તેથી ગોત્વ જાતિ છે. તેમજ કુક્કુટત્વાદિ પણ જાતિ છે. અને તદ્‌બોધક ગો અને કુક્કુટ વગેરે નામો જાતિ વાચક છે.

(૨) - જેનું જ્ઞાન અવયવોની રચનાથી નથી થતું પરન્તુ એકવારના ઉપદેશથી અનેક વ્યક્તિઓમાં જેનું જ્ઞાન થાય છે; તદ્‌બોધક પદ સામાન્યથી ત્રણે લિંગમાં પ્રયુક્ત ન હોય તો તેને પણ જાતિ કહેવાય છે. દા. ત. બ્રાહ્મણત્વનું જ્ઞાન તે તે વ્યક્તિની આકૃતિથી થતું નથી. પરન્તુ તેના તે તે આચારના ઉપદેશથી થાય છે. અને તદ્‌બોધક પદ બાહ્મણઃ અને બ્રાહ્મણી - આ રીતે બે જ લિઙ્‌ગમાં પ્રયુક્ત હોય છે. તેથી બ્રાહ્મણત્વ જાતિ છે. અને તદ્‌બોધક બ્રાહ્મણ નામ જાતિવાચક છે. આવીજ રીતે વૃષલ નામ પણ જાતિવાચક છે.

(૩) ગોત્ર પ્રત્યયાન્ત નામ પણ જાતિવાચક મનાય છે. દા. ત. 'નડસ્યાપત્યં સ્ત્રી' આ અર્થમાં નડ નામને 'નડાદિભ્ય આયનણ્ ૬-૧-૫૩' થી આયનણ્ (આયન) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન આયનણ્ સ્વરૂપ ગોત્ર પ્રત્યયાન્ત નાડાયન નામ જાતિવાચક મનાય છે.

(૪) ચરણ પ્રત્યયાન્ત નામ પણ જાતિવાચક મનાય છે. દા. ત. 'કઠેન પ્રોક્તં વેત્તિ અધીતે વા' આ અર્થમાં કઠ નામને 'તદ્વેત્યધીતે ૬-૨-૧૭' થી અણ્ પ્રત્યય. 'પ્રોક્તાત્ ૬-૨-૧૨૯' થી અણ્ પ્રત્યયનો લોપ થવાથી નિષ્પન્ન અણ્ (લુપ્ત) સ્વરૂપ ચરણ પ્રત્યયાન્ત કઠ નામ પણ જાતિવાચક મનાય છે. ગોત્ર પ્રત્યયો અને ચરણ પ્રત્યયોનું નિરૂપણ તદ્ધિત પ્રત્યયોનાં નિરૂપણ વખતે થશે. ઉપર્યુક્ત અર્થ સંગ્રાહક -

"આકૃતિગ્રહણા જાતિ ર્લિઙ્‌ગાનાં ચ ન સર્વભાક્।
સકૃદાખ્યાતનિર્ગ્રાહ્યા; ગોત્રં ચ ચરણૈઃ સહ ॥૧॥"

આ શ્લોક યાદ રાખવો જોઈએ. કુક્કુટ વૃષલ નાડાયન અને કઠ નામને આ સૂત્રથી ડી પ્રત્યય. 'અસ્ય ઙ્યાં લુક્ ૨-૪-૮૬' થી અન્ત્ય અ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી કક્કુટી વૃષલી નાડાયની અને કઠી

આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - કુકડી. શૂદ્રજાતિની સ્ત્રી. નડની ગોત્રાપત્ય સ્ત્રી. કઠ નામના ઋષિએ બનાવેલા ગ્રંથને જાણનારી અથવા ભણનારી સ્ત્રી.

જાતેરિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યાન્ત નિત્યસ્ત્રીલિઙ્ગ અને શૂદ્ર નામથી ભિન્ન અકારાન્ત જાતિવાચક જ નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. તેથી મુણ્ડ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી મુણ્ડા આવો પ્રયોગ થાય છે. મુણ્ડ નામ મુંડન ક્રિયાજન્ય ગુણવિશિષ્ટ દ્રવ્યવાચક છે જાતિવાચક નથી ઈત્યાદિ સ્પષ્ટ છે. અર્થ - માથું મુંડાવેલી સ્ત્રી.

યાન્તવર્જનં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ય અન્તવાલા તાદૃશ જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યયનો નિષેધ હોવાથી ક્ષત્રિય આ યાન્ત જાતિવાચક નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી ક્ષત્રિયા આવો પ્રયોગ થાય છે. અર્થ - ક્ષત્રિયાણી.

નિત્યસ્ત્રીવર્જનં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિત્યસ્ત્રીલિંગ અકારાન્ત તાદૃશ જાતિવાચક નામને ङी પ્રત્યયનો નિષેધ થવાથી ખટ્વ નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી ખટ્વા આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાટલો.

શૂદ્રવર્જનં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શૂદ્ર નામને પણ; તે નામ અકારાન્ત તાદૃશ જાતિવાચક હોવા છતાં સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયનો નિષેધ થવાથી શૂદ્ર નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી શૂદ્રા આવો પ્રયોગ થાય છે. અર્થ - શૂદ્ર જાતિની સ્ત્રી.

आदित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યાન્ત નિત્યસ્ત્રીલિઙ્ગ અને શૂદ્ર નામથી ભિન્ન જાતિવાચક અકારાન્ત જ નામને સ્ત્રીલિંગમાં

ङी प्रत्यय थाय छे. तेथी उकारान्त तादृश जातिवाचक आखु नामने आ सूत्रथी ङी प्रत्यय थतो नथी. जेथी मात्र स्यादि कार्य थवाथी आखुः आवो प्रयोग थाय छे. अर्थ - ઊંદરડી. ॥५४॥

पाक-कर्ण-पर्ण-वालान्तात् २।४।५५॥

पाक कर्ण पर्ण अने वाल शब्द जेना अन्ते छे एवा जातिवाचक नामने स्त्रीलिङ्गमां ङी प्रत्यय थाय छे. ओदनपाक (ओदनस्येव पाको ऽस्याः); आखुकर्ण (आखोः कर्ण इव कर्णः - पत्रमस्याः); मुद्गपर्ण (मुद्गस्येव पर्णान्यस्याः) अने गोवाल (गौरिव वाला अस्याः) नामने आ सूत्रथी ङी प्रत्यय. 'अस्य ङ्यां लुक् २-४-८६' थी ङी नी पूर्वेना अन्त्य अ नो लोप वगेरे कार्य थवाथी ओदनपाकी आखुकर्णी मुद्गपर्णी अने गोवाली आवो प्रयोग थाय छे. अर्थ - ते ते नामनी दवा विशेष.

जातेरित्येव = आ सूत्रथी ઉપર જણાવ્યા મુજબ પાક કર્ણ પર્ણ અને વાલ શબ્દ જેનાં અન્તમાં છે એવા જાતિવાચક જ નામને સ્ત્રીલિઙ્ગમાં ङी प्रत्यय थाय छे. तेथी बहुपाक (बहुः पाको ऽस्याः) नाम जातिवाचक न होवाथी (द्रव्यविशेषवाचक होवाथी) आ सूत्रथी तेने ङी प्रत्यय थतो नथी. जेथी 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी बहुपाका यवागूः आवो प्रयोग थाय छे. अर्थ - બહુ રંધાએલી જવની રાબ. ओदनपाकादि नामो नित्यस्त्रीलिंग होवाथी तेने ङी प्रत्ययनी प्राप्ति 'जातेरया० २-४-५४' थी न होवाथी आ सूत्रनुं प्रणयन छे. ॥५५॥

असत्काण्ड-प्रान्त-शतैकाञ्चः पुष्पात् २।४।५६॥

सत् काण्ड प्रान्त शत एक अने अञ्च् धात्वन्त नामने छोडीने अन्य पूर्वपद छे जेनुं अने पुष्प नाम छे उत्तरपद जेनुं एवा

જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. शङ्खपुष्प (शङ्ख इव पुष्पं यस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી शङ्खपुष्पी આવો પ્રયોગ થાય છે. અર્થ - દવા વિશેષ. सदादिवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सत् काण्ड प्रान्त शत એક અને अञ्चु धात्वन्त નામને છોડીને જ અન્ય કોઈ પણ પૂર્વપદ છે જેનું અને पुष्प નામ છે ઉત્તરપદ જેનું એવા જાતિવાચક સ્ત્રીલિઙ્ગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી सत्पुष्प; काण्डपुष्प, प्रान्तपुष्प, शतपुष्प, एकपुष्प અને प्राक्पुष्प (सन्ति, काण्डे, प्रान्ते, शतम्, एकं प्राक् च पुष्पाणि पुष्पं वा यस्याः) નામને સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થવાથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી सत्पुष्पा काण्डपुष्पा प्रान्तपुष्पा शतपुष्पा एकपुष्पा અને प्राक्पुष्पा આવો પ્રયોગ થાય છે. અર્થ - (બધાનો) તે તે નામના વૃક્ષવિશેષ. ॥૫૬॥

असम्-भस्त्रा-ऽजिनैक-शण-पिण्डात् फलात् २।४।५७॥

सम् भस्त्रा अजिन એક शण અને पिण्ड નામને છોડીને અન્ય કોઈ પણ પૂર્વપદ છે જેનું અને फल નામ છે ઉત્તરપદ જેનું એવા જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. दासीफल (दासीव फलं यस्याः) નામને સ્ત્રીલિઙ્ગમાં આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી दासीफली આવો પ્રયોગ થાય છે. અર્થ - વૃક્ષવિશેષ. समादिप्रतिषेधः किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् भस्त्रा अजिन એક शण અને पिण्ड शब्द પૂર્વપદ છે જેનું અને फल પદ છે ઉત્તરપદ જેનું એવા જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થતો નથી. તેથી संफल (सङ्गतं फलं यस्याः); भस्त्राफल (भस्त्रेव फलमस्याः); अजिनफल (अजिनमिव फलं यस्याः); एकफल (एकं फलमस्याः); शणफल (शणस्येव फलमस्याः) અને पिण्डफल (पिण्डाकाराणि फलान्यस्याः) નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ

કાર્ય થવાથી સંફલા, ભસ્ત્રાફલા, અજિનફલા, એકફલા, શણફલા અને પિણ્ડફલા ઔષધિઃ આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તે નામની ઔષધિવિશેષ. ॥૫૭॥

अनञो मूलात् २।४।५८॥

નઞ્ ને છોડીને અન્ય કોઈ પણ પૂર્વપદ છે જેનું અને મૂલ પદ છે ઉત્તરપદ જેનું એવા જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. દર્ભમૂલ (દર્ભસ્યેવ મૂલં યસ્યાઃ) અને શીર્ષમૂલ (શીર્ષે મૂલમસ્યાઃ) નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી દર્ભમૂલી અને શીર્ષમૂલી આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તે નામની ઔષધિ વિશેષ. अनञ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નઞ્ ભિન્ન જ કોઈ પણ પૂર્વપદ છે જેનું અને મૂલ પદ છે ઉત્તરપદ જેનું એવા સ્ત્રીલિંગ જાતિવાચક નામને ङी પ્રત્યય થાય છે. તેથી અમૂલ (ન વિદ્યતે મૂલમસ્યાઃ) નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અમૂલા આવો પ્રયોગ થાય છે. અર્થ - તે નામની ઔષધિ વિશેષ. ॥૫૮॥

धवाद् योगादपालकान्तात् २।४।५९॥

ધવ-પતિ ના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા પતિ વાચક (ભર્તૃ વાચક) નામને; તેના અન્તે પાલક શબ્દ ન હોય તો ङी પ્રત્યય થાય છે. આશય એ છે કે ધવ અર્થાત્ પતિ માં રહેલા ધર્મનું જ્ઞાન; પતિના સમ્બન્ધના કારણે જ્યારે તેની પત્નીમાં કરાવાય છે ત્યારે તે પતિવાચક નામ સ્ત્રીવાચક બને છે. સ્વયં ડૉક્ટર ન હોવા છતાં ડૉક્ટરની પત્નીને માત્ર ડૉક્ટરના સમ્બન્ધના કારણે જેમ ડૉક્ટરાણી કહેવાય છે।તેમ સેનાની અને જ્યોતિષી વગેરેની સ્ત્રીને પણ ક્વચિત

તે તે સેનાની કે જ્યોતિષી વગેરે નામોથી સંબોધાય છે. આવા સ્થળે ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીવાચક પાલક શબ્દાન્ત નામથી ભિન્ન પતિવાચક નામને આ સૂત્રથી ङी પ્રત્યયનું વિધાન કરાયું છે. પ્રષ્ઠસ્ય ભાર્યા અને ગણકસ્ય ભાર્યા આ અર્થમાં પ્રષ્ઠ અને ગણક નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રષ્ઠી અને ગણકી આવો પ્રયોગ થાય છે. અહીં ભર્તૃ વૃત્તિ પ્રષ્ઠત્વ અને ગણકત્વ ધર્મનો સ્ત્રીમાં ઉપચાર કરાય છે. તેથી પ્રષ્ઠ અને ગણક નામ યદ્યપિ ભર્તૃ વાચક હોવા છતાં સોઽયમ્... ઈત્યાકારક અભેદ ઉપચારથી સ્ત્રીવાચક છે. - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ - સેનાનીની સ્ત્રી. જ્યોતિષીની સ્ત્રી.

ધવાદિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાલક નામ જેના અન્તમાં છે તેને છોડીને અન્ય ધવ વાચક જ; પતિના સંબન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા નામને (સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક નામ માત્રને નહીં.) ङी પ્રત્યય થાય છે. તેથી પ્રસૂત નામ પતિ (ધવ) વાચક ન હોવાથી તેને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પ્રસૂતા આવો પ્રયોગ થાય છે. અહીં સ્પષ્ટ છે કે પતિ સમ્બન્ધના કારણે પ્રસૂત શબ્દ સ્ત્રીવાચક બનેલો હોવા છતાં સ્ત્રીવૃત્તિ પ્રસૂતત્વ આરોપિત નથી. અર્થાત્ પુરુષમાં પ્રસૂતત્વ ન હોવાથી તેની પત્નીમાં તેનો આરોપ ન હોવાથી પારમાર્થિક પ્રસૂતત્વ વિશિષ્ટ સ્ત્રીવાચક પ્રસૂત નામ ધવ વાચક નથી. અર્થ - જન્મ આપેલી સ્ત્રી.

યોગાદિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાલક નામ જેના અન્તમાં નથી એવા ધવવાચક - પતિના સમ્બન્ધના કારણે જ સ્ત્રીવાચક બનેલા નામને (પતિ અને પત્ની ઉભયનું એક નામ હોય તો નહીં.) ङी પ્રત્યય થાય છે. તેથી દેવદત્તો ધવઃ; દેવદત્તા સ્ત્રી સ્વતઃ અહીં પતિ અને પત્ની નું એક જ નામ હોવાથી અર્થાત્ પતિના સંબન્ધના કારણે પતિ વાચક નામ સ્ત્રીવાચક બન્યું ન હોવાથી તાદૃશ દેવદત્ત નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા

મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ - દેવદત્તા નામની સ્ત્રી.

અપાલકાન્તાદિતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધવવાચક નામને તેના અન્તે પાલક નામ ન હોય તો જ; પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બને ત્યારે ङी પ્રત્યય થાય છે. તેથી गोपालकस्य स्त्री આ અર્થમાં गोपालक નામ પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક હોવા છતાં તેના અન્તમાં પાલક નામ હોવાથી તાદૃશ ધવવાચક તે નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ गोपालक નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી गोपालिका આવો પ્રયોગ થાય છે. અર્થ - ગોવાળની સ્ત્રી ગોવાળણી.

आदित्येव = 'आत् ૨-૪-૧૮' થી आत् (अकारान्तत्व) નો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી પણ ઉપર જણાવ્યા મુજબ પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક એવા પાલકાન્ત નામથી ભિન્ન ધવ વાચક અકારાન્ત જ નામને ङी પ્રત્યય થાય છે. તેથી सहिष्णोः स्त्री આ અર્થમાં ઉકારન્ત તાદૃશ ધવવાચક - સ્ત્રીવાચક सहिष्णु નામને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી सहिष्णुः स्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ - સહિષ્ણુ (સહન કરવાના સ્વભાવવાલા) ની સ્ત્રી. ॥૫૯॥

पूतक्रतु-वृषाकप्यग्नि-कुसित-कुसीदादै च २।४।६०॥

પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા पूतक्रतु वृषाकपि अग्नि कुसित અને कुसीद (कुसिद बृहद्वृत्तिમાં) આ ધવ વાચક નામને ङी પ્રત્યય થાય છે. અને ङी પ્રત્યયના યોગમાં તેની પૂર્વેના અન્ત્ય સ્વરને ऐ આદેશ થાય છે. पूतक्रतो र्भार्या; वृषाकपे र्भार्या; अग्ने र्भार्या; कुसितस्य भार्या અને कुसीदस्य (कुसिदस्य) भार्या આ અર્થમાં ક્રમશઃ पूतक्रतु; वृषाकपि अग्नि कुसित અને कुसीद (कुसिद) નામને

આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં અન્ત્ય સ્વર उ इ અને अ ને ऐ આદેશ. 'एदैतो० ૧-૨-૨૩' થી आय् આદેશ વગેરે કાર્ય થવાથી પૂતક્રતાયી વૃષાકપાયી અગ્નાયી કુસિતાયી અને કુસીદાયી (कुसिदायी બૃહદ્વૃત્તિમાં) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - યજ્ઞને પવિત્ર કર્યો છે જેણે તેની સ્ત્રી. વૃષ નામના દૈત્યને કમ્પાવ્યો છે જેણે તેની સ્ત્રી. અગ્નિ દેવની સ્ત્રી. કુસિત ઋષિની સ્ત્રી. કુસીદ ઋષિની સ્ત્રી. ॥૬૦॥

मनोरौ च वा २।४।६१॥

પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા પતિવાચક મનુ નામને ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. અને ङी ના યોગમાં અન્ત્ય उ ને ऐ અને औ આદેશ થાય છે. મનો ર્ભાર્યા આ અર્થમાં મનુ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં મનુ ના उ ને ऐ આદેશ. 'एदैतो० ૧-૨-૨૩' થી ऐ ને आय् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી મનાયી આવો પ્રયોગ થાય છે. ङी ના યોગમાં મનુ ના उ ને औ આદેશ થાય ત્યારે औ ને 'ओदौतो० ૧-૨-૨૪' થી आव् આદેશાદિ કાર્ય થવાથી મનાવી આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે માત્ર સ્યાદિ કાર્ય થવાથી મનુઃ આવો પ્રયોગ થાય છે. અર્થ - મનુની સ્ત્રી. ॥૬૧॥

वरुणेन्द्र-रुद्र-भव-शर्व-मृडादान् चान्तः २।४।६२॥

પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા વર વાચક વરુણ ઇન્દ્ર રુદ્ર ભવ શર્વ અને મૃડ નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. ङी ના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ થાય છે. વરુણસ્ય ઇન્દ્રસ્ય રુદ્રસ્ય ભવસ્ય શર્વસ્ય મૃડસ્ય ચ ભાર્યા આ અર્થમાં અનુક્રમે વરુણ

ઇન્દ્ર રુદ્ર ભવ શર્વ અને મૃડ નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ વગેરે કાર્ય થવાથી વરુણાની ઇન્દ્રાણી રુદ્રાણી ભવાની શર્વાણી અને મૃડાની આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વરુણદેવની સ્ત્રી. ઈન્દ્રની સ્ત્રી. શંકરની સ્ત્રી. શંકરની સ્ત્રી. શંકરની સ્ત્રી. શંકરની સ્ત્રી. ॥૬૨॥

मातुलाऽऽचार्योपाध्यायाद् वा २।४।६३॥

પતિના સમ્બન્ધના કારણે સ્ત્રીવાચક બનેલા ધવ વાચક માતુલ આચાર્ય અને ઉપાધ્યાય નામને ङी પ્રત્યય થાય છે. ङी ના યોગમાં નામના અન્તમાં વિકલ્પથી आन् નો આગમ થાય છે. मातुलस्य आचार्यस्य उपाध्यायस्य वा भार्या આ અર્થમાં માતુલ આચાર્ય અને ઉપાધ્યાય નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ.... વગેરે કાર્ય થવાથી માતુલાની આચાર્યાની અને ઉપાધ્યાયાની આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आन् નો આગમ ન થાય ત્યારે 'अस्य ङ्यां लुक् २-४-८६' થી ङी ની પૂર્વેના अ નો લોપ થવાથી માતુલી આચાર્યી અને ઉપાધ્યાયી આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - મામાની સ્ત્રી. આચાર્યની સ્ત્રી. ઉપાધ્યાયની સ્ત્રી. ॥૬૩॥

सूर्याद् देवतायां वा २।४।६४॥

પતિના સમ્બન્ધના કારણે દેવતા સ્વરૂપ સ્ત્રીવાચક બનેલા- ધવ વાચક સૂર્ય નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. ङी પ્રત્યયના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ થાય છે. सूर्यस्य भार्या (દેવતા) આ અર્થમાં સૂર્ય નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં સૂર્ય નામના અન્તમાં आन् નો આગમ ઈત્યાદિ કાર્ય થવાથી સૂર્યાણી આવો

પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી सूर्या આવો પ્રયોગ થાય છે. અર્થ - સૂર્યની સ્ત્રી દેવતા. देवतायामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પતિના સમ્બન્ધના કારણે દેવતા સ્વરૂપ જ સ્ત્રીવાચક - ધવ વાચક સૂર્ય નામને ङी પ્રત્યય વિકલ્પથી થાય છે અને ङी પ્રત્યયના યોગમાં સૂર્ય નામના અન્તમાં आन् નો આગમ થાય છે. તેથી सूर्यस्य भार्या માનુષી આ અર્થમાં સૂર્ય નામને આ સૂત્રથી વૈકલ્પિક ङी પ્રત્યય થતો નથી. પરન્તુ 'धवाद् योगाद० २-४-५९' થી નિત્ય ङी પ્રત્યય. 'अस्य ङ्यां लुक् २-४-८६' થી ङी ની પૂર્વેના अ નો લોપ. 'सूर्याऽऽगस्त्य० २-४-८९' થી સૂર્ય ના य् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી सूरी આવો પ્રયોગ થાય છે. અર્થ - સૂર્યની સ્ત્રી મનુષ્ય. ॥६४॥

यव-यवना-ऽरण्य-हिमाद् दोष-लिप्युरु-महत्त्वे २।४।६५॥

દોષ અર્થ ગમ્યમાન હોય તો યવ નામને; લિપિ અર્થ ગમ્યમાન હોય તો યવન નામને; ઉરુ અર્થ ગમ્યમાન હોય તો અરણ્ય નામને અને મહત્ત્વ અર્થ ગમ્યમાન હોય તો હિમ નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. અને ङी પ્રત્યયના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ થાય છે. यव यवन अरण्य અને हिम નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी પ્રત્યયના યોગમાં આ સૂત્રથી અન્તમાં आन् નો આગમ વગેરે કાર્ય થવાથી यवानी (दुष्टो यवः); यवनानी (यवनानामियम् लिपिः); अरण्यानी (उर्वरण्यम्) અને हिमानी (महद् हिमम्) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - જવના જેવું અન્ન. યવનોની લિપિ. મોટું જંગલ. મોટું હિમ. ॥६५॥

आर्य-क्षत्रियाद् वा २।४।६६॥

આર્ય અને ક્ષત્રિય નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય વિકલ્પથી થાય છે. ङी પ્રત્યયના યોગમાં નામના અન્તમાં आन् નો આગમ થાય છે. આર્ય અને ક્ષત્રિય નામને આ સૂત્રથી ङी પ્રત્યય. તેના યોગમાં આર્ય અને ક્ષત્રિય નામના અન્તમાં आन् નો આગમ વગેરે કાર્ય થવાથી આર્યાણી અને ક્ષત્રિયાણી આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ङी પ્રત્યય ન થાય ત્યારે 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી આર્યા અને ક્ષત્રિયા આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - આર્ય જાતિની સ્ત્રી. ક્ષત્રિય જાતિની સ્ત્રી. ॥૬૬॥

यञो डायन् च वा २।४।६७॥

यञ् પ્રત્યયાન્ત નામને સ્ત્રીલિઙ્માં ङी પ્રત્યય થાય છે. ङी પ્રત્યયના યોગમાં નામના અન્તમાં डायन् (आयन्) નો આગમ વિકલ્પથી થાય છે. गर्गस्यापत्यं वृद्धं स्त्री આ અર્થમાં गर्ग નામને 'गर्गादि र्यञ् ६-१-४२' થી यञ् (य) પ્રત્યય.' 'वृद्धिः स्वरेष्वा० ७-४-१' થી गर्ग ના આદ્યસ્વર અ ને वृद्धि આ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી ગર્ગ ના અન્ત્ય અ નો લોપ થવાથી નિષ્પન્ન यञ् પ્રત્યયાન્ત गार्ग्य નામને આ સૂત્રથી ङी પ્રત્યય. તેના યોગમાં गार्ग्य નામના અન્તમાં डायन् નો આગમ. 'डित्यन्त्यस्व० २-१-११४' થી गार्ग्य ના अ નો લોપ. डायन् ના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી गार्ग्यायणी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી डायन् નો આગમ ન થાય ત્યારે गार्ग्य+ङी આ અવસ્થામાં 'अस्य ङ्यां० २-४-८६' થી અન્ત્ય अ નો લોપ. 'व्यञ्जनात्० २-४-८८' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી गार्गी આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગ ઋષિનું ગોત્રાપત્ય સ્ત્રી. गार्ग्य+आयन्+ङी આ અવસ્થામાં

યદ્યપિ 'समानानां० १-२-१' થી દીર્ઘ આ આદેશ કરીને ગાર્ગ્યાયણી પ્રયોગ સિદ્ધ હોવાથી आयन् ના સ્થાને डायन् આ પ્રમાણે ડિત્ નિર્દેશ અન્ત્ય સ્વરાદિના લોપ માટે કરવાની જરૂર નથી. પરન્તુ સૂ.નં. ૨-૪-૭૦ માં ડિત્ નિર્દેશ આવશ્યક હોવાથી आयन् નો નિર્દેશ ન કરતા डायन् નો નિર્દેશ કર્યો છે. ॥૬૭॥

लोहितादिशकलान्तात् २।४।६८॥

ગર્ગાદિ ગણપાઠમાં લોહિત થી માંડીને શકલ સુધીના यञ् પ્રત્યયાન્ત નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. ङी ના યોગમાં નામના અન્તમાં डायन् (आयन्) નો આગમ થાય છે. લોહિત અને શકલ નામને 'गर्गादिर्यञ् ६-१-४२' થી यञ् (य) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન (જુઓ સૂ. નં. ૨-૪-૬૭) यञ् પ્રત્યયાન્ત લૌહિત્ય અને શાકલ્ય નામને આ સૂત્રથી ङी પ્રત્યય. ङी ના યોગમાં નામના અન્તમાં डायन् નો આગમ. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય अ નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી લૌહિત્યાયની અને શાકલ્યાયની આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લોહિતનું ગોત્રાપત્ય સ્ત્રી. શકલનું ગોત્રાપત્ય સ્ત્રી.॥૬૯॥

षाऽवटाद् वा २।४।६९॥

यञ् પ્રત્યયાન્ત - ष અન્તવાલા નામને તથા अवट નામને વિકલ્પથી ङी પ્રત્યય થાય છે. ङी પ્રત્યયના યોગમાં નામના અન્તમાં डायन् નો આગમ થાય છે. પૂતિમાષ અને अवट નામને 'गर्गादि र्यञ् ६-१-४२' થી यञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન (જુઓ સૂ.નં. ૨-૪-૬૭) यञ् પ્રત્યયાન્ત પૌતિમાષ્ય અને आवट्य નામને આ સૂત્રથી ङी પ્રત્યય. નામના અન્તમાં डायन् નો આગમ. 'डित्यन्त्य० २-१-

११४' थी अन्त्य अ नो लोप. वगेरे कार्य थवाथी पौतिमाष्यायणी अने आवट्यायनी आवो प्रयोग थाय छे, विकल्पपक्षमां आ सूत्रथी ङी प्रत्यय न थाय त्यारे 'आत् २-४-१८' थी आप् प्रत्ययादि कार्य थवाथी पौतिमाष्या अने आवट्या आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - पूतिमासनुं गोत्रापत्य स्त्री अवटनुं गोत्रापत्य स्त्री. ॥६९॥

कौरव्यमाण्डूकाऽऽसुरेः २।४।७०॥

कौरव्य माण्डूक अने आसुरि नामने आ सूत्रथी ङी प्रत्यय थाय छे. ङी ना योगमां डायन् नो आगम थाय छे. कौरव्य माण्डूक अने आसुरि नामने आ सूत्रथी ङी प्रत्यय. ङी ना योगमां नामना अन्तमां डायन् नो 'आगम. 'ङित्यन्त्य० २-१-११४' थी अन्त्यस्वर अ अ अने इ नो लोप वगेरे कार्य थवाथी कौरव्यायणी माण्डूकायनी अने आसुरायणी आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - कुरवंशनुं अपत्य स्त्री. मण्डूकनुं अपत्य स्त्री. असुरनुं अपत्य स्त्री. ॥७०॥

इञ इतः २।४।७१॥

इञ् (इ) प्रत्ययान्त इकारान्त नामने स्त्रीलिङ्गमां ङी प्रत्यय थाय छे. सुतङ्गमेन निर्वृत्ता आ अर्थमां सुतङ्गम नामने 'सुतङ्गमादेरिञ् ६-२-८५' थी इञ् (इ) प्रत्यय. 'वृद्धिः स्वरे० ७-४-१' थी आद्य स्वर उ ने वृद्धि औ आदेश. 'अवर्णे० ७-४-६८' थी इञ् नी पूर्वेना अ नो लोप. सौतङ्गमि आ इञ् प्रत्ययान्त इकारान्त नामने आ सूत्रथी ङी प्रत्ययादि कार्य थवाथी सौतङ्गमी आवो प्रयोग थाय छे. अर्थ - सुतङ्गमे बनावेली. इत इति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब इञ् प्रत्ययान्त इकारान्त ज नामने स्त्रीलिङ्गमां ङी प्रत्यय थाय छे. (मात्र इञ् प्रत्ययान्त नामने

નહીં) તેથી करीषगन्धस्यापत्यं वृद्धं स्त्री આ અર્થમાં करीषगन्ध નામને 'अत इञ् ६-१-३१' થી इञ् (इ) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. અન્ત્ય अ નો લોપ થવાથી નિષ્પન્ન कारीषगन्धि નામના અન્ત્ય इ ને 'अनार्षेवृद्धे० २-४-७८' થી ष्य (य) આદેશ. कारीषगन्ध्य નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી कारीषगन्ध्या આવો પ્રયોગ થાય છે. कारीषगन्ध्य નામ इञ् પ્રત્યયાન્ત હોવા છતાં इञ् ના સ્થાને ઉપર જણાવ્યા મુજબ ष्य આદેશ થયો હોવાથી ઇકારાન્ત નથી. તેથી અહીં આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી.... એ સમજી શકાય છે. અર્થ - કરીષના ગન્ધ જેવો ગન્ધ છે જેનો - તેનું વૃદ્ધાપત્ય સ્ત્રી.॥७१॥

नुर्जातेः २।४।७२॥

મનુષ્યજાતિ વાચક ઇકારાન્ત નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. कुन्तेरपत्यं स्त्री આ અર્થમાં कुन्ति નામને 'दुनादि० ६-१-११८' થી ञ्य પ્રત્યય. તેનો 'कुन्त्यवन्तेः ६-१-१२१' થી લોપ થવાથી નિષ્પન્ન મનુષ્ય જાતિવાચક कुन्ति નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી कुन्ती આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે दक्षस्यापत्यं स्त्री આ અર્થમાં दक्ष નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન दाक्षि નામને આ સૂત્રથી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી दाक्षी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુન્તિનું અપત્યસ્ત્રી. દક્ષનું અપત્યસ્ત્રી. इत इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મનુષ્યજાતિવાચક ઇકારાન્ત જ સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી दरद् (दरदोऽपत्यम् આ અર્થમાં दरद् નામને 'पुरु - मगध० ६-१-११६' થી अण् પ્રત્યય. તેનો 'द्रेरञणो० ६-१-१२३' થી લોપ થવાથી નિષ્પન્ન) નામ ઇકારાન્ત ન હોવાથી આ સૂત્રથી તેને ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી दरद् આવો પ્રયોગ થાય છે.

અર્થ - દરદ્નું અપત્ય સ્ત્રી.

નુરિતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મનુષ્યજાતિ જ વાચક (માત્ર જાતિવાચક નહીં) ઇકારાન્ત સ્ત્રીલિંગ નામને ङी પ્રત્યય થાય છે. તેથી तित्तिरिः અહીં તિર્યંચ જાતિ વાચક ઇકારાન્ત સ્ત્રીલિંગ નામ तित्तिरि ને આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થયું છે. અર્થ - તેતર પક્ષિણી.

जातेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઇકારાન્ત મનુષ્યજાતિ વાચક જ (માત્ર મનુષ્યવાચક નહીં) નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યય થાય છે. તેથી कौशाम्ब्या निर्गता આ અર્થમાં નિષ્પન્ન निष्कौशाम्बि નામને (એ નામ જાતિવાચક ન હોવાથી) આ સૂત્રથી ङी પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી निष्कौशाम्बिः આવો પ્રયોગ થાય છે. અર્થ - કુશામ્બરાજાએ બનાવેલી કૌશામ્બી નગરીથી નીકળેલી સ્ત્રી.॥૭૨॥

उतोऽप्राणिनश्चाऽयु-रज्वादिभ्य ऊङ् २।४।७३॥

મનુષ્ય જાતિવાચક અને પ્રાણીને છોડીને અન્ય જાતિવાચક ઉકારાન્ત નામને; તે નામ રજ્જ્વાદિ ગણપાઠમાંનું અને યુ અન્તવાલું ન હોય તો સ્ત્રીલિઙ્ગમાં ऊङ् (ઉ) પ્રત્યય થાય છે. મનુષ્યજાતિવાચક कुरु અને ब्रह्मबन्धु (ब्रह्मा बन्धुरस्य) નામને તેમજ પ્રાણીભિન્ન જાતિવાચક अलाबु અને कर्कन्धु નામને આ સૂત્રથી ऊङ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कुरु ब्रह्मबन्धू अलाबू અને कर्कन्धू નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી कुरुः ब्रह्मबन्धूः अलाबूः અને कर्कन्धूः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુરુનું ગોત્રાપત્ય સ્ત્રી. બ્રહ્મબન્ધુસ્ત્રી (બ્રાહ્મણી વગેરે). તુંબડું. કર્કન્ધુ ફલવિશેષ.

उत इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુ અન્તવાલા

અને રજ્જ્વાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન ઉકારાન્ત જ મનુષ્ય જાતિવાચક નામને અને અપ્રાણી જાતિવાચક નામને સ્ત્રીલિઙ્ગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. તેથી ઊકારાન્ત વધૂ નામને આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી વધૂઃ આવો પ્રયોગ થાય છે. અન્યથા સૂત્રમાં उतः આ પ્રમાણે નિર્દેશ ન હોત તો વધૂ નામને પણ ઊઙ્ પ્રત્યય થાત અને તેથી वधूमतिक्रान्तः આ વિગ્રહમાં સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अतिवधू નામના અન્ત્ય ऊ ને 'गोश्चान्ते० २-४-९६' થી उ આદેશ થવાનો પ્રસંગ આવત - એ સમજી શકાય છે. અર્થ - વહુ.

अप्राणिनश्चेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુ અન્તવાલા અને રજ્જ્વાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન ઉકારાન્ત મનુષ્યજાતિવાચક અને અપ્રાણિજાતિવાચક જ (માત્ર જાતિવાચક નહીં) નામને સ્ત્રીલિઙ્ગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. તેથી પ્રાણી જાતિવાચક આખુ નામને આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય થતો નથી. જેથી માત્ર સિ પ્રત્યયાદિ કાર્ય થવાથી आखुः આવો પ્રયોગ થાય છે. અન્યથા ઊઙ્ પ્રત્યય થાત તો અનિષ્ટ પ્રસઙ્ગ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ જ છે. અર્થ- ઉંદરડી.

जातेरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુ અન્તવાલા અને રજ્જ્વાદિ ગણપાઠમાંનાં નામથી ભિન્ન મનુષ્ય અને અપ્રાણી જાતિવાચક જ (માત્ર મનુષ્ય અને અપ્રાણી વાચક નહીં) નામને સ્ત્રીલિંગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. તેથી पटु જાતિવાચક ન હોવાથી તેને આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય થતો નથી. જેથી માત્ર સ્યાદિ કાર્ય થવાથી पटुः स्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ - હોશિયાર સ્ત્રી.

युरज्ज्वादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મનુષ્ય જાતિવાચક અને પ્રાણિભિન્ન જાતિવાચક - યુ અન્તવાલા અને રજ્જ્વાદિ ગણપાઠમાંના નામથી ભિન્ન જ ઉકારાન્ત નામને સ્ત્રીલિઙ્ગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. તેથી યુ અન્તવાલા अध्वर्यु નામને અને રજ્જ્વાદિ

ગણપાઠમાંનાં રજ્જુ અને હનુ નામને આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય થતો નથી. જેથી માત્ર સિ પ્રત્યયાદિ કાર્ય થવાથી અધ્વર્યુઃ સ્ત્રી રજ્જુઃ અને હનુઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- યજ્ઞ કરનારી સ્ત્રી. દોરી. હડપચી. (હોઠની નીચેનો ભાગ). યદ્યપિ કુરૂઃ વગેરે પ્રયોગોની સિદ્ધિ ઊઙ્ ના બદલે ઉઙ્ પ્રત્યયના વિધાનથી પણ શક્ય છે પરન્તુ શ્વશ્રૂ (સૂ.નં. ૨-૪-૭૬) પ્રયોગની સિદ્ધિ માટે ઊઙ્ પ્રત્યયનું વિધાન છે ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૭૩॥

बाहूवन्त-कद्रु - कमण्डलोर्नाम्नि २।४।७४॥

બાહુ નામ જેના અન્તમાં છે- એવા નામને તેમજ કદ્રુ અને કમણ્ડલુ નામને સ્ત્રીલિંગમાં સંજ્ઞાના વિષયમાં ઊઙ્ પ્રત્યય થાય છે. મદ્રબાહુ (મદ્રૌ બાહૂ યસ્યાઃ) કદ્રુ અને કમણ્ડલુ નામને આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય વગેરે કાર્ય થવાથી મદ્રબાહૂઃ કદ્રૂઃ અને કમણ્ડલૂઃ આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તે નામની કોઈ. નામ્નીતિ કિમ્ ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ બાહુ અન્તવાલા તેમજ કદ્રુ અને કમણ્ડલુ નામને સ્ત્રીલિઙ્ગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. તેથી વૃત્તબાહુ (વૃત્તૌ બાહૂ યસ્યાઃ) નામને અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય થતો નથી. જેથી માત્ર સિ પ્રત્યયાદિ કાર્ય થવાથી વૃત્તબાહુઃ આવો પ્રયોગ થાય છે. અર્થ- ગોલભુજાવાલી સ્ત્રી.॥૭૪॥

उपमान-सहित-संहित-सह-सफ-वाम-लक्ष्मणाद्यूरोः २।४।७५॥

ઉપમાન વાચક નામ, સહિત, સંહિત, સહ, સફ, વામ અને લક્ષ્મણ નામ જેનું પૂર્વપદ છે અને ઊરુ શબ્દ જેનું ઉત્તર પદ છે- એવા નામને સ્ત્રીલિંગમાં ઊઙ્ પ્રત્યય થાય છે. કરભોરુ (કરભ ઇવોરૂ યસ્યાઃ);

सहितोरु (सहितौ ऊरू यस्याः) संहितोरु (संहितौ ऊरू यस्याः) सहोरु (सहौ ऊरू यस्याः) सफोरु (सफौ ऊरू यस्याः); वामोरु (वामौ ऊरू यस्याः) अने लक्ष्मणोरु (लक्ष्मणौ ऊरू यस्याः) नामने आ सूत्रथी ऊङ् प्रत्ययादि कार्य थवाथी क्रमशः करभोरूः; सहितोरूः; संहितोरूः; सहोरूः; सफोरू:; वामोरूः अने लक्ष्मणोरूः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- करभ (हाथीना बच्चा) जेवी जंघावाली. सहित (हितकर) जंघावाली. संहित (हितकर) जंघावाली. विद्यमान जंघावाली. संक्लिष्ट जंघावाली. प्रतिकूल जंघावाली. शोभा युक्त जंघावाली.उपमानाद्यैरिति किम्? = आ सूत्रथी उपर जणाव्या मुजब उपमान वाचक नाम सहित संहित सह सफ वाम अने लक्ष्मण नाम ज जेनुं पूर्वपद छे अने ऊरु शब्द जेनुं उत्तरपद छे - एवा नामने स्त्रीलिंगमां ऊङ् प्रत्यय थाय छे. तेथी पीनोरू (पीनौ ऊरू यस्याः) नामने आ सूत्रथी ऊङ् प्रत्यय थतो नथी. जेथी मात्र सि प्रत्ययादि कार्य थवाथी पीनोरुः आवो प्रयोग थाय छे. अर्थ - पुष्ट जंघावाली.॥७५॥

नारी-सखी-पङ्गू-श्वश्रू २।४।७६॥

ङी प्रत्ययान्त नारी अने सखी नामनुं तेमज ऊङ् प्रत्ययान्त पङ्गू अने श्वश्रू नामनुं स्त्रीलिंगमां निपातन कराय छे. नृ अथवा नर नामने आ सूत्रथी ङी प्रत्यय तेमज नृ अथवा नर नामने नार् आदेशादि कार्य थवाथी नारी आवो प्रयोग थाय छे. सखि अथवा सख नामने आ सूत्रथी ङी प्रत्ययादि कार्य थवाथी सखी आवो प्रयोग थाय छे. सह खेन वर्त्तते आ विग्रहमां निष्पन्न सख नामने तेमज सख्युः स्त्री आ अर्थमां पण आ सूत्रथी ङी प्रत्ययादि निपातनना कारणे थाय छे. पङ्गु नामने आ जाति रूप अर्थमां आ सूत्रथी ऊङ् प्रत्ययादि कार्य थवाथी पङ्गूः आवो प्रयोग थाय

છે. શ્વશુર નામને જાતિસ્વરૂપ અર્થમાં આ સૂત્રથી ઊઙ્ પ્રત્યય. અન્ત્ય અ નો તેમજ ઉ નો નિપાતનના કારણે લોપ થવાથી શ્વશ્રૂ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્ત્રી. બેનપણી. પાંગળી. સાસુ. ॥૭૬॥

यूनस्तिः २।४।७७॥

યુવન્ નામને સ્ત્રીલિઙ્ગમાં તિ પ્રત્યય થાય છે. યુવન્ નામને આ સૂત્રથી તિ પ્રત્યય. 'नाम सिदय० १-२-२१' થી યુવન્ નામને પદ સંજ્ઞા. 'नाम्नो नो० २-१-९१' થી અન્ત્ય ન્ નો લોપ.... વગેરે કાર્ય થવાથી યુવતિઃ આવો પ્રયોગ થાય છે. અર્થ - યુવાન સ્ત્રી. मुख्यादित्येव = પૂર્વે જણાવ્યા મુજબ 'गौरादिभ्यो मुख्यान् ङीः २-४-१९' થી મુખ્યાદ્ નો અધિકાર ચાલુ હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મુખ્યાર્થક જ યુવન્ નામને સ્ત્રીલિઙ્ગમાં તિ પ્રત્યય થાય છે. તેથી निर्युवन् (निष्क्रान्ता यूनः) નામને આ સૂત્રથી તિ પ્રત્યય થતો નથી. જેથી निर्युवन् નામને 'स्त्रियां नृतो० २-४-१' થી ङी પ્રત્યય. 'श्वन्-युवन्० २-१-१०६' થી युवन् ના व ને उ આદેશ વગેરે કાર્ય થવાથી निर्यूनी આવો પ્રયોગ થાય છે. અર્થ - યુવાન્ પાસેથી નીકળેલી.॥૭૭॥

अनार्षे वृद्धे ऽ णिञो बहुस्वर-गुरूपान्त्यस्याऽन्तस्य ष्यः २।४।७८॥

ઋષિના અપત્યને છોડીને અન્ય વૃદ્ધાપત્યાર્થમાં વિહિત જે अण् અને इञ् પ્રત્યય - તે પ્રત્યયાન્ત બહુસ્વરયુકત અને ઉપાન્ત્ય ગુરુ વર્ણ (સંયુકત વ્યઞ્જન અથવા દીર્ઘસ્વર) થી યુકત નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિઙ્ગમાં ष्य (य) આદેશ થાય છે. करीषस्येव गन्धो यस्य આ અર્થમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન करीषगन्धि ('वोपमानात् ७-३-१४७' થી સમાસાન્ત इ પ્રત્યય.) નામને तस्यापत्यं

પૌત્રાદિ સ્ત્રી આ અર્થમાં 'ડ્સોઽપત્યે ૬-૧-૨૮' થી અણ્ પ્રત્યય. 'અવર્ણે૦ ૭-૪-૬૮' થી ઇ નો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન અણ્ પ્રત્યયાન્ત કારીષગન્ધ નામના અન્ત્ય અ ને આ સૂત્રથી ષ્ય આદેશ. 'આત્ ૨-૪-૧૮' થી આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી કારીષગન્ધ્યા આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે બલાકસ્યાપત્યં પૌત્રાદિ સ્ત્રી આ અર્થમાં બલાક નામને 'અત ઇઞ્ ૬-૧-૩૧' થી ઇઞ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન ઇઞ્ પ્રત્યયાન્ત બાલાકિ નામના અન્ત્ય ઇ ને આ સૂત્રથી ષ્ય આદેશ થવાથી બાલાક્ય નામ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી બાલાક્યા આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - કરીષગન્ધિનું પૌત્રાદિ અપત્ય સ્ત્રી. બલાકનું વૃદ્ધાપત્ય (પૌત્રાદિ) સ્ત્રી.

અનાર્ષ ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્નજ વૃદ્ધાપત્યાર્થમાં વિહિત અણ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત બહુસ્વરયુકત અને ગુરુ ઉપાન્ત્યવર્ણયુકત નામના અન્ત્ય વર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. તેથી વસિષ્ઠસ્ય વૃદ્ધાપત્યં સ્ત્રી આ અર્થમાં વસિષ્ઠ નામને 'ઋષિ-વૃષ્ણ્ય૦ ૬-૧-૬૧' થી અણ્ (અ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન વાસિષ્ઠ નામના અન્ત્ય અ ને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. જેથી 'અણઞેયેકણ્૦ ૨-૪-૨૦' થી ઙી પ્રત્યયાદિ કાર્ય થવાથી વાસિષ્ઠી આવો પ્રયોગ થાય છે. અર્થ - વસિષ્ઠ ઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી. વૃદ્ધ ઇતિ કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્ન વૃદ્ધાપત્યાર્થમાં જ વિહિત અણ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત બહુસ્વરયુકત અને ગુરુ ઉપાન્ત્ય વર્ણ યુક્ત નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિઙ્ગમાં ષ્ય આદેશ થાય છે. તેથી અહિચ્છત્રે જાતા આ અર્થમાં 'જાતે ૬-૩-૯૮' થી અણ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન જાતાર્થ માં વિહિત અણ્ પ્રત્યયાન્ત આહિચ્છત્ર નામના અન્ત્ય વર્ણને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. જેથી આહિચ્છત્ર નામને ઉપર જણાવ્યા મુજબ ઙી પ્રત્યયાદિ કાર્ય થવાથી આહિચ્છત્રી આવો પ્રયોગ

થાય છે. અર્થ - અહિચ્છત્ર સ્થાનમાં જન્મેલી કન્યા. અણિત્र इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્ન વૃદ્ધાપત્યાર્થમાં વિહિત અણ્ અને इञ् પ્રત્યયાન્ત જ બહુસ્વર યુક્ત અને ગુરુ ઉપાન્ત્યવર્ણયુક્ત નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. તેથી ઋતભાગસ્ય વૃદ્ધાપત્યં સ્ત્રી આ અર્થમાં ઋતભાગ નામને 'विदादे र्वृद्धे ६-१-४१' થી अञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન આર્ત્તભાગ નામના અન્ત્ય अ ને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી આર્ત્તભાગી આવો પ્રયોગ થાય છે. અર્થ - ઋતભાગનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

बहुस्वर इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્ન વૃદ્ધાપત્યાર્થમાં વિહિત અણ્ અને इञ् પ્રત્યયાન્ત બહુસ્વર (બેથી અધિકસ્વર) યુક્ત જ ગુરુ ઉપાન્ત્યવર્ણયુક્ત નામના અન્ત્ય વર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. તેથી દક્ષસ્ય વૃદ્ધાપત્યં સ્ત્રી આ અર્થમાં દક્ષ નામને 'अत इञ् ६-१-३१' થી इञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન दाक्षि નામ ગુરુ ઉપાન્ત્ય (क्ष) વર્ણથી યુક્ત હોવા છતાં બહુસ્વર યુક્ત ન હોવાથી તેના અન્ત્ય વર્ણ इ ને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. જેથી दाक्षि નામને 'नु र्जातेः २-४-७२' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી दाक्षी આવો પ્રયોગ થાય છે. અર્થ - દક્ષનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

गुरूपान्त्यस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્ન વૃદ્ધાપત્યાર્થમાં વિહિત અણ્ અને इञ् પ્રત્યયાન્ત બહુસ્વરયુક્ત ગુરુ ઉપાન્ત્યવર્ણ યુક્ત જ નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. તેથી ઉપગોરપત્યં વૃદ્ધં સ્ત્રી આ અર્થમાં ઉપગુ નામને 'इसोऽपत्ये ६-१-२८' થી અણ્ પ્રત્યય. 'वृद्धिः स्वरेष्वा०७-४-१' થી આદ્યસ્વર उ ને वृद्धि औ આદેશ. 'अस्वयम्भुवोऽव् ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ થવાથી નિષ્પન્ન ઔપગવ નામ બહુસ્વરયુક્ત હોવા છતાં ગુરુ ઉપાન્ત્યવર્ણથી યુક્ત ન હોવાથી તેના

અન્ત્યવર્ણને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. જેથી 'અણઞેયે૦ ૨-૪-૨૦' થી ઙી પ્રત્યયાદિ કાર્ય થવાથી ઔપગવી આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉપગુ (જેની પાસે ગાય છે તે) નું વૃદ્ધાપત્ય સ્ત્રી.

અણિઞન્તસ્ય સતો બહુસ્વરાદિવિશેષણં કિમ્? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઋષિના અપત્યથી ભિન્ન અપત્યાર્થમાં વિહિત અણ્ અને ઇઞ્ પ્રત્યય થયા પછી જે નામ બહુસ્વરથી અને ગુરુ ઉપાન્ત્યવર્ણથી યુક્ત હોય તે નામના અન્ત્ય વર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. તાદૃશ અણ્ અને ઇઞ્ પ્રત્યય થતા પૂર્વે જેં નામ બહુસ્વરથી યુક્ત અને ગુરૂપાન્ત્યવર્ણથી યુક્ત હોય તેના જ અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે એવો નિયમ નથી. તેથી દ્વાર અને ઉડુલોમન્ નામને અનુક્રમે 'અત ઇઞ્ ૬-૧-૩૧' થી અને 'બાહ્વાદિભ્યો ગોત્રે ૬-૧-૩૨' થી ઇઞ્ પ્રત્યય. 'અવર્ણે૦ ૭-૪-૬૮' થી અન્ત્ય અ નો લોપ. 'નોઽપદસ્ય૦ ૭-૪-૬૧' થી અન્ત્ય અન્ નો લોપ. 'દ્વારાદેઃ ૭-૪-૬' થી દ્વાર નામના વ્ ની પૂર્વે ઔ નો આગમ. 'વૃદ્ધિઃ સ્વરેષ્વાદે૦ ૭-૪-૧' થી આદ્યસ્વર ઉ ને વૃદ્ધિ ઔ આદેશ થવાથી દૌવારિ અને ઔડુલોમિ નામ બને છે. અહીં સ્પષ્ટ છે કે ઇઞ્ પ્રત્યય થતા પૂર્વે દ્વાર નામ ગુરુ (આ) ઉપાન્ત્ય વર્ણથી યુક્ત હોવા છતાં બહુસ્વર યુક્ત નથી. અને ઉડુલોમન્ નામ બહુસ્વરયુક્ત હોવા છતાં ગુરુ ઉપાન્ત્ય વર્ણથી યુક્ત નથી. પરન્તુ ઇઞ્ પ્રત્યય થયા પછી દૌવારિ નામ બહુસ્વરથી યુક્ત બને છે તેમજ ઔડુલોમિ નામ ગુરુ (ઓ) ઉપાન્ત્ય વર્ણથી યુક્ત બને છે તેથી અણિઞન્તસ્ય સતઃ... ઈત્યાદિ વિશેષણના સામર્થ્યથી સ્ત્રીલિઙ્ગમાં દૌવારિ અને ઔડુલોમિ ના અન્ત્ય વર્ણ ઇ ને આ સૂત્રથી ષ્ય આદેશ થવાથી ઉપર જણાવ્યા મુજબ આપ્ પ્રત્યયાદિ કાર્ય બાદ દૌવાર્યા અને ઔડુલોમ્યા આવો પ્રયોગ થાય છે. અન્યથા તાદૃશ અણ્ અને ઇઞ્ પ્રત્યયની પૂર્વે જે નામ બહુસ્વરથી અને ગુરુ ઉપાન્ત્યવર્ણથી યુક્ત હોય તેના જ અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે - આ નિયમ કર્યો હોત

તો દૌવાર્યા અને ઔડુલોમ્યા ઈત્યાદિ પ્રયોગો અનુપપન્ન થાત - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ - દ્વારનું વૃદ્ધાપત્ય સ્ત્રી. ઉડુલોમનૂનું વૃદ્ધાપત્ય સ્ત્રી. ॥૭૮॥

कुलाख्यानाम् २।४।७९॥

સન્તાનનો વ્યવહાર જે પ્રસિદ્ધ પુરુષના નામથી થાય છે તે - ઋષિના અપત્યથી ભિન્ન અપત્યાર્થમાં વિહિત અણ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે. पुणिकस्य वृद्धापत्यं स्त्री આ અર્થમાં પુણિક નામને તેમ જ गुप्तस्य वृद्धापत्यं स्त्री આ અર્થમાં गुप्त નામને 'अत इञ् ६-१-३१' થી ઇઞ્ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પૌણિકિ અને ગૌપ્તિ નામના અન્ત્ય इ ને આ સૂત્રથી ષ્ય આદેશ. 'आत् २-४-१८' થી પૌણિક્ય અને ગૌપ્ત્ય નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી પૌણિક્યા અને ગૌપ્ત્યા આવો પ્રયોગ થાય છે. અહીં બહુસ્વરથી યુક્ત અને ગુરુ ઉપાન્ત્ય વર્ણથી યુક્ત નામ ન હોય તો પણ ષ્ય આદેશનાં તાદૃશ વિધાનમાટે આ સૂત્રનો પ્રારંભ છે. અર્થ ક્રમશઃ - પુણિકનું વૃદ્ધાપત્ય સ્ત્રી. ગુપ્તનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

अनार्ष इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સન્તાનનો વ્યવહાર જે પ્રસિદ્ધ પુરુષના નામથી થાય છે; તે - ઋષિના અપત્યથી ભિન્નજ અપત્યાર્થક અણ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત નામના અન્ત્યવર્ણને સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે તેથી गौतमस्य वृद्धापत्यं स्त्री આ અર્થમાં અણ્ પ્રત્યયાદિ કાર્ય થવાથી વાસિષ્ઠી (જુઓ સૂ. નં. ૨-૪-૭૮) ની જેમ ગૌતમી પ્રયોગ થાય છે. અહીં ઋષિ ના અપત્યઅર્થમાં વિહિત અણ્ પ્રત્યયાન્ત ગૌતમ નામના અન્ત્યવર્ણને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. અર્થ - ગૌતમ ઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી. વિહિત અણ્ પ્રત્યયાન્ત ગૌતમ નામના અન્ત્યવર્ણને આ સૂત્રથી ષ્ય આદેશ થતો નથી. અર્થ - ગૌતમ ઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

क्रौड्यादीनाम् २।४।८०॥

